ગ્રન્થાંક-૧૬

અભક્ષ્ય
અનંતકાય વિચાર

(ગુજરાતી)

—:: પ્રકાશક ::—

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

મૂલ્ય ૩-૦૦

ગ્રન્થાંક-૧૬

શ્રી અભક્ષ્ય અનંતકાય વિચાર

[ગુજરાતી આવૃતિ]

સર્વ આસક્તિઓનાં મુખ્ય કેન્દ્રભૂત રસનેન્દ્રિયમાં લુબ્ધતાને લીધે જાણતાં-અજાણતાં સેવાઈ જતા દોષોમાંથી બચાવી લેવામાટે-

—: યોજક :—

સદ્‌ગત પ્રાણલાલ મંગળજી મહેતા

-: પ્ર...કા...શ...ક :-

ચીમનલાલ અમૃતલાલ શાહ
બાબુલાલ જેશીંગલાલ મહેતા
ઓ. સેક્રેટરીઓ.

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા
[સદ્‌ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત]

આવૃતિ ૧૦ મી	મૂલ્ય	પ્રત. ૨૦૦૦
વીર સં. ૨૫૦૭	૩-૦૦	વિક્રમ સં. ૨૦૩૭

મુદ્રક :- સ્યાદ્વાદ મુદ્રણાલય—પાલીતાણા

પ્રસ્તાવના

વ્રતધારી શ્રાવકો મુખ્યત્વે કરીને બાવીશ અભક્ષ્યના ત્યાગી હોય છે, તેમના ઉપયોગની જાગૃતિને અર્થે તથા ધન્ય ભવ્ય પ્રાણિઓના હિતના માટે બાવીશ અભક્ષ્ય, અનાચરણીય વસ્તુઓ વગેરે સંબંધી કિંચિત્ અધિકાર દર્શાવ્યા છે. તે વાંચી, વિચારી તદ્નુસાર વર્તન રાખવા તેઓ યથાશક્તિ ઉજમાલ થશે, તો સ્વપરને અતિ હિતકારી થશે. કેટલાક બંધુઓ બાવીશ અભક્ષ્ય ત્યાગ, અગર બીજા નિયમો લે છે, પરંતુ તેનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર પાછળથી વ્રતમાં સ્ખલના પડે છે, જેથી વ્રતપાલનની સાથે તેનું વાસ્તવિક સ્વરૂપ સમજાવવા માટે આ પ્રયાસ કર્યો છે. જેમાંની ઘણીખરી બાબતોના ખુલાસા વિદ્વાન મુનિમહારાજાઓ તથા ઉપયોગવંત શ્રાવકો વગેરેને પૂછીને લખ્યા છે. કેટલીક બાબતોમાં મતભેદ હોવાથી મધ્યસ્થપણું રાખવું ઉચિત જાણી યથાયોગ્ય લખ્યું છે, છતાં પણ, શંકા જેવી બાબતોમાં વિશેષ જ્ઞાની પાસેથી નિર્ણય કરી લેવો. આ ગ્રંથમાં મતિમંદતાથી જે કાંઇ શ્રીવીતરાગની આજ્ઞાવિરૂદ્ધ લખાયું હોય, તે સંબંધી શ્રીસંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત દઉં છું.

આ પુસ્તક અથથી ઇતિ સુધી વાંચવા જરૂર ખપ કરવો, તથા જે રસોઇનું કામ કરતા હોય, તેને ઉપયોગપૂર્વક સમજાવી, તે મુજબ વર્તવા શીખામણ આપવી. તથા આ પુસ્તક વાંચી સમજી યથાશક્તિ નિયમ લેવા અવશ્ય ઉદ્યમ કરવો. અને જેઓ વિરતિવંત છે, તેઓએ અવશ્ય બીજા અન્ય મુગ્ધ–સંસારૂમાં ફસાએલા–પ્રાણિઓને વિરતિરૂપી સુખડી ચખાડવી, આ પુસ્તક તેમજ જ્ઞાનના દરેક પુસ્તકની આશાતના કરવી નહિં. "આગમની આશાતના નવિ કરીએ." એ પૂજાનું રહસ્ય વારંવાર મનન કરી, જ્ઞાનની

આશાતનાથી ભય પામી, જેમ બને તેમ જ્ઞાનનું અતિ આદર-વિનયપૂર્વક બહુમાન કરવું. જ્ઞાન-પુસ્તક પાસે રાખી આહાર-નિહાર કરવો નહિ. અશુદ્ધ હાથે કે લઘુનીતિ કર્યા પછી હસ્ત સ્વચ્છ કર્યા વગર જ્ઞાનને અડવું નહિ. જ્ઞાન પાસે છતાં સુવું નહિ. થુંક-વાળી આંગળી લગાડવી નહિ. પગ ઉપર પગ ચડાવી બેસવું નહિ. જ્ઞાન તરફ પીઠ કે પગ રાખવો નહિ. જ્ઞાન જમીન ઉપર નીચે ન મૂકવું. અશુદ્ધ જગ્યાએ કે અકાળે ભણવું નહિ. પગ ઉપર કે ચર-વલા ઉપર રાખીને ભણવું નહિ. કારણ કે નાભિની નીચેનો ભાગ અશુદ્ધ છે, અને ચરવલો તો પૂંજવાનું સાધન છે, તેથી સાપડા ઉપર મૂકી મુખ આગળ મુહપતિ કે વસ્ત્ર રાખીને વાંચવું. "મુહ-પત્તિનો પ્રચાર ઘણો મંદ થતો જાય છે. જેથી જ્ઞાનને શ્વાસ, થુંક વગેરે લાગવાથી બહુ આશાતના થાય છે, તેથી અવશ્ય મુહપત્તિનો ઉપયોગ ચૂકવો નહિ." વળી શ્રી **ગૌતમસ્વામીએ વીરપ્રભુને** પૂછ્યું. કે "ઇંદ્ર સાવદ્ય ભાષા બોલે ? કે નિરવદ્ય ?" ત્યારે ભગ-વંતે ઉત્તર આપ્યો, કે-"મુખ આગળ વસ્ત્ર પ્રમુખ રાખી બોલતાં નિરવદ્ય ભાષા બોલે, અન્યથા તે સાવદ્ય જાણવી." જેથી **અષ્ટ પ્રવચન માતા**ના રક્ષક મુનિમહારાજાઓને પણ અમે પ્રાર્થના કરીએ છીએ, કે પ્રમાદ ત્યજી મુહપત્તિ કે-જે નામની થઈ ગઇ છે, તેનો સદુપયોગ કરવા કાળજી રાખવામાં આવે, તો પાસે રહેનાર શ્રાવક શ્રાવિકા વર્ગ પણ તેનો સદુપયોગ કરતા શીખે. રસ્તે ચાલતા પણ જ્ઞાન નાભિ ઉપર અને મસ્તક નીચે (છાતી સરસું) રાખવું. જેમ-રાજા, શેઠ પ્રમુખ આવતાં ઉભા થઇ તેમનું બહુમાન કરીએ છીએ, તેમ જ્ઞાનનું બહુમાન, વંદન, પૂજન કરવું. જો જ્ઞાનાવરણીય કર્મ શીઘ્ર ક્ષય કરવા હોય, તો જ્ઞાનની આશાતના કોઇપણ પ્રકારે ન થાય. તેવો શુદ્ધ ઉપયોગ રાખો. જેથી લોકાલોકપ્રકાશક ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. સુજ્ઞેષુ કિં બહુના.

લિ૦ યોજક

દશમી આવૃત્તિની પ્રસ્તાવના

મૂળ લેખકનું લખાણ કાયમ રાખવા ઉપરાંત છઠ્ઠી આવૃત્તિમાં જે ઊમેરો કરવામાં આવેલ છે, તે [ ] આવા કૌંસમાં બતાવેલ છે.

રોજના જીવનમાં માર્ગદર્શક થતું આ પુસ્તક ધાર્મિકવૃત્તિના પુરુષોને માટે એક અમૂલ્ય ચીજ બની ગયેલ છે, જેથી દિવસે દિવસે તેના તરફનો ચાહ વધતો જ જાય છે.

વિદેશી પરિચયને લીધે લોકોના જીવનમાં અનેક પ્રકારનો પલટો આવતો જાય છે, તથા ખાનપાનમાં ઘણી નવી બાબતોએ પ્રવેશ કર્યો છે, તથા પ્રથમની ઘણી ચીજોની બાબતમાં ઘણી ઘણી શંકાઓ પૂછવામાં આવે છે. તો તે બાબતમાં-શાસ્ત્ર આધારે તથા સિદ્ધાંતોને આધારે યોગ્ય માર્ગદર્શન પૂજ્ય આચાર્ય મહારાજાઓ તરફથી મળે, તે અત્યંત ઇચ્છવા યોગ્ય છે. નવમી આવૃત્તિની ૫૦૦૦ નકલ ખલાસ થતાં આ દશમી આવૃત્તિની ૨૦૦૦ નકલ છપાવી છે

આ આવૃત્તિનું પ્રુફ સંશોધન શ્રી જૈન શ્રેયસ્કર મંડળ પાલીતાણાના અધ્યાપક **કપુરચંદ આર. વારૈયાએ** કાળજીપૂર્વક કર્યું છે.

સ્ખલનાઓ માટે લક્ષ્ય ખેંચવાથી નવી આવૃત્તિઓમાં યોગ્ય પરિમાર્જન કરવા ખાસ કાળજી રખાશે. ખપી જીવો આ પુસ્તકથી આત્મિક લાભ ઉઠાવે. એજ અભિલાષા.

વિ. સં ૨૦૩૭
ફાગણ સુદિ ૫

લિ૦
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા.

વિષયાનુક્રમણિકા

વિષય	પાનું
પ્રકરણ ૧લું	
બાવીશ અભક્ષ્યો ઉપર ટુંક વિવેચન	૪
૫ પંચોદુમ્બર	૬
૪ મહાવિગઇઓ	૭
૧૦ બરફ	૧૯
૧૧ વિષ	૨૨
૧૨ કરા	૨૫
૧૩ ભૂમિકાય	૨૮
સચિત્ત કાચું મીઠું	૨૯
૧૪ રાત્રિભોજન	૩૧
૧૫ બહુબીજ	૪૦
૧૬ સધાણ (અથાણાં)	૪૧
૧૭ ઘોલવડાં (દ્વિદળ)	૪૫
૧૮ વેંગણ	૫૧
૧૯ અજાણ્યાં ફળ	૫૨
૨૦ તુચ્છફળ	૫૩
૨૧ ચલિત રસ	૫૪
પ્રકરણ ૨ જું	
ચલિતરસનું સ્પષ્ટીકરણ	૫૫
૧ આટો	૫૭
૨ જલેબી	૬૧
૩ હલવો	૬૨
૪ અમ્રતી	૬૩
૫ માવો	૬૩
૬ મુરબ્બા	૬૫
૭ સંભારો	૬૬
૮ દૂધપાક	૬૮
૯ કેરી	૬૮
૧૦ પાપડ	૬૯
૧૧ ચટણી	૬૯
૧૨ સંભારિયા	૭૦
૧૩ પકવાન (મીઠાઇનો કાળ)	૭૧
૧૪ ચવાણું	૭૩
૧૫ ચૂરમાના લાડુ	૭૩
૧૬ રસોઇ	૭૪
૧૭ ઓદન	૭૫
૧૮ દહીં	૭૭
૧૯ દૂધ	૭૯
૨૦ ઘી	૮૨
૨૧ બળી	૮૫
૨૨ ખાટાં ઢોકળાં	૮૫
૨૩ ઘોલવડાં	૮૭
૨૪ ખાખરા	૮૭
૨૫ પાપડના લુઆ	૮૭
૨૬ જુગલી રાબ	૮૭

વિષય	પાનું
૨૭ રાયતું	૮૮
૨૮ શેકેલું ધાન્ય	૮૮
૨૯ ઢુંઢણીયા	૮૮
પ્રકરણ ૩ જું	
૨૨-૩૨ અનન્તકાય	૮૯
૨૩ કિસલય-પત્ર	૯૧
૨૪ ખિરસુઆકંદ	૯૨
૨૫ મૂળા	૯૨
૨૬ ભૂમિફોડા	૯૨
૨૭ વત્થુલા ભાજી	૯૨
૨૮ વિરૂઢાન્ન	૯૨
૨૯ પલ્લંકાની ભાજી	૯૩
૩૦ સુઅરવલ્લી	૯૩
૩૧ કોમળ આંબલી	૯૩
૩૨ આલુકંદ	૯૩
અનંતકાય ઓળખવાની નિશાનીઓ	૯૪
અનંતકાયને લગતી કેટલીક સૂચનાઓ	૯૫
બાવીશ અભક્ષ્યના ત્યાગ વિષે ઉપસંહાર	૯૬
પ્રકરણ ૪થું, ૫મું, ૬ ઠું	
બાવીશ અભક્ષ્ય સિવાયની અભક્ષ્ય વસ્તુઓ વિષે	**૧૦૧**
૧ ફાગણ શુ. ૧૫થી કારતક શુ. ૧૫ સુધી અભક્ષ્ય ગણાતી ચીજો. ૧થી૪૮	**૧૦૨**

વિષય	પાનું
૨ આર્દ્રા નક્ષત્રથી ત્યાગ યોગ્ય. કેરી-રાયણ.	**૧૦૨**
૩ અશાડ શુ. ૧૫થી કારતક શુદ ૧૫ સુધી અભક્ષ્ય ૧થી૧૬	**૧૦૨**
૪ હમ્મેશ ત્યાગ કરવા યોગ્ય ૧થી૫૮	**૧૦૩**
૫ બહુ આરંભથી ન વાપરવા લાયક ૧થી૧૬	**૧૦૩**
૬ લોકવિરુદ્ધ તથા જૈનદર્શન વિરુદ્ધ અભક્ષ્ય વસ્તુઓ ૧થી૧૨	**૧૦૪**
૮ ત્રસજીવની બહુ હિંસા થવાને કારણે તજવા યોગ્ય ૧થી૩	**૧૦૪**
દરેકની વિગત	૧૦૪
૧ ખજુર	૧૦૪
૨ ખારેક	૧૦૫
૩ થી ૧૩ કાંજુથીજરદાલુ	૧૦૫
૧૪ થી ૧૭ તલ તેલ વિગેરે	૧૦૫
૧૮ થી ૪૦ ભાજીપત્ર શાક	૧૦૬
૩૧ નાગરવેલના પાન	૧૦૬
૩૫ મીઠા લીંબડા	૧૦૭
પાકી કેરી અને રાયણ	૧૦૭
૧ સુકવણી	૧૦૮
૨ ટોપરાં	૧૧૦

વિષય	પાનું
૩ થી ૧૮ પોંક વિગેરે	૧૧૦
હમ્મેશ ત્યાગ યોગ્ય વસ્તુ–	
૧ ભડથું	૧૧૦
૨ ઉંધિયું	૧૧૧
૩ પરદેશી મેંદો	૧૧૧
૪ ગળ્યાં કાજુ	૧૧૨
૫ વિલાયતી ડબામાં પેક દૂધ	૧૧૨
૬ થી ૨૧ સોડા વિગેરે	૧૧૩
૨૨ થી ૩૫ બોડી વિગેરે	૧૧૪
૩૬ સ્તંભક દવાઓ વિગેરે	૧૧૫
૩૭ વિલાયતી દવાઓ	૧૧૫
૪૦ ગોળ	૧૧૬
૪૧ પરદેશી ખાંડ	૧૧૬
૪૨ કેસર	૧૧૭
૪૩ આખું કકોળ	૧૧૭
૪૪ થી ૪૯ બિસ્કુટ વગેરે	૧૧૮
૫૦ દુધ પાઉડર	૧૧૮
૫૪ હોટેલો	૧૨૧
૫૫–૫૬ વિવિધ પાર્ટીઓ	૧૨૨
૫૮ પાણી	૧૨૪
૧ શેરડી	૧૨૭
૨ થી ૨૦ સીતાફળવિગેરે	૧૨૭
શીંગોડા, વાલોળ	૧૨૮
પંડોરા ફણસં	૧૨૯
ભૂરૂં કોળુ, કોળું	૧૨૯

વિષય	પાનું
કડવું તુંબડું	૧૨૯
પાકાં કટોલાં વિગેરે	૧૨૯
૧–૨ બીલાં–બીલી	૧૩૦
૩ સરગવાની શીંગ	૧૩૦
૪ કોબીજ	૧૩૦
૧ થી૪ ભીંડા, કંકોલા–કંકોડા તુરિયાં, કારેલા	૧૩૦
પ્રકરણ ૭ મું	
વાપરવા યોગ્ય શાકો, ફળો વિષે	૧૩૨
પ્રકરણ ૮ મું	
સચિત્તત્યાગી, દ્વાદશ વ્રતધારી, તથા ચૌદનિયમ ધારનાર માટે સચિત્ત અચિત્તની સમજ	૧૩૬
પ્રકરણ ૯ મું	
શ્રાવકના ઘરમાં પાળવા યોગ્ય નિયમો	૧૩૭
૧ દશ ચંદરવા	૧૪૭
૨ સાત ગળણા	૧૪૭
૩ વાસણ કેવાં વાપરવાં ?	૧૪૮
પ્રકરણ ૧૦ મું	
શ્રાવિકા બ્હેનોને સૂચનાઓ	૧૫૩
પ્રકરણ ૧૧ મું	
સંમૂર્ચ્છિમ પંચેદ્રિય જીવોની દયા વિષે	૧૬૫

વિષય	પાનું
પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાના બારેય વ્રતોની સંક્ષિપ્ત નોંધ	૧૭૪
શ્રી લક્ષ્મીરત્નસૂરિકૃત અભક્ષ્ય અનંતકાયની સજઝાય	૧૮૨
શ્રી સચિત્ત અચિત્ત વિચાર સજઝાય	૧૮૪
શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત આહારી-અણાહારીની સજઝાય	૧૮૦

પ્રોફેસર ચીમનભાઈ ભાઈલાલભાઈ શેઠ.
ચંચળ નિવાસ, ૧૯૭, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-૧૫.

॥ શ્રી વીતરાગ–પરમાત્મને નમઃ ॥

અભક્ષ્ય-અનન્તકાય-વિચાર

મંગલાચરણઃ વિષયઃ સંબંધઃ અધિકારીઃ પ્રયોજનઃ વિગેરે.

અતિ દુષ્કર તપઃ અને રાગ–દ્વેષનો ક્ષયઃ કરી મોક્ષની વિશાલ સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં નિકટોપકારી વર્તમાન શાસનના નાયક–શ્રમણ ભગવંત શ્રી મહાવીર જિનેશ્વર પ્રભુને અમે નમસ્કાર કરીએ છીએ.

આઠ મદનો જય કરવા સાથે ઇંદ્રિયોનું દમન કરનારઃ અને ઉત્તમ ધર્મ અને શુક્લધ્યાન ધરવામાં સદા તત્પરઃ મુનિ-પુંગવોઃ શ્રી ગણધર ભગવંતોઃ તથા ધુરંધર પૂર્વાચાર્યોઃ અમારું મંગળ કરો !

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીઃ શ્રી સ્થૂલભદ્ર-સ્વામીઃ દશપૂર્વી શ્રી વજ્રસ્વામીઃ તથા શ્રી દેવર્ધિગ-ણિક્ષમાશ્રમણજીઃ આદિ નિર્ગ્રંથ શ્રમણ ભગવંતોનું અમોને શરણ હોજો !

શ્રી મૃગાવતીઃ અને **ચંદનબાલાઃ** પ્રમુખ સાધ્વીજીના ઉત્તમ ચારિત્રઃ શિયલ તથા વિનયાદિકઃ ગુણોનું અમને અહર્નિશ અનુમોદન હો !

શ્રી આણંદજીઃ શ્રી કામદેવજીઃ શ્રી પુણિયાજીઃ અને **શ્રી જીરણઃ** પ્રમુખ શ્રાવકોના ઉત્તમ દ્વાદશ વ્રતોઃ જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ એ ત્રણ રત્નોની આરાધકતા તથા દૃઢ સમ્યક્‌ત્વાદિ ઉત્તમ ગુણોઃનું અમે શીઘ્ર અનુકરણ કરતા થઈએ !

શ્રી સુલસાઃ અને **રેવતીઃ** પ્રમુખ શિયળવતી શ્રાવિકાઓના દૃઢ સમ્યક્‌ત્વાદિ સુચરિત્રોનું સ્મરણઃ અનુકરણઃ અમને સદા પ્રાપ્ત થાઓ !

શ્રી જૈનશાસનની અધિષ્ઠાયિકા **શ્રી શ્રુતદેવી** સકલ સિદ્ધિ આપો !

શ્રી મહાવીર ભગવંતના શાસનની રક્ષા કરવાવાળા **માતંગ** યક્ષઃ અને **સિદ્ધાયિકા** દેવીઃની સ્તુતિ હું વિઘ્નશાંતિ માટે કરું છું.

શ્રી જૈનધર્મની સેવા કરવામાં તત્પર બીજા સમ્યગ્‌દૃષ્ટિદેવોનું **સ્મરણ** કરી, **શ્રી સૂત્ર–સિદ્ધાંતમાંથી** ઉદ્ધરી જિનાજ્ઞાનુસાર ત્યાગ કરવાની ઇચ્છાવાળા અને ધર્મના ખપી જીવોને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક સમજાવવા **અભક્ષ્ય–અનંતકાય–વિચાર** નામના ગ્રંથનો પ્રારંભ કરું છું.

ઉત્સર્ગ માર્ગેઃ શ્રાવકને પ્રાસુક–અચિત્ત નિર્દોષ આહાર લેવાનું કહેલ છે, અને જો શક્તિ ન હોય, તો અપવાદ માર્ગેઃ શ્રાવક સચિત્તના ત્યાગી હોવા જ જોઈએ. તે પણ ન બની શકે,

તો **બાવીશ અભક્ષ્યઃ અને બત્રીશ અનંતકાયઃ** વિગેરેના ત્યાગી તો જરૂર હોવા જોઇએ.

* [શ્રાવકના ધાર્મિક જીવનમાં પણ-અહિંસાઃ તપઃ અને સંયમઃ પ્રધાનપણે હોવા જ જોઇએ, એટલે આહારમાં પણ એ ત્રણ તત્ત્વો ખાસ હોવા જ જોઇએ. એ ત્રણ તત્ત્વો જૈન આહાર વિધિ અને ભક્ષ્યાભક્ષ્ય વિચાર ની કસોટી રૂપ છે "જૈન ખાન-પાનની વિધિમાં આરોગ્યઃ રુચ્યુત્પાદકત્વઃ વિગેરે તત્ત્વોને સ્થાન નથી" એમ કોઇએ માનવાનું નથી. પરંતુ ઉપર જણાવેલા ત્રણ તત્ત્વો મુખ્ય હોય છે. વાચક મહાશયો તે હકીકત આ પુસ્તકમાં કાંઇક વિસ્તારથી જાણી શકશે.]

ઉદ્દેશ ગ્રન્થઃ

બાવીશ અભક્ષ્યો

पंचुंबरि चउ विगई हिम-विस-करगे अ सव्व-मट्टी अ ।
राइ-भोयणगं चिय बहु-बीअ अणंत-संधाणा ॥१॥
घोलवडा वायंगण अमुणिअ-नामाइं पुप्फ-फलाइं ।
तुच्छ-फलं चलिअ-रसं वज्जे वज्जाणि बावीसं ॥२॥

પાંચ પ્રકારના ઉંબર ફળઃ ચાર મહા વિગઇઓઃ હિમઃ વિષઃ કરાઃ સર્વ પ્રકારની માટીઃ રાત્રિભોજનઃ

---

* **મૂળ ગ્રંથમાં** અથવા નીચેની **ટીપ્પણીઓમાં** જ્યાં [ ] આવા કૌંસ વચ્ચે લખાણ આવે, તે આ આવૃત્તિમાં અમોએ હાલમાં કરેલો વધારો સમજવાનો છે.

બહુબીજ:અનંતકાય:સંધાન–બોળ અથાણું વિગેરે: ઘોલવડાં: વેંગણ: અજાણ્યા ફુલ અને ફળ: તુચ્છ ફળ: અને ચલિત રસ: એ ૨૨. બાવીશ વર્જવા યોગ્ય અભક્ષ્યોને વર્જવા જોઈએ. ૧–૨

卐

બાવીશ અભક્ષ્યો :—

પાંચ ઉંબર

૧. વડના ટેટા
૨. પારસ પીંપળા તથા પીંપળાની ટેટીઓ.
૩. પ્લક્ષ (પીંપળા) ની ટેટીઓ
૪. ઊંબરા (ગુલર) ની ટેટીઓ
૫. કચુંબર (કાળાઉંમરા)ની ટેટીઓ

ચાર મહાવિગઇઓ

૬. મધ
૭. મદિરા
૮. માંસ
૯. માખણ
૧૦. હિમ (બરફ)
૧૧. વિષ (ઝેર)
૧૨. કરા
૧૩. સર્વ પ્રકારની માટી
૧૪. રાત્રિભોજન
૧૫. બહુબીજ
૧૬. અનંતકાય
૧૭. બોળઅથાણું
૧૮. ઘોલવડાં
૧૯. વેંગણ
૨૦. અજાણ્યા ફળ–ફૂલ
૨૧. તુચ્છ ફલ
૨૨. ચલિત રસ

ઉપર પ્રમાણેની બે મૂળ ગાથાઓ ઉપર આખા ગ્રન્થની રચના કરવામાં આવેલી છે તેથી ઉદ્દેશ ગ્રન્થ જણાવી તે દરેકનું વિવેચન કરવામાં આવશે.

૧ લા પ્રકરણમાં બાવીશ અભક્ષ્યો ઉપર ટુંકમાં વિવેચન.

૨ જા પ્રકરણમાં–૩૨ અનંતકાય.

૩ જા પ્રકરણમાં–ચલિત રસ.

૪ થા પ્રકરણમાં–ભક્ષ્યાભક્ષ્યનો કાળ.

૫ મા પ્રકરણમાં–અતિહિંસાને કારણે વર્જ્ય પદાર્થો.

૬ ઠ્ઠા પ્રકરણમાં–ઉનાળામાં અને ચોમાસામાં તથા આર્દ્રાથી અને ચોમાસીથી વર્જ્ય પદાર્થો.

૭ મા પ્રકરણમાં–ચાલુ વપરાશમાં આવતી વનસ્પતિઓ અને તે વિષે રાખવો જોઈતો વિવેક.

૮ મા પ્રકરણમાં–વ્રતધારીઓને કેટલીક અગત્યની સૂચનાઓ.

૯ મા પ્રકરણમાં–શ્રાવકના ઘરમાં તથા વર્તનમાં પાળવા જોઈતાં કેટલાક નિયમો.

૧૦ મા પ્રકરણમાં–શ્રાવિકાઓને અગત્યની સૂચનાઓ.

૧૧ મા પ્રકરણમાં–સંમૂર્છિમ મનુષ્યની દયા પાળવા વિષે.

૧૨ મા પ્રકરણમાં–કુમારપાળમહારાજાનાં બાર વ્રતો.

પ્રકરણ ૧ લું

બાવીશ અભક્ષ્યો ઉપર ટુંક વિવેચન

—o—

૫. પાંચ ઉદુમ્બર

૧ વડના ટેટાઓ

૨ પારસપીંપળા અને પીંપળની ટેટીઓ

૩ પ્લક્ષ જાતના પીંપળાની ટેટીઓ

૪ ઉંબરો [ગુલર] ની પીપુ [ટેટીઓ]

૫ કચુંબર (કાલુંબર)નાં ફળો

એ પાંચેય વૃક્ષના ફળમાં ઘણા સૂક્ષ્મ ત્રસ જીવો ઉડતા જોવામાં આવતા હોય છે, જેની ગણત્રી થઈ શકતી નથી. માટે [તેમ જ, તેમાં જીણા બીજ પણ ઘણા હોય છે.] તે સઘળા અભક્ષ્ય છે, તેથી તેનો ત્યાગ કરવો. દુષ્કાળ વિગેરે પ્રસંગે કદાચ અન્ન ન મળે, તો પણ વિવેકી પુરુષો એ ખાય જ નહિ. [*બીજના ઘણા વનસ્પતિ જીવોની અને તેમાં પડેલા બીજા ત્રસ જીવોની, એમ બે પ્રકારના જીવોની વિરાધના થાય. પીંપરની ટેટીઓ પણ આ પ્રકારની સમજવી.]

---

* ફળમાં જેટલા બીજ તેટલા વનસ્પતિકાયના જીવો જાણવા. તે બધાની માત્ર અલ્પ સ્વાદ ખાતર હિંસા કરવી યુક્ત ગણાય ?

૪.- મહાવિગઈઓ

૬ મધ	૭ મદિરા
૮ માંસ	૯ માખણ

એ ચારેય વસ્તુઓના રંગના જેવા રંગના અસંખ્ય જીવો તેમાં નિરંતર ઉપજે છે, માટે અભક્ષ્ય છે. તથા તે ચાર મહાવિગઈઓ અતિ વિકાર કરનારી છે. (એટલે માનસિક અને શારીરિક દોષો પણ ઉત્પન્ન કરનારી છે.) તેનું વિશેષ વર્ણન **યોગશાસ્ત્રઃ જૈનતત્ત્વાદર્શઃ** વગેરે ઘણા ગ્રન્થોમાં બતાવ્યું છે, જેથી અત્રે સંક્ષેપમાં જ કહીએ છીએઃ—

૬ મધઃ—

વાઘરી લોકો વિગેરે મધના પૂડા લાવે છે, ત્યારે પ્રથમ તેઓ તે જગ્યાએ ધુમાડો કરી મધમાખીઓને અત્યંત ત્રાસ ઉપજાવી તેના રહેઠાણ રૂપ એ પૂડામાંથી બહાર કાઢે છે. તેમાં ઉડવાને અશકત તેનાં નાનાં અનેક બચ્ચાંઓ હોવાથી, તે સર્વ પોતાના પ્રિય પ્રાણોથી મુક્ત થાય છે. એક માણસે ઘણા વર્ષો સુધી અત્યંત પરિશ્રમથી સંગ્રહેલું ધન એક જ રાત્રિમાં ચોરો આવીને ચોરી જાય છે, ત્યારે તેને, તથા તેના કુટુંબીઓને કેટલું દુઃખ થાય છે ? તેજ પ્રમાણે આ અનેક જીવોએ ઘણા વખતના કરેલા પરિશ્રમથી પોતાના નિર્વાહ માટે તૈયાર કરેલું મધ [મધપોડું–વિશ્રામસ્થળ–ગૃહ] વાઘરી વગેરે અનાર્ય સ્વભાવના લોકો અત્યંત કષ્ટ આપીને લૂંટી જાય, ત્યારે તેઓને કેટલું દુઃખ થતું હશે ? અને તેવા હિંસક લોકોને આપણે ઉત્તેજન આપીએ, તે કેટલું બધું ત્રાસજનક ?

વળી **મધ**માં નિરંતર અસંખ્ય જીવો ઉપજે છે, તેથી તેનો અવશ્ય ત્યાગ કરવો યુક્ત છે.

*રસલોલુપતાથી કોઇ માણસ **મધ** ખાય, એ વાત તો દૂર રહી, પણ **ઔષધ** માટે **મધ** ખાય, તો પણ તે નરકનું કારણ છે. જેમ જીવવા માટે કોઈ ભુલથી **કાલકૂટ** વિષની કણી માત્ર ખાઇ જાય, તો જરૂર તે મરી જ જાય. તેમ **મધ** ખાવાથી નરકગતિ પ્રાપ્ત થાય જ. તેથી **અન્યોના પુરાણ** વગેરે **શાસ્ત્રોમાં** પણ સર્વથા તેનો ત્યાગ કરવાનું કહ્યું છે. આત્માર્થી શૂરા જીવો બીજા જીવોને **સ્વ-સમાન** ગણી, આવી અભક્ષ્ય ચીજોનો સર્વથા ત્યાગ કરે છે, અને મહારોગ આવે, કે પ્રાણાન્ત કષ્ટ આવે, તો પણ તેનો સ્પર્શ પણ કરતા નથી. તેઓને સહસ્ર વાર ધન્ય છે ! માટે હે બંધુઓ ! પ્રમાદ ત્યજી આ ચીજ પરિહરવા શૂરવીર થાઓ.

(હાલમાં ખોરાક તરીકે મોટા પ્રમાણમાં મધનો ઉપયોગ કરાવવા રાજ્યો તરફથી મોટા ખર્ચે મધપૂડા ઉચ્છેરવામાં આવે છે પરંતુ મધનો એ અતિયોગ ઉલટું આરોગ્યને બગાડશે, એમ અમારો મક્કમ મત છે. આરોગ્યના નિયમોના વિચાર કરતાં કોઇ પણ એકજ રસપ્રધાન ચીજ સર્વને: સર્વદા: સર્વથા: માફક આવે જ નહીં તેથી એવા પ્રયાસો હિંસક, પ્રજાના ધન

---

* **કુંતા ભ્રમરી** અને **માખી:** એમ ત્રણેયે બનાવેલું ત્રણ પ્રકારનું **મધ શ્રીભાષ્યકારે** વર્ણવ્યું છે. દરેક મધ તે તે જીવજંતુની લાળ છે. બરાબર નિરીક્ષણ કરીએ, તો **વિષ્ટાદિ** દુર્ગંચ્છનીય વસ્તુમાંથી પણ તે ચૂસવામાં આવે છે. તેથી તે એકઠું કરેલું એઠું છે. તે ભલે મીઠું લાગે છતાં પણ પાપભીરૂઓએ ચાખવા જેવું પણ નથી.

અને ભાવિ આરોગ્યને હાનિકારક જ અમોને જણાય છે. વખત વખતનાં રંગ પ્રમાણે અનેક પ્રવૃત્તિઓનો જનસમાજમાં પવન ફુંકાય એટલે તે પ્રમાણે ધૂન ચાલ્યા કરે છે. તેટલા ઉપરથી તે બધી ગ્રાહ્ય જ છે, એમ સમજવું નહીં, પરંતુ વિવેકથી, અનુભવથી, વિચારીને આપણે ગ્રાહ્યનું જ ગ્રહણ કરવું. અને અગ્રાહ્યનો ત્યાગ કરવો જોઇએ. માટે મધ–ઉચ્છેર પ્રવૃત્તિમાં સાથ આપવો વ્યાજબી નથી.]

૭ માદરા—

તેનો સર્વથા ત્યાગ કરનારે વિલાયતી દવા વિગેરેનો પણ ત્યાગ કરવો જોઇએ, કેફી દ્રવ્યો મિશ્રિત દવાઓ તત્કાળ લાભ કરે છે, પણ તેની તાકાત ઓસરતાં વધુ નબળાઈ આવે છે. એટલે દવાઓમાં પણ તેનો ઉપયોગ વાસ્તવિક તો નથી જ. કારણ કે તેમાં પ્રાય: ટિન્કચર–સ્પીરીટો[1] (દારૂ) આવે છે. વળી કેટલીક પાઉડર (ભૂકો–ચૂર્ણ) વાળી દવાઓમાં પણ અભક્ષ્ય વસ્તુના મિશ્રણ થાય છે, જેથી* વિલાયતી દવાનો ત્યાગ કરવો જ ઉત્તમ છે.

૧–**દ્રાક્ષાસવ, ૨ કુમાર્યાસવ, ૩ લોહાસવ,** એ દેશી દવાઓ પણ એવી જ છે કેમકે–**દ્રાક્ષ** અને **મહુડાને** સોડવે છે. તવા સોડાનું નામ આસવ છે. [જમીનમાં અમુક વખત પડી રહે છે. ત્યારે તેમાં દારૂનાં તત્ત્વો અને જંતુઓ ઉત્પન્ન થઇ જાય છે] **શરબતમાં** પણ અભક્ષ્યના કારણોનો સંભવ છે.

*–અનેક જાતના **વાઇન (દારૂ)** પીનાર દરેક વ્યસનીના બુરા હાલ જગજાહેર છે. કોઈ જાતનો કેફ હિતકારી છે જ નહીં. **ગાંજો લીલાગર–ભાંગ** પણ તજવાં જોઇએ. **દારૂ**–એટલે અનેક

દેશી અને વિલાયતી અનેક જાતના દારૂઓ થાય છે. તે દરેક સર્વથા ત્યાગ કરવા જેવા જ છે, તાડી વિગેરે પણ ત્યાગ કરવા લાયક જ છે. એકંદર કોઈ પણ કેફી પીણાંઓ હિંસા દૃષ્ટિથી, આરોગ્ય દૃષ્ટિથી, નૈતિક દૃષ્ટિથી, આર્થિક દૃષ્ટિથી ધાર્મિક દૃષ્ટિથી અને સભ્ય-લાયક જીવનની અને સંયમી જીવનની

વસ્તુનો સડો-કરતાં તેમાં અનેક ત્રસ જીવો ઉપજે, તે સુદ્ધાંનો યંત્રથી રસ કાઢી લેવો, તે. કેટલાએક ભોળા લોકો **કોલનવૉટર** વાપરે છે, પણ તે અચિત્ત નથી. અને તેના ઉપર **દારૂ** તરીકેની મોટી જગાત લેવાય છે. તેમાં પણ એક પ્રકારનો સ્પીરીટજ હોય છે.

૨ વિલાયતી દવાઓમાં અભક્ષ્ય પદાર્થ હોય છે, તેની વિગત:—

૧ **કૉડલીવર પીલ્સ**-દરિયાઈ માછલીના કલેજાના તેલની ગોળી.

૨ **સ્કાટઈમલશન ઑાવરીલ**-બળદ અને પાડાના અમુક ભાગનું માંસ.

૩ **વિરોલ**-ગાયના મગજનો માંસ રસ.

૪ **બીફાઈરન વાઈન**-ઘેટાના માંસ યુક્ત બ્રાંડી.

૫ કારતિક **લીગવીડ**-માંસ મિશ્રિત.

૬ **સરોવાની ટોનીક**-સ્પીરીટ (મદિરા) યુક્ત.

૭ **એક્ષટેટ મોલ્ટ**-મધ અને માંસ મિશ્રિત.

૮ **એક્ષટેટ ચિકન**-કુકડીના બચ્ચાનો રસ.

૯ **વેસેન ઈન**-ડુક્કરની ચરબી.

૧૦ **પેપસેન્ટ પાવડર**-કુતરા અને ડુક્કરની બે ગોળી (અંડ)નો ભૂકો.

[૧૧ **પેલૉલ** તથા ઘણાં **ઈંજેકશનો** પણ આવા હિંસામય અને અભક્ષ્ય પદાર્થોમાંથી બનાવેલાં હોય છે.]

દષ્ટિથી, પણ ત્યાજ્ય જ છે. [વિલાયતી કે દેશી દારુ-ગમે તે જાતનો દારુ નુકશાન કરે છે. માટે સાત વ્યસનમાં તેને ગણાવીને આપણા શાસ્ત્રકારોએ તેના ત્યાગ કરવાના ઉપદેશ ઉપર સખ્ત ભાર મૂકયો છે. એટલે તે રીતે પ્રભુની આજ્ઞા પ્રમાણે આપણે સર્વ લોકના હિતને માટે ઉપદેશ આપી શકીએ છીએ. દેશી દારુની બનાવટના સાધનો બંધ થાય, અને વિલાયતી દારુ જ શરૂ થાય, માટે દારૂબંધીની હાલની આખી હીલચાલ એક વ્યવસ્થિત ચળવળ તરીકે મોટા પાયા ઉપર ચાલતી હતી. સારૂં થયું કે-તેમાં આપણા મુનિમહારાજાઓએ ગમે તેવી ટીકાઓ થવા છતાં ભાગ ન લીધો. નહીંતર વિલાયતી દારુના પ્રચારમાં તો આજે આપણી સમ્મતિ ગણાઈ જ જાત. દેશનેતાઓને દેશી દારુ બંધ કરાવવા પૂરતું જ એ કામ કરવા દેવામાં આવ્યું હતું. દારુ અટકાવનાર દેશનેતાઓએ તાજી તાડી પીઈને દારુને બદલે તેની જરૂરીઆતનો દાખલો બેસાર્યો હતો. કેટલું આશ્ચર્ય! હવે કયાં ગઈ દેશનેતાઓની લાગણી? કેમ કોઇ પીકેટીંગ કરતું નથી? પણ એ બધું બનાવટી હતું. વિલાયતી દારુ છુટથી પીવાય છે. આપણે તો સ્વાભાવિક રીતે જ દારુ છોડવાનો ઉપદેશ સમાનભાવે સર્વને આપી શકીશું જ.]

૮ **માંસ—**

*અનેક જીવો મારીને તૈયાર થાય છે. તે મુખ્ય **ત્રણ ભેદે-જળચરમાં મચ્છી** વગેરેનું; **સ્થળચરમાં**

---

* જ્યારે **આયુર્વેદના** કર્તાઓએ **અનાર્યોનીયે** ખાતર **અભક્ષ્ય ઔષધો, ચરબી, તેલ** વગેરે બતાવેલાં છે, ત્યારે **યુનાની હકીમી ઔષધોમાં માંસ, ઈંડા અને મચ્છી.** વગેરે

પાડા, **બકરા**, **હરણ**, **ગાય**, **ઘેટાં**, **સસલાં** વગેરેનું અને **ખેચરોમાં ચકલાં**, **કુકડા**, **પારેવાં** વિગેરેનું. અનેક પંચેદ્રિય પ્રાણીઓના શીકાર તરીકે ધંધા ખાતર મારીને જ માંસ તૈયાર થાય છે. નિરપરાધી છતાં તે બિચારાઓને મારવામાં આવે છે. તે સઘળાં પ્રાણી પોતપોતાના માતાના રુધિર અને પિતાના વીર્યથી જન્મ્યા હોય છે. માટે એ મહા દુગંચ્છનીય ગણાય. **ક્ષત્રિયો** વિગેરે માંસાહારી કેટલાક **હિંદુઓએ** તેમજ **મુસલમાનોએ** કે સર્વેએ **માંસ** તજવા યોગ્ય છે. આવો મલીન પદાર્થ સભ્ય માનવને ખાવા લાયક ગણાય જ કેમ ? જંગલી માણસો માણસોનું માંસ ખાય, તેથી કાંઇક સુધરેલા તે શિવાયનું ખાય તેટલા ઉપરથીજ સભ્ય માનવોને લાયકનો એ ખોરાક ગણાય ? ન ગણાય. **પુરાણમાં** અને **કુરાનમાં** પણ **માંસ** અભક્ષ્ય તરીકે ફરમાવેલું છે, છતાં પુષ્ટિ અને જીભના લોલુપી તેવું અખાદ્ય ખાય છે. જો કે બીજાના પ્રાણ લેવા છતાંયે પોતે મરણના ભયથી બચતા તો નથી, એ નિર્વિવાદ છે. પછી બળ અને શરીરની પુષ્ટિનો અર્થ

અભક્ષ્ય પદાર્થોનો ઉપયોગ સહેજે સૂચવે છે. માટે દરેક દવા લેતાં **આર્યધર્મ** જાળવનાર થવું જોઇએ. **આયુર્વેદ** વનસ્પતિ પ્રાયઃ ઔષધીઓનો મુખ્ય ઉપદેશ આપે છે **યુનાની વૈદ્યો** પ્રાણીજન્ય ઔષધો વાપરે છે. **વિલાયતી દવાઓમાં–પ્રાણીજન્ય** ઔષધો, **પ્રાણીજન્ય અને** ખનિજ તથા **વનસ્પતિજ વિષોઃ** અને **કેફી** તત્ત્વોઃ **સ્પીરીટો** વિગેરે મુખ્યતાએ અને મોટા પ્રમાણમાં વપરાય છે તે દવાઓ તુરત ફાયદો કરતી જણાય છે. પરંતુ "નવા રોગો ઉત્પન્ન કરે છે. અને પરિણામે આરોગ્યને નુકશાન કરે છે, અને આયુષ્યનો હ્રાસ કરે છે." એમ અનુભવીઓનો મક્કમ મત છે.

શો રહે છે ? જેમ-આપણને મરવું ગમતું નથી, બાળબચ્ચાંનો કે માવતરનો વિજોગ પોસાતો નથી, તેમ દરેક જીવ મરણ કે વિજોગ ઇચ્છતા નથી. માટે જેવું વર્તન આપણે બીજા તરફથી આપણી તરફ ઇચ્છીએ છીએ, તેવું જ વર્તન આપણે બીજા દરેક પ્રાણી તરફ રાખવું જોઈએ આ ન્યાયસરની દલીલ દરેકે હંમેશાં ખાસ પોતાની સામે રાખવી જોઈએ. તેમાં જ આપણું ને સર્વનું ભલું છે.

હિંદુસ્થાનમાં પવિત્રતા અને આર્યપણું છે, તે માંસાહારના ત્યાગથી અને ફક્ત વનસ્પતિ તથા દુધ વગેરે સાત્ત્વિક અને નિર્દોષ ખોરાકથી જ જળવાયેલું છે, પરંતુ સીધી કે આડકતરી રીતે માંસ, લોહી કે ચરબીજન્ય પાપમય ચીજો ખાવા-પીવાથી જળવાતું નથી. માંસાહારથી તંદુરસ્તી પણ બગડે છે. મનુષ્યનુંયે માંસ ખાનારા રાક્ષસ જેવા જંગલી માણસોની વાત સાંભળતા હરકોઈ માંસાહારીના મનમાં તેના પાપાચારની ઘૃણા ઉત્પન્ન થાય છે. તો પછી માંસાહારમાં ધર્મ તો હોય જ શાનો ? [છતાં, યાંત્રિક-વાહનો અને ખેતીના સાધનો વધતા મોટાભાગના છુટાં પડતાં પશુઓ કતલખાને જવાના જ તેને માટે યાંત્રિક કતલખાનાઓ વધતા જાય છે. તે વધવામાં દેશી કતલખાનાઓની વધુ ક્રુરતાનાં વર્ણનો, દુધાળા ઢારોને બચાવવાની હીલચાલો,જીવદયાદિન વિગેરે પ્રવૃત્તિઓ સાધન તરીકે થાય છે.]

કોઈક (બૌદ્ધ) ધર્મવાળાએ તો "કુકડા, હરણ અને માછલા વગેરેના માંસભક્ષણથી અનેક પ્રાણીઓ મારવાનું પાપ થાય, તેથી બચવા માટે એક હાથીને મારવાથી તેનું માંસ ઘણી મુદત સુધી પહોંચે, જેથી એકજ જીવની થોડી હિંસા થાય."

એવી ખોટી દલીલ ચલાવી છે. જેથી જીવદયા પાળવાની શોભા લઈ શકાય, અને **માંસ** પણ ખાઈ શકાય! શું આ ન્યાયસરની દલીલ છે? [મોટા પ્રાણીને મારવામાં ઘણી મહેનત પડે છે, એટલે તેને મારવા માટે ઘણી યુક્તિઓ–પ્રયુક્તિઓ કરવી પડે છે, તેથી વધારે તીવ્ર હિંસાના વિચારથી મન ડહોળાયેલું રહે છે. તેમ જ મનમાં ક્રૂરતા પણ આકરી મેળવાય છે. સારાંશ કે–કોઈપણ પ્રાણીને મારવામાં **હિંસા** જ છે. અને મોટાઈવાળાને મારવામાં મોટી હિંસા છે.] જે લોકો પોતાના દેવોના વાહન તરીકે કે–દેવોની આકૃતિ તરીકે અમુક પ્રાણીઓ માને છે, તેઓને ગણપતિની આકૃતિ જેવો હાથી અને ઇંદ્ર કે મહાદેવના વાહનો તુલ્ય હાથી–સિંહ કે વાઘને મારવાનું યોગ્ય કેમ ગણાય? ખરેખર, આવો જીવહિંસાનો વિચાર પણ અધોગતિમાં જવાનું સૂચન કરે છે.

(ખાટકી પોતાનો માંસ વેચવાનો ધંધો છતાં બકરાં, ઘેટાં, કે પાડાનું ગળું જાતે કાપતા જ નથી. પણ એકાદ પૈસો આપી **ગળકટ્ટા** વિગેરે વધુ નીચને હાથે છુરી મુકાવે છે, કેમ કે–તેમ કરવામાં તે પણ પાપ તો માને જ છે. એટલે માંસ ખાવામાં પાપ છે, એ વાતમાં દરેક લોકો સમ્મતજ છે જ.)

ઉપરાંત, **માંસની** અંદર પળે પળે અનેક **ત્રસજીવ** ઉપજે છે. માંસને અગ્નિ ઉપર પકવતા અને પકવ્યા પછી તેઓ ઉપજ્યા કરે છે. તેની ખાત્રી એ છે કે–પડ્યા રહેલા મડદામાં મોટા મોટા કીડા પડી જાય છે. પરંતુ તે કીડાઓ વખત જતાં મોટા થયા હોય છે. પ્રથમ તો બારીક હોય છે. શરીરમાંથીછુટું પડેલું **માંસ** એ શરીરનો મરેલ ભાગ છે. એટલે

શરીરમાંથી છુટું પડતાં જ તે સડવા માંડે છે અને તુરત જ તેમાં તેના જ રંગના બારીક જંતુઓ ઉત્પન્ન થઇ જાય છે. એટલે તે રીતે પણ "**માંસ** ખાવામાં અસંખ્ય જીવોની હિંસા થાય છે" એમ પરોપકારી પુરુષોએ કહ્યું છે માટે દરેક પ્રાણીને પોતાના સમાન ગણવા, અને તેઓની હિંસાથી બચવા માંસ વિગેરે પ્રાણીજન્ય–**ખાન–પાન** તથા **ઔષધ** વિગેરેનો કોઇ પણ પ્રકારે ઉપયોગ ન જ કરવો જોઇએ.

એ જ હિસાબે શ્રી જૈનશાસનમાં **પંદર કર્માદાન** તજવાનું દરેક ધર્મિ પુરુષોને હંમેશને માટે ખાસ ફરમાવ્યું છે. કેટલાક દગાખોર લોકો **ઘીમાં ચરબીનો** ભેગ કરે છે, વિલાયતી **બિસ્કુટ** પ્રમુખમાં અભક્ષ્ય પદાર્થના મિશ્રણનો સંભવ હોય છે, આજે કેટલાક તેવી ચીજો ખાય છે, એ ખરેખર ખેદજનક છે તેથી **બિસ્કુટ**, [કોઇ બિસ્કુટમાં કે ચોકલેટમાં ઈંડાનો રસ સ્વાભાવિક જ હોવાનું સંભળાય છે. ગાયના માંસની પણ ચોકલેટો આવે છે. આપણે પતાસા વિગેરેને બદલે પીપરમેંટની ગોળીઓ છોકરાંઓને પાઠશાળાઓમાં વહેંચીએ છીએ, તે મોટામાં મોટી ભુલ થાય છે, કેમ કે ભવિષ્યમાં આપણા અમુક પેઢીના સંતાનોને માંસાહારી બનાવવાની એ પ્રાથમિક યોજના છે. પીપરમેંટની ગોળીઓમાંથી નાની ચોકલેટો અને અને તેમાંથી મોટી ચોકલેટો અને તેમાંથી વધુ મોટી ચોકલેટો અને તેમાંથી તેથી વધુ મોટી અને કિંમતી તથા વીટામીનવાળી જે લગભગ માંસમાંથી બનાવેલી હોય છે. તે તરફ ધીમે ધીમે બાળકને દોરવી શકાય છે.] વગેરે આભડછેટવાળી ચીજોનો સ્પર્શ પણ ન કરવો જોઇએ.

કેટલીક વિલાયતી દવાઓ જેમકે **કોડલીવરઓઇલ** * (**કોડ માછલીનું તેલ**) **કાટ ઇમલશન એોવરીલ** અને ×**મુંબઇ** નામની દવા પ્રમુખ **ચરબી** વિગેરેના ભેગથી બનાવે **છે. તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.**

---

* **કોડલીવર ઓઇલની** ગરજ **ખોપરેલથી** સરે છે. જુઓ **ડા૦ ત્રિભોવનદાસ કૃત વૈદ્યક ગ્રંથ.** (ટોપરામાં ક્ષય મટાડવાનો ગુણ છે. હિંદુઓમાં દરેક પ્રસંગે શ્રીફળનો રીવાજ છે. તેમાં આવા યોગ્ય હેતુઓ પણ સંભવિત છે. દરદીની હોજરીની શક્તિના પ્રમાણમાં ટોપરાનો રસ, કે ટોપરા આપવાથી લોહી વધે છે, એમ જ્ઞાની પુરૂષો અને અનુભવી વૈદ્ય પાસે સાંભળેલું છે. સ્ત્રીઓને ધાવણ વધારવા ખાસ ટોપરાં ખવાય છે. તથા ગાયનું ચોકખું દૂધ વિધિસર પીવામાં આવે, તો તે પણ ક્ષય મટાડે છે. કેમકે–મનુષ્યના શરીરના કણો અને ગાયના કણો સમાન છે. ભેંસ કરતા ગાય ચપળ પ્રાણી છે. તેથી દરેક ધાતુઓ પણ ચપળ બને છે અને દૂધ સીધું લોહીમાં ભળે છે. ક્ષયના તાપની ગરમી ઠારે છે. કોડલીવરથી મટેલા ક્ષય કરતાં ગાયના દૂધથી વધારે સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવી રીતે કાયમી ક્ષય મટે છે, આજકાલ–**પંચગની** જેવા સેનેટરીયમમાં ઘણા આર્યો ઔષધ કરાવવા જાય છે. ત્યાં દરદીઓને એવી જ અભક્ષ્ય દવાઓ અને ખોરાકો ડોકટરો ખાસ કરીને આપે છે. **નરોડા** પાસેના આપણા ક્ષયના જૈન સેનેટરીયમમાં આવા ઉપચારો ન થાય, તેની કાળજી સંપૂર્ણ લેવાવી જોઈએ. ડોકટરોનો આધાર આવી દવાઓ અને ખાનપાન થઈ ગયેલ છે.)

× **મુંબઈ** નામની દવા જે માણસ તથા જનાવરના **કલેજા**.**માંથી** બનાવે છે, તે તો પ્રગટપણે અભક્ષ્ય છે, તેના બદલે **શીલાજીત** વાપરવાથી તે દવાનું કામ કરશે.

[1]તંદુરસ્ત થવા માટે કેટલાક **ભક્ષ્યાભક્ષ્યનો** વિચાર કર્યા વગર આવી ચીજો વાપરે છે. પણ હે ભવ્યો ! તેના કિંપાકના ફળ જેવાં ફળ બહુ માઠી ગતિમાં જઈ ભોગવવા પડશે, તે વિચારો ! અનાદિ કાળથી સ્થૂલ શરીર [પુદ્ગલ]ની સંભાળમાં જ આ જીવ ચારેય ગતિમાં ભમ્યો, પરંતુ પવિત્ર મન વગર આત્માનું કલ્યાણ થવાનું નથી. તેથી જન્મ : જરા : મરણ : આધિ : વ્યાધિ : અને ઉપાધિ : ના દુઃખનું નિવારણ કરવા આવી અભક્ષ્ય ચીજોનો ત્યાગ કરો : ધન્ય છે- **વંકચૂલ** રાજકુમારને, જેણે પ્રાણાન્તે પણ **માંસનું** ભક્ષણ ન કર્યું, અને દેવગતિ સાધી. આપણે તેવા **મહાત્મા** પુરુષોનું અનુકરણ કરતાં ક્યારે શિખીશું ? અને શિવસંપદા ક્યારે પામીશું ?

૮ માખણ—

જેમ **દુધ** વખત જતાં બગડી જઈ ખાવા લાયક રહેતું નથી. તે પ્રમાણે **દહીં** પણ મેળવ્યા પછી બે રાત્રિ પછી જંતુ પડી જવાથી અભક્ષ્ય થાય છે. **ઉંટડીના દુધમાં** અન્તર્મુહૂર્તમાં જંતુઓ ઉપજે છે અને અભક્ષ્ય થાય છે. તેજ પ્રમાણે માખણ સર્વજ્ઞ ભગવંતોએ અભક્ષ્ય કહ્યું છે. **છાશમાં માખણ** સ્વાભાવિક રીતે જ આવી જવા સંભવ છે. તેથી વિરતિવંતે ગાળીને વાપરવી જોઈએ. અથવા અજાણતા આવી ન જાય, તેની જયણા રાખવી. **માખણ છાશમાંથી** બહાર કઢાય કે તરત જ

---

૧ નબળાઇના દરદ માટે જો તેલતો ખપ હોય તો **બદામનું** તેલ સર્વ દવાથી ચઢીયાતું કામ આપે છે.

[1]અંતર્મુહૂર્ત્તમાં તદ્વર્ણા સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. **માખણ** તથા [**દ્વિદલ** પ્રમુખમાં જે જીવ ઉત્પન્ન થાય છે, તે **હેતુગમ્ય** નથી, પણ–**આગમગમ્ય** છે. માટે–[જિનેશ્વર-ભગવંતોએ** જે પ્રરૂપ્યું છે, તે સત્ય માનવું જોઇએ. [**આગમગમ્ય** પદાર્થોમાંના પણ કેટલાક પદાર્થો **પ્રયોગ-ગમ્ય અને હેતુગમ્ય** કરી શકાય તેમ છે. પરંતુ, તેના સાધનો ગોઠવવામાં મોટો ખર્ચ થાય છે. અથવા સૂક્ષ્મ હેતુ-વાદ સમજવામાં ઘણા જ ઉંડા **અભ્યાસ** અને **સૂક્ષ્મ** બુદ્ધિની જરૂર પડે છે. તેવા સાધનો ન હોય, અથવા તેવું સમજવાની શકિત ન હોય, તેટલા ઉપરથી **સર્વજ્ઞભગ-વંતોએ** કહેલી હકીકતો સાચી ન માનવાને કારણ રહેતું નથી. સર્વજ્ઞ હોવાની અને વાત તેની કહેલી હોવાની ખાત્રી થવી જોઇએ. અસર્વજ્ઞોએ પોતાની વાત પ્રયોગોથી સાબિત કરવી પડે છે.]

ઉપસંહાર

ઉપર જણાવેલી **ચાર મહાવિગઇઓ [મદ્ય-મદિરા–માંસ–માખણ]** નો અવશ્ય ત્યાગ કરવો જોઈએ પ્રભુની આજ્ઞા પાળવી તે ધર્મ છે. અને તેમાં દયા: સંયમ: તથા નિર્મળ જીવન:નો લાભ સમાયેલો છે "એ ચાર વિગઈ ખાનારાજ જીવે છે, ને ન ખાનારા મરી જાય છે, એમ છે જ નહીં તો શા માટે પાપમાં પડવું ? **કલ્યાણકર** નામના

૧ અહીં જઘન્ય અંતર્મુહૂર્ત્ત સમજવું તેનો કાળ **નવસમય** સમયપૃથક્ત્વ છે. એક સેકન્ડમાં **અસંખ્યાતા** સમય થાય છે, માટે **છાશથી** જુદું પડયું કે તરત જ અભક્ષ્ય સમજવું.

વૈદ્યક ગ્રંથમાં એ ચારેય વિગઇ વિનાની તમામ રોગોની તમામ દવાઓ બતાવી છે.]

૧૦ બરફ—

બરફઃ હીમઃ અને **કરાઃ** એ ત્રણેય ચીજોમાં સરખો દોષ છે. **અપ્કાય** [દરેક સચિત્ત પાણી] નું એક બિંદુ અસંખ્ય જીવમય હોય છે, તે એક જીવનું શરીર સરસવ જેવડું કલ્પીએ તો પાણીના એક બિંદુના જીવો લાખ જોજનના જંબૂદ્વીપમાં ન સમાય એટલા સૂક્ષ્મ શરીરવાળા હોય છે. [બરફ પાણી ગાળીને કોણ બનાવે? અને ગાળે તો પણ ઘણા નાના જીવો ગળણામાંથી પણ નીકળીને રહી ગયા હોય, તે બધા ઠંડીના ઉપદ્રવથી સંકોચાઇને મરી જાય, તથા કોઈ બાકી રહ્યા હોય; તો ઉપયોગ કરતી વખતે તેનો મરો થાય. એમ અનેક રીતે તેમાં પ્રત્યક્ષ રીતે પાપ સમજાય છે. માટે, બરફ વિગેરે અભક્ષ્યમાં ગણાવેલ છે. તે વ્યાજબી જ છે.]

એટલે, પાણી પોતે અસંખ્ય જીવમય હોય છે, તે ઉપરાંત પાણીના એક બિંદુમાં કેટલાક બીજા ત્રસ જીવો હોય છે. [તે પૃષ્ટ ૨૦ માનાં ચિત્રમાં જુઓ] તથાપિ પાણી વિના નિર્વાહ ન જ થાય, માટે જરૂર પૂરતું અને પ્રાસુક વાપરવું પડે છે.

દાહ થતો મટાડવાને **ચંદન** [સુખડ] કે **બરાસનું** વિલેપન કરાય છે. અથવા **ખડસલીયા (પત્તપાપડાનું,** સાકરનું પાણી, **બદામ** અથવા **સુખડ સહિત** પીવાથી તૃષા છીપે છે, પાકાં **કેળાં** પણ શરીરે મૂકવાથી ઠંડી કરનાર છે.

સિંધ પદાર્થ વિજ્ઞાન નામનું પુસ્તક અલ્હાબા
ગવર્નમેંટ પ્રેસમાં છપાયલું છે જેમાં કપ્
સ્કોર્સબીએ સૂક્ષ્મદર્શક યંત્રથી એક પાણી
ટીપામાં ૩૬૪૫૦. જીવો હાલતા ચાલતા જો
તેનું આ ચિત્ર છે.

મલયાગરૂ, સુરોખાર, લીંબડાની ગળોનું સત્ત્વ કરીયાતુ અને બુચકર્ણ વગેરે અણાહારી ચીજો રાત્રે પચ્ચક્ખાણ છતાં વપરાય છે.

હિમ [બરફ] કુદરતી હોય છે, તે તથા સંચાઓ પ્રમુખ સાધનોથી બનાવાય છે. તે બંને ય જાતનો **અભક્ષ્ય છે.** કારણ કે તેમાં પાણીના અસંખ્ય જીવો છે. બહુ આરંભનો તીર્થંકર પરમાત્માએ નિષેધ કર્યો છે. **આઇસક્રીમ, આઈસવોટર,** (બરફનું પાણી,) **આઇસ સોડા, કુલફી,** પ્રમુખ બરફની ચીજોનો પણ ત્યાગ કરવો. [આઇસક્રીમ બનાવવામાં બરફ તથા કાચા પાણી અને મીઠાનો આરંભ થાય છે. એટલે એકેન્દ્રિય અને ત્રસ જીવોની વિરાધના થાય છે] ૧ સંચાઓની અંદર રહેલો દૂધ પ્રમુખનો રસ-તે સાફ કરવામાં ન આવે-તો બેઇંદ્રિય વગેરે જીવોની ઉત્પત્તિ થવાનો પણ સંભવ રહે છે, પણ તે જીવો બહુ સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિએ પડી શકે નહિ, અને નવું દૂધ વિગેરે પડતાં તરત જ તે બિચારા વિનાશ પામે. આ રીતે ત્રસની હિંસાનોયે સંભવ છે. આવી વિરાધનાનો વિચાર-જિહ્વાઇંદ્રિયમાં લુબ્ધ થવાથી આપણામાંના કેટલાક અહિંસામય ધર્મના આગેવાન જેવા જૈનબંધુઓ પણ ન કરતાં અનેક જીવોના પ્રાણ લેવાના કારણિક થઇ પડે છે. જ્યારે, આગળ તેમના પૂજ્ય વડિલો સચિત્તત્યાગી તથા ગંઠસી-વેઢસી પ્રમુખ સખ્ત નિયમો પાળવામાં દૃઢપણે વર્તતા હતા. ત્યારે આજે અનેક બંધુઓ રસ્તામાં ચાલતા હોટલો, વિશ્રાંતિગૃહ [વિશ્રાંતિ નહિ પણ ખરેખર વિનાશકારીગૃહ] વગેરેમાં ભક્ષ્યાભક્ષ્ય અને સ્પર્શાસ્પર્શનાં મલીન દોષનો વિચાર

ન કરતાં, તેમજ પરભવનો પણ [આ ભવમાં ગુરુ, વડિલ, કે જ્ઞાતિનો ભય ન હોય તો,] ભય નહિ રાખતાં, સ્વચ્છંદપણે નિધ્વંસ પરિણામે, આવી તુચ્છ વસ્તુઓથી સ્વમનકામનાઓ તૃપ્ત કરી સ્વઆત્માઓને મલિન-ભ્રષ્ટ કરે છે! અફસોસ! આ કેવું ખેદજનક? બંધુઓ! પરના જીવોને થતી વેદનાનો સહજમાત્ર વિચાર આપના વિચારશીલ મગજ ઉપર લાવી, આવી તુચ્છ-અસાર વસ્તુઓનો સદંતર ત્યાગ કરો!! બગડતું વાતાવરણ સુધારો! [તાવમાં બરફનો વપરાશ ઘણો થાય છે. કેટલાક ચિકીત્સકોનો એવો અભિપ્રાય જાણવામાં આવેલો છે, કે-"જો તાવ મારી નાંખે તેવો ઝેરીજ હોય, તો ગમે તેટલા મણ બરફ મૂકવામાં આવે; તો પણ દરદી બચી શકતો નથી. અને જો ન મારી નાંખે, તેવો ઝેરી ન હોય, તો અમુક વખત ગયા બાદ તાવનો ગમે તેટલો આકરો વેગ નરમ પડતાં માથાનો ભાર ઓછો થઇ જાય છે. એટલું ખરૂં કે-બરફ મૂકતી વખતે દરદીને આરામ રહે છે. પરંતુ આકરો તાવ હોય, તો બરફ ખસેડીએ કે તુરત તેને તાવની અસર થવા માંડે છે, એટલે બરફ મુકવાનો રીવાજ પ્રસરતો જાય છે. પરંતુ બરફ મૂકવાથી નુકશાન પણ એ થાય છે કે-જ્યાં બરફ મૂકાય, ત્યાં લોહી ઘાટું થાય છે. જેમ બરફથી દૂધ વિગેરે ચીજો થીજી આઇસ્ક્રીમ બને છે. તે પ્રમાણે લોહી પણ થીજે છે. અને તે થીજેલું લોહી હૃદયમાંથી પસાર થાય ત્યારે તેને નબળું પાડે છે. અને હૃદય નબળું પડે, એ પણ બીજા રોગોને નોતરવા રૂપ થાય છે." એવો અભિપ્રાય છે.]

૧૧. **વિષ**—[વિષ ચાર જાતના હોઈ શકે છે. **ખનીજ**

પ્રાણીજ: વનસ્પતિજં: અને મિશ્રણુજ: સોમલ : હડ- તાલ: વિગેરે ખનીજ છે. વીંછી: વિગેરેનું વિષ પ્રાણીજ છે. વચ્છનાગ: અફીણુ: ધતુરો: આકડો: વિગેરે વનસ્પતિજ: વિષ છે. અને મધ અને ઘી સમભાગે હોય તથા એવા ઝેરી દવાઓ: મિશ્રણુજ વિષ ગણાય છે,] અફીણુ, સોમલ, વચ્છ- નાગ, હરતાલ, મીઠા તેલીયા, સ ખીયા, પ્રમુખ ચીજો અભક્ષ્ય છે. કારણુ કે-તે ઝેરો ખાવાથી પેટના કૃમિ આદિક જીવનો નાશ થાય, શરીર શિથિલ થાય, અને પરવશતા થાય માટે વિષભક્ષણ કોઈ શોખથી કે બળપુષ્ટિ અર્થે ય ન કરવું. ઔષધ તરીકે છુટ રખાય છે [તે પણ વાસ્તવિક તો નથી.] જુઓ, વ્યસની માણુસના હાલ શા શા થાય છે? તથા અવ- સરે અમલ ન મળે, તો ચેતનાં મુંઝાય, ક્રોધ-મિજાજ વધે, અને તે વસ્તુ ખાનારો જ્યાં મળ-મૂત્ર કરે, તે ક્ષેત્રમાં ત્રસ- સ્થાવર જીવની હિંસા થાય. વળી આવી વસ્તુ ખાઈને આપ- ઘાત કરવાથી પરભવે નરકાદિ નીચ ગતિ પ્રાપ્ત થાય. માટે વિષ: વ્યસન: કે આપઘાત કરવામાં વાપરવું જ નહિ તેમ તેનો વ્યાપાર પણુ કરવો નહિ, રાજ્યકર્તાઓ પણુ વિષવ્યાપા- રની સનંદો માત્ર તેની મર્યાદા રાખવા માટે આપે. તો યોગ્ય ગણાય સર્વજ્ઞ પ્રભુઓએ પંદર કર્માદાન તજવામાં વિષવ્યાપાર- નિષેધ્યો છે, કેમકે-તેના વ્યાપારથી અનેક અનર્થ નીપજે છે. માતાઓ બચ્ચાઓને બાળાગોળીનું અમલ આપે છે, જેમાં અફીણુ આવે છે. પણુ તે વ્યસનથી બચ્ચાંઓને ફાયદો નથી, પરંતુ ઉલટું નુકશાન કરે છે. ખોટી રીતે બાળકને સ્ફુર્તિમાં રાખે છે, ને રોગો અંદર ઘર કરી જાય છે તેનો ખ્યાલ રહેવા દેતું નથી] અને કોઈ વેળા ભુલથી બાળાગોળી

ઠેકાણાસર ન મુકાઈ હોય અને બાળકના હાથમાં આવી જાય, ને વધારે પ્રમાણમાં ખવાઈ જાય, તો મૃત્યુ પણ પામે છે. જેથી સુજ્ઞ માતાએ આવી ઝેરી કે અભક્ષ્ય વસ્તુઓનાં અમલ આપવા નહિ, તેને માટે તો દેશી વૈદ્યકૃત ગુટિકા બસ છે+

+ [સોમલઃ પારોઃ ગંધક વચ્છનાગઃ ઝેરકોચલુઃ ધતુરોઃ અફીણઃ કૂવીનાઈનઃ વિગેરે ઝેરી ચીજો જે ઔષધોમાં વપરાય છે, તે ઔષધ ઘણું જ શક્તિશાળી અને પ્રભાવવાળું થાય છે. અને જલ્દી રોગ મટાડીને તુરત આરામ આપે છે, આથી વૈદ્યો અને ડોકટરોની તથા પરચુરણ દવા વેચનારની જાહેરાત સારી થાય છે. તેઓની પ્રતિષ્ઠા તથા ધનપ્રાપ્તિમાં સારો વધારો થાય છે. પરંતુ કેટલાક વિદ્વાન અને સમજુ વૈદ્યો અને ડોકટરો "વિષૌષધિથી પરિણામે ભયંકર નુકશાન થાય છે", એની ખાસ માન્યતા ધરાવતા જાણવામાં આવ્યા છે, "આ પદાર્થો ઝેરી છે, એટલે તેનું ઝેર અસર કર્યા વિના રહે જ નહીં. પરંતુ તેને બીજી ચીજોના પુટ દઈને કે મિશ્રણ કરીને તેની ઝેરી અસર નાબુદ કરવામાં આવે છે. પછી તે ઝેર શી રીતે અસર કરે ?" કેટલાક આ જાતનો તેઓને પ્રશ્ન કરે છે. તેના જવાબમાં તેઓ કહે છે કે "વનસ્પતિના પુટ વિગેરે ઝેરની અસર મૂળથી નાબુદ કરી શકતા નથી. પરંતુ તેને દબાવી દે છે, અને વ્હેંચી નાંખે છે ઝેર હંમેશા-જલ્દી ફરી વળવાના સ્વભાવવાળું [યોગવાહી] હોય છે. એટલે એકદમ લોહીમાં ફરી વળે છે. તથા લોહીને એકદમ ફેરવે છે. સાથે વનસ્પતિના પુટોની અસર તેમાં હોય છે, એટલે તે વખતે નુકશાન ન કરતાં ઊલટી રીતે વનસ્પતિ વિગેરે ઔષધના તત્ત્વોને જલ્દી શરીરમાં ફેલાવે છે. એટલે ઊલટું શરીર સારૂં થતું દેખાય છે. પરંતુ વખત જતાં અપાયેલા પુટો શરીરનાં અને સાત ધાતુઓમાં પચી જાય છે. પછી ઝેરો ઉઘાડા પડી જાય છે અને હૃદયમાં જઈ તેને નબળું પાડે છે. પછી એ નબળાઈને

૧૨. કરા–વરસાદના કરા આકાશમાંથી પડે છે, તેમાં

લીધે બીજા કોઈ નવા રોગ ઉત્પન્ન થવાની તૈયારી થાય છે. જેની દરદીને માહિતી હોતી નથી. અને આખી જીંદગી સુધી ખાધેલા વિવિધ ઝેરોનો શરીરમાં થયેલો સંગ્રહ વૃદ્ધાવસ્થામાં જલ્દી જીંદગીનો અંત લાવે છે. તે વિષમય દવાઓની મદદને **મીયાણાની** ચોકી કહે છે. ગામમાં ચોકી કરે, અને જંગલમાં માણસ એકલો પડે તો તે, પોતે જ લુંટ ચલાવે.તેજ પ્રમાણે શરીરમાં લોહી વિગેરે ધાતુઓનો પુરવઠો બરાબર હોય, ત્યાં સુધી તે શરીરને સશક્ત રાખે, પરંતુ જેમ જેમ લોહી ઘટતું જાય, તેમ તેમ તે વિષો જ વધારે ને વધારે હુમલો કર્યે જાય.

રણામે–દરદી પોતાના સ્વાભાવિક આયુષ્ય કરતાં વહેલા મરવાના ઘણા કારણો સંગ્રહે છે. તેમાં આ ઝેરી દવાઓ પણ ઝેર ખાવા જેટલી જ અસર કરીને વધારો કરે છે. માણસને ખબર નથી હોતી કે "પોતાનું કેટલું આયુષ્ય ખરૂં હતું ? અને તેમાં આ ઝેરે કેટલો ઘટાડો કર્યો ?" એ સમજે છે કે "મારૂં મૃત્યુ સ્વાભાવિક રીતે થયું છે" પરંતુ ખરી રીતે આ ઝેરોએ તેના આયુષ્યના ઘટાડામાં

કરેલી હોય છે. એટલે ઝેર, તે છેવટે ઝેર જ રહે છે. વિશેષ ખુબી તો એ થાય છે, કે–ગમે તેવા રોગમાં દર્દીને ચાલુ ખોરાક ઉપર રાખીને આરામ આપનારા હોંશીયાર ડોકટરો અને વૈદ્યો એવી સરસ અસરકારક દવા આપે છે. કે–જેથી દર્દીને ફાયદો તરત થાય. કેમકે–વિષ અને કેફી દ્રવ્યોથી મિશ્રિત દવાઓ પોતાનો એટલો બધો પ્રભાવ બતાવીને મગજ, હૃદય તથા શરીરની સૌમ્ય ધાતુઓ વિગેરે રક્ષક તત્ત્વોમાંથી મદદ મેળવીને દરદ મટાડી દે છે, અને આરામ આપી દે છે. પરંતુ ખરી રીતે રોગ મટતો નથી. રોગ શરીરના અંદરના તત્ત્વોમાં ગુંથાઇ જાય છે, અને દવાના ઝેરથી તાજગી બરાબર જણાય છે. દવાનું જોર ઓછું થતાં ફરીથી એ પ્રમાણે દવા લેવા જતા પ્રથમની દવા અસર કરતી નથી. ત્યારે તેના કરતાં વધારે

જોસવાળી દવા આપવામાં આવે છે. અને તેની અસર સારી માલુમ પડે છે. આમ ઉત્તરોત્તર જોરદાર દવાના જોરથી ઘણા દરદીઓ ટકી રહેલા હોય છે. પરંતુ આમ ઝેરની અસર એકઠી થતાં દરદીના આયુષ્ય ઉપર મોટી અસર કરે છે. અને દેશી વિદેશી વૈદ્યકમાં એવી ઉત્તરોત્તર જોરદાર દવાઓની બનાવટો શાસ્ત્રીય પદ્ધતિ ઉપર ખીલવવામાં આવેલી હોય છે. સારા વૈદ્ય ડોકટરો ઉગ્ર દવાઓ આપે છે, પરંતુ તેને વધુ વખત લેવાનો ના પાડે છે. અને બનતા સુધી તો તેવી આપતા પણ નથી. અથવા જરૂર પૂરતી જ આપે છે. ખાસ આત્યંતિક કારણોમાં આપે છે. પરંતુ વિલાયતી દવાઓ અને તેમાં ખાસ કરીને ઇંજેકશનો તો મોટે ભાગે વિષમય જ હોય છે. એટલું જ નહીં પરંતુ **હોમિયોપેથિક** કે બાર ક્ષારવાળી કે બીજી દવાઓ પણ ઝેરમિશ્રિત હોય છે. જેમ કે-એળીયો કે એવી દવાઓને **શુગર ઓફ મિલ્કમાં** ઘુંટીને Xના, ક્રમે એટલી બધી સૂક્ષ્મ કરવામાં આવે છે. એટલે કે-જેમ તે વધારે દુધ સાકરમાં ઘુંટાય, તેમ તે ઝેરના રજકણો ઘણા જ બારીક બનતા જાય તેમ તેમ તે શરીરમાં એકદમ ફરી શકે અને બારીક તત્ત્વોમાં પેસી જઇને શરીરના તત્ત્વોને અસરકારક કૃત્રિમ વેગ આપીને રોગ નાબુદ કરે છે. પરંતુ પાછળથી પોતાની કાતિલ ઝેરી અસર કર્યા વિના ન રહે. કેટલીક પોટાશ બ્રોમાઇડ, એક્સ રે, વિજળી વિગેરે દવાઓ અવયવોને જડ બનાવીને-બહેરા બનાવીને રોગની અસર ન થવા દે પરંતુ એટલા ઉપરથી "રોગ મટયો" એમ માની શકાય નહીં દેશી વૈદ્યોમાંના કેટલાક **હિમગર્ભની** ગોળીના એકાદ બે ઘસારાથી મરવા પડેલા દરદીને બોલાવીને તેની સાથે વાતચીત કરાવે છે, તેનું કારણ-મરવાને તૈયાર થયેલા દરદીને મરવાની વાર હોય છે, છતાં તેના હૃદય અને મગજ અસ્વસ્થ થતા જતા હોય છે. તેને આ દવાઓ એકદમ પરાણે મારીમચડીને સ્વસ્થ બનાવે છે વાતચીત કરવા સુધી ટટ્ટાર કરી આપે છે. પરંતુ એ દવાની શકિત ચાલી જતાં મરવાનો હોય તેના

પણ બરફના જેવો મહા દોષ[1] છે; જિનઆજ્ઞા વિરુદ્ધ છે, તેથી વર્જવા [હિમ–વિષે વાંચો.]

કરતાં કંઈક વ્હેલો દરદી મરે છે. અને તે દવા આપનારા પણ કોઈ વખત કહેતા જાય છે, કે–"હવે જલ્દી મરી જશે." તેનું કારણ વિષ હોય છે. બહુ **પ્રાચીન વૈદ્યકમાં** આવા વિષોનો ઉપયોગ ખાસ કરીને બતાવ્યો નથી. અલબત્ત, એવા પણ સંજોગો હોય છે, જેમાં વિષની ખાસ જરૂર પડે જેમ કે–પાણીમાં ડુબેલો માણસ બેભાન હોય, તેવે વખતે તેને **હિમગર્ભ**ની ગોળી જેવીનો જરૂરીઆત પ્રમાણે એકાદ ઘસારો પાય તો તેની મૂર્છા ઉડી જાય. પરંતુ તે પણ થોડો, વિલંબ કરવાથી ચાલે તેમ ન હોય, તોજ આપવો જોઈએ. પરંતુ મરી જશે કે જીવશે? એવા ખાસ મહત્ત્વના સંદિગ્ધ પ્રસંગમાં અપાય, તો ખાસ હરકત ન ગણાય. આવા સંજોગોમાં બતાવવામાં આવેલી વિષચિકિત્સાને પાછળના વૈદ્યકોમાં દરેક રોગમાં વ્યાપક કરી નાખવામાં આવેલ જણાય છે. અને "આધુનિક વિદેશી ચિકિત્સાનો તો વિષ ખાસ પ્રાણ છે" એમ ગણાય છે. 'વિષનું ઔષધ વિષ છે' એટલે કે 'રોગો શરીરના ઝેર છે" એટલે "તે દુર કરવા ઝેર જરૂરી છે" પણ આ વાત ઉપલક છે, જેનો ખુલાસો ઉપરજ કરવામાં આવ્યો છે, ખરી રીતે વિષનું ઔષધ અમૃત હોવું જોઈએ એટલે આરોગ્યકર ખોરાકોમાંથી રીતસર પોષણ મળે તો તે અમૃત બનીને રોગના ઝેર નાબુદ કરે છે. આ ઉપરથી વિષને અભક્ષ્યમાં ગણાવવામાં જૈનશાસ્ત્રકારોની કેટલી સૂક્ષ્મ દષ્ટિ છે? તે સમજાવવા આ વસ્તુ ચર્ચી છે.

૧ જેમ કાચું ફળ કે ઉગતું ધાન્ય ખાવાથી મીણો ચડે છે, અને ગર્ભિણી સ્ત્રીને કાચો ગર્ભ પડી જાય ત્યારે સુવાવડમાં ખાવાની ઘી વગેરે ઉત્તમ ચીજોનો બદલે તેને કસુવાવડમાં તેલ ચોળા કળથી અને બાજરીનો લુખો રોટલો વગેરે ખાવું પડે છે. તેમ કાચા વરસાદનું સ્વરૂપ કરા કુદરત વિરૂદ્ધ હોવાથી [પણ] અભક્ષ્ય છે.

૧૩. ભૂમિકાય- (પૃથ્વીકાય)-સર્વ જાતની માટી, ખડી, ભૂતડો (સરાકડો) ખારો, કાચું મીઠું, વિગેરે અભક્ષ્ય છે. કારણ કે-તેમાં અસંખ્ય જીવ છે. માટી, મીઠું એમાં દોષનું પહેલું કારણ-પ્રત્યેક વનસ્પતિકાયમાં જેમ એક શરીરે (પાંદડા, ફુલ, ફળ, બીજમાં) એકેક જીવ છે, પણ એક લીલાં આંબળા પ્રમાણ પૃથ્વીકાયમાં જેટલા જીવ છે, તે દરેક જીવ કબૂતરના જેવડું શરીર કરે; તો તેટલા જીવો આ લાખ જોજન ગોળાકૃતિવાળા જંબૂદ્વીપમાં સમાય નહિ. એવી બહોળી સંખ્યાના છતાં નાના શરીરવાળા હોય છે. તેનો વિનાશ કરીને અલ્પ તૃપ્તિ લેવી, તેના કરતાં તેવી ચીજો તજી, તેવા સામટા જીવોને અભયદાન દેવું યોગ્ય છે. તે વિના આપણે મરી જવાના નથી. એ ચીજોને બદલે બીજી ઘણી અચેતન ચીજો મળી શકે છે. સુકા આંબળાં, કંકોડી, અરીઠાં, વિગેરે ચીજો નહાવા ધોવામાં વાપરવા ઠીક છે.

ગર્ભિણી સ્ત્રીને ભૂતડો ખાવાનું સૂઝે તે ગર્ભને વ્યાધિ, અને નુકશાનકારી તો થાય છે.

પાપડ કે સાળેવિયાં બનાવવા માટે ખારો વાપરવાને બદલે સાજીખાર ઉપયોગી છે

ચાક, ચૂનો, ગેરુ, અચિત્ત હોવાથી તેનો ઉપયોગ કરી શકાય છે. માટી ખાવાથી પેટમાં અસંખ્ય જીવોની ઉત્પત્તિ થાય છે. તથા પાંડુરોગ, આમવાત, પિત્ત, પથરી પ્રમુખ રોગ થાય છે. તથા કેટલીક જાતની માટી, દેડકાં વિગેરે સંમૂર્છિમ જીવોની યોનિરૂપ હોય છે, તેથી પણ તે અભક્ષ્ય છે. માટે તેનો અવશ્ય ત્યાગ કરવો પણ અનાજમાં કાંકરો ખાવામાં

આવી જાય, કે પાણીમાં ધુળ-રજ ઉડીને પડે, તેમજ શાક ભાજીમાં માટી ચોંટેલી હોય, તેની સાવચેતી રાખવા છતાં આવી જાય, તો કાચી માટીની બાધાનો ભંગ થતો નથી, છતાં તેની જયણા તો રાખવી.

કાચું—સચિત્ત મીઠું શ્રાવકે વર્જવું અને અચિત્ત વાપરવું. પૃથ્વીમાંથી ખાણ ખોદી કાઢેલું, કોઇ પહાડના શીખરરૂપે મળેલું, અને સમુદ્રનાં પાણીથી આગરમાં જમાવેલું, એવું સર્વ પ્રકારનું વડાગરૂં ઘશીયું, ખારો, લાલ સિંધવ વગેરે અનેક ક્ષાર જેને અગ્નિશસ્ત્ર ન લાગ્યું હોય, ત્યાં સુધી તે "સચિત્ત" છે, તેવું સર્વ મીઠું દરેક જૈનોએ શ્રદ્ધાથી તજવા યોગ્ય છે, ગૃહસ્થોને જો અચિત્ત કરેલું વેચાતું ન મળે, તો ખપ જેટલું અચિત્ત કરાવે છે. ચડતા દાળ કે શાકમાં નાંખેલું-તો સચિત્તનું અચિત્ત થઇ જાય છે. પણ અથાણામાં, મસાલામાં, મુખવાસમાં અને અને ઔષધમાં અચિત્ત મીઠું હોય, તો તે વાપરી શકાશે.

અણાહારીમાં ગણેલા સુરોખાર, સાજીખાર, ટંકણખાર અને ફટકડી તો અચિત્ત જ છે. અચિત્ત મીઠું જુદી જુદી રીતે થાય છે. એક તો માટીના વાસણમાં મીઠું ભરી ઉપર મજબુત પેક કરી કુંભારની અગર કંદોઈની ભઠ્ઠીમાં *મુક-

---

+ મીઠું કુંભારને ત્યાં અચિત્ત કરવા માટે આપવાની પ્રવૃત્તિ ગુજરાતમાં પાટણ શહેરમાં છે, જે "**કુમારપાલ** મહારાજાના વખતથી ચાલી આવે છે" એમ કહેવાય છે. ત્યાં દાતણની ચીર પણ તૈયાર વેચાતી મળે છે. વળી. મીઠું પણ અચિત્ત મળે છે. જે **અમ-**

વાથી બરોબર અચિત્ત થાય છે. તે મુજબ અચિત્ત કરેલું મીઠું બે ચાર વર્ષ કે તેથી વધારે વખત સુધી સચિત્ત થતું નથી. શ્રાવકો પોતાને ઘેર એક શેર મીઠું ખાંડીને દળીને આશરે બે શેર પાણીમાં તે એક રસ થઈ જાય ત્યારે રસ ગાળીને ચૂલા ઉપર જેમ સાકર ખાંડનું બુરૂ બનાવે છે, તેમ શેકી નાંખે છે. આ પ્રમાણે બનાવેલું મીઠું અચિત્ત બરોબર થાય. પણ પાણીના સંયોગે રસ કર્યો છે, માટે બે ચાર માસે સચિત્ત થવનો સંભવ છે. ભઠ્ઠીના પાકેલા બલમણ જેટલો કાળ ટકવાનો તેનો સંભવ નહિ. કારણ કે–ભઠ્ઠીમાં શેકેલું મીઠું જ ગળી પાણીરૂપ થઈ ઢેકું બંધાય છે. કોઈ ઠેકાણે તાવડી કે *લોઢી ઉપર શેકે છે. પણ તે લાલ રંગ જેવું થાય

દાવાદના કેટલાક શ્રાવકો મંગાવે છે તથા ખારો કંદોઈ (હલવાઈ) પેઢીમાં અચિત્ત પળે છે.

\+ **કાઠીયાવાડમાં** કેટલાએક આયંબીલ, એકાસણા પ્રમુખમાં અચિત્ત મીઠું વાપરવા માટે તાવડી ઉપર કે વાટકામાં સચિત્ત મીઠું નાંખી ચૂલા ઉપર થોડી વારમાં શેકીને ઉપયોગ કરે છે. તેઓએ અવશ્ય સમજવું કે–મીઠાની યોનિ એટલી બધી સૂક્ષ્મ છે કે–તેને માટે **શાસ્ત્રકારોએ શ્રી ભગવતી સૂત્રના ૧૯મા શતકના ત્રીજા ઉદ્દેશામાં** ફરમાવ્યું છે. કે "ચક્રવર્તિની દાસી વજ્રમયી શીલા ઉપર વજ્રના લિસોટાથી મીઠું એકવીશ વાર વાટે, તો પણ તેમાંના કેટલાક જીવોને કાંઇ અસર પણ થતી નથી." માટે અગ્નિનું શસ્ત્ર બરોબર લાગે, તો જ અચિત્ત થાય છે, અન્યથા, શંકાશીલ જાણવું, અચિત્ત મીઠું કાઢતી વખતે કોરા હાથ કરીને કાઢવું. નહિતર, સચિત્ત પાણીનું એક ટીપું માત્ર પડવાથી તે મીઠામાં મળી જતાં, સચિત્ત થઈ જાય છે. તેનું બહુ ધ્યાન રાખવું.

તેવું આકરૂં શેકેલું હોય ત્યારે અચિત્ત થાય. કારણ કે મીઠાની યોનિ બહુ સૂક્ષ્મ છે, તેથી અગ્નિનું બરોબર શસ્ત્ર લાગે ત્યારેજ અચિત્ત થાય. મુનિરાજ **શ્રી વીરવિમલજી** મહારાજ **સચિત્ત અચિત્તની** સજઝાયમાં લખે છે કેઃ-

અચિત્તલવણ વર્ષા દિન સાત,
શીયાલે દિન પન્નર વિખ્યાત;
માસ દિવસ ઉન્હાલા માંહિ,
આઘો રહે, સચિત્ત તે થાય ॥ ૮ ॥

એટલે-"અચિત્ત કરેલું મીઠું વર્ષાઋતુમાં સાત દિવસ, શીયાલામાં પન્નર દિવસ અને ઉન્હાલામાં એક માસ સુધી અચિત્ત રહે, તે પછી તે સચિત્ત થાય," એ કાળમાનની વિગત જોતાં ઘરમાંજ તાવડી, ઠીબ, લોઢી કે તળાવમાં શેકીને કરેલા અચિત્ત મીઠાનો આટલો કાળ સંભવે છે, કેમકે- ભઠ્ઠીમાં પાકેલા બલવણનો કાળ તો **પ્રવચનસારોદ્ધાર** વગેરૈમાં ઘણો મોટો-વધુ કહ્યો છેઃ- "બે ચાર વર્ષ કે તે ઉપરાંત સુધી અચિત્ત રહે." અર્થાત્ તેનો કાળ ઘણો જ સમજવો શ્રાવક મૂળ ભાંગે સચિત્તપરિહારી હોય, તેથી પ્રમાદ ત્યજી સર્વ સચિત્તનો ત્યાગ કરવો, તેમાં પણ સચિત્ત મીઠું તો અવશ્ય વર્જવું.

*૧૪. **રાત્રિભોજન**—આ ભવ તથા પરભવને વિષે મહાદુઃખોનું કારણ છે. રાત્રિએ ચારેય આહાર અભક્ષ્ય છે.

આ દુનિયામાં આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન એ ચારે સંજ્ઞા સર્વ જીવોને હોય છે, ચાર ગતિમાં દેવ-દેવીઓને તો કોઈ

રાત્રિભોજન કરનારા પરભવે ઉલુક, કાગ, ગીધ, ભૂંડ વીંછી, ઘો, બિલાડી, ઉંદર, સર્પ વાગોળ, ચામાચીડીયા વિગેરેના ભવ પામે છે, મહાદુઃખી થાય છે, અને તેને ધર્મ પામવો

વ્રત પચ્ચક્ખાણ નથી હોતા. તેથી તેઓ પાછલા ભવની કમાણી ભોગવીને, પછી પ્રાય: ખાલી હાથે પરભવ જનારા હોય છે. તથા નરકગતિમાં જીવો એકલું દુ:ખ જ ભોગવે છે. તેમજ તેઓ દિવસ કે રાત્રિને જોતા નથી, તેથી વ્રત–નિયમનું ત્યાં પાલન કે શુભકરણી કરી પુણ્ય રળવાનું હોતું નથી. અને તિર્યંચગતિમાં પશુપણું સર્વ વિવેકહીન (માતાપુત્રની વ્યવસ્થા રહિત) હોવાથી દિવસનું કે રાત્રિનું ભાન નથી. ખાવું પીવું પ્રાય: પરાધીન હોય છે. ફક્ત મનુષ્યગતિમાં જેઓને સાચાં શાસ્ત્રનો ભરોસો છે, અને ત્યાગ સેવે છે, તે પૈકીના ભવ્યો રાત્રિભોજનના પારાવાર દોષને સમજે છે. મનુષ્યનું જ કતવ્ય કરો, ત્યાગ એટલે દાન અર્થાત્ અભયદાન કરો કે–જેનું ફળ શિવ-મોક્ષ છે, તે તમે મેળવો. અઢાર પાપસ્થાનકમાં પહેલું પ્રાણિવધ તજવાનું છે. પછી બીજા તજાય છે. અથવા તો પહેલું પ્રાણાતિપાત વિરમણવ્રત પાળવાને અર્થે તે બીજાં વ્રતો પ્રથમ વ્રતની સંભાળ માટે ક્ષેત્રની વાડરૂપે જરૂરનાં છે. ત્યારે કોઈ પ્રાણીનો ઘાત આપણે નિમિત્તે થવા ન દેવો, એવું સદ્વર્તન રાખવાની ખાતર "રાત્રિ-ભોજન" નો ચાર પ્રકારે ત્યાગ સર્વજ્ઞ, સર્વદર્શિ પ્રભુઓએ પરોપ-કાર અર્થે અનેક શાસ્ત્રોદ્વારા ફરમાવ્યો છે. અને સાધુ મુનિમહારા-જાઓને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ હોય છે. અટલે જ પાંચ મહાવ્રત સાથે તેને છઠ્ઠા વ્રત તરીકે પાળવાને સૂચવાયો છે.

બીજા જીવોને પણ મનુષ્યોની જેમ કાન, આંખ, નાક, મોઢું વગેરે હોય છે. પરંતુ વિવેકથી સદ્વર્તન રૂપ ધર્મ વધે છે, પણ અનાદિકાળથી "ખાઉં ખાઉં" કરતો આવેલો જીવ તૃષ્ણા છોડે નહિ, ત્યાં સુધી સંતોષનું સુખ મેળવી શકતો નથી.

દુર્લભ થાય છે. જે પોતે રાત્રિભોજન કરે, તો તેના પુત્રાદિક પણ તેવી કુચાલે વર્તે. વળી, ભોજનમાં કીડી ખાવામાં આવે, તો બુદ્ધિ મંદ કરે છે, જુ જલોદર કરે છે, માંખી

સૂર્ય હોય ત્યારે વાતાવરણ સ્વચ્છ રહે છે, અને તે ન હોય ત્યારે વાતાવરણ રાત્રે બગડે છે, તેવા બગાડ સમયે ખાવું પીવું જે કરે, તે રાક્ષસ અને ભૂત-પ્રેત સરખો છે. તેઓ નિશાચર (રાત્રે ચારો લેનારા ઘુઅડ તથા બીલાડી જેવા) કહેવાય છે, ખોરાક બનાવતાં, પડતી ન દેખાય તેવી ઝેરી જીવોની લાળના ઝેરથી મિશ્રિત થયેલા આહારથી મોત નીપજ્યાના ઘણા દાખલા મળે છે. જેમ, કોઈને મારીને ભાગી જવું, તે અન્યાય છે, તેમ ખાઇને સુઈ જવું પણ દુર્વર્તન-અનારોગ્યકર છે માટે-"એક વાર; અને સૂર્ય છતાં જમવું," એ વેદ અને **પુરાણોમાં** કહેલું છે, તેનો ઉંધો અર્થ બતાવીને તેની આજ્ઞા લોપે છે. કીડી, કુંથુ, જુ, ઈયળ, ઊધઈ, મચ્છર વિગેરે ઝીણા-મોટા જીવનો ઘાત રાત્રે ખાવા-પીવાથી થાય છે, તે તે સૌ કબુલી શકે તેવું પ્રત્યક્ષ છે, જે કામ આર્યોને છાજતું નથી.

માગ્યું ન મળે ત્યારે જોગવાઇ ન હોય ત્યારે કે, માંદગીથી અને લંઘનથી ભૂખ્યો રહે ત્યારે રાત્રિભોજનના ત્યાગભાવે ઈચ્છા રૂંધે તો રાત્રિભોજન તજવાનું દરરોજ અરધા ઉપવાસ પ્રમાણે મહાફળ થાય છે.

૧ **પુરાણ આદિ વૈદિક ધર્મના શાસ્ત્રોમાં** પણ-રાત્રિભોજનનું મહાપાપ કહેલું છે અને એજ કારણથી "સૂર્ય છતાં એક વખત ભોજન કરવાનું" ફરમાન કરેલું છે.

શ્રી **નિશીથ સૂત્રની ચૂર્ણિમાં** પણ કહેલું છે, કે "ગરોળીનો અવયવ રાત્રિએ જમવામાં આવે તો જરૂર પેટમાં ગરોળી

વમન કરાવે, કરોળીયો કુષ્ટ રોગ કરે, **અરૂવેરી** પ્રમુખ **કાંટા** તથા **કાષ્ટ** કે કાચના **ટુકડા** તાળવું ચીરી નાંખે છે. **વડાં** વગેરે કે તેના જેવા-રૂપવાળા શાકભાજીમાં **વીંછી** આવી જાય, તો તાળવું વીંધે. અને **વાળ** આવે, તો ગળામાં

જેવા જીવડા ઉપજે. અને **સર્પાદિની** લાળ પડેલ હોય, તો મોત નીપજે છે. ઉંદર વગેરેની લીંડીથી મૂત્રનો મહાવ્યાધિ થાય છે. તેમજ વ્યંતર પણ છળે છે.'

તેજ **નિશીથ સૂત્રના ભાષ્યમાં** લખ્યું છે કે-"જો રાત્રે ફાસુ ચીજ (તૈયાર-લાડુ, ખજુર, દ્રાક્ષાદિ) ખાય, તો પણ તેનાથી દીવો કે ચંદ્રનો પ્રકાશ છતાં કુંથુ તથા પચવર્ણિ (તે તે ચીજના રંગવાળી) લીલ, ફુગી, વિગેરેની વિરાધના થાય, માટે અનાચરણીય મૂળ વ્રતનો વિરાધક થાય."

સ્કંદ પુરાણમાં—"રાત્રે પાણીને લોહી જેવું તથા અનાજને માંસના કવળ જેવું કહ્યું છે.

રૂદ્રે કપાળ મોચના સૂત્રમાં "રાત્રે ન ખાય, તેને તીર્થયાત્રાનું ફળ કહેલું છે તથા દાન, સ્નાન, શ્રાદ્ધ, પૂજા, આહુતિ અને ભોજન એટલા વાના રાત્રે ન કરવા."

આયુર્વેદમાં—"હૃદય અને નાભિ કમળ રાત્રે મીંચાઇ જાય છે. તેથી તેમાં કોઇ (ચાર પ્રકારે) આહાર ન કરવો" એમ કહેલું છે.

યોગશાસ્ત્રમાં—"સાંજે તથા સવારે બે બે ઘડી સૂર્ય છતાં રાત્રિ તરીકે ખાન પાન તજવું મહાપુન્ય થવાનું" કહ્યું છે.

૨. રાત્રે જમવા સાથે જો પાણી ભરેલી થાળી જોડે મૂકશો, તો તેમાં જેટલા જંતુ પડેલા જુઓ-જાણો, તેટલાનો માંસાહાર થતો જાણી રાત્રિભોજન વર્જવું.

અતિ પીડા ઉત્પન્ન કરે, ઇત્યાદિક રાત્રિભોજનના ઘણા દોષો છે. પશુ-પંખી પણ રાત્રિભોજન કરતા નથી. માટે રાત્રિ-ભોજન વર્જવું. દિવસ છતાં પણ અંધારામાં કે સાંકડા વાસણમાં જમવું, તે પણ તેવું જ દોષિત છે.

૧. દિવસે બનાવેલું ભોજન રાત્રિએ ખાવું,

૨. રાત્રિએ બનાવેલું રાત્રિએ ખાવું,

૩. રાત્રિએ બનાવેલું દિવસે ખાવું, એ ત્રણેય ભાંગા અશુદ્ધ છે. ફક્ત

૪. દિવસે યતનાપૂર્વક બનાવેલું ભોજન દિવસે ખાવું. તે જ શુદ્ધ છે. [રાત્રે બનાવેલી મીઠાઈ વિગેરે દિવસે ખાવામાં રાત્રિભોજનના ત્યાગના વ્રતવાળાનો વ્રતભંગ થતો નથી. રાત્રે ખાવામાં વ્રતભંગ થાય, પરંતુ રાત્રે બનાવવામાં આરંભ સમારંભનો દોષ લાગે છે તેના ત્યાગના વ્રતવાળાને રાત્રે બનાવેલી મીઠાઈ દિવસે ન ખપે.] ચોથો ભાંગો ઉપયોગમાં લેવો સારો છે. મુખ્યતાએ સૂર્યાસ્ત પહેલાં તથા સૂર્યોદય પછીની બે ઘડી સુધી પણ આહારનો ત્યાગ કરવો, તથા લગભગ વેળાએ સૂર્ય છતાં પણ સૂર્ય અસ્તાચળની અત્યંત નજીક આવી જાય, સૂર્ય કાંઇક જણાય અને કાંઇક નહિ. તથા સૂર્ય હશે ? કે નહી ? એમ ભ્રમ પડતી વખતે પણ ભોજન અવશ્ય વર્જવું. સંપૂર્ણ સૂર્ય છતાં ચૌવિહારના નિયમવાળા વિરતિવંત ભાગ્યશાળીએ છેવટ સૂર્ય અસ્ત થયા પહેલાં પાંચ દશ મિનિટે વાપરી લેવું જોઇએ. [1]તિવિહાર, દુવિહારના પણ

---

૧ શ્રાદ્ધવિધિમાં- 'ઉત્સર્ગ માર્ગે દિવસે જ દિવસચરિમં પચ્ચક્ખાણ કરી લેવું પણ અપવાદે-તો રાત્રિએ કરવું" એમ

નિયમ લેનારે તે મુજબ ભોજન કરી લેવું જોઇએ. અન્યથા દોષ લાગી જવા સંભવ છે. એક માસ પર્યંત દરરોજ ચૌવિહાર કરનાર ભવ્યને પંદર ઉપવાસનું ફળ **શાસ્ત્રકારોએ** કહ્યું છે, તે બરાબર છે. અનુક્રમે તે જીવ મોક્ષવધૂને વરે છે. એ પણ નિઃસદેહ છે. વળી જેઓ ચૌવિહાર કરવાને અશક્ત

કહ્યું છે, **યોગશાસ્ત્રમાં દિવસચરિમં** શબ્દનો અર્થ–"અહોરાત્રિનો શેષ–બાકી રહેલો કાળ" એમ કરેલ છે. તેથી રાત્રે **દિવસચરિમં** ન થાય, એમ એકાંત નહિ. પણ ચીવટ રાખી દિવસે જ કરી લેવું ઉચિત છે. **ચોવિહાર, તિવિહાર** અથવા **દુવિહારનું** પચ્ચક્ખાણ કરવાનો દરેક જૈને નાનપણથી જ અભ્યાસ પાડવો જોઇએ.

[૨. આપણા દેશમાં જમવાનો વખત સામાન્ય રીતે મજુરવર્ગમાં ત્રણ વખતનો છે. અને શિષ્ટવર્ગમાં બે વખતનો છે. શિષ્ટવર્ગમાં બાળકો સિવાય બેજ વખત જમવાનો રીવાજ હતો. હાલમાં ચાના પ્રચાર પછી સવારે કાંઇ પણ લેવાનો રીવાજ રૂઢ થઇ ગયો છે. નહીંતર સવારે ખાસ કારણ વિના કોઇ પણ ખાવાનું રાખતા નહીં, માત્ર લગભગ ૧૦ વાગે જમવાનું અને સાંજે–ઋતુ પ્રમાણે પાંચ વાગ્યાની આજુબાજુ જમવાનો રીવાજ હતો. એટલે દિવસે સૂર્યના પ્રકાશથી જઠરાગ્નિ તેજ રહે. અને ૭–૮ કલાકના અંતરમાં બપોરનું પચી જાય અને સાંજે પાંચ છ વાગ્યે ખાધેલું હોય, તે–આખી રાતમાંના લગભગ ૧૬ કલાકની મદદથી પચી જાય. એટલે ખરીભૂખમાં જ ખવાતું હતું. **મારવાડમાં** હજુ આ રીવાજ જોવામાં આવે છે. આપણે તો હાલમાં સવારે ખવાય, બપોરે અનિયમિત વખતે ખવાય અને સાંજે કે રાત્રે ખવાય, આમ વિષમ આહાર થવાથી ઉપરાઉપર ખવાતું (અધ્યશન થતું) હોવાથી ઘણાને પિત્તની બિમારી કાયમ રહે છે, અને પીળા તથા ફીકા દેખાય છે, લોહીમાં ધોળા કે પીળા રજકણો વધારે હોય છે. અને લાલ રજકણો કમી

હોય તેણે યથાશક્તિ તિવિહાર, દુવિહાર તો અવશ્ય કરવોજ જોઈએ. "રાત્રિએ પાણી રુધિર સમાન અને ભોજન માંસ સમાન છે" એમ **અન્યમતના શાસ્ત્રમાં** પણ કહ્યું છે. એક **ઇટાલીયન** કવિતાનો અર્થ નીચે મુજબ થાય છેઃ-

पांच वागे उठवुं, अने नव वागे जमवुं.
पांच वागे वाळु, अने नव वागे सुवुं.
एथी नेवुं ने नव वरस जीवाय छे.

થતા જાય છે. સ્ત્રીઓમાં પણ આ જાતના શરીરો અનિયત ખોરાકને આભારી હોય છે. જો મજુરવર્ગ સિવાયના માણસો બેજ વખત ખાવાની ટેવ રાખે તો આરોગ્ય સારૂં રહે એમ અમારૂં માનવું છે. મજુરવર્ગ પણ આ નિયમ ઉપર આવી શકે, તો તેમને પણ બીજા અનેક લાભ થાય. પરંતુ તેમની એ સમજ થવી ઘણા પ્રચારને અંતે થઈ શકે. આજ સુધી એ વર્ગને એ સમજણ આપવામાં આવી જ નથી. એટલે તેના લાભથી તે અજાણજ છે. પરંતુ બે વખત અને જરૂરીઆત હોય, તોજ તેથી વધારે વખત ખાઈને ચલાવી શકાય છે અને આરોગ્ય પ્રાપ્ત કરી શકાય છે. પિત્તના પ્રકોપમાં ખાધેલું જલ્દી પચે છે. એટલે કે—સૂર્યના તાપમાં પિત્તનો પ્રકોપ ભૂખ ખોલવે છે. વાદળા હોય ત્યારે જઠરાગ્નિ મંદ પડે છે, ઉંઘ હમેશા કફનો પ્રકોપ થાય ત્યારે જ આવે છે. અને કફના પ્રકોપમાં જઠરાગ્નિ અને શરીર મંદ—ઢીલું પડે છે. તેમજ સૂર્ય ન હોય ત્યારે વાતાવરણ પણ ઢીલું હોય છે. આ બધી દૃષ્ટિથી રાત્રિભોજન ન કરવું, એ આરોગ્યને માટે ફાયદાકારક છે. સવારે જઠરાગ્નિને છેડરવાનો રીવાજ ઠીક લાગતો નથી. અને બપોરે મોડું ખવાય, તે પણ રોગના બીજ નાંખે છે, માટે બે વખત ભોજન એ શિષ્ટ પ્રકાર

અર્થાત્ રાત્રિભોજન પરિહરવામાં ધાર્મિક સાથે શારીરિક લાભ પણ ઘણો સમાયેલો છે. અને ઉભયલોકમાં તે સુખકારી છે. માટેજ દશ દૃષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્ય જન્મ, તેમાં પણ ચિંતામણિરત્નરૂપી જૈનધર્મ પુણ્ય ઉદયે પ્રાપ્ત થયો છે. તો આત્માનું કલ્યાણ કરવા પ્રમાદ ત્યજી રાત્રિભોજનને દેશવટો દેવો, કે જેથી ચોરાસી લાખ જીવયોનિમાંથી મુક્ત થઇ અજરામર સુખ પામીએ. પુત્રાદિક ઉપર મમતાને લીધે રાત્રિભોજન કરાવવું તે ઠીક નથી પણ જો તેઓ રાત્રે આહાર માગે; તો તેના શારીરિક અને ધાર્મિક તથા નૈતિક ખરા હિત અર્થે રાત્રિભોજનના દોષ સમજાવી તેઓને પણ સુધારવા [ઘરમાં રાત્રિભોજનનો રીવાજ જે બાળક કદી જોવે નહીં, તે રાત્રિભોજન કરવાનો વિચાર સરખો પણ ન કરે.] વળી જેઓ પોતેજ રાત્રિના આહાર, અથવા તો **દુધ, ચા, કોફી, કાવો** વિગેરે લેવાના ભોગી હોય, તેઓ જ્યારે ઉત્તમ સામગ્રી પામવા છતાં સ્વવશ મનને દૃઢ કરી સકામનિર્જરા કરતા નથી, તો જે વખતે તેના **કિંપાક** સમાન ફળો: જેવાં કે–નારકીમાં સીસાના ધગધગતા રસો પીવાનાં, તિર્યંચમાં ભુખ–તૃષાની વેદના, તથા પરવશે ચાબુક પરોણા વગેરેના

જણાય છે. આપણા પચ્ચક્ખાણોમાં પણ છઠ્ઠ [આગળ પાછળ બે એકાસણા અને વચ્ચે બે ઉપવાસ એટલે છ ટંકના ખોરાકનો ત્યાગ] **અઠ્ઠમ** આગળ પાછળ બે એકાસણાં અને વચ્ચે ત્રણ ઉપવાસ એમ ૩×૨=૬ + ૧ + ૧=૮ એ આઠ ટંકના ભોજનનો ત્યાગ. પાંચ દિવસમાં માત્ર બે ટંકજ ખવાયું માટે–અઠ્ઠમ–આઠ ભક્ત ત્યાગ પચ્ચક્ખાણ સમજવું] શબ્દથી પણ વધુમાં વધુ બે વખત જમવાનું શિષ્ટસંમત જણાય છે.]

માર પડે, તે સહન કરવાના ઉદયમાં આવશે, ત્યારે પશ્ચાત્તાપ થશે કે-"હા! મેં પૂર્વે બહુ અનાચાર સેવ્યો!" માટે હે ભવ્યો! હજુ ચેતો! ને રાત્રિભોજનથી વિરમો. કે જેથી શિવસમૃદ્ધિ વેગે સંપાદન થાય. [આજની ક્રીકેટ વિગેરે રમતો સાંજે રમાય છે. તેથી "નિશાળમાં ભણતા જૈન વિદ્યાર્થીઓ નિશાળમાંથી છુટતાં જ રમવા જાય છે અને મોડા આવે છે, અને તે સ્હેજે રાત્રિભોજન કરવા લલચાય છે. અને બોર્ડીંગો વિગેરેમાં-જ્યાં પ્રતિબંધ હોય છે, ત્યાં વ્હેલા આવવું પડે છે. એટલે રમવાનું બંધ રહે છે. વળી સાંજે જમ્યા પછી એવી મહેનતની રમતો રમી શકાય નહીં." આ જાતની ફર્યાદ ઉઠાવી જૈન વિદ્યાર્થીઓને પણ રાત્રિભોજનની છુટ આપવાની કેટલાક હિમાયત કરે છે; પરંતુ, રમતથી લાભ મળે તેને બદલે રાત્રિભોજન કરવાથી શારીરિક ગેરલાભ થાય. તે તો ઉઠાવવો પડે જ એટલે બેમાંથી એક લાભ લઈ શકાય. એક તો ગુમાવવો પડે જ એટલે-રાત્રિભોજનનાં ત્યાગનો લાભ પણ લેવો જ હોય, તો સવારમાં જ કાંઇપણ વ્યાયામ મળે. તેવી સગવડ કરવાથી, અથવા સાંજે નિશાળ છુટતાંજ છાત્રાલયોમાં શિયાળા શિવાય રમવાની અને વ્યાયામની ખાસ સગવડ રાખી હોય, તો વિદ્યાર્થીઓ બન્નેય પ્રકારનો લાભ ઉઠાવી શકે છે. ઉનાળામાં તો ઘણો વખત રહે છે. એટલે જેટલું રમવું હોય, તેટલું રમી શકાય છે. શક્તિ કરતાં વધારે વ્યાયામ પણ શરીરને નુકશાન કરે છે એમ **अर्घ-बलेन व्यायामः** એ આયુર્વેદના વાકય ઉપરથી, અને યુરોપના ખાસ નિષ્ણાતોના લેખો ઉપરથી ચોક્કસ ઠરે છે. આજે પ્રજાના ખરા આરોગ્યની તો કોઇનેય

પડી નથી. મોટા મોટા હેલ્થ ઓફીસોના ખાતાં ચાલે છે, અને પ્રજાનું આરોગ્ય બગડતું જાય છે તેનો દોષ પ્રજા ઉપર નાંખવામાં આવે છે. પહેલાં પ્રજાનું આરોગ્ય સારું હતું, હાલ કેળવણીઃ અખાડાઃ વગેરે વધવા છતાં આરોગ્ય બગડયે જાય છે, થોડી સંખ્યા પહેલવાન થાય, ત્યાં તો લાખોની સંખ્યાનું આરોગ્ય બગડી રહ્યું છે. ગામડાના લોકોના પણ આરોગ્ય જોખમમાં મુકાઈ ગયાં છે. એટલે પ્રજાના આરોગ્યની વાસ્તવિક રીતે કોઈનેય પરવા જ લાગતી નથી, પરંતુ આરોગ્યના બ્હાના નીચે પ્રજાના ધાર્મિક, નૈતિક બંધારણો તોડવાની મુખ્ય નેમ જોવામાં આવે છે. આઠ આઠ કલાક માત્ર પુસ્તકનુંજ જ્ઞાન આપવાને બદલે જાતમહેનતથી જ્ઞાન અપાય, તો ઉદ્યોગ આવડે. વ્યાયામ મળે, અને હોંશીયારીયે આવે! સાંજે માત્ર જરૂરી મહત્ત્વના જ પુસ્તકોનું જ્ઞાન અપાય કે તેવા લાયક પુરુષોના સમાગમમાંજ મુકાય તો બુદ્ધિ પણ ખીલે, ચારિત્ર ખીલે, પણ એ ખરો રસ્તો કોઈને સુજતો નથી. અને લેવોયે નથી. ગતાનુગતિકતા ચાલે છે.]

૧૫ બહુબીજ—જે ફળોમાં-બીજે બીજને અંતર હોય નહિ. અર્થાત્ બીજે બીજ અડેલાં હોય, એવી રીતે જે ફળાદિકમાં બીજ રહેલાં હોય, જેમાં ગર્ભ થોડો, ને બીજ ઘણા હોય, જેના બીજને રહેવાના જુદા જુદા ખાસ ખાનાં-સ્થાન નથી, તે બહુબીજ જાણવાં. **કોઠીંબડા, ટીંબરૂં, કરમદાં** (બીજ થયા અગાઉ અનંતકાય,) **રીંગણા, ખસ, ખસ, રાજગરો, પંપોટા, પટોલ** વિગેરે તેમાં જેટલાં બીજ છે, તેટલા તેમાં પર્યાપ્ત પ્રત્યેક જીવ છે. તેથી ત્યાગ

કરવો. કેમકે-ખાવામાં થોડું આવે છે, અને જીવહિંસા ઘણી જ થાય છે. માટે બહુબીજવાળી ચીજોનો સર્વથા ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. [બહુબીજ ફળ ખાવાથી પિત્ત પ્રમુખ રોગનાં કારણ થાય છે, તથા જિનઆજ્ઞા વિરુદ્ધ છે, દાડમ તથા ટીંડોરા અભક્ષ્ય નથી. **કાચાં ટમેટાને** પણ રીંગણાની જાત ગણાવીને બહુબીજ શાક તરીકે વર્જન કરવાની કેટલાક મુનિ મહારાજાઓની ભલામણ છે.]

૧૬ સંધાણ-શબ્દથી બોળ અથાણું વિગેરે સમજવું. તે લાંબો વખત રાખી મુકવાનું હોય છે. તે અનેક વનસ્પતિઓનું થાય છે. જેમ કે-**આંબવેલી, પાડલ, લીંબુ, કેરી, ગુંદા, કેરડા, કરમદાં, કાકડી, ડાળાં, લીલાં મરી, ચીભડાં, મરચાનું અથાણું** વિગેરે ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય છે. એ સર્વ અથાણાં તુચ્છ અને ત્રસ જીવની ખાણ છે, કંદમૂળ [**આદુ, હળદર, ગરમર, ગાજર,** કુંવાર અને **મોથ** કે જે અનંતકાય છે. તે વસ્તુ, તથા **પંચુંબર,** બહુબીજ, અને **બીલાં-બીલી, લીલાં વાંસ** વિગેરે પ્રથમથી અભક્ષ્ય રૂપે ગણાતી ચીજોનું અથાણું પણ ન જ કરાય. ચોથે દિવસે તેમાં નિશ્ચયથી બેઇંદ્રિય જીવો ઉપજે છે. એઠે હાથે સ્પર્શ કરે, તો પંચેદ્રિય સંમૂર્છિમ મનુષ્યો પણ ઉપજે. **લીલા તીખા** (મરી) જે **મલબારથી** મીઠાનાં પાણીમાં અથાઇને અહિં આવે છે, તે બોળ અથાણું જ છે. તેથી તે અવશ્ય વર્જવાં. તેને અહીં આવતાં ઘણાં દિવસ લાગે છે.

અન્ય દર્શનીયોના શાસ્ત્રમાં પણ-"બોળ અથાણું

નરકના દ્વાર તુલ્ય" ગણ્યું છે. તે માટે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

જે ફળમાં ખટાશ છે તે, અથવા તેવી વસ્તુમાં ભેળવેલું હોય તે અથાણું, ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય છે પરંતુ જો **કેરી, લીંબુ,** વિગેરેની સાથે નહિ ભેળવેલા **ગુવાર, ગુંદા, ડાળાં, ચીભડાં મરચાં,** વિગેરેના અથાણા-કે જેમાં ખટાઈ નથી, તે તો એક રાત્રિ વીત્યે બીજે જ દિવસે અભક્ષ્ય થાય.

કેરી કે **લીંબુની** સાથે આથ્યું હોય, તો ત્રણ દિવસ ખાવામાં બાધ નથી.

પણ, જો શેકેલી મેથી નાંખી હોય, તો બીજેજ દિવસે વાશી થવાથી અભક્ષ્ય છે, કારણ કે-મેથી ધાન્ય છે, તેથી **મેથી, ચણાનો** આટો કે **દાળીયા** નાંખેલ હોય, તો તે દિવસે જ વપરાય.

વળી, જે અથાણાંમાં મેથી નાંખી હોય, તે કાચાં ગોરસની સાથે ખવાય નહિ.

કેરી. ગુંદા, ખારેક, મરચાં વિગેરેનું સુકવેલું અથાણું બનાવે છે, તે પણ તડકા બરોબર ન દેવાયા હોય, અને લીલાશ રહેવાથી વાળ્યું વળી શકતું હોય, તો તેવું અથાણું પણ ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય થાય. "ત્રણ તડકા દેવા' તેવું કાંઈ નથી, પણ જ્યાં સુધી બંગડી જેવું સુકાય, ત્યાં સુધી પાંચ સાત કે વધારે દિવસ પણ તડકા દેવા જોઇએ. તે

મુજબ સુકવ્યા બાદ રાઈ, ગોળ, ચડાવે અને તેલબુડ[1] હોય તો તેવું અથાણું વર્ણ ગંધ રસ સ્પર્શ ફરે નહિ, ત્યાં સુધી ભક્ષ્ય સંભવે છે, પણ તેલ ઓછું હોય, તો વેલાસર બગડી અભક્ષ્ય થાય.

માટે આ પ્રમાણે ઉપયોગપૂર્વક કરેલાં અથાણાં માટે પછી પણ બહુ ઉપયોગ-કાળજી રાખવી પડે છે.

(૧) અથાણાંની બરણીઓ ખૂબ ગરમ પાણીથી સાફ કરી લુહીને કોરી કર્યા બાદ તેમાં અથાણું ભરવું જોઈએ.

(૨) તે બરણી ઉપર સખ્ત ઢાંકણું મૂકી કપડાથી મજબૂત બાંધવું. તેમાં હવાનો પ્રવેશ ન થવો જોઈએ, નહિતર ચોમાસામાં હવા લાગવાથી લીલ-ફુગ થવાથી અભક્ષ્ય થાય છે.

(૩) અથાણું નોકર-ચાકર કે બાળબચ્ચાં પાસે કઢાવવું નહિ પણ ઘરના ઉપયોગવંત માણસે જાતે હાથ સ્વચ્છ કરીને કોરા કર્યા બાદ ચમચાવતી અગર બીજા કોઇ સાધનવડે કાઢવું પણ બનતાં સુધી હાથ વતી કાઢવું નહિ. વળી, પાણીવાળા હાથ કોરા કર્યા પછી જ કાઢવું, નહિતર તેમાં પાણીનું ફક્ત એકજ ટીપું પડવાથી જીવોત્પત્તિ થાય, માટે આ બાબત ખાસ ઉપયોગ રાખવો.

(૪) અથાણાંની બરણી ઉપર કીડી, મંકોડા વિગેરે જીવ ન ચડે, તેવાં સ્થાનકે રાખવું. તથા ચોમાસામાં હવા ન લાગે,

---

૧ અથાણામાં, ચીજ ડુબતી રહે અને તેલ કે સરસીયું જે નાંખેલ હોય, તે ઉપર રહે તેવા રીતે તે નાંખવું જોઇએ.

તેવી જગ્યાએ રાખવું; કેટલાક લોકો **અથાણું મુરબ્બા** વિગેરે અંધારામાં રાખે છે, અને તેનો રસ પ્રમુખ પડવાથી કે સાફ ન થવાથી તે જગ્યાઓ ચીકાશવાળી ને ગંદી થવાથી ત્યાં મચ્છરાદિ જીવો થાય છે, અને અંધારાને લીધે કાઢતાં કરતાં તે બિચારા જીવો તે બરણીઓમાં પડવાથી મરી જાય છે. પછી પેટમાં પણ આવે. તેથી જયાં સારૂં અજવાળું પડી શકતું હોય, ત્યાં તથા સારી જગ્યાએ રાખવું.

(૫) સુકવતી વેળાએ જેવું તેવું સુકવ્યું, હોય, તો તે અથાણું ત્રણ દિવસથી વધારે ઉપયોગમાં ન લેવાય. માટે ઉપર કહ્યા મુજબ સુકવવું જોઈએ. તથા અથાણું કરતી વખતે પાણીનો કિંચિત્ સ્પર્શ માત્ર પણ થવો ન જોઇએ.

(૬) વળી, આ અથાણાંઓ વરસ કે તેથી વધારે મુદત પણ રાખી મૂકાય છે પણ તેમ કરતાં, જેમ બને તેમ થોડા વખતમાં જ વાપરી નાંખવા જોઇએ.

ઉપર લખેલ સૂચનાઓ અનુસાર અથાણું કરી વપરાતું હોય, તો પણ દોષ લાગે ? કે નહિ તે પણ કેવળીગમ્ય. પણ આજ તો પ્રથમ આપણે રસઇંદ્રિયના લાલચુઓ તે મુજબ સુકવીએજ નહિ કારણ કે–પછી તેમાંથી સ્વાદની લહેજત મળવી મુશ્કેલ લાગે છે. અને ઉપરની સૂચનાઓ મુજબ કરવાવર્તવાવાળા ભાગ્યેજ કોઈ વિરલા હોય છે. ઉપરના તુચ્છ અથાણાંઓનો ખરેખરો જિહ્વાઈંદ્રિયનો જય કરનાર રત્નશિરોમણિ વીરપુત્રો જ ત્યાગ કરે છે અને તેજ ખરેખર પ્રશંસનીય છે.

કારણ કે-આ જીવે અનંતીવાર દરેક ચીજો ખાઇને વમન કર્યું તો પણ તૃષ્ણા જતી નથી. તે આશ્ચર્ય જ છે! અણાહારીપણું પામ્યા શિવાય કોઇ મોક્ષ ગયા નથી, જતા નથી, ને જશે પણ નહિ. તો ક્રમે ક્રમે આવી તુચ્છ અભક્ષ્ય વસ્તુ પરથી મમત્વ ભાવ ઉઠાડવો, કે જેથી સદાને માટે અણાહારીપદ પ્રાપ્ત થાય. [**અથાણાં: મુરબ્બ** વિગેરે **સંધાન-સોડ** રૂપ સડા રૂપ પદાર્થો છે. આવી રીતે લાંબો વખત રાખી મુકાતા પદાર્થો વિષે ગમે તેટલી સાવચેતી રાખવામાં આવે, છતાં તેમાં જીવોત્પત્તિનો સંભવ માનીને ઘણા ભાઇઓ આવી ચીજોનો કાયમ ત્યાગ પણ રાખે છે] મુરબ્બાની ચાસણી મોળી રાખવામાં આવે છે. જેનો મુરબ્બો હોય; તે લીલા ફળનો રસ તેમાં ઉમેરાય છે. આ સ્થિતિમાં તેમાં કચાશ કેમ ન રહે? તે વિચારણીય છે. સંધાન કેમ નથી?

૧૭ ઘોલાવડા-ઘોલવડાં એટલે **દ્વિદળ-વિદળ** અને **ગોરસની** મેળવણી થયેલી કોઇ પણ ચીજ. તે-અભક્ષ્ય ગણાય છે

દ્વિદળ-વિદળ-એટલે સામાન્ય રીતે જેને આપણે કઠોળ ધાન્ય કહીએ, તે દરેક લેવા.

દ્વિદળની સામાન્ય રીતે વ્યાખ્યા એ બાંધવામાં આવી છે, કે

જેમાં તેલ ન નીકળે, છતાં બે સરખી ફાડ થઇને દાળ થાય, અને તે ઝાડના ફળરૂપ ન હોવું જોઇએ. તે દ્વિદળ ગણાય.

ચણા: મગ: મઠ: અડદ: તુવેર: વાલ: ચોળા: કળથી: વટાણા: લાંગ: મેથી: મસૂર: લીલવા વિગેરે

તથા એ **દ્વિદળની ફળીઓ, લીલા સુકા પાંદડા, ભાજી** તેના **આટા, દાળ,** તેની **બનાવટો,** વિગેરે પણ દ્વિદળ ગણાય છે. જેમકેઃ-કઠોળ માત્રના પાંદડાની **ભાજીઃ વાલોળઃ ચોળાફળીઃ તુવેરઃ મગઃ વટાણાની ફળીઃ લીલા ચણાઃ** પાંદડીનું **શાકઃ** તેની **સુકવણીઃ**સંભારાઃ **અથાણાંઃ** દાળઃ **ફળીઃ સેવઃ ગાંઠીયાઃ પૂરીઃ પાપડઃ બુંદીઃ વડીઃ** ને પણ ભક્ષ્યાભક્ષ્ય વિવેકમાં **દ્વિદળ** ગણવા.

ઉપર લખેલી બધી હકીકત લાગુ પડતી હોય, છતાં-જેમાંથી તેલ નીકળે, તો તે દ્વિદળ ન ગણાય, જેમકે-રાઇઃ સરસવ તલઃ

મેથી નાંખેલ અથાણાં વિગેરે ચીજો **દ્વિદળ** ગણવી.

ઉપરની હકીકત લાગુ પડતી હોય, છતાં જાતે ઝાડના ફળરૂપ હોય, તો તે દ્વિદલ ન ગણાય. જેમકે-**સાંગરી**. ઉપરની દરેક હકીકત લાગુ પડતી હોય, છતાં બે ફાડ ન થતી હોય, તો દ્વિદળ ન ગણાય. જેમકે બાજરીઃ જુવારઃ [તેમાં તેલ પણ નથી હોતું.] વિગેરે.

કાચા ગોરસ દુધ, દહીં, છાશની સાથે દ્વિદળનો સંયોગ થતાં જ તેમાં દ્વીન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે. માટે તે **અભક્ષ્ય** થઈ જાય છે.

પરંતુ, ખૂબ ગરમ (ત્રણ ઉભરાથી) કરી અથવા ગરમ કર્યા પછી ઠંડા થયા પછી દ્વિદળ ચીજ તેની સાથે મેળવાય, તો દોષ લાગે નહિ.

આ બાબતનો શ્રાવકોના ઘરમાં ખાસ વિવેક રહેવો જોઇએ **દ્વિદળવાળી** ચીજ ખાધા પછી પાણી પીવું જોઇએ, અને

હાથ, મોઢું ધોઇ, લુંછી નાંખવું જોઇએ. વાસણ બદલી નાંખવાં જોઇએ. સારાંશ કે કાચા કે રાંધેલ દ્વિદળની કોઇ પણ જાતની બનાવટનો અને કાચા ગોરસનો કોઈ પણ રીતે જરા પણ સ્પર્શ ન જ થવો જોઇએ.

મેથી: નાંખેલા અથાણાં સાથે કાચા ગોરસ ન ખવાય.

કઢી છાશને બરોબર ઉકાળ્યા પછી આટો ભેળવીને કરાય.

(એવી રીતની કરેલી હોય છતાં, કઢી શિખંડ સાથે ખાઈ ન શકાય. કેમકે–શીખંડનું દહીં કાચું છે માટે તે બન્નેયનો સ્પર્શ ન થવા દેવો જોઇએ એટલે–શિખંડના જમણમાં કઢી ચણાના આટાની ન જ કરવી જોઈએ. છતાં કરવી હોય તો, બાજરીના, કે ચોખાના કે ઘઉંના આટાની કરવી.]

દહીંવડાં, દહીંવડી વિગેરે કાચા ગોરસમાં કર્યાં હોય તો તે, તે અભક્ષ્ય છે.

રાઇતાં પણ ગોરસ ઉકાળીને બનાવવા જોઇએ કેમકે-બીજી વિદળ ચીજ સાથે ખાવાનો પ્રસંગ આવે, તો પણ હરકત આવે નહીં.

રોટલા રોટલી સાથે કાચું ગોરસ ખાવું હોય, તો દ્વિદળ વાળી વસ્તુનો સ્પર્શ દૂર રાખવો.

અને દ્વિદળવાળી ચીજ ખાવી હોય, તો ગોરસનો સ્પર્શ દૂર રાખવો.

કેટલાક લોકો ગરમ કરવાનો અર્થ “**માત્ર ગરમીની**

અસર થવા દેવી અને ઠંડક ચાલી જાય" એટલો જ કરી બેસે છે. પરંતુ તે ખોટો છે. એથી વિદળનો દોષ લાગે છે. એમ કરવાનું કારણ એ જણાય છે કે-છાશ, દહીંને ગરમ કરવાથી ફાટી જાય, એટલે તેમ થતું અટકાવવા માત્ર સ્હેજ આંચ લાગવા દે છે, પરંતુ મીઠું અથવા બાજરીનો આટો નાંખી હલાવીને સારી રીતે ઉકાળવાથી છાશ ફાટી જશે નહિ માટે સારી રીતે ઉકાળવું જોઇએ, પરંતુ લગાર ગરમ થયું [સામાન્ય વરાળ નીકળે] કે, તે ઉકાળેલું ગોરસ કહેવાય નહિ. શાસ્ત્રોમાં **'ઉકાળેલું ગોરસ'** એમ લખે છે **શ્રીજિનદત્તસૂરિ** મહારાજ વિરચિત **સંદેહ દોલાવલીમાં** આ પ્રમાણે ગાથા છેઃ—

" उक्कालियंमि तक्के विदलक्खेवे वि नत्थि तद्दोसो "

ઈત્યાદિ પૂર્વોક્ત ગાથાનો અર્થ **વાચનાચાર્ય પ્રબોધચંદ્ર વિરચિત-વિધિરત્ન કરણ્ડિકા** નામની નાની ટીકામાં આવી રીતે કર્યો છેઃ—

"उत्कालितेऽग्निना-अत्युष्णीकृते, तक्रे-गोरसे उपलक्षणत्वाद्दध्यादौ च, द्विदले-मुद्गादौ, तस्य क्षेपः-द्विदलक्षेपः तस्मिन्नपि सति किं पुनः? द्विदलभक्षणानन्तरं प्रलेहादिपाने, इत्यपेरर्थः नास्ति तद्दोषो-द्विदलदोषो जीवविराधना-रूपः।

ઇત્યાદિ-એ પાઠમાં પણ સાફ લખેલ છે કે "અગ્નિ વડે અતિ ઉષ્ણ ગોરસ-છાશ, ઉપલક્ષણથી દહીં, દૂધ આદિમાં દ્વિદલ પડવાથી વિદલનો જે દોષ છે, તે લાગતો નથી. માટે ઉપરના પાઠ મુજબ તો અતિ ગરમ થાય, ત્યાર પછી વિદલનો

દોષ ન લાગે, આજકાલ ઘણા લોકો અજ્ઞાનથી જેમ આવે તેમ વર્તે છે, પણ તે અયુક્ત છે. તેથી પૂર્વોક્ત વિધિ અનુસાર ઉકાળ્યા પછીજ ચણાનો લોટ, મેથી પ્રમુખ દ્વિદલ મેળવાય, તો દોષ ન લાગે.

ખાટાં ઢોકળાનો આથો કરે છે, તે માટે પણ ઉપર મુજબ પ્રથમ છાશ ગરમ કરવી જોઇએ. સ્વજનકુટુંબ, અન્ય દર્શનીય, નાત જમણવાર વિગેરે ઠેકાણે જમવા જતાં વિદલ માટે તીવ્ર ઉપયોગ રાખવો જોઇએ. નહિતર. સહજમાં દોષ લાગી જવાનો સંભવ છે. વળી **કઢી, રાઇતુ,** પ્રમુખ બનાવેલ હોય, તે ગોરસ ગરમ કર્યા પછી વિદલ નાંખ્યુ હશે? કે કેમ? તેવી શંકા પ્રથમથી જ પૂછી દૂર કરી ભક્ષ્યાભક્ષ્યનું નક્કી કર્યા પછી વાપરવાં.

કદાચ, ઘેર પણ ગોરસ બરાબર ગરમ ન કર્યું હોયતો વિરતિવંતે સ્વઘેર પણ અવશ્ય ખાત્રી કર્યા પછી જ ખાવું ઉચિત છે. વળી ઘણે ખરે ઠેકાણે ગોરસ બરોબર ઉકાળવાની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી, તેથી વિરતિવંતે તો ચોક્કસ ખાત્રી કર્યા વગર બહેતર છે, કે તેવી વસ્તુ વાંપરવી જ નહિ કે તેવા ઠેકાણે જમવા જવું પછી નહિ.

આશા છે, કે–વિરતિવંતો તથા અન્ય શ્રાવક–શ્રાવિકાઓ હવેથી ગોરસ પૂર્વોક્ત રીતે રીતે ગરમ કરવા–કરાવવાની ખાસ સંભાળ રાખી તે મુજબ વર્તવા ઉદ્યમ કરશે. દ્વિદલ સાથે કાચું ગોરસ મળવાથી દ્વીન્દ્રિય જીવ તરત જ ઉત્પન્ન થાય છે, તે આગમગમ્ય છે. તેનું વિવેચન આગળ **"માખણ"**ના

સંબંધમાં થઈ ગયું છે. માટે શંકા કરવી નહી. અને આ અભક્ષ્ય તજવા અવશ્ય ખપ કરવો. પણ "બીજાને ત્યાં જમવા જતાં વિદળની જયણા અને સ્વઘેર ઉપયોગ રાખું." એવા નિયમોયે કાયર પુરુષો માટે છે. કોઇપણ ઠેકાણે જમવા જતાં અભક્ષ્ય વસ્તુઓ ખાવાનો કદિ **આગાર** હોય જ નહિ. આ તો, **'લડુ બી ખાના ઔર મુક્તિમેં બી જાના'** તેના જેવું થયું. પણ બંધુઓ ! અને બહેનો ! એમ મુક્તિ કદી હાથ આવવાની નથી. એ તો જ્યારે આત્મવીર્ય ફોરવીશું. ત્યારે જ મુક્તિ મળવાની છે પરંતુ પુદ્ગલ સાથેજ્યાંસુધી **ભાઈ-બાપનો** સંબંધ રાખશું, ત્યાં સુધી તો ચતુર્ગતિના ચોટામાંથી નીકળવું તદ્દન અશકય છે. પુદ્ગલનો તો સડન, પડન વિધ્વંસન થવાનો સ્વભાવ જ છે. તેથી પુદ્ગલ પરથી મમત્વભાવ ઉઠાડી, હે વીરપુત્રો ! મોહરૂપી નિસો ઉતારો, પ્રમાદ દૂર કરી જાગ્રત થાઓ, અને આ મનુષ્યજન્મ સાર્થક કરો !

"આજ કરશું. કાલ કરશું" એમ વિચારણા કરતાં કરતાં યમરાજના સપાટામાં ઓચિન્તા આવી જવાશે, જેમ—

"આઇ અચાનક કાલ તોપચી,
ગહેગો જ્યું નાહર બકરીરી."

એની માફક ફસાઈ જઈશું, માટે પાછળથી પસ્તાવું ન પડે, તે માટે સતત પ્રયાસ કરવા ઉજમાલ થાઓ !

પ્રભુજી કહી ગયા છે, કે **"ક્ષણ લાખેણી જાય"** તે કેમ ભૂલી જાઓ છો ? તે વાકય અહર્નિશ યાદ કરી, આ ક્ષણિક અને પરિણામે દુઃખરૂપી સુખ ઉપરથી રાગ ઉઠાવી,

દ્વિદલનો સર્વથા ત્યાગ કરો. તો જિનેશ્વર મહારાજની આજ્ઞા યથાર્થ પાળી કહેવાય.

તેવા જગદ્વંદ્ય જિનેશ્વર મહારાજના વચનનો અખંડિત-પણે આદર ક્યારે આપણે કરીશું ? અને અવિચલ સુખ ક્યારે પામીશું ?

૧૮. વેંગણ[1]—સર્વ જાતિના રીંગણા અભક્ષ્ય છે.

કારણ કે–એક તો તેમાં બીજો બહુ હોય છે, તથા તેની ટોપીમાં સૂક્ષ્મ ત્રસ જીવો હોય છે. વળી તે ખાવાથી નિદ્રા વધે છે. અતિ વિકારી તથા નિર્ધ્વંસ પરિણામ ઉપજાવવાવાળા છે પિત્તાદિક રોગ પણ કરે છે, તેથી તેની સર્વ જાતિ અભક્ષ્ય છે. **રીંગણાની** સુકવણી કરીને પણ ખાવાનો નિષેધ છે; તેથી તેને તો શીઘ્રતાથી તિલાંજલી જ દેવી. કેટલાક રોગના

---

૧ પુરાણાદિ અન્ય શાસ્ત્રોમાં પણ **રીંગણા** ખાવાનો નિષેધ કરેલો છે:—

"यस्तु वृन्ताककालिङ्गमूलकानां च भक्षक: ।
अन्त-काले स मूढात्मा न स्मरिष्यति मां प्रिये !"

અર્થ:-" રીંગણા કાળિંગા અને મૂળા ખાનારા મૂઢ આત્માને મરણ વખતે હું યાદ આવીશ નહીં."

વળી કહ્યું કે- "**રીંગણાના** શાકનો ધુમાડો લાગતાં આકાશે ચાલતું વિમાન અટકે છે."

જો **પુરાણીઓ** ઉક્ત શાસ્ત્રને માન આપતા હોય, તો તેમાં સ્પષ્ટ રીતે નિષેધેલી વસ્તુ પોતે જ વર્જી દઇ, તેઓએ પોતાના શ્રોતાઓ ઉપર સજ્જડ દાખલો બેસાડવો જોઇએ.

કારણે આ અને આવી અભક્ષ્ય વસ્તુઓનો આગાર રાખે છે. પરંતુ બંધુઓ! જે કર્મરૂપી રોગનું ઉન્મૂલન કરવા માટે ત્રિકાલજ્ઞાનીઓએ આ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવાનો કહ્યો છે, ત્યારે આપણે તેનો અનાદર કરી કર્મરૂપી રોગની વૃદ્ધિ થવા માટે રીંગણા પ્રમુખ વાપરી ભવભ્રમણ વિશેષે વહોરી લઇએ છીએ. અફસોસ છે, કે–આપણા રોગનું તેથી નિવારણ થવાને બદલે ખરેખર તેને પુષ્ટિ મળે છે.

ભવ્યો! જ્ઞાનચક્ષુથી જરા વિલોકન કરો. હવે આટલેથી વિરમો! જેથી આપણે કર્મરૂપી રોગનું વિદારણ કરી અમરપદવી વેગે લઇએ.

૧૯ અજાણ્યાં ફળ—જેનું નામ કોઇ ન જાણતું હોય તથા કોઇએ ન ખાધાં હોય, તેવાં ફળ કે ફૂલ અભક્ષ્ય છે.

કારણ કે–તેના ગુણદોષની આપણને ખબર નથી હોતી કદાચ વિષફળ હોય, તો આત્મઘાત થાય, તે માટે–તેનો ત્યાગ કરવો. **વંકચુલ રાજકુમારને** હિતસ્વી મહાન ઉપગારી ગુરુમહારાજાએ અજાણ્યાં ફળનો નિયમ કરાવ્યો હતો. જે તેણે અતિ ક્ષુધા લાગવા છતાં દઢપણે પાળવાથી તેના પ્રાણ બચ્યા હતા. અને તેની સાથેના બીજા ચોરો અજાણ્યાં ફળ ખાવાથી કાળને વશ થઇ મરણ પામ્યા હતા.

ભો! ભવ્યો! આવા પરમકૃપાળુ અને કેવળ નિઃસ્વાર્થી તીર્થંકર મહારાજ તથા ગુરુ મહારાજનો અનંતા દુઃખમાંથી શીઘ્ર મુક્ત કરવાનો ઉપદેશ પૂર્વ પુણ્ય ઉદયે જે પામ્યા છીએ તે ફરી મળવો દુર્લભ છે. પુણ્યરૂપી મૂડીનું વ્યાજ ખવાઈ ગયા

પછી મુડી પણ ખાવા લાગીયે, અને જો તે સઘળી ખાઈ જઈશું તો પરભવે સુખ-સંપદા કયાંથી પામીશું ? માટે જ શાંત અને ગંભીરતાદિક અનંતગુણોના ધારક પ્રભુજીની ઉત્તમ શીખામણ માનો, અને તદ્વત્ આચરણા કરવા વીર્યોલ્લાસ ફેરવો ! જેથી સ્વયમેવ મોક્ષમાળા કંઠને વિષે આરોપિત થાય.

૨૦. તુચ્છફળ-જે અસાર પદાર્થ હોય, તૃપ્તિકારક હોય નહિ, ઘણા આરંભે પણ તૃપ્તિ થાય નહિ, ખાવું થોડું ને ફેંકી દેવું ઘણું. જેમકે ચણીબોર[1]; પીલું કે વીસુ[2], ગુંદી[3], મ્હોર[4] વિગેરે. તે તુચ્છફળ છે. તથા અત્યંત કુંણી મગ, ચોળા, ગુવાર, વાલ, શમી વિગેરેની શીંગો તથા બીજી જે ફળની જાતિઓ અતિ કોમળ હોય. તે સર્વે તુચ્છ ઔષધિ જાણવી.

અને ચણાના ફુલ, કેરીના મ્હોર કે જેમાં ગોટલી બંધાણી ન હોય, બોરના ઠળીઆમાં ગર્ભ કાઢીને ખાવો, તે વગેરેમાં પણ પ્રસંગે દુષણ લાગી જાય છે. કેમકે-વનસ્પતિયો અતિ-કોમળ અવસ્થામાં અનંતકાય પણ હોય છે. તેથી અનંતકાયના વ્રતનો ભંગ થઈ જાય. એવી વસ્તુઓ બહુ ખાઈએ તો પણ તૃપ્તિ ન થાય. અને ખાવામાં થોડી આવે તથા ખાધા પછી તેની ગોટલી (ઠળીયા) બહાર નાંખીયે, એટલે તેમાં મુખની લાળ અડકવાથી અસંખ્ય (લાળીયા) તથા સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય. તથા જે પુરુષ બહુ તુચ્છફળ ખાય, તેને તત્કાળ રોગ પણ થઈ જાય છે. તેથી તુચ્છ ફળ સર્વથા વર્જવાં.

---

૧ **કાશીના આમલબોર**માં પણ ત્રસજીવો થાય છે. ૨ પીચ. ૩ વડગુંદા, જાંબુ પણ તુચ્છ ફલ ગણાય છે. ૪ આંબાનો મ્હોર.

હે બંધુઓ! જ્યારે આ તુચ્છ અભક્ષ્ય વસ્તુ ઉપરથી આપણો તુચ્છ મમત્વ ભાવ ઉઠશે, ત્યારે જ શાશ્વતાં અનંત સુખની લ્હેરીઓમાં મગ્ન થવાનો સમય શીઘ્ર પ્રાપ્ત થશે.

૨૧. ચલિતરસ—કોહ્યું-સડચું અન્ન, વાશી રોટલા, રોટલી, ભાત, દાળ, શાક, ખીચડી, શીરો, લાપસી, ભજીયાં થેપલાં, પુડલા, વડાં, નરમ પુરી, ઢોકળાં વિગેરે અનેક રસોઈ એવી હોય છે, કે જે એક રાત્રિ વ્યતીત થયા પછી વાશી થાય છે. એટલે સૂર્ય અસ્ત થયા પછીજ તે ચીજનો સ્વાદ ગંધ રંગ સ્પર્શ બદલાઈ જતાં **"ચલિતરસ"** થવાથી અભક્ષ્ય થાય છે.

મિઠાઈ વર્ષાકાળમાં સારી ઉત્તમ પ્રકારની બનાવી હોય, તો ઉત્કૃષ્ટ પંદર દિવસ, ઉન્હાળામાં વીશ દિવસ, શિયાળામાં એક માસ સુધી ભક્ષ્ય છે. અને બનાવવામાં કચાશ રહેવાથી જો તેનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ફરે, તો કાળના પરિમાણ પહેલાં પણ એટલે આજની બનાવેલી મિઠાઈ આજેજ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ફરવાથી અભક્ષ્ય થાય છે.

શાસ્ત્રમાં જેટલો કાલ કહ્યો છે, તે વિત્યા પછી તે ચીજનો ચલિત રસ થાય છે. ત્યારે અસંખ્ય બેઇંદ્રિય જીવો તેમાં ઉપજે છે. તેથી શ્રાવકે રાત્રે તલમાત્ર પણ અન્ન કે એઠવાડ રાખવો નહિ

જે વિવેકી પોતે ભાણામાં પીરસેલું કાંઇ એઠું ન છોડે, તથા થાળી-વાટકો ધોઇને પીએ છે, તેઓને નિમિત્તો સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્ય અસંખ્ય ઉપજતા અટકે છે, તેથી તેને આયંબિલતપના જેવો લાભ મળે છે. માટે જમણવાર કરીને

વાસણો કે એઠવાઠ રાતવાશી ન જ રાખવા દિવસે પણ એઠું બે ઘડી પહેલાં પરઠવી દેવું. અને જો જનાવરના ઉપયોગમાં આવી જાય તો વધારે સારૂં. લાપશી, શીરો પ્રમુખ સૂર્ય અસ્ત પહેલાં જો સારી રીતે ઘીમાં દાણેદાણો છુટો થાય તેવું શેકી નાંખ્યું હોય, અથવા રોટલા કે ખાખરા બંગડી જેવા આકરા શેકી નાંખ્યા હોય, તો તે વાશી ન થાય.

રાત્રે રાંધેલું પણ ખાવું યુક્ત નથી. સવારે સૂર્યનાં કિરણ ફુટ્યા પછી કે જ્યારથી નજરે જોઇને જીવની યતના પાળી શકાય, ત્યારથી ચુલાનો આરંભ નાખીને સાંજે સૂર્ય અસ્ત થયે ઓલવી નાંખવો જોઇએ. તેજ દયાળુ શ્રાવકનો આચાર છે.

પ્રકાશ મળવા લાગે ત્યારે જ ચૂલા વિગેરેનો આરંભ કરવા માટે ઋતુ પ્રમાણે ચોક્કસ વખત નક્કી કરી લેવા જોઇએ.

પ્રકરણ ૨ જું

ચલિતરસનું સ્પષ્ટીકરણ

ચલિત રસ એટલે શું ?

જે વસ્તુ જે જાતની ઉત્પન્ન થયેલી, ઉત્પન્ન કરેલી, કે બનાવેલી જે જે સ્વરૂપમાં યોગ્ય રીતે ખાવાનાં ઉપયોગમાં આવી શકે, તે યથાસ્થિત રસવાળી ગણાય.

યથાસ્થિત રસ ઉત્પન્ન થયો ન હોય અથવા

યથાસ્થિત રસ ઉત્પન્ન થયા પછી તેમાં ફેરફાર થઈ જાય, અને ખાવાના ઉપયોગમાં ન રહે, તે વસ્તુ ચલિતરસ કહેવાય.

કોઈપણ ચીજમાં સૂક્ષ્મ ફેરફાર તો સમયે સમયે થયા જ કરે છે. પરંતુ અમુક પ્રમાણમાં ફેરફાર થાય, કે-જે ફેરફારથી ઉપયોગ કરવા લાયક ગણી શકાય તેવી તે વસ્તુ ન રહે, તે ચલિતરસ કહેવાય છે.

ચલિતરસના મુખ્ય પદાર્થોનું વર્ણન.

૧ આટો	૧૬ રસોઈ
૨ જલેબી	૧૭ ઓદન
૩ હલવો	૧૮ દહીં
૪ અમ્રતી	૧૯ દૂધ
૫ માવો	૨૦ ઘી
૬ મુરબ્બો	૨૧ બળી
૭ સેવ વિગેરે	૨૨ ખાટાં ઢોકળા
૮ દૂધપાક	૨૩ ઘોલવડાં
૯ કેરી	૨૪ ખાખરા
૧૦ પાપડ	૨૫ પાપડના લુઆ વિગેરે
૧૧ ચટણી	૨૬ જુગલી રાબ
૧૨ સંભારો	૨૭ રાયતું
૧૩ પકવાન્ન	૨૮ શેકેલું ધાન્ય
૧૪ વસાણું	૨૯ ઢુંઢણીઆ
૧૫ ચુરમાના લાડુ	

૧. આટો– ચાળ્યા વગરનો આટો દળ્યા પછી કેટલાક દિવસ મિશ્ર [કાંઇક સચિત્ત ને કાંઇક અચિત્ત] રહે છે. પછી અચિત્ત થાય છે.

દળ્યા પછી વગર ચાળેલો આટો—

શ્રાવણ-ભાદરવામાં પાંચ દિવસ મિશ્ર રહે છે, **આસો કાર્તિકમાં** ચાર દિવસ, **માગશર, પોશમાં** ત્રણ દિવસ, **મહા, ફાગણમાં** પાંચ પહોર, **ચૈત્ર, વૈશાખમાં** ચાર પહોર **જેઠ અશાડમાં** ત્રણ પહોર. પછી અચિત્ત થાય અને જે દિવસે દળ્યો હોય તેજ દિવસે ચાળ્યો હોય, તો બધી ઋતુમાં તેજ દિવસે અચિત્ત છે અને બે ઘડી પછી કારણ પડયે મુનિમહારાજ વહોરી શકે.

સિદ્ધાંતમાં આટાનો કાળ જોવામાં આવતો નથી પરંતુ અચિત્ત થયેલા આટામાં પણ ખોરાશ થએથી, અથવા વર્ણ ગંધ રસ, સ્પર્શ પલટાય ત્યારે અભક્ષ્ય છે, તથા જીવની ઉત્પત્તિ જોવામાં આવે, તો તે આટો ચાળીને ય ન ખવાય અર્થાત્ તે અભક્ષ્ય થયો જ માનવો.

ચોમાસાની ઋતુમાં આટો દરરોજ બે વખત, તથા શિયાળા ઉન્હાળામાં એક વખત ચાળવો, કારણ કે ન ચાળવાથી તેમાં જાળા બાઝી જાય છે. અને તે તુરત બગડી જઇ અભક્ષ્ય થાય છે.

તથા દરેક વખતે વાપરતાં પહેલાં અવશ્ય ચાળવો જોઈએ જેથી જીવની યતના સચવાય. [સંચે દળાવેલો આટો એકદમ ગરમ હોય છે. તેથી તેને બરાબર ઠરવા દીધા વિના ભરી

હેવાથી બાફ મારી વરાળિયું પાણી છુટે છે. અને પછી આટો બટાઇ જાય છે, અને ગંધ મારે છે. તેથી તે વ્હેલો અભક્ષ્ય થાય છે. માટે ખુબ ઠારવો, અને પછી ભરવો. સામન્ય રીતે સંચે દળાવેલાનો કાળ-બહુ ઓછો રહેવાનો. સંચે દળાયેલો આટો ખાવાનું પ્રજાનું કમનશીબ ઉત્પન્ન થયું છે. તેમાંથી સત્વ ઘણું નાશ પામે છે. વીટામીનની ચર્ચા કરનારો જમાનો સંચાનો આટો છોડી શકતો નથી. [ગામડાના મજુરો માથે ઉપાડી શહેરમાં દળાવીને લઇ જાય છે] બાજરીનો આટો ઘઉં ચણાના આટા કરતાં વહેલો ખોરો થઇ જાય છે.તેથી ખાસ ખ્યાલ રાખવો]

બને ત્યાં સુધી કારણ વગર આટો સામટો દળવો-દળાવવો જ નહિ. આટો બજારમાંથી તૈયાર લેવો નહિ. કારણ કે-વેપારીને ત્યાં ઘણા દિવસનો માલ હોય, સડેલો તથા હલકો દાણો બરોબર જોયા તપાસ્યા વગરનો પણ દળાવેલો આપે. તેઓને તો વ્યાપાર કરવો છે. એટલે પ્રાયઃ વેઠજ કરે જેથી સ્વઘેર સારો માલ મંગાવી, જોઈ, તપાસી, જયણાપૂર્વક દળવો કે દળાવવો અને સારા આંક વતી ચાળીને વાપરવો.

ઘઉં વિગેરેમાં કેટલીક વખત બહુ ઝીણા સારા [છિદ્ર] હોય છે, તેમાં ધનેડા વિગેરે જીવોની ઉત્પત્તિ થાય છે, તે જીવો બહુ ઝીણાં હોવાથી એકાએક દાણામાંથી નીકળી શકતા નથી પરંતુ જ્યારે મોટા થાય છે, ત્યારે તે દાણામાંથી નીકળી શકે છે, તેથી તેવા દાણાઓ વીણીને ઉપયોગપૂર્વક સારી જગ્યાએ મૂકી દેવા [અને તે જીવાતખાનામાં મોકલવા.] પરંતુ કેટલાક તેને સહેજ છિદ્રો સમજી જેમ ને તેમ દળવા પણ આપી દે છે, તે ખેદજનક છે. તુચ્છ સ્વાર્થની ખાતર તેવી

વર્તણુંક અથવા પ્રમાદ મહા અનર્થકારી થાય છે. [પણ કેટલીક વખત લોકો સામટો દાણો ભરે છે, તે ઋતુ ફેરફાર આદિ કારણથી તદ્દન સડી જાય છે. તો તેવા દાણા ગમે તેટલા પ્રમાણમાં હોય, તો પણ કિંચિત્ ન વાપરવા. મુખ્યતાએ તો જેમ જોઇએ. તેમ મણ બે મણ કે પાંચ મણ પરીક્ષા કરી સારો માલ લેવો યુક્ત છે પરંતુ કદાચ તેમ ન બને તો ઉપયોગ પૂર્વક અનાજ વધારે ભરી રાખવા માટે તેને સાચવવા શી ગોઠવણ કરવી ? તે ખાસ અનુભવીઓ પાસેથી જાણી લેવું જોઇએ દરેકને સાચવવાની જુદી જુદી રીત હોય છે. કેટલાક બાજરી ઘઉં વિગેરે રાખથી રખેળાય છે. કેટલાક-મગ વિગેરે રેતમાં દબાવાય છે. કેટલાકમાં પારો નંખાય છે. કેટલાકને કેટલેક ઠેકાણે એરંડીયું લગાડે છે. કોઈ ઠેકાણે કળિચુનો નંખાય છે. કોઇમાં પારાની પીંડલીઓ નાંખે છે. જો કે આમાંની કોઇપણ રીત અન્નના મૂળગુણને ચલિત કરે છે, અને બીજી રીતે જીવજંતુ પડવાથી પણ એજ મુશ્કેલી આવે છે. પારો ગુપ્ત નુકશાન કરે છે. એરંડિયાવાળાને જો જીવજંતુ ચડે તો ચોંટી જઇ મરી જાય છે. એટલે દરેક પ્રકારે સાવચેતી રાખવી જોઇએજ જરૂરપૂરતું સારૂં જોઈ ખરીદવું એ આદર્શસ્થિતિ છે. પરંતુ એ સ્થિતિ મોટા વરાવાળાને કે દુષ્કાળાદિક કારણે ટકાવી શકાય નહીં ! સંઘરવું પણ પડે. આ દેશમાંથી પરદેશ અનાજ નહોતું ચડતું ત્યારે દરેક ઘરવાળા દરેક પ્રકારનું ધાન્ય જુદી જુદી રીતે સંઘરી રાખી કાળજીપૂર્વક સાચવતા હતા. તેની હકીકતો અનુભવીઓ પાસેથી જાણી લેવી જોઇએ.]

રાખમાં ભરવા, પારો દેવો તથા જોવા-તપાસવાનો ઉપ-

યોગ કરવો જોઇએ. તેમાં પણ ચોમાસામાં ખાસ કરી દરેક વસ્તુઓમાં જીવોત્પત્તિ થવાનો સંભવ હોવાથી અતિ સંભાળ રાખવી.

આ વગેરે કાર્યોમાં સ્ત્રીઓએ વિવેક તથા ચતુરાઈપૂર્વક પોતાની ફરજ સમજી ઉપયોગ રાખવો ઘટે છે. વળી, જો બની શકે, તો બીજાને દળવા પણ ન આપે. કારણ કે દળનારને તો મજુરી કરવી હોય, તેથી ઘંટી પ્રમુખ પ્રમાર્જે કે નહિ. ઘંટી ઉપર ચંદરવો પણ હોય કે નહિ. [પ્રાયઃ કરી તેઓ ધર્મના અજાણ હોવાથી તેવો શુદ્ધ ઉપયોગ ક્યાંથી રાખે ?] તથા તિથિને દિવસે પણ દળે અને ભેળ–સંભેળ દગો પણ નજ કરે [સ્વચ્છતાની દૃષ્ટિથી પણ બીજી કેટલીક શી જાળવણી રાખે ?] તેનું શું કહી શકાય ? [તથા કેટલીક તો હાથે દળવાના પૈસા લઈ સંચે દળાવી ઠરવા દઈને આટો આપી જાય છે,] પણ આ યન્ત્રના કાળમાં મોટા શહેરોમાં ગરીબ સ્થિતિનો માણસ સંચેથી દળાવીને વાપરે, ત્યારે શ્રીમંત પુરુષોની તો શી વાત ? પણ ધર્મ તો શ્રીમંત કે ગરીબ બન્નેયને માટે એક સરખો છે. શાસ્ત્રમાં ઘંટી ઉપર ચંદરવો ન હોવાથી કેવા કેવા દોષો કહ્યા છે ? તે વગેરેનું અત્રે વિવેચન ન કરતાં ટુંકમાં એટલું જ કહેવું બસ થશે કે આપણે જીવદયાના હેતુ માટે જયણાપૂર્વક જેમ આજથી ફક્ત પચીસ કે પચાસ વર્ષ પહેલાં શ્રીમંતોના ઘરવાળાઓ પણ જાતે જ દળવું, પાણી ભરવું વગેરે કાર્યો કરતા હતા, તેમ કરીશું તો તેમાં લઘુતા નથી. આ બાબત સુજ્ઞ બહેનોને જ લાગણી હોય, તો ઘણે દરજ્જે સારો ઉપયોગ રાખી અનેક જીવોને જીવિતદાન આપ્યાનું ફળ મેળવે, તથા

અનુક્રમે સુક્ષ્મ પેદા પામે. તેથી જયણાપૂર્વક જાતે કરવું તેજ ઉત્તમ છે. [આજની કેટલીક બાળાઓ રસોઈ કરવા પણ ખુશી નથી, તો પછી જાતે દળવા ખાંડવા અને યતના માટે તેમની તરફથી જાત-કાળજીની આશા શી રીતે રાખી શકાય?]

આજનું શિક્ષણ પુસ્તકો વાંચતા તથા લખતા શીખવે છે. પરંતુ જીવનમાં ઉપયોગી યોગ્ય તાલીમ, ધાર્મિક જીવન, યતના જાત-મહેનત વિગેરે જીવનના યોગ્ય તત્ત્વોથી વંચિત રાખે છે, અને આર્યસંસ્કાર તથા ધર્મથી વિમુખ બનાવે છે અગ્નિ-માંથી પાણીની આશા રાખવા જેવી આશા આજના શિક્ષણ માંથી યતના અને કાળજીપૂર્વકના જાતમહેનતના જીવનની આશા રાખવી. કેટલીક ભણેલી બ્હેનોમાં યે કોઈ કોઈવાર એ સંસ્કાર જોવામાં આવે છે તે તો પ્રાયઃ વારસાનાજ હોય છે. એટલે કે-આધુનિક શિક્ષણ હજુ બાલ્યાવસ્થામાં જ્યાં સુધી છે, ત્યાં સુધી પૂર્વના સંસ્કારો ટકી રહે છે, જેમ જેમ હાલનું શિક્ષણ વધુ સંગીન પાયા ઉપર થતું જશે, તેમ તેમ પૂર્વનાં જીવનના કેટલાંક સુંદર તત્ત્વો પણ સંગીન પાયા ઉપર અદ્રશ્ય થવાનો સંભવ લાગે છે.]

૨ **જલેબી**-જલેબીનો આથો કરવાની જે રીત છે, તે જીવોની ઉત્પત્તિનો હેતુ છે. કોઇ ઠેકાણે દિવસના આથો વગેરે બનાવી તેજ દિવસે બનાવી ઉપયોગ કરે છે અને તેમાં દોષ લાગતો નથી, એમ કહે છે, પણ આ બાબત વિશેષ નિર્ણય કરતાં જણાયું છે, કે કિંચિત્ પણ જુના ઘોળનું જામણ દીધા શિવાય નવો ઘોળ કદી ઉપસતો નથી. અને ઉપસ્યા વિના જલેબી ફુલે નહિ. માટે જલેબી કોઇ પણ રીતે અનાચરણીય

જણાય છે. કેમકે તેમાં અસંખ્ય બેઇંદ્રિય જીવો ઉપજે છે. તેથી તેનો સર્વથા ત્યાગ કરવો. જલેબી દિવસની બનતી નથી. એમ સાંભળ્યું છે, છતાં તત્ત્વ કેવલીગમ્ય. પણ બજારમાં જે થાય છે, તે તો રાત્રેજ આથો કરે છે. તેથી તે અભક્ષ્યજ છે. [ઉપધાન વગેરેમાં પ્રાતઃકાળે આથો કરીને જલેબીથી ભક્તિ કરવાની કેટલાક ભાવના રાખે છે, પરંતુ બધા ઉપયોગ ન રાખી શકે, તથા બાલ જીવો 'ઉપધાન' માં પણ જલેબી વપરાય છે, એમ માનીને તેની અભક્ષ્યતાના જ્ઞાનથી વંચિત થવા સંભવ છે, તેથી તેવી પ્રવૃત્તિ પરિણામે હિતાવહ જણાતી નથી.]

૩. હલવો—લીલો, સુકો, બદામ વિગેરે જાતનો હલવો અભક્ષ્ય છે, કારણ કે-ઘઉંના લોટને બે ત્રણ દિવસ સડાવીને તેમાંથી સત્ત્વ કાઢીને પછી બનાવે છે. તેથી તેમાં અસંખ્ય જીવ ઉત્પન્ન થાય છે. માટે તેનો સર્વથા ત્યાગ કરવો યુક્ત છે. **દૂધીનો** હલવો ફક્ત તે દિવસનો કરેલો ભક્ષ્ય છે, બીજે દિવસે અભક્ષ્ય થાય છે. જલેબી, હલવો કે જે ઘણા આરંભથી નિષ્પન્ન થાય છે, તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

મુંબઇમાં હલવો બહુ પ્રસિદ્ધ હોવાથી જેઓ ત્યાંથી સ્વવતન જાય છે, ત્યારે હલવો ખાસ કરી લઇ જાય છે. પણ બંધુઓ ! અનેક બેઇંદ્રિયાદિક હિંસાવાળા પદાર્થ ખાવા કે ખવરાવવામાં આપણા આત્માને તેનાં કટુક ફળ ચાખવાં પડશે તે વખતે માતા, પિતા, બંધુઓ, બહેનો, સ્વજન, કુટુંબી કે મિત્ર અથવા તો સ્ત્રી કે કોઇપણ તે મહાદુઃખમાંથી મુક્ત કરાવવા નહિ આવે, કે થતી વેદનામાંથી થોડી પણ પોતે અંગીકાર નહિ કરે. અર્થાત્ સર્વે કર્મનો ભોક્તા આપણો જ આત્મા

થશે. માટે તેવા અભક્ષ્ય પદાર્થ મુદ્દલ વાપરવા નહિ તેમ નાતમાં કે કુટુંબી અથવા અન્યદર્શનીયને ત્યાં જમવા જતાં પણ તેવી અભક્ષ્ય વસ્તુઓને વિષસમાન સમજી સ્પર્શ પણ ન કરવા. ખાંડ વગેરેના રમકડાંની જનાવરરૂપે કરેલી ચીજો અભક્ષ્ય છે. જેમ—યશોધર રાજાએ પૂર્વે માતાની દાક્ષિણ્યતાથી આડદનો કુકડો કલ્પી મારીને માંસરૂપે તેનું ભક્ષણ કર્યું, તેથી ઉપરાઉપરી તિર્યંચના ભવોમાં કેવા છેદન-ભેદનાદિ થયાં ? માટે તે અવશ્ય વર્જવું, ધર્મી માતાપિતાએ આ બાબત અવશ્ય લક્ષ્યમાં રાખી પોતાનાં બાળકોને તેની સમજ આપવી.

૪. **અમ્રતી—કલકત્તા** તરફ બનાવે છે. તેનો દેખાવ લગભગ **જલેબીના** જેવો જ જણાય છે. પણ **અમ્રતી** બનાવવામાં આથો કરવો પડતો નથી. તેથી તે વસ્તુઓ દિવસના ઉપયોગ પૂર્વક બનાવી હોય, તો તે દિવસે વાપરવા બાધ જણાતો નથી, બીજે દિવસે તે અભક્ષ્ય થાય છે. માટે કયારે બનાવી છે ? તે બાબતનો નિર્ણય કરીને જ લેવી.

૫. **માવો**—દૂધનો માવો જે દિવસે કર્યો તેજ દિવસે ભક્ષ્ય છે. રાત્રિએ અભક્ષ્ય થાય છે. પણ જો તે માવાને ઘીમાં તળી સોંતળી રાખ્યો હોય. તો રાત્રિ રહી શકે.

તેથી **પેંડા, બરફી, જાંબુ, ઘારીપુરી, મોહનથાળ** વિગેરે મિઠાઈઓ, કે જેમાં માવો આવે છે, તે માવાની મિઠાઇ તુરત બનાવવી જોઇએ, અને ચાર પાંચ દિવસમાં તેની મિઠાઇ વિગેરે વાપરી નાંખવી જોઇએ, તે ઉપરાંત રાખવાથી ખાટો થઈ જવા તથા લીલફુગ પણ થઈ જવા સંભવ છે, અને તે મુજબ

કેટલાક વેપારીઓના માવા ઉપર લીલફુગ થયેલી જોવામાં આવે છે તેવા માવાની મિઠાઈ અભક્ષ્ય છે

વળી માવો કાચો રહ્યો હોય-એટલે તેની અંદર દૂધનો પ્રવાહી ભાગ રહ્યો હોય, તેવા માવાની મિઠાઇ તેજ દિવસે બનાવવી જોઇએ.

મીઠો માવો [ખાંડ નાખેલો] જે ઢીલો વેચાય છે, તે વાશી થયે ન લેવો.

કેટલાક દગાખોરો માવાની સાથે બટેટાં રતાળુ પ્રમુખ કંદ બાફી તેનું મિશ્રણ કરે છે. તે વિષે ઉપયોગ રાખવો.

હે ભવ્યો ! આવી મિઠાઇઓમાં પ્રથમ,મધ્યે અને પશ્ચાત્ કેટલી હિંસા થાય છે ? તથા કેવા દગો થાય છે ? તેનો સહજ ખ્યાલ કરો, જલેબી હલવો વિગેરે મિઠાઈ વગર શું આપણને નથી ચાલતું ! કે બીજી ભક્ષ્ય મિઠાઇ નથી મળતી ? જેથી આવી અભક્ષ્ય મિઠાઇનો ઉપયોગ કરવો ? ધન્ય છે તેવા વીર રત્નોને ! કે જેઓ બહુ આરંભથી નિષ્પન્ન થતી એવી મિઠાઇનો રસસ્વાદથી વિમુખ થઈ સર્વથા ત્યાગ કરે છે. તે વાત યથાર્થ જ છે કે-એક રસનેન્દ્રિયના તુચ્છ સ્વાદ માટે અસંખ્ય જીવોની હાની થાય, છતાં આપણે ભક્ષ્યાભક્ષ્યની દરકાર રાખ્યા વિના આંખ આડા કાન કરી અનાદિકાળની ટેવ મુજબ મુખ હલાવ્યાજ કરીએ છીએ, તે કેવું અફસોસજનક છે?

અરે ! આપણા મુખો કયારે બંધ રહેશે ? અને અણાહારી અનંત સુખમાં કયારે લયલીન થઇશું ? જો એક રસનેન્દ્રિય વશ ન થઇ, તો બાકીની ચાર ઇન્દ્રિયો કદિ વશ થવાની નથી.

તેથી પ્રબલ એવી રસનેન્દ્રિયને વશ ન થતાં, તેનો જય કરવાં ઉજમાળ થવું.

સુજ્ઞ બંધુઓ ! જુઓ કે **વીર પ્રભુએ** સાડાબાર વર્ષ મધ્યે ફક્ત ૩૪૯ દિવસજ આહાર કર્યો છે. બાકી સર્વથા તપ કર્યો છે. તેવા આત્મ-શૂરાઓ જ આત્માનું કલ્યાણ કરી સિદ્ધિ મહેલ પામ્યા અને અત્યંત રસઈન્દ્રિયને વશ થઇ પૌદ્ગલિક સુખમાં આનંદ માનતા એવા આપણે હજુ ચતુર્ગતિમાં ભ્રમણ કરીએ છીએ, દુઃખ અનુભવીએ છીએ છતાં અનાદિની કુવાસના હે ચેતન ! કેમ મટાડતો નથી ? હવે તો ચેત ! ચેત ! જિનશાસન ફરી મળવું દુર્લભ છે, તો આ દેહવડે કાંઇક સાર્થક કર ! કર !

૬. **મુરબ્બો**—કેરીનો મુરબ્બો શીત, ઉષ્ણ તથા વર્ષા-ઋતુમાં જ્યાં સુધી તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પલટાય નહિ, ત્યાં સુધી ભક્ષ્ય અને પછી અભક્ષ્ય છે. એમ **સેનપ્રશ્નાદિક**માં છે. પણ જેમ અથાણાંને માટે જુક્તિથી રાખવાની, તથા કેમ કાઢવું ? વગેરે સૂચનાઓ લખી છે, તેમ મુરબ્બા માટે ઉપયોગ રાખવો. ચોમાસામાં લીલ-ફુગ થઈ ન જાય તેવી જગ્યાએ સંભાળથી રાખવો. મુરબ્બાની [1]ચાસણી જો નરમ હોય, તો

[1] ચાસણી ત્રણ તારી કરવાથી ઘટ રહેવાથી પછી આપ મૂકે એટલે ઢીલા ગોળ જેવો મુરબ્બો થશે, તે નહિ બગડે, પરંતુ જે આમળાંનો તથા સફરજનનો મુરબ્બો અથવા તેના રસો દવા સાથે લે છે, તેમણે તે જુનો હોય તો નહિ લેવો. પતાસા જેવી ચાસણી ન થાય, ત્યાં સુધી ઢીલી ચાસણી ભક્ષ્ય કેમ ગણાય ? આ એક મુનિરાજનો પ્રશ્ન છે. શરબત—દાડમ અનારનો, ગુલાબનો અને

વેળાસર બગડી જાય છે. નરમ ચાસણીના મુરબ્બામાં પંદર વીશ દિવસ પછી લીલ-ફુગ થઇ જાય છે. માટે આવી ચીજો બનાવવા-રાખવામાં બહુ ઉપયોગ રાખવો.

બીજોરાં, સફરજન, નારંગીના મુરબ્બાનો લેખ નથી, માટે ઉપયોગ રાખીને વર્ણ-ગંધાદિકની તપાસ કરી, લેવો ઘટિત છે. મુરબ્બો અથાણાં વિગેરે ઉઘાડા રહેવાથી બગડી જવા સંભવ છે અને મિઠાઈ, ચવાણું (સેવ, ગાંઠીયા પ્રમુખ) તદ્દન બંધ રાખવાથી બગડી જાય છે. અને ચોમાસામાં તો હવા લાગવાથી પણ લીલફુગ થઇ જવાથી અભક્ષ્ય થાય છે, માટે જે જે વસ્તુ જેમ ઉપયોગપૂર્વક સારી રહી શકે, તેમ કરવું. બહેતર છે, કે-જેમ બને તેમ રસ-સ્વાદની ન્યૂનતા કરી આવી વસ્તુઓનો ત્યાગ થાય, તે શ્રેષ્ઠ છે: અને જો કોઇ પણ રીતે જીભલડીને ચાલે નહિ, તો અતિ ઉપયોગથી વર્તવાની આવશ્યકતા છે; નહિંતર અનેક જીવોના વિનાશના કારણિક થઇ દુર્ગતિમાં જઈ કરેલ કર્મ ભોગવવાં પડશે. માટે કાં તો રસઇન્દ્રિયનો જય જ કરવો, નહિંતર પ્રમાદ વર્જી જયણાપૂર્વક વર્તવું, જેથી અલ્પ દોષ લાગે.

૭. સંભારો તથા **સેવ, પાપડ, ખેરો, ફરફર, અડદની સેવ, સાળીવડાં** કે **ખીચીયાં પાપડ** વિગેરે શિયાળા ઉન્હાળામાં સૂર્ય ઉદય થાય. ત્યારે તેનો લોટ બાંધી

બીજા જે થાય, તે પ્રવાહી હોવાથી ભલે પેકબંધ છતાં બોળ અથાણાં જેવો ગણવો જોઇએ. કેમકે—તેની ચાસણી કાચી હોવાથી, તેમાં પાણી ઘણું છે.

સીરકો-અનેક લીલોત્રીનો બનેલો આવે છે, તે-બોળ અથાણું છે.

બનાવવા અને સૂર્યઅસ્ત પહેલાં બરોબર સુકાઈ જવા જોઇએ નહિંતર વાશી થાય. ચોમાસામાં આવી ચીજો બનાવવી, રાખવી કે ખાવી યુક્ત નથી. કારણ કે-તેમાં ત્રસ જીવની તથા લીલ-ફુગની ઉત્પત્તિ થવા પામે છે. કદાચ ચોમાસામાં પાપડ [જે અષાઢ સુદ ૧ થી ૧૫ સુધીમાં બનાવેલા હોય, તે] ખાવા માટે રાખવા હોય, તો તેને તડકો અવાર-નવાર દેવો. અને વારંવાર પ્રમાર્જવાની તથા હેરવવા-ફેરવવાની બહુ સંભાળ રાખવી, પણ આજે પ્રમાદને વશ થઈ પ્રાયઃ તેવો ઉપયોગ કોઈ રાખતા નથી, કે રાખવાના નહિ. માટેજ ચોમાસામાં નજ ખાવા ઉત્તમ છે. કેટલાક શિયાળા, ઉન્હાળામાં બનાવેલ **સેવ, પાપડ** પ્રમુખ ચોમાસું અને બીજા (આવતા) શિયાળા પર્યન્ત રાખી ખાય છે, તે કેવળ અયુક્ત છે. ખરી રીતે તો અશાડ સુદ ૧૫ પહેલાં જ તેવી ચીજો વાપરી નાંખવી અને કાર્તિક શુદ ૧૫ પછી જ બનાવવી યોગ્ય છે. **સેવ, પાપડ,** વિગેરે જે બજારમાં તૈયાર મળે છે, તે વાપરવું યુક્ત નથી. "પાપડ વડી ચોમાસામાં અભક્ષ્ય છે." એમ **શ્રાદ્ધવિધિમાં** કહેલ છે.

---

૧. સેવ [પરદેશી મેંદાની અભક્ષ્ય] પાપડ અડદની કળાનો લોટ, સૂર્યોદય પછીજ બાંધવો. વડી, ફરફર, ખીચીયાં (સાંળીવડાં) જે ચોખાનો લોટ રાંધીને કરાય છે, તે પણ સૂર્યોદયેજ કરવું. એ પણ જે ચણાનો લોટ મશાલો પાણીમાં આથીને પાડે છે, તે પણ સૂર્યોદયે આથીને બનાવવો જોઇએ, અન્યથા તે અભક્ષ્ય છે, વિરતિવાળાએ ખાસ આવી ચીજોનો ઉપયોગ કરતાં અગાઉ તે ક્યાં કેવી રીતે બનાવેલ છે ? તે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા પછી જ વાપરવું યુક્ત છે.

૮. **દૂધપાક-બાસુદી, ખીર, શીખંડ, દૂધ, દૂધની મલાઈ** વિગેરે બીજે દીવસે વાશી થાય છે, તેથી અભક્ષ્ય છે. તથા રાત્રે બનાવેલું પણ અભક્ષ્ય છે. રસસ્વાદની લોલુપતાને લીધે આવી ચીજો રાતવાસી રાખીને બીજે દિવસે ખાવી, તે શરમ ભરેલું છે. દહીંની મલાઈને કાળ દહી મુજબ જાણવો.

૯. **કેરી-આર્દ્રા નક્ષત્ર** બેસે, ત્યારથી પાકેલી કેરીને રસ ચલિત થાય છે, તેથી કેરી અભક્ષ્ય છે. ગંધાઈ ગયેલી સડેલી, ઉતરી ગયેલી, કાયમ અભક્ષ્ય છે. કેરી ચૂસીને ખાવી તે કરતાં રસ કાઢીને ખાવી ચુકત છે. કારણ કે-ચૂસવાથી તેને ગોટલો જ્યાં નાંખીએ, ત્યાં આપણી લાળ અડી હોય, તેથી અસંખ્ય સંમૂર્છિમ લાળીયા તથા પંચેન્દ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય. વળી કેરીમાં ત્રસ જીવ (ઈયળો) કદાચ નીકળે છે, તેથી રસ કાઢયો હોય, તો જોવામાં તે આવવાથી રસની જીવાતો પેટમાં નહિ જતાં, તેની અને આપણી રક્ષા થાય, વળી, ચૂસવાથી સચિત્ત રસ વપરાય, અચિત્ત ન વપરાય, કેરીને રસ ઉન્હાળાની સખત ગરમીને લીધે સવારને કાઢેલો સાંજ સુધી રહી શકવાને સંભવ થોડો હોય છે. તેથી જ્યારે ઉપયોગ કરવો હોય, ત્યારે રસ કાઢવો, અને ચાર છ કે આઠ ઘડી રાખવો હોય, તો ઠંડા પાણીના વાસણમાં રસનું વાસણ રાખવું, અને જ્યાં ગરમી ન લાગે તેવી જગ્યાએ રાખવો. આર્દ્રા નક્ષત્રથી કેરીને અવશ્ય ત્યાગ કરવો ઘટે છે. કેમકે-ત્યારબાદ આ ક્ષેત્રમાં તો કેરી પ્રત્યક્ષ કોહી જતી જણાય છે. વરસાદ વિગેરે કારણે કોઈ વખત વ્હેલી પણ બગડી જાય છે, અને કોઈ વખતે આર્દ્રા પછી પણ કંઈક સારી રહેતી હોય, તેટલા ઉપરથી શાસ્ત્રકારોએ આર્દ્રાની

મર્યાદા રાખી છે, તે ખોટી ઠરતી નથી. [કેમકે-આર્દ્રામાં વરસાદનો ખાસ સંભવ હોવાથી એ પ્રમાણે મર્યાદા બરાબર છે આગળપાછળ વસ્તુસ્થિતિ ગમે તેવી હોય, છતાં કાળ મર્યાદા અમુક નક્કી કરવીજ જોઇએ. અને પછી એ મર્યાદાનું શિસ્ત ખાતર પણ આગ્રહપૂર્વક પાલન કરવું જ જોઇએ. નહીંતર તો કાંઇ વ્યવસ્થાજ ન રહે.]

[બીજા દેશોમાં ચોમાસામાં કેરી પાકે છે, ત્યાંને માટે પણ શાસ્ત્રમાં જુદો ઉલ્લેખ જણાતો નથી. એટલે સામાન્ય રીતે તે દેશોમાં પણ આર્દ્રા બાદ કેરી અભક્ષ્ય ગણવાની શાસ્ત્રાજ્ઞા જણાય છે. નહીંતરે પૂર્વાચાર્યોના વિહાર ભારતવર્ષના દરેક વિભાગમાં રહેલ છે. એટલે જો ફેરફાર હોત, તો તેવો ઉલ્લેખ કોઇ પણ ઠેકાણે કરવામાં આવ્યો હોત. પરંતુ તેવો ઉલ્લેખ હજુ જોવામાં આવેલો નથી.]

૧૦. **પાપડ**-શેકેલા પાપડનું બીજે દિવસે રૂપાન્તર ફરી જવાથી વાશી થાય. તેલ કે ઘીમાં તળેલો બીજે દિવસે વાપરી શકાય, પાપડમાં નીલ ફુગની બહુ સંભાળ રાખવી જોઈએ.

૧૧. **ચટણી**—કોથમીર કે ફોદીનાની ચટણી કરવામાં આવે છે, તેમાં દાળીયા (શેકેલા ચણા) કે ગાંઠીયા વિગેરે નાંખીને બનાવેલી, તેજ દિવસ ભક્ષ્ય, બીજે દિવસે વાશી થાય. ખટાઇ (લીંબુ કોઠ પ્રમુખ) વાળી, કોથમીર કે ફોદીનાની પાણી વિનાની, કોઈ પણ અનાજ નાંખ્યું ન હોય,-તેવી ચટણી ત્રણ દિવસ સુધી લેવાય. ઘુંટતાં પાણી નાંખ્યું હોય, તો બીજે દિવસ વાશી જરૂર થાય. ખટાઈ વિનાની ચટણી તડકો દઈ

સુકવી રાખી હોય, તો બીજે દિવસે લેવામાં બાધ જણાતો નથી. અન્યથા બાધ જાણવો. ખરૂં જોતાં તાજે તાજી–રોજે-રોજની બનાવીને ખાવી ઉત્તમ છે. કદાચ, એઠવાડ પડી જાય કે એઠા હાથનો સ્પર્શ થઈ જાય, તેથી પણ અભક્ષ્ય થાય.

૧૨. સંભારો—લોટ, મેથી કે પાણી નાંખીને બનાવેલ સંભારો બીજે દીવસે વાશી થાય.

૧૩. પક્વાન્ન–મિઠાઈ-ગોળપાપડી–કે પાકના લાડુ જે પાણી વિનાજ થાય છે, તે વર્ણ ગંધ રસ સ્પર્શ ફર્યે અભક્ષ્ય થાય. એટલે તેના માટે "પકવાન્નના જેટલોજ કાળ હોય" તેમ કહી શકાય નહિ, "વિશેષ કાળ પણ પહોંચે," તેમ શાસ્ત્રમાં પણ કહેલ છે. જો ગોળની તથા ઘીની વિગઇનો ત્યાગ કર્યો, હોય, અને નીવિયાતાની જેને છૂટ હોય, તેને તે દિવસની કરેલી ગોળપાપડી લેવાય નહિ, બીજે દિવસે લેવાય. કેમકે તેને તેજ દિવસે તેમાંનું વિગઈપણું મટે નહિ. તોપણ ઉત્કૃષ્ટથી સુખડીના કાળ મુજબ લેવામાં ઠીક છે. કારણકે–કેટલીક વખત રસઇંદ્રિયમાં લુબ્ધ થઈ જવાથી તેના વર્ણ-ગંધાદિક પલટાયા હોય, ને ખબર ન પડે, તો તે વાપરવાથી દોષ લાગે, માટે ગોળપાપડીનો કાળ જે પક્વાન્નોના કાળ જેટલો કહેલ છે, તે પ્રમાણે લેવો તે વધારે સારું છે.

મિઠાઈ સારી અને ઉત્તમ પ્રકારની બનાવેલી વર્ષાકાળમાં ઉત્કૃષ્ટ **પંદર દિવસ**, ઉન્હાળામાં **વીશ દિવસ**, તથા શિયાળામાં **એક માસ સુધી** ભક્ષ્ય છે. પછી અભક્ષ્ય છે.

કંદોઇની દુકાનની મિઠાઇ પ્રાયઃ તેવી ઉત્તમ ન હોવાથી

તેનો કાળ ઓછો જાણવો. અને જો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે તો કાળમાન પહેલાં પણ અભક્ષ્ય થાય. કંદોઇની દુકાનની મિઠાઇ વાપરવામાં અનેક દોષ છે, તેથી ઘેર બનાવી-કરાવીને ખાવી ઉત્તમ છે. કારણ કે-કંદોઇ જે પાણી વાપરે, તે ગળેલ હોય કે નહિ. બીજું, તે પાણી પીઇને એઠો પ્યાલો તે વાસણમાં બોળે, એટલે અસંખ્ય સંમૂર્છિમ જીવ થાય. વળી જુનો માલ (સુખડી) વધેલ હોય, તેનો ભૂકો વિગેરે નવી મિઠાઈ સાથે પણ ભેળવે. લોટ વગેરે જુનો માલ વાપરે, ચાળ્યા વગર પણ વાપરે. રાત્રે આરંભ કરીને બનાવે. પરદેશી મેંદો વિગેરે અભક્ષ્ય ચીજ વાપરે. ઘી હલકું-ખોરૂં પણ વાપરે લાકડાં, ચૂલો, વિગેરે પ્રમાર્જે કે નહિ. ચૂલા ઉપર ચંદરવો ક્યાંથી હોય? યતના વગર બનાવતા હોવાથી એકેન્દ્રિયથી માંડીને ચૌરિંદ્રિય અને અસંજ્ઞી-સંમૂર્છિમ પંચેંદ્રિય સુધીના અનેક જીવોની સખ્ત હિંસાઓ થવા પામે છે. વિગેરે કારણોથી કંદોઈની દુકાનની મિઠાઈ કે સેવ ગાંઠીયા, બુંદી, ચવાણું પ્રમુખ પ્રાયઃ ચોમાસામાં તો કંદોઇની મિઠાઇનો અવશ્ય ત્યાગ કરવો જ જોઇએ.

મિઠાઇનું કાળમાન-કાર્તિક શુદ ૧૩ કે ૧૪ સુધીમાં જે મિઠાઈ બનાવી હોય. તેનો **કાળ ૧૫ દિવસનો** જાણવો. કારણ કે-તે મિઠાઈ ચોમાસાના કાળમાં બનાવી હોય છે, ફાગણ સુદ ૧૩ કે ૧૪ સુધીમાં બનાવી હોય તેનો કાળ (૨૦) વીસ દિવસનો ગણવો. જો કે તે મિઠાઈ શિયાળાના કાળમાં બનાવી છે, પણ ગ્રીષ્મ ઋતુમાં વાપરવાની છે, તેથી તેનો ઉન્હાળા પ્રમાણે કાળ ગણવો. અને અશાડ શુદ ૧૩ કે ૧૪ સુધીમાં જે મિઠાઇ બનાવી હોય તેનો કાળ ૧૫

દિવસનો ગણવો, કારણ કે-તે મિઠાઇ વર્ષાઋતુમાં વાપરવી છે. તેવી રીતે ઓછો કાળ સમજવો, પણ વિશેષ નહિ.

તેમ વર્તવાથી દોષ લાગે નહિ. વ્રત બહુ શુદ્ધ રહે. કેટલીક મીઠાઈ તો બીજે જ દિવસે કે બે ચાર દિવસે જ પણ વર્ણ ગંધ રસાદિ ફરી જવાથી અભક્ષ્ય થાય છે, તથી દરેક ચીજ સારી રીતે જોઇ, તપાસી, સુંઘી, ખાતરી કરીને વાપરવી ઉચિત છે.

પરદેશી મેંદાની કે પરદેશી પડસુદીના આટાની મીઠાઇ અભક્ષ્ય છે.

જિનેશ્વર ભગવંતોએ ઉપયોગે અને આણાએ ધર્મ કહ્યો છે, માટે આવી અનેક બાબતોમાં અતિ ઉપયોગ રાખવો જરૂરનો છે. બંધુઓ ! પ્રથમ તો ધર્મમાર્ગમાં પ્રવેશ કરતાં ઘણાં જીવોને તે કડવો ઔષધ સમાન લાગે. કોઈ મહાપુન્યશાળી હલુકર્મી પ્રાણીઓને ધર્મ પ્રત્યે અત્યંત ઉત્સુકતા હોય છે. ધર્મ જો ખુશીથી કરવો ન ગમતો હોય, તો પણ કર્મરૂપી રોગ દૂર કરવા ધર્મરૂપી ઔષધ પરાણે પણ ગ્રહણ કરવું, જેમ કોઇ રોગી માણસ હોય, તેને કડવી દવા પીવી જરાયે ગમતી નથી, ત્યારે તેથી વિમુખ થઇ જો તે દૂધપાક પુરી આદિ મિષ્ટ પદાર્થો વાપરે, તો અલ્પ વખતમાં તે કાળવશ થઇ જાય, અને જો કડવી દવા પરાણે પણ પીયે, તો તેના રોગનું અવશ્ય નિવારણ પણ થાય. તેમજ જો આપણને ધર્મ ઉપર રુચિ થતી ન હોય તો પણ કરવી. જો વિષયવાસના વિગેરેમાં લપટાઈશું તો અનંત ભવ ભ્રમણ કરવું પડશે તેથી જ કર્મરૂપી રોગનું

નિવારણ કરવા આ ધર્મરૂપી જુદાં જુદાં અનુપાનો (ઔષધ) પ્રયોગો જણાવ્યા છે, તેથી કંટાળીને વિમુખ ન થતાં, સંપૂર્ણ આત્મવીર્ય ફોરવવું, જેથી સહેજે શિવસંપદા પામીશું. મિષ્ટાન્ન વગેરેના સંબંધમાં વિશેષ જાણવા છેલ્લે પરિશિષ્ટમાં જુઓ.

૧૪. ચવાણું–સેવ, ગાંઠીયા, બુંદી[1], દાળ[2], ચેવડો વિગેરે ફરસાણ ચવાણાનો કાળ મિઠાઈ જેટલો જાણવો અને વર્ણ ગંધ રસ સ્પર્શ ફરે તો કાળમાન[3] પહેલાં પણ અભક્ષ્ય જાણવું. ભજીયાં, કચોરી, લોચાપૂરી, માલપૂઆ, વિગેરે નરમ વસ્તુઓ બીજે દિવસે વાશી થાય છે.

૧૫. ચૂરમાના લાડુ—મૂઠીયા તળીને બનાવ્યા ન હોય તે બીજે દિવસ વાશી થાય, પરંતુ સારી રીતે તળેલા ઉત્તમ મૂઠીયા બનાવ્યા હોય; તો બીજે ત્રીજે દિવસે ખાવામાં બાધ નથી.+ખસખસ ચૂરમાના લાડુ તેમજ કેટલીક મિઠાઇમાં છાંટે છે; તે વાપરવા યુક્ત નથી. **વિરતિવંતે** તો ખાસ ખ્યાલ રાખવો. [આકરા તાપથી તળેલા અંદર કાચા રહે, અને ઉપર લાલ જલ્દી થઈ જાય તો વાશીનો સંભવ થાય. માટે ધીમા મધુરા તાપથી મૂઠીયાં તળવાં જોઇએ.]

---

૧ બુંદી નરમ તળેલ હોય, તો તે વાશી થાય.

૨ રાત્રે પલાળેલી દાળ વાશી થાય, માટે વાપરવી નહિ.

૩ ઘી, તથા તેલ ખોરૂં થાય, તો અભક્ષ્ય કહેલ છે. તો તેવા ઘી તેલની મીઠાઇ પણ અભક્ષ્ય જાણવી.

+ **ખસખસ** અભક્ષ્ય છે, માટે કંદોઈની દુકાનેથી મીઠાઇ લેનારે તેનો નિર્ણય કર્યા વિના વિશ્વાસ રાખવો નહિ.

૧૬. રસોઇ–ઊન્હાળામાં સવારે રાંધેલ દાળ, ભાત વિગેરે રસોઈ સખ્ત તાપને લીધે સાંજે ઉતરી જઈ બેસ્વાદ [ચલિત રસ] થઇ જવા સંભવ છે, ત્યારે અભક્ષ્ય થાય છે. રોટલી, રોટલા વિગેરે પણ સંભાળથી મૂકી રાખવા જોઇએ. એકદમ ગરમ ગરમ હોય તેવા જ તેના વાસણમાં ભરી ન દેવા પણ થોડીવાર પછી ભરવા. તેમજ ગરમ તાપની અસરમાં ન મૂકવા. ઢાંકવામાં કાળજી રાખવી જોઇએ. તથા મૂકવાનું સ્થળ સ્વચ્છ અને જીવજંતુઓ વગરનું, તથા ખુલ્લી હવા મળે, તેવું હોવું જોઇએ. [રસોઈ મધ્યમ પાકથી બનાવવી જોઇએ. કડક રાખવાથી, વધારે પડતી બાળી નાંખવાથી, દુણાઈ જવા દેવા વિગેરેથી પણ ઠીક નથી. પચવામાં ભારે થાય છે. અપક્વ અને દુષ્પક્વ ન હોવી જોઇએ. તેવી રસોઇ ખાવામાં અતિચાર ગણાવેલ છે] વળી, કલઇ વિનાના વાસણમાં દહિં, છાશ, વિગે ખાટા પદાર્થો તથા બીજી રસોઇ દાળ, શાક, વિગેરે પણ કટા જાય છે, તેથી તે વસ્તુના વર્ણાદિક ફરવાથી તે ખાવા લાય રહેતા નથી. જેથી પીતલ કે ત્રાંબાના કલઈ રહિત વાસણમ તે વસ્તુઓ જરાવાર પણ ન રાખવી. કેટલીક વખત થોડી કલા રહી હોય, તેવા વાસણમાં રાંધવું, રાંધેલી વસ્તુ, કે દહિં–છાશ રાખવાથી પણ તે કટાઈ જાય છે માટે અવારનવાર કલા કરાવવાનો ખાસ ઉપયોગ રાખવો. તેમાં પ્રમાદ કે લોભવૃત્તિ રાખવા જતાં તેનું પરિણામ વ્યાધિ વિગેરે અતિ ખરાબ આવે છે. [કોઈપણ રસોઈ સામાન્ય રીતે રાંધ્યા પછી જેમ વખત પસાર થતો જાય, તેમ તેમ પચવામાં પણ ભારે થતી જાય છે. એજ પ્રમાણે ખાંડેલા દળેલા મશાલા, દળેલા આટા, મીઠાઇઓ વિગેરે પણ પચવામાં ભારે થતી જાય છે. અને બતાવેલ કાળમાનના વખત પછી તો અંદર ઘણા ખરાબ તત્ત્વો પ્રવેશ

પામીને ખાવા લાયક રહેતી નથી. એટલે જંતુઓ પણ ઉત્પન્ન થવા માંડીને અહિંસાદૃષ્ટિથી પણ અભક્ષ્ય બને છે. કલાઈ કરાવેલા તથા કાંસાના વાસણો ખોરાકના પદાર્થો મૂકવાં માટે જરૂરી છે. પરંતુ આરોગ્યદૃષ્ટિથી પણ જેમ બને તેમ ખાટા પદાર્થો ખાવાનો પ્રચાર ઓછો રાખવો હિતાવહ છે. ખાટો રસ જેમ પાચક છે, તેમ સ્તંભક હોવાથી આખી જીંદગી સુધી ખાધેલા ખાટા રસનું પરિણામ વૃદ્ધાવસ્થામાં બહુ અસરકારક જણાય છે. સામાન્ય રીતે આંબળા અને દાડમ સિવાયની તમામ ખાટી વસ્તુઓ ગરમ છે સફેદ કોકમ, લીંબુ વિગેરે તીવ્ર ખટાશવાળા પદાર્થો દાળ-શાકમાં નાખવા ઠીક નથી, કાળા કોકમની ખટાશ માફકસર છે. માટે તે ઠીક છે. ખાટો રસ સ્વાદ આપે છે. પાચનમાં પણ મદદ સારી કરે છે. પરંતુ ખોરાક સાથે પોતે પણ પચીને શરીરમાં ઘર કરે છે, ને પછી વા-રોગના રૂપના કે બીજા સાંધા પકડવાના રૂપમાં શરીરને નુકશાન કર્યા જ કરે છે, જે વૃદ્ધાવસ્થામાં જણાય છે. [એજ રીતે **એલ્યુમેન્યમ**ના વાસણો સંધવા ખાવા કે-તેલ સિવાયની ચીજો રાખવાં માટે નકામા જણાય છે.]

૧૭ ઓદન (ભાત)-રાંધેલો *ભાત છાશમાં રાખેલ હોય તેનો કાળ આઠ પહોર સુધીનો છે. તેટલો કાળ. ભાત સાંજે

* છાશમાં ખુડ જોઈએ, છાશ નવું પાણી ભેળવેલી નહિ, ત્રણ દિવસનું **ઓદન** લેવાથી **સૂત્રમાં અતિચાર** કહેલ, છે તે ફક્ત જાડી છાશથી રાંધેલ અનાજ સમજવું.

રાંધ્યો હોય, અને છાશ છાંટેલ હોય તેનો સમજવો. પરંતુ સવારનો ભાત જો છાશ છાંટીને રાખ્યો હોય, તો તેજ દિવસે વપરાય, સૂર્ય અસ્ત થયાં પછી તે કામમાં ન આવે.

છાશ છાંટીને સાંજનો રાંધેલો ભાત રાખવામાં પણ બહુ ઉપયોગ રાખવાનો છે. તે ભાતના (સૂર્ય અસ્ત થતાં પહેલાં) દાણેદાણા છુટા કરી નાંખવાંજ જોઇએ, અને જો તેમ ન થાય તો તે વાશી થાય. માટે એક એક દાણો છુટો કરી નાંખવો. અર્થાત્ પાણી બહુ થોડું ને દહિં ઘણું હોય, તેવી છાશ જોઇએ. તથા તે ભાત જ્યારથી તૈયાર થયો હોય, ત્યારથી કાળ આઠ પ્રહરનો ગણવો, પણ છાશ છાંટી હોય ત્યારથી નહિ અને સૂર્ય અસ્ત થતા પહેલાંજ તેની પૂર્વોક્ત સઘળી ક્રિયા કરી લેવી જોઇએ.

ચોમાસામાં તો આ પ્રમાણે ભાત રાખવોજ યોગ્ય નથી. બહેતર તો એજ છે, કે-આવી વસ્તુ ઉપરથી મમતા ઉઠાડી લેવી. કેમકે-પ્રમાદવશાત્ આપણે ઉપર કહ્યા પ્રમાણેની કાળજી પ્રાયઃ રાખી શકતા નથી, અને તેથી વાશીનો દોષ લાગે છે માટે જોઇતું જ રાંધવું, તેમ છતાં કદાચ વધે, તો અનુકંપાદાન કરવું ઠીક છે.

કેટલેક ઠેકાણે નાતમાં સાંજે ભાત, મગ વિગેરે રાંધેલી રસોઇ વધી પડી હોય, તેનો કૃપણ પ્રકૃતિને લીધે સદુપયોગ તો ન કરી શકે, પરંતુ બીજે દિવસે તે વાશી રસોઇ નવી સાથે ઉમેરી દઈ ખવરાવે છે તેથી ચલિતરસના ત્યાગીએ ખાસ તથા બીજાઓએ પણ આવે ઠેકાણે જમતાં પહેલાં સાવચેતરહેવું.

શ્રાવકે આ પ્રમાણે વાશી ખવરાવવું તેજ શરમાવા જેવું છે, પોતાના અલ્પ નુકશાનને ખાતર અસંખ્ય જીવોનો વિનાશ થાય, તે, તે કબુલ કરે છે. અફસોસ! બંધુઓ! તેના કિંપાક સમાન ફળ ચાખવાં પડશે, ત્યારે અતિ ત્રાસ થશે. માટે સમજો અને અનાદિની કુમતિને કાઢો, જેથી સુમતિના સંગથી સ્વ-આત્માનું શ્રેય: કરી અવિચલ સુખમાં વાસ પામીએ.

૧૮ દહીં—" પ્રભાતે [દૂધમાં ખટાઇ નાંખીને] મેળવેલું દહીં સોળ પહોર પછી અભક્ષ્ય થાય અને સંધ્યા સમયે મેળ-વેલું દહિં બાર પહોર પછી અભક્ષ્ય થાય છે." એમ સેન-પ્રશ્નમાં કહ્યું છે.

એટલે દ્રષ્ટાંત તરીકે–રવિવારની સવારે સાત આઠ કે દશ વાગ્યે મેળવણ નાંખ્યું હોય, તેનો કાળ રવિવારના સૂર્ય ઉદયથી જ ગણવો, નહિ કે "દશ વાગે મેળવ્યું એટલે ત્યારપછી ૧૬ પહોર." અર્થાત રવિવારના અહોરાત્રિના આઠ પહોર મળી સોળ પ્રહર.

તે દહિં મંગળવારના સૂર્યોદય પહેલાં વલોવી નાંખવું જોઇએ. ત્યારથી સોળ પહોર તેની છાશનો કાળ સમજવો. તેવી જ રીતે રવિવારના સંધ્યા સમયે કે ત્યારપછી મેળવણ નાંખ્યું હોય તેનો કાળ રવિવારના સૂર્યાસ્તથી ગણવો, એટલે રવિવારની રત્રિના ચાર પહોર તથા સોમવારની અહોરાત્રિના આઠ પહોર મળી બાર પહોરનો કાળ જાણવો. અર્થાત્ દહીં મેળવ્યા પછી એ રાત્રિનું કાળમાન જાણવું. [મેળવણ ગમે ત્યારે નંખાય, પરંતુ સામાન્ય રીતે દુધ દોહવાના પ્રસિદ્ધ

વખતથી દુધની અંદરના તત્ત્વો દહીં બનવાની ક્રિયા તરફ ગતિ કરી રહ્યા હોય છે. તેથી તે દોહવાયા પછીથી જ કાળ-ગણના કરવી બરાબર છે.]

વર્ણાદિક ન પલટાય તો દુધ ચાર પહોર સુધી ભક્ષ્ય છે. તે દરમિયાન મેળવવું જોઇએ. અને બપોર પછી કે સંધ્યા પછી ગમે ત્યારે દોહેલું દુધ હોય, તેમાં રાત્રિના બાર વાગતાં મધ્ય રાત્રિ પહેલાં મેળવણ નાંખી દેવું જોઇએ.

દહીં બજારમાંથી લેવાં કરતાં ઘેર બનાવવું શ્રેષ્ઠ છે. કારણ કે તેઓનાં વાસણ પ્રાયઃ શુદ્ધ ન હોય, ઉઘાડા-ઢાંકયા વગર પણ રહે, વાશી દુધનું કે મિશ્રણ કરેલા દુધનું સંચાના દુધનું બનાવે. કાળમાન ઓછું વધારે રહે, વળી પઉવાં રાંધી દુધની સાથે મિશ્ર કરી મેળવી દહીં બનાવે છે. કેટલીક વખતે મૃત્યુ પામેલા જીવો પણ દહિંમાંથી નીકળેલા જોવામાં આવે છે. વગેરે અનેક દોષોના કારણથી ઘેર બનાવી વાપરવું યુકત જણાય છે.

કાંજી કે જે ચીજ કાંજી અથવા ગરમ કરેલી છાશની આશ-પરાશ કહેવાય છે, તે કાંજીનો કાળ સોળ પહોરનો કહ્યો છે.

દહીં, છાશ ને કાંજીનો સોળ પહોરનો ઉત્કૃષ્ટો કાળ કહ્યો તે સોળ પહોર એટલે કે બે રાત્રિ ઉલ્લંઘન ન થવી જોઈએ તે પહેલાં પણ જો વર્ણાદિક ફરે, તો તે અભક્ષ્ય જ છે. **ચલિતરસ**માં જે જે કાળમાન કહ્યું છે, તે તે વસ્તુ ઉત્કૃષ્ટા કાળ સુધી આચરણીય, ત્યાર પછી કદાચ નિશ્ચયથી ચલિત ન થઇ હોય, તો પણ તે વ્યવહારથી અનાચરણીય છે.

એટલે કાળમાનનો અર્થ એવો થયો, કે જે મર્યાદા જે

કાળની **આચાર્ય** મહારાજે બતાવી છે. તે પછી તો તે વસ્તુ ન જ વપરાય, અને જો કદાચ કાળમાન પહેલાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પલટાય, કે તે અભક્ષ્ય જાણી ત્યારથી જ વર્જવાનું ખાસ ધ્યાનમાં રાખવું.

૧૯. દૂધ—ચાર પહોર સુધી ભક્ષ્ય છે, પરંતુ સાંજનું દોહેલું દૂધ હોય તો તેનો ઉપયોગ **મધ્યરાત્રિ** અગાઉ થઈ જવો જોઈએ. કેટલીક વખત ગ્રીષ્મ ઋતુમાં દૂધ સખ્ત તાપને લીધે કે વધારે વખત રહેવાથી અથવા ઉપયોગપૂર્વક શુદ્ધ વાસણમાં ન રાખવામાં આવે, વિગેરે કેટલાક કારણોથી બગડી જાય છે. અને કોઈવાર દહીંની માફક જામી જાય છે. તેને "દહીં થયું" સમજી વાપરવું નહિ, કારણ તે દૂધના વર્ણાદિક પલટાય, તેથી તે દૂધ જ અભક્ષ્ય છે. કોઈવાર દૂધ ફાટી જાય છે, તો પણ તેના વર્ણાદિક ફરવાથી અભક્ષ્ય માનવું.

કેટલાક વેચનારાઓ વાશી દૂધનો ભેગ કરે છે, **કલકત્તા** તરફ રાત્રે દૂધ ખુબ ગરમ કરી, તેમાંથી મલાઈ કાઢી, તેમાં સીંગાપુરથી આવતા આરારુટ (એક જાતનો આટો) નો ભેગ કરી, સવારમાં તાજું દૂધ કહી વેચે છે. પોતાના તુચ્છ સ્વાર્થને માટે બંધુઓ! આ લોકો શું શું નથી કરતા? અર્થાત્ તેઓ પ્રાયઃ દરેક વસ્તુમાં કૂડ-કપટ કરે છે તેની બારીકાઈથી તપાસ કરવી તથા બનતો ઉપયોગ રાખવો.

બગડેલા વાશી દુધનું દહીં, દુધપાક, બાસૂંદી મલાઈ, માવો વગેરે પદાર્થો પણ અભક્ષ્ય થાય.

દુધ દહીં પ્રમુખ પ્રવાહિ પદાર્થના વેચવાવાળા લોકો તે

વસ્તુના વાસણ ઉઘાડાં અને અજયણાથી કેટલીક વખત રાખે છે, તેથી થોડા વખત ઉપર કાઠિયાવાડમાં જુનાગઢ શહેરમાં એક દુધના વેચનારાએ તેનું દુધ એક દિવસ જ્યાં જ્યાં આપ્યું ત્યાં ત્યાં જેઓએ તે દુધ વાપર્યું તેઓને કલાકોના કલાકે સુધી ઝાડા, ઉલ્ટી, તથા અત્યંત બેચેની ભોગવવી પડી હતી. તપાસ કરતાં માલૂમ પડયું કે–"તે દુધમાં જીવની લાળ વિગેરે ઝેરીપદાર્થ પડેલો હોવાથી તેઓને બિમારી ભોગવવી પડી હતી." કોઇવાર સર્પ વિગેરેની લાળ (વિષ) પડી હોય, ને તે વાપરવાથી મૃત્યુ પામવાનો સંભવ છે. આવા ઘણાં પ્રસંગો બને છે.

તેટલાજ માટે શાસ્ત્રકારોએ દશ જગ્યાએ ચંદરવા રાખવા કહ્યું છે. વળી એક મીનીટ પણ પાણી, ભોજન વિગેરે વાસણ ઉઘાડાં ન રાખવા, વગેરે પ્રકારની યતના આ ગ્રંથમાં કહી છે, તે શારીરિક તથા ધાર્મિક બન્નેય લાભને માટે છે, જેથી અવશ્ય ઉપયોગ રાખવો [દિશાજંગલ માટે લઇ જવાના પાણી વાસણ પણ ક્ષણવાર ઉઘાડા ન રહે, તેને માટે પણ વિવેકી શ્રાવકો ઢાંકણાની યોજના રાખે છે.] બંધુઓ ! આ ઉત્તમ જૈનધર્મમાં પ્રકાશેલી યતના અથવા દયા ખરેખર તેના પાળનારને શીઘ્ર મુક્તિ આપે છે. ખરેખર જૈનધર્મની બલિહારી છે

દોહેલું દુધ જેમ બને તેમ તુરત વેળાસર ગરમ કરી રાખવું જોઇએ, નહિંતર ઠંડું દુધ થોડા વખતમાં બગડી જવાનો સંભવ છે, મુનિ મહારાજાઓ પણ ઠંડું દુધ વહોરતા નથી. તથા દુધ ગાળીને ગરમ કરવુ જોઇએ [ગાય વિગેરેનો વાળ પીવામાં આવી જાય, તો સડાના ભયંકર રોગનો સંભવ થાય છે.]

દુધને ગળ્યા વિના ન પીવાનું **અન્ય ધર્મમાં** પણ કહેલું છે. અને **જૈનશાસ્ત્ર**માં ગલણાં સાત કહ્યાં છે.

૧ મીઠા પાણીનું, ૨ ખારા પાણીનું, ૩ ગરમ પાણીનું, ૪ દુધનું, ૫ ઘીનું, ૬ તેલનું અને ૭ આટો ચાળવાનું.

દુધ વેચનારા દુધમાં થોડું પાણી ભેળવે, તે અણગળેલું પાણી જંતુવાળું હોય.

ગાયનું, ભેંસનું, બકરીનું અને ગાડરીનું એ ૪ દુધને **દુધવિભાગમાં** શાસ્ત્રકારોએ ગણ્યા છે. તેથી બાકીના બીજા જનાવરોનું દુધ ખાવામાં દોષ છે. જલદી અભક્ષ્ય થઇ જાય છે, ને રોગ પણ ઉપજાવે છે, [શહેરોમાં દુધમાં–સેપરેટના દુધનો ભેગ થાય છે, તથા વિલાયતી પાવડરના પણ ભેગ થાય છે, ચોકૂખા દુધને માટે મ્યુ૦ પ્રયાસ કરે છે. અને બીજી તરફ હજારો વર્ષના જાણકાર રબારી ભરવાડોના હાથમાં દુધનો ધંધો છુટી જાય, તેવી ગોઠવણો ચાલતી જોવામાં આવે છે. અને વિલાયતી પદ્ધતિ ઉપર ચાલતી ડેરી કંપનીઓના હાથમાં દુધનો ધંધો મૂકવાની ગોઠવણ ચાલે છે. તેથી આપણા દેશનાં ગરીબ માણસોને સસ્તું અને તરંત દોહવાયેલું તાજું દુધ મળવું મુશ્કેલ થવાનો સંભવ માની શકાય. અને ધંધારહિત થતાં ભોળી, પ્રામાણિક અને આર્ય પ્રજાના એક ભાગ તરીકેની હજારો વર્ષની મજબૂત અને એ ધંધામાં પારવધી કોમના નાશને અંગે મોટી હિંસાનો પણ સંભવ ગણાય અને ખાન-પાનની આવી મહત્વની વસ્તુની મુશ્કેલીને લીધે આપણી પ્રજાનું આરોગ્ય પણ જોખમમાં ગણાય. દુધાળા ઢોરોના બચાવનો

અનેકવિધ પ્રયાસ મુખ્ય તો ડેરીના ધંધાને ખીલવવા માટે જ છે, અને મૂળ ધંધાર્થીના માર્ગમાં વિઘ્નો મૂકયા વિના ડેરીઓ પગભર થઈ શકે નહિં, સદા કુશળ અને મહેનતુ તે લોકો સસ્તું દુધ આપી શકે, એટલે હરિફાઈમાં પહોંચવા ન દે, તેથી તેઓના દુધ-ઘીની પરીક્ષા કરી અપ્રામાણિકતા અને અજ્ઞાનતાથી તેને જનસમાજમાં હલકા પાડીને કાયદાથી વિઘ્નો ગોઠવાતા જાય છે, પ્રજાના આરોગ્યની તો વાત જ શી ? પરંતુ જ્યારથી ગોચરો ખેડાઈ ગયા, અને ડબા-દંડનો કાયદો શરૂ થયો ત્યારથી દુધાળા ઢોર ઉછેરનારની મુશ્કેલીની શરૂઆત થઈ, તેમાંથી અપ્રામાણિકતા, વેર, વિરોધ, તોફાન, ખૂન, ખરાબી થયા. અને તેના બાળકોને ફરજીયાત કેળવણી લેવાની ફરજ પાડવાથી, તેઓને પશુરક્ષણ વારસાથી આવડે નહીં, અને કેળવણી પૂરી લઈ શકે નહિ, એટલે તેના નુકશાનનો પાર ન ગણાય.]

૨૦ **ઘી**—ખોરું, કાલાતીત થયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફર્યે અભક્ષ્ય થાય. ઘીમાં કેટલાક દગાખોર લોક ચરબીને તથા બટેટાં રતાળું પ્રમુખ કંદનો ભેગ કરે છે. તેનો અવશ્ય ઉપયોગ રાખવો. પરીક્ષા વગર કોઈ પણ માલ લેવો નહિં (હાલમાં-વિલાયતથી **વેજીટેબલ** ઘીને નામે બનાવટી ઘી આવે છે. તે આખા દેશમાં લગભગ ફેલાઈ ગયું છે અને ઘેર દુઝણા ઢોરવાળા લોકોમાં પણ ઘણું ફેલાવો પામ્યું છે તે સારા ઘી સાથે ભેળવીને મોટા પાયા ઉપર વેચે છે, ગમે તેટલી ખાત્રી કરવા છતાં જ્યાં ઘીની ઉત્પત્તિના મુખ્ય સ્થળો માંજ આમ સેળભેળ ઘણે ભાગે થવા લાગેલ છે. એટલે હવે

ઉપાય શો? વિશેષ સાવચેત રહેવું એજ. આ જમાનામાં કેળવણી, અખાડા અને આરોગ્ય માટે હો હા મચી રહી છે. પરંતુ આ અને આવા પ્રજાના આરોગ્યના નાશના ઘણા તત્ત્વો આ જમાનેજ ખુબીથી ફેલાવ્યા છે. તેના ઉપર કોઈનું ધ્યાન જતું નથી. ખોટી બૂમો તથા ખર્ચ ચાલી રહ્યા છે. આ પણ જમાનાની જ બલીહારી છે. તેનાથી તેલના કે ઘીના એકેય લાભ મળતા નથી. **વેજીટેબલ** નામ પણ ખુબીથી રાખ્યું છે. નહિંતર **તેલનું ઘી** નામ રાખવાથી ચાલી શકત નહિ. આવું બનાવટી ઘી મળવાથી પશુઓના સંહાર તરફ લોકોનું ધ્યાન ગયું નહિ.) વળી જે લોકો ઘી તાવીને વેચે છે, તે ઘણાખરા સાત આઠ દિવસ કે બે ચાર દિવસનું માખણ એકઠું કરી તાવણ મૂકે છે, તે અભક્ષ્ય ગણાય. તેને માટે જેને ઘેર ગાય ભેંશ હોય, તેજ ખરો ઉપયોગ રાખી શકે. થોડી છાશ સાથે જ કે છાશથી જુદું પડતાં તુરતજ માખણ ચૂલા ઉપર મૂકી દેવું જોઇએ. [પોતાને ઘેર આ પ્રમાણેનું તૈયાર કરેલું ઘી આગ્રહપૂર્વક વાપરનારા છે. બહારગામ જવું પડે, તો પણ આ ઘી સાથે લઈ જઈ તેનો જ વપરાશ કરે, છે. નહીંતર ઘી વિના ચલાવે છે. એવા કેટલાક શ્રાવક કુટુંબો આજે પણ જોવામાં આવે છે.] પણ જો કોઈ શ્રાવકો સ્વઘેર અંતર્મુહુર્ત ઉપરાંત કે કલાકોના કલાકો વાશી માખણ રાખી મુકે, ત્યારે બીજાઓને તો શી દરકાર હોય? [અંતમુહુર્ત્ત એટલે જઘન્ય નવ સમયથી માંડી ઉત્કૃષ્ટ બે ઘડીમાં કાંઈક ન્યૂન કાળ તેને અંતમુહુર્ત્ત કહે છે. એક આંખનો પલકારો મારીએ તેટલા વખતમાં અસંખ્ય સમય થઇ જાય છે.]

તેથી જ માખણની બાબતમાં બહુ ઉપયોગ રાખવો ઉચિત છે.

આપણા પ્રમાદમાં આહાહા! અસંખ્ય જીવોનો નાશ થઇ જાય છે! હે બંધુઓ! **શ્રી જિનશાસન**માં આપણે આવો અત્યુત્તમ અવસર પ્રાપ્ત થયો કે જેથી સૂક્ષ્મ બાબતોનું જાણપણું થાય છે, અહો! કેવળી ભગવંત વગર બીજું કોણ કહી શકે? અર્થાત્ ત્રણકાળના ભાવ જેનાથી એક સમયમાં જણાય, તે પ્રભુ કેવળજ્ઞાનથી જ આ બધું પ્રકાશી શકે. બંધુઓ! ચાલો હવે આપણે પ્રમાદ ત્યજી આ ઉત્તમ અવસરને હર્ષ વડે વધાવી લઈએ, અને "જીવદયા પ્રતિપાળ" એ નામ સાર્થક કરી મંગળમાળા વરીએ. [ઘેર દુઝણાં રાખી ઘી-દુધની ગોઠવણ કરી લેવા શિવાય તે ચોકૂખાં મળવાનો બીજો ઉપાય નથી. પરંતુ ગોચરો ખેડાઇ જવાથી અને બાંધવા માટેની જગ્યાનો મ્યુ૦ તરફથી કર લેવાતો હોવાથી આ સાદા અને ગરીબ દેશમાં તે પોસાય તેમ નથી. બંગલાઓમાં મોટરો રાખવા અને બગીચાની સગવડ મળે છે. પણ ઉત્તમ પોષક તત્વો આપનારા ગાય વિગેરે બાંધવાની મુશ્કેલીમાં વધારો કરાતો જાય છે મ્યુ૦ ચોકૂખા દુધ, ઘી, માટે પ્રયાસ કરે છે, તેમ નથી. પરંતુ ડબાના ઘી, દુધના ભાવિ વેપાર માટે કરે છે. પરંતુ તેથી તાજાં-તરતના ઘી દુધ મળવાનો સંભવ ન ગણાય. વેજીટેબલ ઘી તો તેલના જ બને છે, તેમાં તેલ જોઇએ. પછી ગમે તેનું. કદાચ માછલીનું હોય તો પણ ચાલે. દવાઓથી સાફ કરીને સુગંધી નાંખે એટલે બસ. તેમાં

તેલના ગુણો છે, ઘીના ગુણો નથી, આરોગ્યને હાનિ કરે છે, એમ નિષ્ણાતો કહે છે. સારી ઓલાદના બાના નીચે નબળી ઓલાદને કતલખાને મોકલવાની દલીલ ખોટી છે, ગરીબોને થોડું દુધ દેનારી ગાયથી પણ જરૂરીયાત પૂરતું દુધ રોજ મળી શકે છે. ડેરીના ખર્ચાળ દુધ તેમને માટે દુર્લભ થાય.]

૨૧ બળી-તરતમાં વીંયાએલી ગાય તથા ભેંશના તરતના દુધની બળી બનાવે છે. ગાયને પ્રસૂતિ થઇ હોય, ત્યારથી તેનું દુધ ૧૦ દશ દિવસ, ભેંશનું ૧૫ દિવસ, બકરીનું ૮ આઠ દિવસ સુધી લેવું કલ્પે નહિ ત્યારે તેની બળી તો કયાંથીજ વપરાય? અર્થાત્ નજ ખવાય. [દુધમાં સુવાવડીના અભક્ષ્ય દુધનો ભેળસેળ ન થાય તે પણ તપાસ કરીને લેવું.]

ખાટાં ઢોકળાં-જે ચોખાની કણકી સાથે અડદની દાળ તથા ચણાની કે તુવેરની દાળને [1]ખરડી છાશમાં આથો કરી બનાવે છે. જો ઉકાળેલી છાશનો પણ આથો રાત્રે કર્યો હોય, તો તે અભક્ષ્ય છે, માટે સૂર્યોદય પછી ઉકાળેલી છાશમાં આથીને કરવાં, અને સૂર્યાસ્ત પહેલાં વાપરવાં જોઇએ, બંધુઓ! આવી વસ્તુઓના બીજા દિવસે શિરામણ થાય તે ખરેખર શ્રાવકકુળને ન છાજે.

[શેકેલ, તળેલી, બાફેલી ચીજો પ્રાયઃ અપક્વજ રહે છે. તેથી આરોગ્ય બગાડે છે. તે પ્રમાણે ઢોકળાં બફેલી ચીજમાં ગણાય છે. પાપડ શેકેલા ગણાય છે. પુરી વિગેરે તળેલ છે.]

---

૧ કઠોળ કાચી છાશમાં નાંખે તો વધારેમાં દ્વિદલ દોષ પણ લાગે.

ટાઢી રોટલી, રોટલા, થેપલા, નરમપુરી, ભજીયાં, ઢોકળ અને છાશ છાંટયા વગરનો ભાત વિગેરે વાશી ચીજો રાખીને ખાવાથી, એક તો-અનેક જીવોનો વિનાશ થાય, પ્રભુની આજ્ઞા લોપી કહેવાય, વળી શરીરમાં અનેક રોગોની ઉત્પત્તિ થાય માટે દરેક ચીજ તાજે તાજી જ ખાવી યુક્ત છે. નાનાં બચ્ચા ઓને કદાચ શીરામણ વગર ન ચાલે, તો જેમ ગુજરાત તરફ ઘઉંના તદ્દન પાતળા ખાખરા શેકી રાખી વાપરે છે, તે બાબત ખાસ કરીને **કાઠીયાવાડી, મારવાડી, કચ્છી** વિગેરે ભાઇઓએ, તથા તે સિવાય જેઓ વાશી વાપરતા હોય તેઓએ અનુકરણ કરવું ઘટે છે. પણ અફસોસ તથા ખેદજનક એ છે કે-પ્રાયઃ ઘણી ખરી અજ્ઞાનરૂપ મિથ્યાત્વજાળમાં ફસાયેલી જૈન સ્ત્રીઓ પણ શીતળા માતાને પોતાના બચ્ચાનું રક્ષણ કરનારી માની, શીળ સાતમને દિવસે જ, ખાસ આગલે દિવસે રાંધેલુ હોય, તે વાશીજ વાપરે છે. અને તે દિવસે ચૂલાને (શીતળા) શાંત કરે છે. તે શીતળા સાતમનો મિથ્યાત્વ આચાર છોડી વાશી ચલિત રસ કદિ ન વાપરવો. એવી દૃઢ પ્રતિજ્ઞા કરો.[1]

[૧ દાતણ વિગેરે લેવામાં, ધોબીને કપડાં ધોવા માટે આપવામાં કેટલાક દાળ, શાક, કે એવું રાંધેલું અનાજ આપે છે. પરંતુ તે લોકો રાત્રે વાશી રાખી બીજે દિવસે ખાનારા હોય છે. તો આપણે આપેલી ચીજનો એવી રીતે ઉપયોગ ન થાય તે માટે શ્રાવકોએ ખાસ સાવચેત રહેવું જોઇએ.]

ધોબી તથા વાઘરીને દેવા સારૂ ઘરમાં ખાતાં ખાતાં જે દાળ કઢી વગેરે એઠું કરેલું છતાં વધેલું રાખી મુકે. તેઓને ત્રસજીવ તથા સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યોની એમ અસંખ્ય જીવોની હત્યા લાગે છે. અને તે ઉપરાંત વાસીના ત્રસજીવનો વિનાશ જુદો.

૨૩ ઘોલવડાં (દહીં–વડાં)–જો તે ઉકાળેલા ગોરસમાં કરેલાં હોય, તોજ તે દિવસે ભક્ષ્ય છે. કાચા ગોરસમાં સર્વથા અભક્ષ્ય છે.

૨૪ ખાખરા–જે ઉપર જણાવ્યું છે કે ગુજરાત તરફ ઘઉંના શેકેલા ખાખરા કરે છે. તે પાંચ સાત કે તેથી વધારે દિવસ સુધી રાખી મુકાય છે, અને વપરાય છે, તે ઠીક નથી. જુના ખાખરા ઉપર નવા પડતા જાય અને ઉપર ઉપરથી નવા વપરાય ને જુના પડયા રહે, તેમ થવા દેવુંયે યુક્ત નથી વળી જે તે કોઠી કે વાસણમાં ભરાતા હોય, તે સાફ રાખવું, નહિંતર તેમાં ધનેડાં પ્રમુખ ત્રસ જીવોનો પેસારો થાય છે, ચોમાસામાં તો લીલફુગ પણ થઈ જાય છે, જેથી આ બાબત ખાસ ઉપયોગ રાખવા ધ્યાન દેવું ઉચિત છે. ઉનાળામાં પણ ગરમાગરમ ન ભર્યા હોય, તો સારૂં. આ રીતે વરાળના પાણીથી લીલફુગ થઇ જાય, માટે ઠારવા દઇને ભરવા. તેમજ કડક બનાવવા. [સવારે શિરામણમાં શ્રાવકોને વાશી ન ખાવાનો ઉપયોગ રાખવાના વિચારમાંથી વિવેકી શ્રાવક કુટુંબોમા ખાખરાનો રીવાજ પ્રચલિત થતો આવેલો જણાય છે.]

૨૫ પાપડના લુઆ, વડાં, પોળી–અડદ, મગ પ્રમુખના પાપડના લુઆ તથા અડદની વાટી દાળના વડાં અને પોળી એટલે નરમ પુરી કે રોટલી [પુરણપોળી–વેઢમી સવારે કર્યાં હોય તેનો કાળ ચાર પ્રહરનો કહ્યો છે, પછી ઉતરી જાય છે.

૨૬ જુગલીરાબ–જુવારલોટને છાશમાં રાંધી, ઘેંશ (વિદલ વિનાની) કરે છે, તે જુગલી રાબનો કાળ (૧૨)

ચાર પહોર જ છે, તે ઉપરાંત અભક્ષ્ય છે, ધાન્ય થોડું અને છાશ ઘણી હોય, તે જુગલીરાબ, અને જેમાં છાશ થોડી અને ધાન્ય વિશેષ હોય, તે ઘેંસ કહેવાય છે. તેનો કાળ ૮ પહોર છે.

૨૭ રાયતું—કેળાં, દ્રાક્ષ, ખારેક વિગેરે અન્નના મિશ્રણ વગરનાં રાયતાં છે, તેનો કાળ ૧૬ સોળ પ્રહરનો કહ્યો છે. જો તે રાયતું વિદલ સાથે વાપરવું (જમવું) હોય, તો દહિં ખૂબ ગરમ કરીને રાયતું બનાવ્યું હોય, તોજ વપરાય, કળી (સેવ), ગાંઠીયા, બુંદી વિગેરે નાંખીને રાયતું કરવું હોય તો અવશ્ય દહિં પ્રથમ ગરમ કરીને પછી જ વિદલ મેળવવું જોઈએ, અને તે રાયતાં સાંજ સુધીજ ભક્ષ્ય છે.

૨૮. શેકયું ધાન્ય–તે દાળીયા (ચણા) ધાણી, મમરા, પઉંવા પ્રમુખ શેકેલાં ધાન્ય છે, તેનો કાળ કડા વિગઈ [1]પ્રમાણે છે. એટલે ચોમાસામાં ઉત્કૃષ્ટ ૧૫ દિવસ, શિયાળામાં એક માસ, તથા ઉન્હાળામાં ૨૦ દિવસ ગણવો.

૨૯. ઢુંઢણીઆ–તે કાઠીયાવાડમાં કરે છે. તે જુવાર બાજરીને પાણી નાંખતા જાય અને ખાંડતા જાય પછી સુકવી તેનાં ફોતરાં ઉખેડીને રાખે છે, તેનો કાળ શેકયા ધાન્ય પ્રમાણે એટલે વર્ષાઋતુમાં ૧૫ દિવસ, શિયાળામાં એક માસ, તથા ઉન્હાળામાં ૨૦ દિવસનો છે. તેથી ઉપરાંત અભક્ષ્ય થાય છે. બરાબર સુકવવા જોઈએ.

---

૧ તળાઈને ઉપર આવે તેવાં પકવાન–મુઠીયાના ચુરમાના લાડુ વગેરે.

પ્રકરણ ત્રીજું.

૨૨ અભક્ષ્ય—

બત્રીશ અનંતકાય.

સર્વે અનંતકાય અભક્ષ્ય છે. કારણકે-એક સોયના અગ્ર-ભાગ ઉપર રહે તેટલી કંદમૂળની એક કણીમાં અનંત જીવ રહે છે. તે માટે સર્વ અનંતકાય અભક્ષ્ય છે, શ્રાવકે અવશ્ય વર્જવાં જોઇએ. કારણ કે ફક્ત એક જિહ્વા ઇંદ્રિયની લોલુપતા માટે અનંતા જીવની હાનિ કરવી, તે મહા અનર્થનું કારણ છે. તેથી બત્રીશ અનંતકાયનો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ કે જેથી અનંતા જીવને અભયદાન મળે. કેટલાક લોકો જિહ્વા ઇંદ્રિયને વશ થઇ **"મારે વર્ષમાં પાંચ શેર કે દશ શેર કંદમૂળ વિગેરે ખપે"** એવો નિયમ કરે છે પણ હે સુજ્ઞો! તે અભક્ષ્ય ચીજો વગર શું આપણો નિર્વાહ થવો અશકય છે? દુનિયામાં કયાં બીજી વનસ્પતિનો કાળ આવી પડયો છે? વળી પાંચ શેર કે દશ શેર એવી છૂટ અભક્ષ્ય વસ્તુઓની રાખવી, તે આગારમાં કદિ રખાય નહિ, પૌદ્ગલિક સુખ માટે અભક્ષ્ય વસ્તુ ખાવાની છુટ રાખવી, તે કયા પ્રકારનો આગાર? જુઓ-મરણાંત કષ્ટ પ્રાપ્ત થવા છતાં પણ વંકચૂલ કુમારે અભક્ષ્ય વસ્તુ મનથી પણ અંગીકાર કરી નહિં, તેવા સત્ત્વ-વંત ઉત્તમ પ્રતિજ્ઞા પાળવાવાળાની ક્રોડોવાર બલિહારી છે!

મહોહો ! જેઓ કર્મને વશ થઇ આંખો મીંચી જાણવા છતાં પરભવનો લેશમાત્ર ભય રાખ્યા વગર **આદુ, મૂલા, ગાજર** આદિ ખાય છે, તેવા બિચારા (પામર) પ્રાણીઓની શી ગતિ થશે ? મનુષ્યપણા સાથે જૈનધર્મ પામી આ ભવ સફળ કરો કે જેથી સંસારભ્રમણ મટી જાય, અને અનુક્રમે શિવસુખના ભોક્તા થાઓ ! હે ભવ્યો ! આપને નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું, કે બાવીશ અભક્ષ્યનો શ્રી તીર્થંકર મહારાજાઓએ નિષેધ કર્યો છે. તેથી તેનો જલ્દી ત્યાગ કરો અને શ્રાવક નામ સાર્થક કરી ચુસ્ત જૈન બનો.

બત્રીશ અનંતકાયનાં નામ.

૧ ભૂમિ મધ્યે કંદ થાય, એવી સર્વ કંદજાત.
૨ લીલી હળદર.
૩ શૃંગબેર-લીલું આદુ.
૪ સુરણકંદ
૫ વજ્રકંદ
૬ લીલો કચુરો.
૭ સતાવળીવેલી ઓષધી.
૮ વિરાલીં-લતાવિશેષ. સોફાલી, ભોંયકોળું.
૯ કુંવાર[તેના શેલરા પણ વર્જવા[1]]
૧૦ થોહરીકંદ(થોર)તે સીજ તથા લંકાસીજની જાત
૧૧ ગિલો-ગુલવેલ (ગળો)
૧૨ લસણ
૧૩ વાંસકારેલા એટલે વાંસ સંબંધિની કારેલી
૧૪ ગાજર
૧૫ લુણી એટલે સાજીર

---

૧. શેલરાં જે કુંવારપાઠાના મધ્ય ભાગનો શટ નીકળે છે, તેના થાય છે. તે કુંવરપાઠું અનંતકાય હોવાથી અભક્ષ્ય છે. માટે શેલરા પણ અભક્ષ્ય જાણવા. કારણ શેલરાં તેની મધ્યની દાંડી છે. માટે તે સર્વથા વર્જવા યુક્ત છે. કાઠિયાવાડમાં વપરાય છે. તો ઉપયોગ રાખવો. ૨ લુણીની ભાજી કહે છે.

વનસ્પતિ.	૨૩ ખીલોડાકંદ
૧૬ લોઢીપદ્મિની કંદ	૨૪ અમૃતવેલી
૧૭ ગરમર (ગિરિકણી) [કચ્છ દેશમાં પ્રસિદ્ધ છે] (કાઠીયાવાડમાં તેનું અથાણું કરે છે.)	૨૫ મૂળા
	૨૬ ભૂમિફોડા
	૨૭ વથુલાની ભાજી
	૨૮ વિરૂઢાહાર
૧૮ કિસલય પત્ર	૨૯ પલ્લંકાની ભાજી
૧૯ ખીરસુઆકંદ	૩૦ સુઅરવલ્લી
૨૦ થેગ	૩૧ કોમળ આંબલી
૨૧ હરિમોથ,	૩૨ આલુ, રતાળું, પિંડાળુ
૨૨ લુણ વૃક્ષની છાલ.	

૧૮: **કિસલય પત્ર**—કોમલ પાંદડાં નવા ઉગતા સર્વ ગુચ્છનાં પાંદડાં તથા સર્વ વનસ્પતિના ઉગતી વખતના જે અંદર હોય, તે સઘળાં અનંતકાય છે. એટલે સર્વ (પ્રત્યેક તથા સાધારણ) વનસ્પતિના ઉગતાં પાંદડાં અને અંકુર પ્રથમ અનંતકાય હોય છે, પછી પ્રત્યેક વનસ્પતિના થડ, પત્ર, અંકુરા. અંતર્મુહૂર્ત્ત પછી પ્રત્યેક રૂપે થઇ જાય. બીજા જીવો ચવી જાય, અને સાધારણ વનસ્પતિના થડ પત્રાદિ સર્વ કાળ અનંતકાયપણે જ રહે. આ અનંતકાય પાંદડાંનો સર્વથા ત્યાગ કરનારે (અથવા કર્યો હોય તેઓએ) ભાજી પાંદડાં વાપરતાં ઉપયોગથી વર્તવું. નહિતર સહસા દોષ લાગી જવા સંભવ છે. કારણ કે–મેથી વગેરેની ભાજીના મૂળીયાં આગળ બે પાંદડાં જાડાં હોય છે. તે અનંતકાય હોય છે, તથા ભાજીના પાંદડાના મૂળમાં ઝીણાં અંકુરા ફુટે છે, તે પણ અનંતકાય હોય છે, વળી થેગ વિગેરેની ભાજીનાં પાંદડાં પણ અંદર

આવી જતા હોય છે, જેથી તેનો ઉપયોગ રહે નહિ, તે દોષ લાગે. માટે પ્રથમ કિસલય પત્ર ન ખવાય, તેને ઉપયોગ રાખવાનો-ખપ કરવો.

૧૯ ખીરસુઆકંદ-કસેરૂ (ખરસઇયો), **૨૦ થેગકાં**-થેગી તથા થેગ નામના ભાજી, થેગીપોંક. **૨૧ હરિમોથ** (લીલીમોથ), **૨૨ લુણ વૃક્ષની છાલ, ૨૩ ખિલોડાકંદ ૨૪ અમૃતવેલી.**

૨૫ મૂળા—દેશી તથા પરદેશી (રાતા ને ધોળા-સફે મૂળાના પાંચેય અંગ અભક્ષ્ય છે.

(૧) મૂળાના કંદ (કાંદા)

(૨) પાંદડાના મધ્યભાગમાં જે કંદલી થાય છે, જેં ડાંડલી કહે છે, તે પાંદડાં સહિત,

(૩) ફુલ,

(૪) ફળ, જેને મોગરા કહે છે, તે, તથા

(૫) તેમાંથી નીકળેલાં ઝીણાં બીજ.

એ પાંચેય અભક્ષ્ય છે. વળી. ત્રસ જીવોત્પત્તિ પ તેમને વિષે હોય છે. તેથી સર્વથા મૂળાનાં પંચાંગ વર્જવ

૨૬ **ભૂમિફોડા**—વર્ષાઋતુમાં છત્રને આકારે બીલાડી ટોપને નામે ઉગે છે.

૨૭ **વથુલાની** ભાજી (પ્રથમ ઉગતી)

૨૮ વિરૂઢાહાર—એટલે વિદલ ધાન્ય, જેને અં આવ્યા હોય તે, રાત્રે મગ વિગેરે કઠોળ પાણીમાં પલાળે

તેમાં અંકુરા ફુટેલાં હોય છે, તે અનંતકાય હોવાથી અભક્ષ્ય છે. માટે સવારના પાંચ છ વાગે પલાળવા. તે પણ થોડો જ વખત પાણીમાં રાખવા. નહિંતર બેચાર કલાક લગભગમાં તો અંકુરા ફુટી જાય છે. મતલબ કે-અંકુરા સહેજ પણ ન જોઇએ. ખરી રીતે તો દરેક કઠોળ બાફીને કરાય, તો તેમાં અંકુરા ફુટવાનો ભય નથી. સ્વજન કુટુંબ કે નાતમાં જમવા જતાં ખાસ ઉપયોગ રાખવો, કદાચ ત્યાં રાત્રેજ કઠોળ પલાળી શાક બનાવ્યાં હોય. તેથી દરેક ચીજ ખાતાં પહેલાં પ્રથમથી જ ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરવો ઉચિત છે. (કોઈ કોઇ શોખીનો-મગ વિગેરેના અંકુરા ફુટવા દઇને તેના અંકુર સહિત છુટા રાંધે તે સર્વથા વર્જવા.)

૨૯ પલ્લંકાની ભાજી.

૩૦ સુઅરવલ્લી—જે જંગલમાં મોટી વેલડીના જેવી થાય છે, તે.

૩૧ કોમળ આંબલી—જ્યાં સુધી માંહે બીજ સંક્રમે નહિ, ત્યાં સુધી તે અનંતકાય છે. કોમળ ફળમાં જ્યાં સુધી અંદર બી ન થયાં હોય ત્યાં સુધી અનંતકાય છે, માટે અતિ કોમળ એવાં સઘળાં ફળ ખાવા નહીં.

૩૨ આલુકંદ- તે રતાળુ-બટેટાં, અને પિંડાળુ [1]-(ડુંગળી) સકરકંદ, ઘોષાતકી અને કરીર-કેરડા, એ બે વનસ્પતિ અંકુરોને અનંતકાય કહે છે.

---

૧ કોબી પણ પશ્ચિમ દેશની ડુંગળી કે મૂળાની જાત સંભવે છે. તે પત્રાત્મક શાક છે.

તિંદુક વૃક્ષના અતિ કોમલ ફલ, જેમાં ગોટલી **બંધાણી** ન હોય; એવા **આંબા** વિગેરે, તથા **વરૂણ જાતનો** વૃક્ષ વિશેષ, તથા **વડનું ઝાડ** અને **નિંબાદિ** જાતના વૃક્ષના અંકુર તે સર્વ **અનંતકાય** જાણવા.

એ પ્રમાણે **અનંતકાય જાતિના** પ્રખ્યાત નામ બત્રીશ છે અને વિશેષ નામ તો અનેક છે, તેમાંની કોઇ વનસ્પતિના પાંચ અંગ, કોઈનાં મૂળ, કોઇનાં પાન, ફુલ, છાલ, કોઇ અનંતકાય છે. એમ કોઇનું એક અંગ, કોઈના બે-ત્રણ-ચાર અને કોઈનાં પાંચેય અંગ અનંતકાય હોય છે.

અનંતકાય ઓળખવાની નિશાનીઓ:—

જે વનસ્પતિના (૧) પત્ર (પાન), કે ફળ પ્રમુખની નસની તથા સંધિની માલૂમ ન પડે, (૨) ગાંઠ ગુપ્ત હોય, (૩) જે ભાંગવાથી બરોબર ભાંગે, (૪) ભાંગ્યેથી જેનો એકદમ ભૂકો થઇ જાય, કે બુરબુર થઇ જાય. (૫) છેદ્યા પછી ફરી ઉગે, (૬) પત્ર મોટાં દલદાર અને ચીકણાં હોય. (૭) જેમાં ઘણાં ફુલ, પાંદડાં, બહુ કોમળ હોય તે સર્વ લક્ષણ **અનંતકાયનાં**છે.

ઉપર કહેલાં જેટલાં સાધારણનાં લક્ષણ છે, તે બધાંજ એકમાં હોય, એવો સંભવ **નથી** કોઇકમાં કેટલાક હોય, અગર બધા હોય, કે થોડા ન પણ હોય.

પોઇ [પદ્મની] ની ભાજીનાં પાન તથા પિંડ (એન્ડી પેન્ડી) અનંતકાય સાંભળ્યાં છે

અનંતકાયને લગતી કેટલીક સૂચનાઓ.

૧. **દૂધના માવામાં** તથા ઘી**માં બટેટા, રતાળુ** કે **શકરકંદનો** કેટલાક દગાખોરો ભેગ કરે છે, તેનો ખ્યાલ રાખવો.

૨. લીલું આદુ તથા લીલી હળદરની વેચાતી મળે તે સુકવણી (**સુંઠ** તથા હળદર રૂપે) જે ખાવાના ઉપયોગમાં આવે છે, તે ભક્ષ્ય છે. તે શિવાય કોઈ પણ અનંતકાયની સુકવણીનું શાક, અથાણું વિગેરે વર્જવું. **ગાજરની** સુકવણી કે **અથાણાં, કુંઆર, લીલી હળદર, આદુ, ગરમર** પ્રમુખ અનંતકાયનાં અથાણાં, સર્વથા અભક્ષ્ય છે.

૧. નિર્ધ્વંસ (નિર્દય એવા મનના) પરિણામ ૨. નિઃશુક [શૂગ ન હોવી–સંકોચ ન હોવો] ૩. વૃત્તિનો ચડસ, લોલુપતા ૪. પરંપરા વધે, ૫ જોનારા અધર્મ પામે વગેરે હેતુઓ હોવાથી કંદ જેવી કોઇ પણ અનંતકાય ચીજના ભજીયાં વિગેરે પ્રાસુક છતાં **શાસ્ત્રમાં** વર્જવાનુ સ્પષ્ટ ફરમાવ્યું છે. શ્રાવકે **લીલી હળદર, આદુ** ઘેર સુકવવું પણ યુક્ત નથી. [સીધી હિંસા ન કરવાના સિદ્ધાંત પ્રમાણે.]

૩ **બટેટા, ડુંગળી** વિગેરેનાં ભજીયાં કરે છે, તથા દુકાનદારો **ઢોકળામાં** અભક્ષ્ય ચીજો નાંખે છે, વાશી રાખી વેચવા સારૂ ફરી ઉના કરી દે છે. બજારૂ **ચટણીમાં** પણ **લસણનો** સ્પર્શ કે **આદુ** વગેરે સોંધી અને અભક્ષ્ય **ચીજો** નાંખેલી હોય છે તે **વાશી** પણ રહેલું હોય, તેથી એવડા

દોષવાળી થાય છે. તે તેથી ત્રસ સંસક્ત [મિશ્ર] થાય વગેરે કારણોથી પાપભીરૂએ તેવી ચીજો ખાતાં પહેલાં ખ્યાલ રાખવો.

બટેટાં વિગેરેના **ભજીયાં** જે તાવડામાં તળ્યાં હોય, તેજ તેલમાં પછી બીજી ભક્ષ્ય જાતિનાં ભજીયાં તળે, તો તે પણ વાપરવા નહિ. **દાળમાં** કેટલાક **સુરણ, આદુ** નાંખે છે, **ઉંધિયું** બનાવે છે, તેમાં પણ **ડુંગળી, બટેટા** વિગેરે અભક્ષ્ય વસ્તુઓ નાંખેલી હોય, તો તેનો, **ચટણી,** દાળ, **કઢી,** વિગેરેમાં કોઈ જગ્યાએ **કોમળ આંબલી** નાંખવામાં આવે છે તેનો, તથા ભેળસંભેળ, સ્પર્શાસ્પર્શનો અવશ્ય ખ્યાલ રાખવો. અથવા તો ભેળસભેળનો અજાણતાં દાક્ષિણ્ય-તાએ આગાર રાખવો. આગારનો અર્થ એવો નથી કે **જાણતાં** છતાં આંખ આડા કાન કરીને અમુક દોષ સેવવો.

૪. **મેથી તાંજળીયા** પ્રમુખની ભાજીમાં **અનંતકાય, થેગ,** તથા **લુણીની** ભાજીના ડાંખળાઓ આવેલ હોય, તે કાઢી નાંખવા. છતાં અજાણતાં આવી જાય, તેની જયણા રાખવી. વળી મેથી પ્રમુખની ભાજીનાં હેઠલાં બે પાન અનં-તકાય છે, તેથી તે પ્રથમથીજ કાઢી નાંખવા.

બાવીશ અભક્ષ્યના ત્યાગ વિષે ઉપસંહાર

પુસ્તકાંતરમાં બાવીશ અભક્ષ્ય નીચે મુજબ પણ છે.-

पंचुंबरि चउ विगइ अणायफल कुसुम हिम विस करे अ।
मट्टि अ राईभोयण घोलवडा रिंगणा चेव ॥ १ ॥
पंपुट्टय सिंघाडय वायंगण कायवणियं तहेव ।
बावीस दव्वाइं अभक्खणिआइं सद्दहाणं ॥ २ ॥

અર્થ :— ૧ ગુલર: ૨ પ્લક્ષ: ૩ કાકોદુંબરી: ૪ વડ: અને ૫ પીપલ: એ પાંચ જાતિનાં ફળ: ૬ માંસ ૭ મદિરા ૮ માખણ અને ૯ મધુ: એ ચાર વિકૃતિ (મહાવિગઈ)–વિકાર કરનારી વિગઈ: ૧૦ અજાણ્યું ફળ: ૧૧ અજાણ્યાં ફુલ: ૧૨ હિમ (બરફ) ૧૩ વિષ: **૧૪** કરા: ૧૫ સચિત્ત-માટી: ૧૬ રાત્રિભોજન ૧૭ ઘોલવડાં–કાચા દુધ દહીં છાશ સાથે મિશ્ર કરેલ વિદલ (કઠોળ): ૧૮ રીંગણા: ૧૯ પંપોટા –ખસખસના ડોડા (ખસખસનો સર્વથા ત્યાગ કરવો): ૨૦ સિંગોડા (જો કે તે અનંતકાય નથી, તથાપિ કામવૃદ્ધિ-જનક હોવાથી પાણીમાં થતાં હોવાથી **"જત્થ જલં તત્થ વણં"** એ રીતે અનંતકાયના સંબંધવાળા હોવાનો સંભવ હોવાથી વર્જનીય છે), ૨૧ વાયંગણ ? અને ૨૨ કાયવાણિં(?)

એટલે પ્રથમ કહેલ બાવીશ અભક્ષ્ય સાથે આ ગાથા-માંના ૧૧, ૧૯, ૨૦ ૨૧, ૨૨ નામવાળા **અભક્ષ્ય** વિશેષ છે, તે પણ વર્જવા.

અભક્ષ્ય કે અનંતકાય પરઘેર અચિત્ત કરેલું હોય, તો પણ ન જ ખાવું. કારણ–કે ૧ નિઃશુકતા. ૨ રસલોલુપતા તથા ૩ પ્રસંગદોષ થાય. તે માટે વર્જવું.

સુંઠ તથા **હળદર** નામ તથા સ્વાદફેર હોવાથી અભક્ષ્ય નથી.

આ અભક્ષ્યમાં **અફીણ ભાંગ** વિગેરે જેનું પ્રથમથીજ વ્યસન લાગેલું હોય, તો વ્રત–બાધા–પચ્ચક્ખાણ લેતી વખતે તેની તોલ–માપથી **જયણા** કરે.

તથા, રાત્રિભોજનમાં-"**ચઉવિહાર, તિવિહાર, દુવિહાર** એક માસમાં આટલા કરૂં" એવો નિયમ કરે.

રોગાદિક કારણે કોઈ ઔષધિમાંની કોઇ અભક્ષ્ય ખાવી પડે, તેના નામ, વખત અને વજનથી જયણા રાખવી પડે. બત્રીશ **અનંતકાયનો** સર્વથા નિષેધ છે. તો પણ રોગાદિક કારણે ઔષધોમાં લેવું પડે, તેની જયણા રાખે, તેથી અજાણપણે કોઇ વસ્તુ મિશ્ર થઇ ખાવામાં આવે, તો વ્રતભંગ થાય નહિ. આગળ **સર્વથા** એટલે રોગાદિક કારણે પણ ન લેવું, તેમ લખ્યું છે. તે ઉત્કૃષ્ટી હદવાળા માટે છે. માટે જેનાથી જેમ પળાય, તેમ યથાશક્તિ કરવું ઉચિત છે.

"શ્રાવકે અન્યદર્શનીને ઘેર કે નાતમાં જમવા જતાં ઘણો ઉપયોગ રાખવો જોઇએ, કારણ કે ત્યાં બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયોમાંના કેટલાકનો દોષ અવશ્ય લાગવા સંભવ છે, તેથી બને ત્યાં સુધી થોડો પરિચય રાખવો, તેમાં પણ દ્વાદશ વ્રતધારી તથા વિરતિવાળાએ તો તેવે સ્થળે જમવા જવુંજ નહિ જોઇએ. કદાચ જવું પડે તો પૂરતી સંભાળ રાખવી."

બાવીશ અભક્ષ્યનું જે વર્ણન આપ્યું છે. તે બરોબર સમજી **મનન** કરવું. તથા ભગવંતે તે નિષેધેલ છે, તેથી તેનો ત્યાગ કરી પ્રભુની અખંડ આજ્ઞા પાળવી.

બંધુઓ! આપણે નિત્ય પૂજા કરીએ છીએ, તે પહેલાં મસ્તકે આપણે પોતે જે તિલક કરીએ છીએ, તે એમ ચિંતવવારૂપ પણ છે, કે-"હે ભગવંત! આપની આજ્ઞા હું શિરે ચડાવું છું." તેવી રીતે નિત્ય ભગવંતની આણ મસ્તકે ચડા-

વવાના પ્રતીક તરીકે લલાટમાં તિલક કરીએ છીએ. જેથી ભગવંતની આજ્ઞા કદિ લોપવી નહિ અને સાદરપણે પાળવી, તેજ ધર્મ છે.

આ અભક્ષ્યો સર્વથાપ્રકારે વર્જવાથી અસંખ્ય અને અનંત જીવોને અભયદાન આપ્યાનું ફળ મળે છે **શાસ્ત્રમાં** કહ્યું છે કે—, **એક જીવને અભયદાન આપો, કે સુવર્ણના મેરુ જેટલું દાન આપો, તો તેમાં એક જીવને અભયદાન આપ્યાનું ફળ વધશે.**

ત્યારે અનંત જીવોને જે પુણ્યાત્મા અભયદાન આપે, તે શું ફળ ન પામે? અર્થાત્–તે સર્વસ્વ પામે, સુજ્ઞ શાણાં બંધુઓ! અજરામર સુખ પામવાનો શીઘ્ર ઉપાય ભગવંતના વચનોનો આદર કરવો તેજ છે. તે વિષે **અજિતશાંતિસ્તવની** છેલ્લી ગાથામાં કહ્યું છે. કેઃ—

***જઈ ઈચ્છહ પરમપયં અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે; તો તેલુક્કુદ્ધરણે જિણ–વયણે આયરં કુણહ. ૪૦**

હવે, જે મૂઢ અને અજ્ઞાની પુરુષો કહે છે, કે–"ખાવું પીવું અને મોજ માણવી, તેજ ખરું સુખ છે, તો તે ભોગવી લ્યો! વળી, મોક્ષ મળવાનો હશે, ત્યારે મળશે." તો તેવા જડ પ્રાણીના હિત અર્થે **પદ્મવિજય મહારાજે તપપદની** પૂજામાં કહ્યું છે કે—

અર્થ:–"જો તમે મોક્ષની ઇચ્છા રાખતા હો. અને ત્રણ લોકમાં ફેલાયેલી કીર્તિની ઇચ્છા રાખતા હો, તો ત્રણલોકનો ઉદ્ધાર કરનાર શ્રી જિનેશ્વર ભગવંતના વચનોમાં ખૂબ આદર રાખો." ૪૦

તપ કરીએ સમતા રાખી ઘટમાં ॥તપ૦॥
ખાવત પીવત મોક્ષ જે માને,
એ સિરદાર છે બહુ જટમાં ॥તપ૦॥ ૩ ॥

એટલે-"ખાવું પીવું તેજ મોક્ષ છે" એમ માનનાર પુરુષ ઘણા મૂર્ખાઓનો સરદાર છે. તેથી હે ભવ્યો ! જિન-શાસનનું રહસ્ય સમજી "દેહ-દુઃખં મહા-ફલં"એ અનુસાર વર્તવાથી ક્ષેમકુશલ મોક્ષનગરે સત્વર પહોંચી જઇશું

આ પ્રકારે ત્રણ પ્રકરણમાં બાવીશ અભક્ષ્યને વિચાર પૂરો કરવામાં આવ્યો છે.

અભક્ષ્ય અનંતકાય વિચાર ગ્રંથ અંગે

પરમત્યાગી પૂ૦ મુનિરાજ શ્રી સુખસાગરજી મ૦ સાહેબનો અભિપ્રાય.

"આ ગ્રંથની એક એક કોપી દરેક જૈનોના ઘરમાં રહેવી જોઇએ"

[વિ સં. ૧૯૯૫માં શ્રી ભોગીલાલે જેઠાલાલે પ્રસિદ્ધ કરેલ આવૃત્તિમાંથી]

પ્રકરણ ૪ થું, ૫ મું, ૬ ટ્ઠું.

બાવીશ અભક્ષ્ય સિવાયની અભક્ષ્ય વસ્તુઓ વિષે

૧. ફાગણ સુદી ૧૫ થી કારતક સુદી ૧૫ સુધી અભક્ષ્ય–વસ્તુઓ.

૨. આર્દ્રા નક્ષત્રથી ત્યાગ કરવા યોગ્ય અભક્ષ્ય વસ્તુઓ :

૩. અષાડ સુદ ૧૪ થી કારતક સુદિ ૧૫ સુધી ત્યાગ કરવા યોગ્ય અભક્ષ્ય વસ્તુઓ:

૪. હંમેશાંત્યાગ કરવા યોગ્ય કેટલીક પરચુરણ ચીજો:

૫. બહુ આરંભથી ન વાપરવા લાયક ચીજો:

૬. લોકવિરુદ્ધ તથા જૈનદર્શનવિરુદ્ધ તજવા યોગ્ય ચીજો:

૭. ત્રસજીવોની ઘણી હિંસા થવાને કારણે વર્જવા યોગ્ય વસ્તુઓ:

આ ત્રણ પ્રકરણના ઉપર પ્રમાણે સાત વિભાગ પાડવામાં આવ્યાં છે, અને તે દરેકમાં સમાવેશ પામતી મુખ્ય ચીજોના લિસ્ટો આ સાથે આપવામાં આવ્યા છે.

૧ ફાગણ સુદિ ૧૫ થી કારતક સુદિ ૧૫ સુધીમાં અભક્ષ્ય ગણાતી ચીજો

૧ ખજુર ૨ ખારેક ૩ કાજુ ૪ અંગુર ૫ સુકાં અંજીર ૬ ચારોલી ૭ પિસ્તાં ૮ દ્રાક્ષ ૯ અખરોટ ૧૦ જરદાળુ ૧૧ સુકાબખાઇ બોર ૧૨ મગફળી ૧૩ તેલ ૧૪ તલ ૧૫ તલસાંકળી ૧૬ તલવટ ૧૭ તલના લાડુ ૧૮ તમામ પ્રકારની ભાજી ૧૯ મેથીની ભાજી ૨૦ તાંદળજાની ભાજી ૨૧ કોથમીરની ભાજી ૨૨ ફોદીનો ૨૩ ડાંભાની ભાજી ૨૪ ટાંકાની ભાજી ૨૫ ભીંડાની ભાજી ૨૬ કડલીની ભાજી ૨૭ ભોપાથરીની ભાજી ૨૮ લુણીની ભાજી (અનંતકાય) ૨૯ કલિમલિની ભાજી ૩૦ દરેક પ્રકારના પાન ૩૧ નાગરવેલના પાન ૩૨ અળવીના પાન ૩૩ અડુના પાન ૩૪ કાગના પાન ૩૫ મીઠા લીંબડાના પાન ૩૬ પોઈના પાન ૩૭ એલચીના પાન ૩૮ લીલા મરીના પાન ૩૯ તુલસીના પાન ૪૦ અજમાના પાન ૪૧ ફ્લાવર ૪૨ ગુલાબના ફુલ ૪૩ રાડારૂડીના ફુલ ૪૪ સરગવાની શીંગ ૪૫ કોબીજ ૪૬ કોંકણી કેળાં ૪૭ સુકી રાયણ ૪૮ ખસખસ વિગેરે.

૨. આર્દ્રા નક્ષત્રથી ત્યાગ કરવા યોગ્યઃ-

કેરી અને રાયણ

૩ અષાડ સુદ ૧૫ થી કારતક શુ. ૧૫ સુધી ત્યાગ કરવા યોગ્ય અભક્ષ્ય ચીજોઃ—

૧ સુકવણી ૨ ટોપરાં ૩ જુવારનો પોંક ૪ બાજરાનો

પોંક ૫ ઘઉંનો પોંક ૬ ઘઉંની ઉંબી ૮ બાજરીના ડુંડા ૮ જુવારના લોથા ૯ ચણાના ઓળા ૧૦ મકાઈના શેકેલા ડોડા ૧૧ પાપડી ૧૨ ચોળાનું શુડીયું ૧૩ ભિંડા ૧૪ કંટોલા (કંકોડા) ૧૫ કારેલાં ૧૬ તુરીયાં.

૪. હંમેશ ત્યાગ કરવા યોગ્ય કેટલીક પરચુરણ ચીજો

૧ ભડથો ૨ ઉંધીયું ૩ પરદેશી મેંદો ૪ ગળ્યા કાજુ ૫ ડબાનું પેક દુધ ૬ સોડા ૭ લેમન ૮ જીંજર ૯ રોઝબરી ૧૦ પિકમીઅપ ૧૧ બિલ્કાસ ૧૨ એલટોનિક ૧૩ કોલ્ડ્રીંક ૧૪ કોલ્ડક્રીમ ૧૫ જીંજર એલ લાઇમ ૧૬ લીથીઓ ૧૭ અમરીક ૧૮ ચેરીસીડર ૧૯ ચેમ્પેઈન સીડર ૨૦ કવીનાઇન ટોનીક ૨૧ ક્રીમ સોડા ૨૨ બીડી ૨૩ ચલમ ૨૪ હોકો ૨૫ ચુગી ૨૬ સીગારેટ ૨૭ ચીરૂટ ૨૮ તમાકુ ૨૯ ગાંજો ૩૦ ચરસ ૩૧ માજમ ૩૨ ભાંગ ૩૩ અફીણ ૩૪ દારૂ ૩૫ કોકીન ૩૬ સ્તંભક દવાઓ ૩૭ વિલાયતી દવાઓ ૩૮ ચુનાની દવાઓ ૩૯ દેશી સદોષ દવાઓ ૪૦ ભેળસેળીયો ગોળ ૪૧ પરદેશી ખાંડ ૪૨ કેસર ૪૩ આખું કઠોળ ૪૩ કોઇ પણ જાતના બીસ્કીટ ૪૪ નાનખટાઇ ૪૬ દેશી કેક ૪૭ વિલાયતી કેક ૪૮ પાઉં ૪૯ ડબલ રોટી ૫૦ ટુથ પાવડર ૫૧ શરબતો ૫૨ આઇસક્રીમ ૫૩ આઈસ વોટર ૫૪ હોટલની કોઇ પણ વસ્તુ ૫૫ ચાપાર્ટી ૫૬ ગાર્ડન પાર્ટી ૫૭ ઇવનીંગપાર્ટી ૫૮ અમુક પાણી.

૫. બહુ આરંભથી ન વાપરવા લાયક વસ્તુઓઃ-

૧ શેરડી ૨ સીતાફળ ૩ રાયણ ૪ રામફળ ૫ ખલેલાં

૬ પાકા ગુંદા ૭ જાંબુ ૮ રાવણાં ૯ કરમદા ૧૦ બોર ૧૧ લીલા અંજીર ૧૨ સેતુર ૧૩ ફાલસાં ૧૪ શિગોડા ૧૫ મગ વગેરેની સીંગો ૧૬ વાલોળ.

૬. લોકવિરુદ્ધ તથા જૈનદર્શનવિરુદ્ધ અભક્ષ્ય વસ્તુઓઃ—

૧ પંડોરા ૨ ફણસ ૩ ભૂરૂં કોળું ૪ „ કોળું ૫ કડવું તુંબડુ ૬ દુધી ૭ પાકાં કંટોલા ૮ પાકાં કારેલાં ૯ પાકાં ટીંડોરાં ૧૦ પાકાં ટમેટા ૧૧ પાકાં કંકોડા ૧૨ મધુક.

૭. ત્રસજીવની બહુ હિંસા થવાને લીધે તજવા યોગ્ય.

૧ બીલી ૨ બીલાં ૩ લીલો વાંસ.

ઉપર જણાવેલી દરેક વસ્તુઓને લગતી વિશેષ સમજ.

૧

૧ થી ૪૮ સુધીની દરેક ચીજમાં બગડવાનો અને જંતુ પડતા હોવાથી હિંસા થવાનો સંભવ છે. તેથી ફાગણ શુદ ૧૫ થી કારતક સુ. ૧૫ સુધી અભક્ષ્ય ગણવામાં આવેલ છે. તેથી તેનો ત્યાગ કરવો જોઇએ.

૧ **ખજુર**—બન્નેય પ્રકારના. ઋતુ બદલાતાં ફાગણ સુ. ૧૫ થી અભક્ષ્ય થાય છે. હોળીનો હારડો લેવા દેવાનો રીવાજ ગામડામાં છે, પરંતુ આવેલા હારડાનો ખજુર આપણાથી ફાગણ સુ. ૧૪ પછી વાપરી શકાય નહીં અને આપણે

આવ્યો હોય, તેનો વપરાશ ફાગણ શુદ ૧૪ પછી થાય, માટે આમાં વિવેક જાળવવાની જરૂર છે.

૨. ખારેક—પણ એજ પ્રમાણે અભક્ષ્ય હોવાથી અભક્ષ્યના ૮ માસમાં લગ્નાદિ પ્રસંગે વ્હેંચવી જૈન શ્રાવકને ઉચિત નથી.

૩ થી ૧૦ કાજુથી માંડીને જરદાળુ સુધીની ચીજો—સુકો મેવો છે મેવામાં એક જાતની મીઠાશ હોય છે, જેથી તેમાં ખોરાશ થવા અને તેના જ રંગના જીવજંતુ પડવા માંડે છે. માટે તે અભક્ષ્ય ગણવામાં આવેલ છે. તાજી ફોલેલી **બદામ** તથા તાજાં ફોલેલા **પિસ્તા** તે જ દિવસે વાપરી શકાય. પરંતુ એ બન્નેયના તૈયાર મીંજ આવે છે, તે ન વપરાય.

દ્રાક્ષમાં ઘણીવાર જંતુઓ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

પીસ્તા, ચારોળી-કેટલાક વેપારીઓ પાછળના વર્ષનો પડતર માલ પણ વેચે છે. તે ખાસ લક્ષ્યમાં રાખવું. તેથી ખરીદવામાં ખાસ હોંશીયારી રાખવી જ પડે છે.

૧૩ થી ૧૭ તલ-તેલ વિગેરે–તેલ ફાગણ ચોમાસું બેઠા પહેલાં ભરી રાખવું જોઇએ. અને તે પણ સાવચેતી રાખી સાચવવામાં ન આવે, તો તેમાં પણ વખતે જંતુઓ પડી જાય છે. **તલ સાંકળી, તલના લાડુ, રેવડી**, વિગેરેનો પણ ત્યાગ રાખવો જોઇએ.

ફાગણ માસ પછી તલની જરૂર હોય, તો અગાઉથી

ગરમ પાણીમાં બાફી ઓસાવી સુકવીને રાખી શકાય છે માત્ર તેમાં જંતુ ન પડવા જોઇએ.

૧૮ થી ૪૦. ભાજી, પત્રશાક, પાન વિગેરે—આઠ મહિના તેમાં જંતુઓ પડતા હોવાથી તેનો ત્યાગ જ કરવો ભજીયાં, મુઠીયાં વિગેરેમાં પણ તેનો ઉપયોગ કરવાનો ત્યાગ કરવો.

૩૧. નાગરવેલના પાન—આઠ મહિના વાપરવા ન જોઇએ. તેમાં કુંથુનો સંભવ હોય છે, તેમજ કાયમ પાણીમાં રહેવાથી નીલ–સેવાળ અનંતકાયની હિંસા થાય. તેમાં તંબોળીયા સર્પની સંભાવનાથી તેની અને આપણી હિંસા થવાનો પણ સંભવ છે.

લાંબો વખત લીલા રહેતા હોવાથી સચિત્ત રહે છે. તેમજ વિલાસ અને કામવાસનામાં વૃદ્ધિ કરનાર હોવાથી પણ બ્રહ્મચારીએ સાદાઈની બુદ્ધિથી ત્યાગ કરવા લાયક છે. [આજની પાન–સોપારીની દુકાનો જ્યાં પહેલવહેલી પડે છે, ત્યાં બીડી શરૂ થાય છે, તેમાંથી હોટેલો, તેમાંથી સરબત–પીણાં દુકાનો, અને તેમાંથી દેશી દારૂના પીઠાની સ્થાપના, તેમાંથી વિલાયતી દારૂની વપરાશની શરૂઆત થતી હોય તેવા ક્રમ જોવામાં આવે છે. એટલે ભવિષ્યની પ્રજાને દારૂથી બચાવવા માટે, તેના પ્રાથમિક બીજરૂપ પાન–સોપારીની દુકાનને ઉત્તેજન ન આપવાની દૃષ્ટિથી પણ પાનનો ત્યાગ કરવો જોઈએ. વળી કેટલાક **કાથાઃ** જે લોકો વાંદરાનું માંસ ખાય છે, તેવા લોકોએ કાથો પણ તે જ રાંધવાના હાંડલાઓમાં ઉકાળેલો હોય છે, એવા આવે છે]

૩૫. **મીઠો લીંબડો**—કઢીમાં ૮ મહિના નાંખી શકાય નહીં.

શિયાળામાં પણ દરેક **ભાજી, પાન** ખૂબ ઉપયોગ પૂર્વક ચાળીને વાપરવા જોઇએ.

૨. આર્દ્રા નક્ષત્રથી ત્યાગ કરવા યોગ્ય વનસ્પતિ—

પાકી કેરી અને પાકી રાયણ-આર્દ્રા નક્ષત્રથી **પાકી કેરીનો** જરૂર ત્યાગ કરવો. આ વસ્તુ અતિપ્રિય હોવાથી કેટલાએક આર્દ્રા નક્ષત્ર પછી યે વાપરે છે. તેને વધારે શું કહેવું ? ભગવંતની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ સ્વકામનાઓ તૃપ્ત કરવી ? જાણે "કે તે વસ્તુ જોઈજ નથી" માટે "ખાઓ, પીવો ને વાપરી લ્યો; ફરી આવી લહેજત નહિ આવે" એવું માની આપણા યુવાન બંધુઓ તો શું પણ જેઓને જરારૂપી પીશાચિણીએ વશ કરેલ છે, એવા કોઇ વૃદ્ધો પણ આ વસ્તુના સ્વાદમાં અંજાઈ જઈ ભોગવે છે. અફસોસ ! અતિ ખેદજનક છે ! કે અસંખ્ય જીવોનો નાશ કરતાં લગારેય વિચાર આવતો નથી ? અને પોતાનું મનરંજન કરવા અર્થે મહાનર્થનું કારણ સેવી દુર્ગતિનું ભાજન થવારૂપ અકાર્ય સેવાય છે. પણ હવે મમતા દાસીનો છેડો મૂકવો જોઇએ, નહિતર, તેની લહેજતના વિપાકો ભોગવતાં "હાય ! હાય ! કોઇ છોડાવો ! કોઇ બચાવો !" એવા ત્રાસજનક પોકારો પાડતા પણ કોઇ મૂકાવવાને સમર્થ નહિ થાય. તેથી હવે વિનયપૂર્વક પ્રાર્થના કરીને કહેવાનું છે, કે "સ્વપરના હિતને અર્થે તે ચીજ આર્દ્રા નક્ષત્રથી વર્જવી ને તેમાં કોઇ પણ પ્રકારનો આગાર રાખવો નહિ."

૩. અશાડ શુદિ ૧૫ થી કારતક શુદિ ૧૫ સુધી ત્યાગ કરવો.

૧. સુકવણી–સુકવણી એટલે શાક વિગેરેમાં ઉપયોગી વનસ્પતિઓને સુકવીને રાખવામાં આવે છે. તેનો ઉપયોગ પર્વતિથિને દિવસે તથા સચિત્તત્યાગીને માટે કે વ્રતધારી માટે કરવામાં આવે છે. આ પ્રચારનું કારણ–જૈનનો આહાર સીધી કે આડકતરી હિંસા વિનાનો હોવો જોઇએ, અને તે પણ સ્વકૃત કારિત અને અનુમોદિત ન હોવો જોઇએ. પરંતુ જેનો ઈચ્છાપૂર્વક ત્યાગ ન હોય, તેટલી હિંસા તો અનિવાર્ય રીતે ખુલ્લી રહેલી જ હોય છે. તેથી, સ્વાભાવિક રીતે મળતો અચિત્ત ખોરાક લેવો નિર્દોષ ગણાય છે. અને મુનિમહારાજાઓને તે દરેકનોજ ત્યાગ હોય છે. એટલે ખાસ જરૂરીયાત પડે ત્યારે ખોરાક લેવો જોઇએ અને તે સ્વકૃત, કારિત અનુમોદિત સચિત્ત ન હોવો જોઈએ. સ્વાભાવિક રીતે અચિત્ત હોય, તથા બીજા પણ દોષો વિનાનો હોય, તો તે ખોરાક લેવાનો હોય છે. એટલે તેઓને તે ખોરાક લેવા જવા આવવા, કે વાપરવામાં તથા જેટલો અપવાદ સેવ્યો હોય, તેટલી જ ક્રિયા લાગે છે, વધારે હિંસા કે અસંયમ લાગતા નથી.

એટલે જૈનોમાં સુકવણીનો પ્રચાર સાક્ષાત્ હિંસા કરવાના ત્યાગમાંથી જન્મેલો છે. જેમ બને તેમ વધુ ત્યાગ રખાય, તેમ સારૂં. પરંતુ ઓછા ત્યાગીને પણ જેમ બને તેમ સીધી હિંસા ઓછી લાગે, એ સિદ્ધાંત ઉપર સુકવણીનો વપરાશ પ્રચલિત છે, અને તે સૂક્ષ્મદષ્ટિથી બરાબર છે. ત્યાગની બાબતમાં આરોગ્ય–અનારોગ્યની ચર્ચા નકામી છે. આરોગ્ય

દૃષ્ટિથી શું વાપરવું ? અને શું ન વાપરવું ? એ જુદો પ્રશ્ન છે. પરંતુ ત્યાગ, અહિંસા, સંયમ અને તપની દૃષ્ટિથી શું વાપરવું ? શું ન વાપરવું ? તેનો અહિં વિચાર કરવાનો છે. આરોગ્યની દૃષ્ટિથી સુકવણાની વપરાશની ટીકા કરનારા બીજી અનારોગ્યકર અનેક વસ્તુઓ વાપરે છે અને પ્રવૃત્તિ પણ એવી અનેક કરે છે. તેનો ત્યાગ કરતા નથી. એટલે આરોગ્યનું બ્હાનું આગળ કરીને તેઓનો ઉદ્દેશ આપણાં પ્રચલિત ખાનપાનની શૈલીની ટીકા કરવાનો હોય છે. તેને ઉત્તેજન ન મળવું જોઈએ. બાકી દરેક કામ વિવેક રાખીને કરવામાં આગ્રહ હોવો જોઈએ, તેમજ શાસ્ત્રકારો એવો દુરાગ્રહ રાખવાનું કહેતા પણ નથી. પરંતુ ખોટા પ્રચારકોના ખોટા પ્રચારને ટેકો ન મળે, તે ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

ત્યાગદૃષ્ટિ કરતાં સામાન્ય સભ્યતાની દૃષ્ટિથી પણ ન વાપરવા લાયક ચીજો અપવાદે રોગાદિક કારણે વાપરવી પડે છે. માટે જૈનોના સુકવણી વાપરવાના પ્રચાર સામેની ટીકાઓ વજુદ વગરની અને જૈનજીવનની મર્યાદાઓ અને સિદ્ધાંતો સમજ્યા વગરની છે.

છતાં ચોમાસામાં સુકવણીમાં નીલ-ફૂગ થવાનો તથા કુંથુ વિગેરે સૂક્ષ્મ ત્રસજીવો ભરાઈ રહેવાનો સંભવ છે. ઉનાળામાં પણ જો બરાબર સુરક્ષિત ન રાખવામાં આવે, તો તેમાં જંતુઓ પડવા સંભવ છે. વળી વેપારીઓને ત્યાંથી સુકવણી લેવાથી હલકી ચીજો વાપરી હોય, વગર તપાસ્યે સુધારી-સમારી હોય, વિગેરે હિંસાના દોષો વિનાકારણ લાગવા સંભવ છે.

લીલોતરી ત્યાગવાળાને તિથિને કે ત્યાગના દિવસં આગલા દિવસે લીલી વનસ્પતિ લાવી તેની ચટણી, અથાણાં સંભારા કર્યા હોય, તો તે પણ ન કલ્પે. કેમકે તેમાં લીલો તરી વાપરવાનો ભાવ રહે છે. તેથી આવી યુક્તિ ન કરવી.

સુકવણીઓ બનતા સુધી ઘણા જ સજ્જડ વાસણમાં ભરવી જોઇએ કે જેથી કરીને તેમાં હવા કે બારીક જંતુઓ પણ ન પેસી શકે-તથા બીજી રીતે પણ અનેક રીતે તેને સાચવવી જોઇએ. ચોમાસામાં સુકવણીનો પણ ત્યાગ કરવો ઉચિત છે.

૨. ટોપરા-ચોમાસામાં નાળીયેર ફોડીને સુકું કે લીલું ટોપરૂં કાઢયું હોય, તો તે દિવસે જ ભક્ષ્ય છે, પરંતુ જો ખમણીને ઘીમાં તળી નાંખ્યું હોય, તો બીજે દિવસે વાપરવામાં બાધ નથી.

૩ થી ૧૨. પોંક—પાપડી, ઘઉંની ઉંબી તથ બાજરાના ડુંડા, જુવારનો પોંક, ચણાના ઓળા મકાઇ (આખા શેકેલા) તથા **ચોળાનું સુડીયું** (માટલામ આખી ને આખી બાફેલી શીંગોનુ) વિગેરેનો અવશ્ય ત્યાગ કરવો જ જોઇએ. કેમકે આ પદાર્થો ઘણા ત્રસ જીવોના વિનાશથી બને છે.

૪. હંમેશ ત્યાગ કરવા વસ્તુઓ.

૧ કોઈપણ વનસ્પતિનો **ભડથો** કરવો નહિ, તેમ કરેલ ખાવો નહિ.

૨. ઉંધીયું—અનેક વનસ્પતિઓ માટલામાં ભરીને તેને ઉપર ખુલ્લામાં અગ્નિ સળગાવી વિવિધ વનસ્પતિઓના એકી સાથે સ્વાદનો અનુભવ કરવામાં આવે છે. તેમાં આરંભ પણ મોટો થાય છે. અને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જળવાતો નથી. માટે તેનો ત્યાગ કરવો ઉચિત છે.

૩. પરદેશી મેંદો—જે કલકત્તા, અમદાવાદ, મુંબઈ વગેરે ઠેકાણે આટાની મીલો—સંચામાં બનાવે છે. અને પછી આપણા માટે જત્થાબંધ માલ પૂરો પાડે છે. તો આવતાં પણ લાંબી મુદત થાય, વેપારીને ત્યાં પણ કેટલાક દિવસો કે અઠવાડીયાં તે માલ અકબંધ પડતર રહે છે. તે લોટમાં એકલી જીવાત, ઈંડાળ તથા ઈયળો હોય છે. કેટલાક તે જીવોનાં પુદ્ગલ રહ્યાં હોય, તેવા પરદેશી મેંદાનું આપણે ભક્ષણ કરીએ! અફસોસ! આ વાત માંસાહારીઓ જાણે, તો તેઓ પણ આપણી હાંસી કરે, કે "ધન્ય છે! શ્રાવક ભાઈઓ! હિંદુઓ! તમારી અહિંસા તે કેવી?" અરે ભવ્યો! આ આપણે શાનું ભક્ષણ કરીએ છીએ? બાવીશ અભક્ષ્યના ત્યાગ કરવા સાથે ઉભય લોકની બીક રાખી પરદેશી મેંદાનો સર્વથા ત્યાગ કરવો યુક્ત છે. કંદોઈની દુકાનની તેવી મીઠાઈ લેવી નહિ, કે કરાવવી નહિ. તથા તેનો વેપાર પણ કરવો નહિ, આવી ચીજ વાપરી હોય તેવે ઠેકાણે જમવા પણ જવું નહિ. તેમજ પરસુદીનો લોટ તથા રવો કે આટો પણ ખાવો

૧. જો કે માંસાહારીઓનો તો આપણી હાંસી કરવાનો વાસ્તવિક રીતે અધિકાર છે જ નહીં. કેમકે-આપણા વિવેકને તો તેઓ કોઈ પણ રીતે પહોંચી શકે તેમ છે જ નહીં.

યુક્ત નથી. ચલિત રસની આપેલી સૂચના મનનપૂર્વક વાંચવી કે કેટલાક દિવસનો તથા કેવો આટો ભક્ષ્ય છે? જ્યાં આપણે પ્રમાદી થઈ આવી વસ્તુને ઉત્તેજન આપવા લાગ્યા ત્યારે જ તેને માટે મોટી મોટી મીલો...ફેકટરીઓ ઉઘડી છે, કે જેથી અનેક જીવોની હાનિ થાય છે. પરદેશી મેંદાની મિઠાઇઓ:—**પરસુદીની પુરી, ઘારી,** ગળ્યાં-મોળાં **સાટાં, સુતરફેણી,** ગણગણગાંઠીઆ, નાનખટાઈ, **હીંદુ બીસ્કીટ, શેવ** વગેરે

૪. ગળ્યા કાજુ—કંદોઈ ગળ્યા કાજુ બનાવે છે, તે પ્રાયઃ તપાસ્યા વગર **એમ ને એમ** આખા બનાવે છે, જેમાં ત્રસ જીવ હોવા સંભવ છે, **તેથી** તે ન વાપરવા. કદાચ ખાવાની ઈચ્છા થઈ હોય, તો કાજુના બે પડ જુદાં કરી સાફ કરી જીવની યતના કર્યા પછી ઘેર બનાવી ઉપયોગમાં લેવા. વળી, સાદા કાજુ ખાવા તે પણ બે પડ જુદા કરી જોઈ તપાસીને જ વાપરવા. તે પણ જે ઋતુમાં અભક્ષ્ય હોય ત્યારે તો કાજુ ન જ વપરાય. તે ખ્યાલ રાખવો.

૫ વિલાયતી ડબામાં પેક કરેલ દુધ—નેસલ્સ મીલ્ક મીલ્કમેઇડ મીલ્ક વગેરે દશ બાર કરતાંયે વધારે જાતનાં નામોથી વેચાય છે. મુસાફરીમાં ચા બનાવવો હોય, તો દૂધને બદલે તે ડબામાંથી દૂધ વાપરે છે. તે અભક્ષ્ય છે.

સીસામાં પેક કરેલ **કેરી, મુરબ્બા, ગુલકંદ** વિગેરે તથા **વિલાયતી બિસ્કીટ** વિગેરે અભક્ષ્ય છે. તેથી અવશ્ય ત્યાગ કરવો.

ઉપયોગ ન કરતાં હોઈએ, તો પણ આવી **પરદેશી** કે **દેશી અભક્ષ્ય** ચીજોનોં નિયમ કરવો, જેથી આશ્રવ ન આવે. કારણકે જ્યાં સુધી કોઇ પણ વસ્તુ ઉપરથી મૂર્છા ઉતરી ન હોય, ત્યાં સુધી યથાર્થ ફળ ન મળે, તેથી જ **શાસ્ત્રકારોએ** કહ્યું કે-"મરુદેશમાં જેમ પાન ન મળે, છતાં પણ નિયમ કરવો. **નેસલ્સમ** લ્ક વિગેરે જે વિલાયતથી આવે છે તે પ્રત્યક્ષ અભક્ષ્ય છે. તેથી તેનું વિશેષ વિવેચન કરવા જરૂર નથી. બંધુઓ ! આપણા શરીરમાં રોગ, સોગ, દારિદ્ર વિગેરેનો જે ઘણોજ વાસ થઇ ગયો છે. તેના કારણ આવી તુચ્છ ભ્રષ્ટ વસ્તુઓ વાપરવાનું જ ફળ છે. કેમકે "આહાર તેવો ઓડકાર" એ સૂક્તથી જ સમજી લેવું. (હવે તો આપણા દેશમાંયે છુટક તાજું દુધ વેચાતું મળવાનું ધીમે ધીમે બંધ થઇને ડબામાં પેક થયેલું દુધ વેચાતું લેવું પડવાનો પ્રસંગ ઉભો થવાની તૈયારી થઈ રહી છે. કેમકે– પરદેશી મૂડીની ડેરી કંપનીઓ ઉભી થવાની શરૂઆત મોટા પાયા ઉપર થઈ રહી છે.)

૬ થી ૨૧. સોડા, લેમોનેડ, જીંજર, રોઝબરી પીકમીઅપ, બીલ્કાસ, એલટોનીક, કોલ્ડડ્રીન્ક, કોલ્ડક્રીમ, જીંજરએલ લાઇમ, લીથીઓ, અમરીક, ચેરીસીડર, ચેમ્પેઇનસીડર, ક્વીનાઈનટોનીક, ક્રીમ-સોડા વિગેરે કેટલીક જાતો શીશામાં પેક કરેલ હોય છે, તે અનાચરણીય છે. કારણ કે-શીશાઓ મુસલમાન, પારસી પ્રમુખ લોકોએ મુખે માંડયા હોય, તે શીશાઓ આપણે મુખે

માંડવા, તેથી સાફ ધર્મભ્રષ્ટતા દેખાય છે, વળી તે, જીવાકુલ હોય, અળગણ પાણી વાપરેલ હોય, તથા ઘણા દિવસના વાશી હોય, હલકા વર્ણવાળાએ બનાવેલ હોય, વિગેરે અનેક દોષોથી આવી ચીજો અભક્ષ્ય છે. તેથી અવશ્ય ત્યાગ કરવો. તેમાં પણ "Higher education" ઉંચી કેળવણી મેળવી સુધરેલા ગણાતા જૈન યુવકો તો હવે કાંઈક સાન રાખી હદમાં રહે તો સારૂં. નહિતર તેના કડવાં ફલ તેને અને તેના સંતાનોને ચાખવાં પડશે. ત્યારે ઉપાય નહીં રહે [આજે તો જૈન કુળમાં જન્મેલા યુવાનો એટલા બધા આગળ વધેલા છે કે—આરોગ્યના તત્ત્વો સમજ્યા વિના પણ આરોગ્યના નામ નીચે જૈન ખાનપાન વિધિની મશ્કરી ઉડાવનારાયે અજ્ઞાની પડયા છે.]

૨૨ થી ૩૫. બીડી; હોકો, ચલમ, ચુંગી, સીગારેટ, ચીરૂટ, તમાકુ, ગાંજા, ચડસ, માજમ, અફીણ, કસુંબો, ભાંગ, કોફીન, દારૂ, પ્રમુખ વ્યસનો અનાચરણીય છે. જીવહિંસા, અનર્થનું કારણ, તથા પૈસાનો ગેરઉપયોગ શિવાય તેમાં કાંઇ લાભ છે જ નહિં. કદાચ તે ચીજ ન મળે તો ચેતના મુંઝાય, અને તેથી ક્ષયાદિક મહારોગ થાય અને કોઈ વખત પ્રાણમુક્ત થવાનો સંભવ છે. વળી તેમાં અગ્નિ, વાયુ તથા બીજા ત્રસ–સ્થાવર જીવોની હિંસા થાય છે. તેથી આવી વ્યસનવાળી ચીજો સર્વથા વર્જવી. [સીગારેટના પ્રચાર માટે મોટા કારખાના ઉભા થવાનો પ્રસંગ આવ્યો છે અને થઈ રહ્યા છે, બીડીનો પ્રચાર અને હવે તેના ઉપર લાઇસન્સદ્વારા અંકુશ ખાસ સિગારેટના પ્રચારની પ્રાથમિક ભૂમિકા માટે હતો અને છે]

૩૬. **સ્તભંક દવાઓમાં** મોટે ભાગે ઝેરી, કેફી અને રાસાયણિક ઔષધોનું મિશ્રણ હોય છે. જે ખોટી ઉશ્કેરણી અને ખોટા ટેકાઓથી પરિણામે નામર્દાઈ ઉત્પન્ન કરી આયુષ્યનો હ્રાસ કરે છે, ધતુરો, આકડો, ઝેરકોચલું, સોમલ, વચ્છનાગ, ગંધક, પારો વિગેરે વિષપ્રાયઃ ઔષધોનો તેમાં સંભવ છે. માટે પુષ્કળ ફેલાવેલી જાહેરાતથી આકર્ષાઈ તેવી દવાઓ ન વાપરવી જોઈએ. સ્ત્રીઓ માટે ગર્ભ ન રહેવાની તેવી જ જાહેરાતો થાય છે. તે સર્વ હાનિકારક છે. વિષપ્રાયઃ હોવાથી **અભક્ષ્ય** અને આરોગ્ય બગાડનાર છે.

૩૭. **વિલાયતી દવાઓ** અભક્ષ્ય છે. ઉત્કૃષ્ટ તો એજ છે કે રોગાદિક કારણે પણ તે લેવી નહિ, જો આત્મા બળીઓ થાય તો શું ન કરી શકે? અર્થાત્ આ આત્માજ વૈતરણી નદી (નારકી) મેળવનાર છે, અને આ આત્માજ સ્વર્ગાદિક સુખનો ભોગવનાર છે, છેવટે આજ આત્મા સિદ્ધિ-સૌધ પ્રત્યે જનારો છે. કેટલાક ઉછાંછળાઃ સ્વચ્છંદી-શોખીનોઃ વિલાયતી દવાના ડોઝો ખુશીથી પીયે છે, તે પ્રત્યક્ષ અનાચરણીય તથા દુર્ગતિનું સબળ કારણ છે. તે પુરૂષોને કોઈ હિતચિંતક ઉપદેશ કરવા જાય છે. તો તેનું પરિણામ કેટલીક વખત ઉલટું ખેદજનક આવે છે. **નીતિશાસ્ત્રકારોએ** કહ્યું છે કે—

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्द्धनम् ॥

એટલે "મૂર્ખાઓને ઉપદેશ કરવા જતાં તેમાંથી સાર લઇને શાંત થવાને બદલે તે ઉલટો ક્રોધાયમાન થાય છે, જેમ

સર્પને દુધનું પાન કરાવવાથી, ફક્ત વિષની વૃદ્ધિ કરનારૂં તે થાય છે" જેથી તેવા મૂર્ખાઓને પ્રતિબોધ કરવાથી પણ શું?

૪૦. ગોળ–ગોળ (ગુડ)માં જીવની ઉત્પત્તિ થાય છે. કારણકે કેટલાક વધુ નફો મેળવવા ખાતર ગોળમાં **ચણાનો લોટ, ખારો** તથા **માટી** એમ ત્રણ પ્રકારે અથવા બીજી વસ્તુઓનું મિશ્રણ કરી વેચે છે. ગોળમાં તદ્વર્ણા (લાલ રંગની) ઇયળો થાય છે. તેથી તેવો ગોળ અભક્ષ્ય છે. તો તે ન વાપરવાનો ઉપયોગ રાખવો. પરદેશી ગોળમાં પ્રાયઃ ભેગ કરતાં હશે, એમ અનુમાન થાય છે. ચણાનો લોટ તથા ખારો મેળવવાનું કારણ દેખાવમાં સરસ લાગે છે. માટીનો ભેગ કરવાથી સો મણ ગોળમાં ચારેક મણ માટી મેળવવાથી તોલમાં વધે છે. એમ દગો થતો હોવાનું સાંભળ્યું છે. તેથી તેવો હલકો માલ મુદ્દલ લેવો નહિ. પણ દેશી **શ્રીકાર** માલ પરીક્ષા કરી લેવો. "સેઘું તે મોંઘા માટે અને બાહ્યથી સુશોભિત તે અંતરથી દોષિત." આ શીખામણ ખાસ ઉપયોગી છે. માટે જે માલ ખરીદવો, તે સસ્તું જોઇ, કે તેની શોભામાં અંજાઈ જઇ, ખરીદવો, તે કરતાં તે વસ્તુના ગુણ દોષની પરીક્ષા કરી સારો ખરીદવો યોગ્ય છે.

૪૧. **પરદેશી ખાંડ**—તે શુદ્ધ કરવામાં જે અશુદ્ધ પદાર્થો પ્રમુખ વપરાય છે, જેનું સ્પષ્ટીકરણ અનેક જગ્યાએ થયેલું છે જેથી વિશેષ ન લખતાં માત્ર એટલું જ કહેવું બસ છે, કે તેવી ખાંડ કે સાકર વાપરવાથી શારીરિક તન્દુરસ્તીનું બગડવું: તથા ધર્મભ્રષ્ટતાઃ એ બે મોટા દુર્ગુણ થાય છે, તેથી ત્યાગ કરવો. હવે કેટલાક તેનો ત્યાગ કરીને કાશી

પ્રમુખની દેશી ચીની વાપરે છે, પણ આ કળિયુગમાં દગલબાજી બહુ થઇ છે, તેથી કેટલીક વખત દેશીને નામે પરદેશી માલ રકમબંધ આકરા ભાવથી ખપે છે, અને જ્યાં દેશી બનાવે છે, ત્યાં પણ પરદેશી ચીનીનું મિશ્રણ થાય છે. ચોક્કસ કે શંકાપૂર્વક જાણવામાં આવે ત્યારથી તે ચીજ વાપરવી જ નહિ; નહિંતર નિયમ લઈને તેમાં દોષિત થવાય, માટે ઉપયોગ રાખવો.

૪૨. **કેસર**—આપણા દેશમાં કાશ્મીરમાં બહુ ઉત્તમ કેશર થાય છે. તેમજ પરદેશી પણ કેસર સારૂં આવે છે. બની શકે ત્યાં સુધી કાશ્મીરી કેસર વાપરવું દરેક રીતે સર્વોત્તમ છે પરંતુ દેશી કેશરને નામે કોઈપણ જાતના કતરણને એવા કોઈ રંગનો પટ લગાવીને બનાવટી કેસર વેચનારા વેચે છે. અને તે રૂ. ૨) ના રતલથી માંડીને રૂ. ૧૦, ૧૫, ૨૦ સુધી રતલ મળે છે. માટે તે બાબત સાવચેત રહેવું. કેસરને સાચવવામાં ખ્યાલ રાખવો. કેમકે તેને હવા લાગવાથી તેમાં ઝીણા જંતુઓ પડી જાય છે ને ઈંડાળ થઈ જાય છે.

૪૩. **આખું કઠોળ**—કોઇપણ જાતનું આખું કઠોળ ન ખાવું જોઇએ. દરેક કઠોળની દાળ કરીને ખાવી શ્રેષ્ઠ છે. કારણ કે-આખા કઠોળમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે તે સાફ કરવા છતાં તે જીવો નીકળે નહિ, અને આપણી દૃષ્ટિ પણ પડે નહિ; તેથી જીવહિંસા થાય. માટે કઠોળની તુરત દાળ કરી નાંખવી, ને ખાવી. કઠોળ ઝાઝો વખત રહેવાથી તેમાં

જીવોની ઉત્પત્તિ થાય છે. છેવટે આખા કઠોળનો સર્વથા ત્યાગ ન થઈ શકે, તો ચોમાસામાં અને તિથિ, પર્વે આખું કઠોળ અવશ્ય વર્જવું. વટાણામાં મિઠાશને લીધે વિશેષ જીવોની ઉત્પત્તિ થાય છે. તે તો ખાસ કરી વર્જવા યોગ્ય છે.

૪૪ થી ૪૯ હિંદુ-દિલ્હી બીસ્કુટ-જે દિલ્હી, પુના, **વડોદરા** વિગેરે ઠેકાણે બનાવવામાં આવે છે. તે આપણામાંના કેટલાએક બંધુઓ વાપરે છે. તે બનાવવામાં પ્રથમ તો પ્રાયઃ **પરદેશી મેંદો** વપરાય છે. અને વળી તેને પણ હલવાની માફક બે ત્રણ દિવસ પાણીમા કોહડાવે છે, ત્યાર બાદ તેના બિસ્કીટ થાય છે. તેથી અસંખ્ય સંમૂર્છિમ, અનેક બેઇંદ્રિયાદિક જીવોની હાનિ થાય છે. વળી કોઈ બીસ્કીટ તૈયાર કરવામાં **ચરબી** પણ ચોપડવામાં આવે છે. તેથી તે સર્વથા વર્જનીય છે. **નાનખટાઇમાં** પણ પરદેશી મેંદો વપરાય છે. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે. વિલાયતી બિસ્કીટમાં ઈંડાનો રસ આવતો હોય, તેમ સાંભળવામાં આવેલ છે. કેટલાક મા-બાપો શોખ અને લાડ ખાતર નાનાં બાળકોને તદ્દન બાલ્યાવસ્થાથી આવી ચીજો ખવરાવવાની શરૂઆત કરી દે છે પછી મોટી ઉંમરે તેવા બાળકો આવી ચીજો કેમ છોડી શકે! પરંતુ આગળ વધીને ચોકલેટ વિગેરે ખાવાની ટેવનો ચેપ શરૂ થાય છે.

૫૦. ટુથ પાવડર (દંતમંજન) **ટુથ બ્રશ** [દાંત સાફ કરવાનું બ્રશ, કૂચ્ચો] વિલાયતી દંતમંજનો જે તૈયાર આવે છે, તે વાપરવા યુક્ત નથી. કોણ જાણે તે કેવા ભક્ષ્ય કે અભક્ષ્ય પદાર્થનાં થતાં હશે? માટે તે ન વાપરતાં બદામના

છોડીયાની **મસી** અથવા તો તે મસીની સાથે **કપુર, બરાસ, ચાક** (સચિત્તના ત્યાગીએ **ચાક** ગરમ પાણીમાં ઉકાળી સુકાવીને અચિત્ત કરેલ હોય, તો વાપરી શકાય,) **હરડા, બેડાં, આમળાં, મસ્કતી દાડમની છાલ, સોનાગેરૂં, કાથો, મોચરસ, હીરાદખણ, હીંમજ, દાડમના સૂકા ફુલ, કાંટાળું માયુ, ચણકબાબ,** વિગેરે દાંતને ગુણકારી અનેક વસ્તુથી બનાવેલું દેશી મંજન વાપરવું યુક્ત છે.

વળી, દાંત કે હાડકાના અગર કોઇ બીજી જાતના હાથાવાળા કોઇ પણ જનાવરના કેશ કે રબરના ટુથ બ્રશો હિંદુઓએ અને ખાસ કરી જૈનોએ મુખમાં નાંખી ભ્રષ્ટ થવું તે કેવું લજ્જાસ્પદ છે? વળી તે બ્રશો કેટલીક વાર દાંતમાં પોલ કરી બહુ ખરાબી કરે છે જો કે તે ગુણકારી નથી, પણ કદાચ હોય તોપણ આપણે કયાં સાધન રહિત થયા છીએ? અર્થાત્ અનેક રીતે દાંતની શુદ્ધિ, મજબુતીપણું તથા બીજા ગુણકારી ઉપાયો છે, માટે વિલાયતી ટુથ પાવડર અને ટુથ બ્રશનો ઉપયોગ થતો હોય તો તે બંધ કરવો, અને ન હોય, તો તે ન વાપરવાનો નિશ્ચય કરવો, આવી વસ્તુઓનો પણ નિયમ કરવાથી લાભનું કારણ છે, આખી પ્રજાને સસ્તામાં દંતશુદ્ધિ માટે સર્વને મફત મળે તેવી સગવડ **દાતણ** જ છે. **દેશી વૈદકમાં આવળ બાવળ,** અને **લીમડાના** દાતણમાં કોહવાટ દુરકરવાનો ગુણ કહેલ છે. કુદરતે ઉત્પન્ન કરેલા દાંતો પડાવી નાંખવાનો ઘણો ભયકરં ચાલ ચાલુ થયો છે. પેટની ખરાબીથી દાંત રોગ થાય છે. અને પછી દાંતના રોગ પેટની ખરાબી કરે છે પરંતુ સૌથી સારો રસ્તો એ છે, કે પેટની

ખરાબી દુર કરવી જોઈએ. તે ન કરી જાણનાર અણઘડ વૈદ્ય-ડોકટર દાંત પાડી નાંખવાની સહજ ભલામણ કરે છે. સહેજ દાંતમાં કે દાઢમાં કળતર થાય કે તુરત દર્દીને ફોસલાવીને અચાનક પાડી નાંખવાના પણ ઘણા દાખલા મળે છે. સામાન્ય ઉપચાર કરવાથી મટી જાય તેમ હોય તો પણ પાડી નાંખે છે. અરે ! કુદરતે ઉત્પન્ન કરેલી વસ્તુનો આવી રીતે સહજ કારણોથી નાશ કરવો, એ કેટલી મૂર્ખતા છે! પછી તે ઉત્પન્ન કરી શકાતા જ નથી. માટે ડાહ્યા માણસોએ-મૂળ કારણો દૂર કરી જેમ બને તેમ દાંતને સાફ પણ રાખવા. અત્રે સહજ યાદી આપવા જરૂરી છે કે-કેટલાક મુનિમહારાજાઓ પણ આવી રીતે વિષમાશનાદિક કારણોને લીધે દાંતના ભોગ થાય છે ત્યારે દાંત સંસ્કારના પ્રયોગમાં દોરાઈ રહ્યા છે. તેમાં પણ ડોકટરોએ ફેલાવેલી ઉપરની મોટી ગેરસમજ કારણ બને છે. જે મુનિધર્મને દૂષણ રૂપ ગણાય, અને દાંતની વાસ્તવિક શુદ્ધિ પણ ન થાય. માટે કારણો દૂર કરવા કાળજી રાખવી સર્વોત્તમ ઉપાય છે. જેનુ પેટ બરાબર સાફ તેને દાંતણ કરવાની પણ જરૂર નથી પડતી. એટલા સાફ દાંત અને જીભ રહે છે. જેથી ઉલ ઉતારવાની પણ જરૂર નથી પડતી. દાંત તથા જીભ સાફ કરવા પડે છે, તેટલી પેટની ખરાબી સમજવી. એવા કોઇ કોઈ મુનિઓ હોય છે, કે જેમના દાંત ચકચકિત અને મુખ શ્વાસ સુગંધિત હોય છે. કારણ માત્ર એકજ કે-તેમનું પેટ અને આખું શરીર યંત્ર તદ્દન વ્યવસ્થિત હોય છે. બીજા પણ ઘાટી વિગેરે મજબૂત બાંધાના શરીરવાળા એવા જોવામાં આવે છે, કે વગર દાતણે પણ તેના દાંતચકચકિત

હોય છે, કારણ માત્ર પાચક યંત્ર બરાબર હોય છે, અને તે વ્યવસ્થિત કરવું એ સર્વ રોગો નાશ કરવાનો ઉપાય છે.]

૫૪. હોટલો—વિશ્રાન્તિ—આનંદી-ભોજન-ગૃહ અને તેમાં થતી દરેક ચીજ શુદ્ધ બ્રાહ્મણીઆ !! પ્રથમ તો આ વિશ્રાન્તિગૃહની મુલાકાત લેનાર બ્રાહ્મણ-**વાણિયાથી માંડી લુવાણા, કડીઆ, એમ ઉત્તરોત્તર** ઉંચ નીચ હિન્દુ સર્વ પ્રાયઃ હોય છે* અને તેના માલેકો કેવી જ્ઞાતે હોય છે, તે તો તપાસ કર્યે માલુમ પડે, ત્યાં **ચા, દુધ, પુરી, દુધપાક, બાસુંદી, શીખંડ, બ્રાહ્મણીઆ** નામે ગમે તે વખતે મળી શકે છે. વળી **ભજીયાં, કચોરી, આઇસ્કીમ, કુલફી, આઇસ વોટર, કંદમૂલ** વિગેરેના **શાક**, ભાતભાતની ચટણીઓ પણ બ્રાહ્મણીયા થયા, તથા **નાનખટાઇ, બીસ્કુટ, સોડા વિગેરે, જેની જે** ઇચ્છા **હોય** તે બ્રાહ્મણીઆ તાજુ મળી શકે, કહો કેવી સુગમતા ! પણ હે જૈનબંધુઓ ! અને આર્યો ! આ **હોટેલો** પ્રમુખનું અનુકરણ થવાનું કારણ **અનાર્યોનો** પરિચય છે, અને તેના સહવાસથી આપણે **પણ અનાર્ય** જેવાજ થઇ જઇએ છીએ ત્યાં બનતી સર્વે વસ્તુઓની જો વિવેકપૂર્વક તપાસ કરવામાં આવે તો જ ખબર પડે, પણ એ તકલીફ કોણ લે ? હિન્દુ **ભોજનગૃહમાં** થયું એટલે તો તે શુદ્ધ પવિત્રજ હોય"

---

* [અધુરામાં પૂરું-ભારતની આર્ય જ્ઞાતિ અને ભોજન વ્યવસ્થાઓ તોડી નાંખવાના પ્રથમથી પરદેશીઓના પ્રયાસોનો કોન્ગ્રેસ મારફત પ્રચાર કરાવી તેની છેલ્લી મુખ્ય સ્પર્શાસ્પર્શની દિવાલ પણ અન્ત્યજોનો હોટેલોમાં ફરજીઆત પ્રવેશનો કાયદો અમલમાં લાવી સરકારે પણ તોડી નાંખવાની શરૂઆત કરવામાં સાથ આપ્યો છે.]

કારણ કે-જો ભક્ષ્યાભક્ષ્યના વિવેકનો વિચાર કરે, તો ખવાય પીવાય કેમ ? એવા આપણે વિવેક-વિકલ અર્ધદગ્ધો જિહ્વા-ઇન્દ્રિયની રસલંપટતામાં શું શું અકાર્ય નથી સેવતા ? અર્થાત્ સ્પર્શાસ્પર્શ કે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નહિ કરતાં ભોજન કરી આનંદ માનીએ છીએ. છેવટે મુસલમાન તો શું પણ યુરોપીયન હોટેલમાંથી **માખણ, પાઉં (બિસ્કીટ)** વગેરે પદાર્થો મંગાવી ખાનારાઓ પણ હોય છે. અફસોસ ! આ સંસ્કારભ્રષ્ટતાનું વિવેચન કરતાં કંપારી છુટે, તેવા કાર્ય સેવનારાઓ આ કળિયુગમાં વ્યાપી રહ્યા છે. અમને તો આવા પ્રાણી પ્રત્યે દયાની લાગણી સ્ફુરે છે, કે તેઓને "કેવા કેવા વિપાક ભોગવવા પડશે ? અને કેવા કેવા ત્રાસ તેઓ પામશે" હજુ પણ હે બંધુઓ ! સમજો અને આ ભ્રષ્ટતાથી વિરમો હે જૈન યુવકો ! આ **શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુના શાસનમાં** મનુષ્યજન્મ પામ્યાનો ફેરો સફળ કરો દશ દૃષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્યજન્મ ફરી મળવો દુર્લભ છે

"**કાગ ઉડાવણ કાજ પ્રિય જિમ ડાર મણિ પછતાયા રે**" એવો અવસર ન આવે, માટે પૂર્વોક્ત ત્રણ અક્ષર (વિવેક)ની ખામી છે, તે રૂપી મિત્રને જગાડો, અને આત્મહિતાર્થે ભ્રષ્ટાચારને દેશવટો આપો !

[**૫૫-૫૬-૫૭ વિવિધ પાર્ટીઓ**-આ પાર્ટીઓ મોટે ભાગે રાતની લગભગમાં થાય છે. જેમાં જૈનોએ જવું ઉચિત હોતું નથી એ તો સ્પષ્ટ જ છે. આ પાર્ટીઓમા ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જાળવવા માટે ખાસ વ્યવસ્થા નથી હોતી. એ વિવેક જાળવવો એ અપવાદરૂપ અને અણગમાનો વિષય હોય

છે. આ પાર્ટીઓના ખાણાં બહુ જ ખર્ચાળ હોય છે, રૂપિયાથી માંડીને બસો બસો રૂપિયાની એક એક ડીશ થાય છે. તેમાં એઠું ઘણું જ પડયું રહે છે. માત્ર જમાનાના મોહ સિવાય તેમાં કાંઈપણ લાભકારક તત્ત્વ જોવામાં આવતું નથી. જુના વખતના સાદા અને અલ્પ ખર્ચાળ માત્ર પ્રેમભાવના વિગેરે અનેક સુતત્ત્વોથી ગોઠવાયેલા ભોજનોની મોટા પાયા ઉપર નિંદા શરૂ કરવામાં આવી છે. તે નિંદા તેમાં સુધારાવધારા સૂચવવા ખાતર તો નથીજ. તે તો માત્ર નામનું બાનું જ છે. પરંતુ ખરી રીતે સાદા ભોજનવ્યવહારને બદલે હાલની પાર્ટીઓના ભોજનોની શરૂઆતને ટેકો આપવા માટે જ એ નિંદા છે, સાદા ભોજનમાં સર્વને સમાન ભાવે મળી શકે, તેવાં મિષ્ટાન્ન સાથે દરેક સગવડો માણસ દીઠ ચાર આનામાં પતી જતી એટલે અમુક રકમમાં ઘણી સંખ્યા લાભ લઈ શકે જ્યારે પાર્ટીઓમાં અમુક આમંત્રિત સંખ્યા જ લાભ લઈ શકે છે, અને તે પણ વ્યક્તિઓજ, ઘણી વખત બૈરાં, છોકરાંઓ તો ઘેર જ બેઠા હોય છે. એમને માટે પાર્ટીયે નહી, અને સાદા દેશી જમણોનો પણ નિષેધ. એટલે બન્નેય તરફથી પૂરી કમબખ્તી.

ધર્મ, માર્ગાનુસારિતા, અને આર્ય સંસ્કૃતિને સમજનારા કે ચાહનારાઓએ આવી પાર્ટીઓ ગોઠવવી ન જોઈએ પરંતુ તેમાં સિદ્ધાંત ખાતર પણ ન જ જવું જોઈએ. તેમાં ધાર્મિક વિવેક સાચવવાનું તો એક પણ સાધન નથીજ, બાકી સ્વચ્છંદી

---

૧. [નાના મેળાવડાઓમાં પણ **અલ્પાહાર** [પૂરતો આહાર મુશ્કેલ હોય છે.] ટીફીનને ઇન્સાફ આપવાની પ્રવૃત્તિ પણ **પાર્ટી-પદ્ધતિના** પ્રાથમિક પાઠરૂપે સમજવાના છે.]

લોકોને આ જમાનામાં કોણ પૂછી શકે છે ? તેઓને મત તો તેને ટેકો આપવો, તે આ જમાનાનું ભૂષણ છે. ધર્મ અને સામાજિક કાયદાઓ અને નિયમોથી સ્વતંત્ર થવા ઈચ્છનારાઓ ઉપર દર વર્ષે ધારાસભાની બેઠકોમાં નવા નવા કાયદાના બંધનોની બેડીઓ નંખાતી જાય છે. અને ભયંકર ગુલામીના ભાવિ કારાગૃહો ઉત્પન્ન થાય છે. તે પણ આ જમાનાનો જ વિલાસ છે. શહેરના આલીશાન માળાઓની ઓરડીઓમાં ગોંધાઈ રહેવાનું પણ આરોગ્યશાસ્ત્ર આ જમાનાએ જ આપ્યું છે. પરંતુ આજે આ વસ્તુ સમજાય તેમ નથી. બન્ધુઓ ! આપણું હિત શામાં છે ? તે વિચારો અને પરમ જ્ઞાનીઓના સુમાર્ગમાં સ્થિર રહી, પોતાનું હિત સાધો.]

૫૮ પાણી—આ કળિકાળમાં કેટલાક મોટા શહેરોમાં, સ્ટેશનો ઉપર પાણીના **નળ-સંચા ટાંકીઓ** થઈ ગયેલ છે, તેથી મુસાફરી વખતે કે હવા ખાવા જતાં, અગર રસ્તામાં તૃષા લાગી હોય, ત્યારે અણગળ પાણી પીવાય છે, તે અનાચરણીય છે અણગળ પાણી દારૂ સમાન કહ્યું છે. જેથી પીવામાં કે વાપરવામાં પણ અવશ્ય પાણી મજબૂત ગરણાવડે બરાબર ગળીને જ વાપરવું. તથા પાણીના વાસણમાં એઠા પ્યાલા કે જેને મુખની લાળ અડી હોય તેવા વાસણ બોળવાથી અસંખ્ય સંમૂચ્છિંમ જીવ ઉત્પન્ન થાય છે, માટે પાણી કાઢવા માટે જુદો ડોયો (લોટો) રાખવો જોઇએ. પછી જે પ્યાલે પાણી પીધું હોય તેને પણ મુખની લાળ અડી હોય, માટે લુગડાવડે તુરત કોરો કરી નાંખવો. જ્યારે પીવું હોય ત્યારે દરેક વખતે તે પ્યાલો જોવો કે "તેમાં જંતુ કે કચરો નથી કે ?" તે

તપાસીને જ પીવું. ઉઘાડું રહેલું પાણી પીવાથી બહુ દોષ છે. [પાણી ખુલ્લા અને છીછરા પ્યાલાવતી પીવું. કેમકે તેમાં બરાબર "પાણીમાં શું છે?" તે જોઇ શકાય છે. ઉંડા પ્યાલામાં કાંઈ પણ જોઈ શકાય નહીં તેમ જ ઉકાળેલા પાણી પીવામાં ઉંડા પ્યાલા વાપરવા નહીં જોઇએ. કેમકે તેમ કરવાથી તે બરાબર લુંછીને સાફ કરી શકાતા નથી. સામાન્ય રીતે પણ ઉંડા પ્યાલા બરાબર જોઇ શકાતા નથી. તેમાં ધાર નીચે રાખ, મેલ કે કચરો ભરાઈ રહે છે. તેમજ છીછરા પણ કાંઠે વાળેલા પ્યાલાના વળાંકમાં મેલ ભરાઇ રહે છે. તેથી કાંઠા વળેલા છીછરા પણ પ્યાલા બરાબર કામના નથી.

શ્રાવકોએ અદ્ધરથી પાણી પીવાની વૈષ્ણવોની જેમ ટેવ રાખવી ઉચિત નથી. કેમકે ઉંચેથી મ્હોંમાં પાણી રેડતાં સંપાતિમ જીવો મોઢામાં આવી પડે. પાણીમાં કાંઇ જીવડું હોય, તો તે પણ મોઢામાં આવી પડે. પરંતુ મોઢે માંડી પીતાં પીતાં દાંત તથા ઓઠને સ્પર્શ થતાં તેને બચાવી શકાય છે, અને આપણે ઝેરી જંતુથી બચી શકીયે છીએ.

હાલમાં નળો થવાથી પાણી ગળવાની બાબતમાં અને સંખારા સાચવાની બાબતમાં ઘણી અરાજકતા ચાલે છે. પરંતુ દયાપ્રેમીઓએ જેમ બને તેમ આ બાબત જરા પણ બેપરવાઇ ન રાખવી જોઈએ તેમજ ગટરો થવાથી પાણી ઢાળવામાં અને વાપરવામાં તથા તેમાં ગમે તે નાખવામાં પણ વિવેક રાખવામાં આવતો નથી, આ ઘણું જ અયોગ્ય થયું છે. દયાદષ્ટિથી ઉપેક્ષા કરવા જેથી આ બાબત નથી. ગટરોમાં ગમે તે ચીજો જવાથી સડો થતાં અનેક જીવોની ઉત્પત્તિ થાય જ. તે કોઇને કોઇ

રીતે હવા બગાડે અને આરોગ્યને નુકશાન કરે જ છે. ગટરોના વિષ્ટામિશ્રિત પાણીના શાકો, ફળો તદ્દન ફીક્કા અને બેસ્વાદ થાય છે. અને બહુ માર્મિક સુગંધ જાણનારને તો તેમાંથી વિષ્ટાની ગંધ પણ આવે છે. ખરી મ્યુનિસીપાલિટી સૂર્યનો તાપ, કુતરા, કાગડા, ગધેડા વિગેરે છે. તે કાંઈપણ ગંદકી રહેવા દેતા નથી. પરંતુ નળો, ગટરો પરદેશી માલ ખપાવવા તથા પ્રજાના જીવનનો કાબુ હાથમાં રાખવા મોટા પાયા ઉપર મ્યુ સ્થાપીને પરદેશી લોકોએ હિંસાના મોટા મતથકો ખોલી દીધા છે. શ્રાવકોએ વિવેક રાખવો. સ્વચ્છતાને નામે મુનિરાજો માટે પણ આ કૃત્રિમ મ્યુ૦ઓએ મુશ્કેલી ઉભી કરી છે, અને કરશે]

અલ્પ પ્રમાદથી અસંખ્ય જીવનો ઘાત થાય તે કેવું અનર્થકારક છે? માટે દરેકભાઇઓ અને બ્હેનોએ પાણી માટે ખાસ લક્ષ્ય રાખવું એવી પ્રાર્થના છે. **શ્રાવકે પહોરે પહોરે પાણી ગળીને પીવું જોઇએ,** તેમાં જેટલો પ્રમાદ તેટલો દોષ છે, નળો થવાથી આજે પાણી પીવા અને ઢોળવામાં ઘણી અરાજકતા ચાલે છે.

"યત્ર યત્ર પ્રમાદઃ તત્ર તત્ર હિંસા" પ્રમાદ તજ્યા વગર ધર્મ પામવો કયાં સહેલ છે? જયણાએ ઉપયોગપૂર્વક વર્તવું તેજ ધર્મ છે. ઉભય લોકનો ભય રાખી જે સજ્જનો **અષ્ટ પ્રવચન માતાને** હૃદયમાં રાખી વર્તે છે, તેઓનું જ કલ્યાણ તથા પૃથ્વીપર આવવું સારભૂત છે, અને બાકી તો પૃથ્વીને ખરેખર ભારભૂત જ સમજવાં. ધન્ય છે! **શ્રી કુમારપાળ રાજાને** કે જેણે **અઢારદેશમાં અમારી (અહિંસા)**

પ્રહડ વજડાવ્યો કે જેના વખતમાં, ગાય, ભેંસ, બળદ ઘોડાં વિગેરે પશુઓને પણ પાણી ગાળીને જ પાવામાં આવતું હતું. અને તે ધર્મિષ્ઠને 'પરમાર્હત' એવું બિરુદ **કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે** આપ્યું હતું, તે **કુમારપાળ** રાજા આવતી ચોવીશીના પ્રથમ **તીર્થંકર શ્રી પદ્મનાભ પ્રભુના ગણધર** થવાના છે, તેનો હાલ પણ યશવાદ વર્તે છે. તથા આગામીભવે પણ વર્તશે. સદા તેવા પુરુષો જયવંતા વર્તો ! અરે આપણે કયારે પ્રમાદરૂપી પછેડી દૂર કરી પાપરૂપી માલન શય્યામાંથી ઉઠી તેવા પરમાર્હંત થવા અને શિવવધૂવરવા ઉજમાળ થઇશું?જેથીભવપ્રપચરૂપી તાપ ઉપશમે.

૫. બહુ આરંભથી ન વાપરવા લાયક ચીજો, અને તે વર્જવાંનાં કારણો.

૧ શેરડી—ઘણી ખાવા છતાં તૃપ્તિ ઓછી થાય છે. અને તેનાં છોંતાં ઘણા નીકળે છે ચૂસવાથી મુખની લાળમાં સંમૂચ્છિંમ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેમજ ગળપણને લીધે કીડીઓ વિગેરે ચડે છે તેના ઉપર પગ પડવાથી કે ઢોર ચાવી જવાથી તેમાં કીડી વિગેરેની હિંસા થાય.

૨ થી ૧૦ સીતાફળ, રાયણ, રામફળ, ખલેલાં, પાકાગુંદાં, જાંબુ કરમદાં, બોર, વિગેરે–આ વસ્તુઓના ઠલીયા ફેંકી દેવા પડે છે. તે મોઢામાંથી કાઢીને ફેંકી દેવાય છે. તેમાં પણ સંમૂચ્છિંમ મનુષ્યોની તથા ઉપર પ્રમાણે બીજા ત્રસ જીવોની હિંસા થાય છે બોરની જાતમાં તો ઈયળ વિગેરે જંતુઓ નીકળે છે. તેથી પણ તે અભક્ષ્ય છે જ.

ખરી રીતે કોઈપણ ચીજના કાઢેલા ઠળીયા ગોટલા રાખમાં લપેટી કોરા પરઠવવા જોઇએ.

લીલા અંજીર, શેતુર, ફાલસાં,-

બીજ વિશેષ હોવાથી વર્જવા લાયક છે બહુ ખાવાથી તૃપ્તિ ન થવાના કારણે વર્જવા યોગ્ય છે.

શીંગોડા-કામવૃદ્ધિજનક હોવાના કારણે વર્જવા તથા, તે તળાવના પાણીમાં વેલા ઉપર થાય છે. તેના આસપાસ બહુજ ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે, તેથી શીંગોડા તોડતી વખતે ઘણા ત્રસ જીવોની વિરાધના થાય છે. તેમજ પાણીમાં થતા હોવાથી તેની આજુબાજુ લીલ-ફુગ સેવાળ બાઝેજ. માટે વર્જનીય છે.

વાલોળ-શ્રાવકના અતિચારમાં પણ લખેલ છે કે "વાસી વાલોળ, પોંક, પાપડી ખાધાં." જે વાલોળ આજની ઉતારેલી હોય, તે રાત વાસી રહેવાથી તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે. તેથી બીજે દિવસે અભક્ષ્ય થાય છે. તે દિવસની ઉતરેલીમાં પણ ઇયળો પ્રમુખ ત્રસ જીવ હોય છે. તેથી કદાચ તે દિવસની ખાવી હોય, તો પણ ઉપયોગપૂર્વક તપાસીને વાપરવી યુક્ત છે. પ્રથમ તો દિવસનીજ ઉતારેલી તાજી વાલોળ મળવી મુશ્કેલ હોય છે. ખરી રીતે આવી ચીજો વિના નજ ચાલે તેમ નથી, તેથી તેનો ત્યાગ કરવો તેજ વધારે વ્યાજબી છે, છતાં મમતા ન છુટતી હોય, તો સંપૂર્ણ જયણા અને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જાળવીને વપરાશ કરવો અને બને તો સર્વથા વર્જવી શ્રેષ્ઠ છે.

૬. દર્શનવિરૂદ્ધ તથા લોકવિરૂદ્ધના કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ.

પંડોર–લાંબાં સર્પાકારે હોવાથી અને અશુદ્ધ પરિણામના હેતુ હોવાથી વર્જવાં.

ફણસ–દર્શનવિરુદ્ધ હોવાથી (માંસપેશીરૂપ દેખાય છે.) અનાચરણીય છે.

ભુરૂં કોળું–અન્યદર્શનીય વગેરે લોકો તેને દેવી વિગેરે પૂજામાં ઘેટાદિકની કલ્પના કરી ભોગ આપે છે, તેથી તે વર્જવું. (ઔષધ કારણે પ્રમાણ રાખે છે.)

કોળું– મોટું ફળ હોવાથી કેટલાક નથી વાપરતા.

કડવું તુંબડુ–(કડવી દુધી)– કદાચ ઝેરી નીકળે, તો આત્મઘાત થાય તેથી તે અનાચરણીય છે.

પાકાં–કંટોલા, કારેલાં, ટીંડોરાં, ટામેટાં, કંકોડા– તેનાં મૂળ રંગ લીલા હોય છે, અને પાકયેથી રાતાં થાય છે. તે તથા કંટોલા અને કારેલાંમાં જીવાત્ત બહુ પડે છે. ટીંડોરામાં બીજ ઘણાં છે, માટે આ ચીજો અશુદ્ધ પરિણામ થવાના કારણથી અને ત્રસ જીવોની હિંસા થવાના કારણથી વર્જવી. આને માટે **શ્રાદ્ધવિધિમાં** ખુલાસો છે.

મધુક– તે **મહુડાં** વૃક્ષના ફળ જેને મહુડાં કહે છે, તેનો દારૂ પ્રમુખ થાય છે. તે કેફકારી તથા અશુભ પરિણામના હેતુ હોવાથી વર્જનીય છે, વળી ત્રસ જીવથી વ્યાપ્ત હોય છે.

૭. ત્રસ જીવોની ઘણી હિંસા થવાને કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ.

૧-૨. બીલી, બીલાં,- આ વનસ્પતિમાં ઈયળો તથા ક્ષુદ્ર જીવો ઉત્પન્ન થવાનાં કારણે સર્વથા વર્જનીય છે. ત્યારે તેના બોળ અથાણાંઓ કરીને વાપરવાં. તે કેવું ઘોર ત્રાસ-જનક કર્તવ્ય ! સુવાવડ પ્રમુખ ગમે તેવાં રોગોના કારણો હોય, તો પણ આ ચીજો તો દુર રાખવા યોગ્ય છે. સ્ત્રીવર્ગ જેને જીભનો સ્વાદ વિશેષ હોય છે, તેઓએ આથી પાપનો ભય પામી વર્જવું જોઇએ.

૩. સરગવાની શીંગ- ફાગણ સુદ ૧૫ પછી તેનાં બીજમાં ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. તેથી આઠ માસ સુધી તેનો ત્યાગ કરવો.

૪. કોબિજ (કર્મકલો)-તેનાં પાંદડામાં તદ્વર્ણી ત્રસ જીવ હોય છે. તે માલૂમ પડતા નથી. તેથી તે આઠ માસ તો વર્જનીય છે. અને બાકી શિયાળામાં પણ યતનાપૂર્વક ખંખેરીને જ વાપરવી યુક્ત છે. તેની ગંધ અને પડ જોતાં તો ડુંગળીનું સ્મરણ કરાવે છે તેથી તે તજવા યોગ્ય છે.

ચોમાસામાં (અશાડ શુદ ૧૫ થી કાર્તિક શુદ ૧ સુધી) ત્રસ જીવો પડવાને કારણે ખાસ વર્જ યોગ્ય વનસ્પતિઓ.

૧ થી ૪. ભીંડા, કંટોલા, કારેલા, તુરીયા-બી ઋતુઓમાં પણ તેમાં જીવ તો થાય છે, ચોમાસામાં વિશે કરીને ઈયળો વિગેરે જીવોની ઉત્પત્તિ થાય છે. અને કારેલા વિગેરે તો બાહ્યથી (ઉપરથી) જરાપણ સડેલું દેખાતું ન હોવા

છતાં પણ સમારતાં કેટલીક વખત અંદર ઇયળો જોવામાં આવે છે. ઉપયોગ રાખીયે તો પણ આ જીવોની હિંસા થઇ જાય, તેથી ચોમાસામાં ખાસ વર્જવી.

કારેલા, તુરીયા વિગેરેનો ઉપરનો ભાગ ખડબચડા ખાડા જેવો હોવાથી તેમાં કુંથુવા વિગેરે ઝીણાં ત્રસ જીવો ભરાઇ રહે છે. તેથી તેવી વનસ્પતિઓ પ્રથમ પુંજણીથી પુંજીને જ યતનાપૂર્વક સમારવી જોઇએ. અને વનસ્પતિઓના શાક શુદ્ધ કરીને વાપરવા યુકત છે.

શિયાળામાં પણ **ભાજી પાન** વિગેરે ઉપયોગપૂર્વક ખંખેરી શુદ્ધ કરીને વાપરવા યોગ્ય છે. તેમાં પણ સર્વે જાતિની ભાજી ચારણી વડે ચાળીને જ વાપરવી, કારણ તેમાં ઇયળ, કુંથવાદિક ત્રસ જીવ નીકળે છે, તો તેની જયણા પળે. અને જો ત્રણ વાર ચાળતાં જીવ નીકળે, તો તે પરઠવવા યોગ્ય હોય છે. વાપરવી નહીં જોઇએ.

પ્રકરણ ૭ મું

ચાલુ વપરાશમાં આવતી વનસ્પતિઓ, અને તે વિષે રાખવો જોઇતો વિવેક.

શાકમાં વપરાતીઃ—

૧ કાકડી, મૂળપાન વિના, ૨ કારેલાં પાન વિના, ૩ કંટોલાં પાન વિના, ૪ ગલકાં, ૫ ગુવારની ફળી, ૬ કાચાં* ગુંદા, ૭ લીલા ચણા, ૮ ચીભડાં (આરિયાં) મૂળ પાન વિના ૯, ચોળા, ૧૦ +ટમેટાં (કાચાં), ૧૧ ટીંડોરા (ઘોળા), ૧૨ ડાળાં, ૧૩ ડોડી, ૧૪ તળીસું-ભુજીયું સકરટેટી. ૧૫ તુરીઆં ૧૬ તુએરા, ૧૭ દાતણ (બાવળ, બોરડી, ઝીલ, આવળ,) ૧૮ દુધીચું (?) ૧૯ પરવર, ૨૦ પાંદડી–પાપડી–પાપડા, ૨૧ ફણશી, ૨૨ ભીંડા, ૨૩ મરચા, ૨૪ મરવા, ૨૫ મોઘરી, ૨૬ લીંબુ ખાટું, ૨૭ વટાણા, ૩૮ આલફુલ, ૨૯ મીઠી દુધી.

---

* કાચા ગુંદાં ભાંગીને તેના ઠળીયા તરતજ રાખમાં પરઠવી દેવાં. નહિંતર માખીઓ તેને ખાવાનો પદાર્થ સમજી તેના ઉપર બેસે છે. તેથી તેની પાંખો ચીકાશને લીધે ચોંટી જવાથી ઉડી શકતી નથી ને મરી જાય છે. તેથી ખાસ ઉપયોગ રાખવો.

+ કેટલાક મુનિ મહારાજાઓ કાચા ટામેટાં બહુ બીજ હોવાથી અભક્ષ્ય હોવાનું કહે છે. દેશી વૈદ્યકમાં તેને રીંગણાની જાતિ ગણ્યાનું સાંભળવામાં આવેલ છે. બહુશ્રુતો પાસેથી નિર્ણય કરી લેવો.

કાચાં પાકાં ફળ તરીકે વપરાતી—

૧ તરબુચ, ૨ લીંબુ–મીઠું, ૩ પોપૈયું, ૪ સક્કરજન ૫ પીચીજ ૬ ચીકુ ૭ કેરીની જાત, ૮ જમરુખ, ૯ અનેનાસ, ૧૦ કોઠ ફળ, ૧૧ કેળાં, ૧૨ દાડમ, ૧૩ આમળાં, ૧૪ નારંગી (સંતરા), ૧૫ નાળીએર કાચા–પાકાં, ૧૬ પપનસ, ૧૭ દ્રાક્ષ (લીલી), ૧૮ બીજોરાં.

[તથા બીજા દેશોમાં થતાં જાણીતાં અને અભક્ષ્ય ન હોય તેવા શાકો અને ફળો ઉપલક્ષણથી વાપરવા લાયક સમજવા પરંતુ તેની ભક્ષ્યાભક્ષ્યતા ગુરુગમથી નક્કી કરી લેવી.]

આ ઉપર લખેલી વનસ્પતિમાંથી પણ યથાશક્તિ ત્યાગ કરવો અને પ્રાયઃ જે બારે માસ મળી શકતી હોય કે ઉપયોગમાં લેવાતી હોય. જેમકે- કેળાં તે શિવાય દરેક લીલોતરીઓ જે રાખવી હોય તે પણ અમુક કાળ રાખવી, બાકી ત્યાગ. કેમકે- “ કાર્તિક માસમાં અમુક અમુક જ ખાવી ” તેમ બારેય માસ આશ્રયી નિયમ રાખી લેવાથી બાકીના કાળમાં વિરતિપણાનું ફળ મળે છે. કારણ કેરી શિયાળા પછી મળી શકે, “ તેથી ફાગણ કે ચૈત્રથી આર્દ્રા નક્ષત્ર સુધી ખપે, બાકી ત્યાગ.” તે પ્રમાણે અતિસંક્ષેપપૂર્વક નિયમ લેવાથી બહુ લાભનું કારણ છે. તથા નિયમ લીધો હોય ત્યાંથી દર વર્ષે અમુક અમુક વનસ્પતિનો સર્વથા ત્યાગ કરવાનો પણ નિયમ કરવો. જેમકે- ૨૦૦૩ માં અમુક અમુક લીલોતરીનો નિયમ લીધો ત્યારેજ એવો નિયમ લેવો કે ૨૦૦૪ થી મારે નોલકોલ, મોગરી, પપનસ, ચીકુ,

પીચીજનો સર્વથા ત્યાગ. ૨૦૦૫ થી ડાળાં, લીલાંમરી, **મરવા** પ્રમુખનો સર્વથા ત્યાગ" તે પ્રમાણે આગળના વર્ષોમાં પણ યથાશક્તિ નિયમ કરવો. જેથી જેના જે વખતે અમુક વખત પછી ત્યાગ કર્યાના ભાવ થવાથી તે જીવોને તે વખતથી અભયદાન દીધાનું ફળ મળી ચૂકે છે. આ પ્રમાણે નિયમ કરવાથી અનેક વનસ્પતિઓના જીવને અભયદાન આપ્યાનું ફળ મળે છે. અને જ્યાં સુધી નિયમ નથી કર્યો હોતો ત્યાં સુધી ન વાપરવાં છતાં કાંઇ ફળ મળતું નથી. અને હિંસાનો દોષ લાગે છે.

વળી શ્રાવકે છ **અટ્ઠાઈઓમાં** વનસ્પતિનો જરૂર ત્યાગ કરવો. તથા જઘન્યથી **પાંચ પર્વી** તિથિઓમાં **શુક્લ પંચમી, બે અષ્ટમી** અને **બે ચતુર્દશીમાં**, ઉત્કૃષ્ટ—બારપર્વી તિથિઓમાં-બે **બીજ**, બે પાંચમ, **બે અષ્ટમી, બે અગ્યારશ, બે ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમામાં** તથા **મધ્યમથી સાત આઠ** કે દશ

---

૧ ચૈત્ર તથા આસોની બે અટ્ઠાઇઓ શાશ્વતી છે, તે ચૈત્ર સુદ ૭ થી ૧૫ સુધી અને આસો શુદ ૭ થી ૧૫ સુધી જાણવી.

ત્રણ ચોમાસાની ત્રણ અટ્ઠાઇ. તે એક કાર્તિક શુદ ૭ થી ૧૫ સુધી, બીજી ફાગણ શુદ ૭ થી ૧૫ સુધી, અને ત્રીજી અષાઢ શુદ ૭ થી ૧૫ સુધી એમ અટ્ઠાઇ જાણવી.

પર્યુષણા પર્વની અટ્ઠાઈ શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુ ૪ સુધી. એમ ૭ અટ્ઠાઈ કહી છે તે તે દિવસોમાં સચિત્તનો ત્યાગ નસ્પતિનો ત્યાગ, બ્રહ્મચર્ય, અમારિ, તપ, જિનપૂજા, ગુરુવંદન, વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, પૌષધ, અતિથિસંવિભાગાદિક નિયમો અવશ્ય વિશેષે કરીને કરવા જોઇએ.

તિથિઓમાં અવશ્ય લીલોતરીનો ત્યાગ કરવો જ જોઇએ. તે તિથિઓને વિષે એક પાકાં કેળાં ઉપયોગમાં કેટલાએક લે છે, કારણ-તે અચિત્ત છે. તો તે શિવાય અવશ્ય બાકીની સઘળી વનસ્પતિના ત્યાગનો નિયમ ગ્રહણ કરવો જોઇએ.

વળી સામાન્ય રીતે કહ્યું છે કે-**અજાણ્યું ફળ, નહિ શોધેલું શાક, પત્ર, સોપારી** વિગેરે આખાં ફળ, **ગાંધીના હાટના ચૂર્ણો, ચટણી, મલીન ઘી, અને પરીક્ષા વગરના માણસે વાવેલા બીજા પદાર્થો ખાવાથી** માંસભક્ષણ તુલ્ય દોષ પ્રાપ્ત થાય છે. તેમાં પણ **સોપારી** ચોમાસામાં આજની ભાંગેલી આજેજ ખવાય, બીજે દિવસે **લીલ-ફુગ થવાના કારણથી તે ન ખવાય.** તેમજ **એલચી** જ્યારે વાપરવી હોય, ત્યારે ફોલીને સમ્યક્ પ્રકારે તપાસીને જ વાપરવી યુક્ત છે. ચોમાસામાં **પીપરીમૂળના ગંઠોડા, સૂંઠ** વિગેરે **લીલફુગ** કુંથુવાદિકની ઉત્પત્તિ થવાના કારણે ન ખાવા. **ચુનાની** ફાકમાં રાખવાથી સડતા **નથી દવા** પ્રમુખમાં વાપરવું હોય તો તે સમ્યક્ પ્રકારે શોધીને વાપરવું યુક્ત છે. બનતા **સુધી** શાક વિગેરે નોકરોને બદલે જાતે ખરીદવા અને જાતે સુધારવા-સમારવા, તોજ જયણા જળવાય.

પ્રકરણ ૮ મું

સચિત્તત્યાગી, દ્વાદશ વ્રતધારી તથા ચૌદ નિયમ ધારનારને સચિત્ત સંબંધી ધ્યાનમાં લેવા યોગ્ય કેટલાક ખુલાસા.

સચિત્તનો સર્વથા ત્યાગ કર્યો હોય, તેણે કઈ કઈ ચીજો સર્વથા કે સચિત્ત હોય ત્યાં સુધી, તે વર્જવી? તથા કયો કયો-

સચિત્ત પદાર્થ	**ક્યારે અચિત્ત થાય?**
ઘઉં	આટો થવાથી, શેકવા તથા રાંધવાથી
બાજરી	,,
જુવાર	,,
મેથી	,,
કઠોળ વિગેરે ધાન્યો	,, ભરડવાથી
ચણા	દાળ કે આટો કરવાથી
શેકેલ ચણા	રેતીમાં ભુંજાય તો અચિત્ત થાય
જુવારની ધાણી	,,
કોઈપણ અભક્ષ્ય પદાર્થ	મહા સચિત્ત છે
ધાણા	ખાંડવાથી કે અગ્નિનું શસ્ત્ર લાગવાથી
***જીરૂ**	,,

---

*છાશમાં કે કરંબાદિકમાં નાંખ્યું હોય, તો પણ જીરૂં અચિત્ત થતું નથી, (હીરપ્રશ્નમાં)

જુવા	ખાંડવાથી કે અગ્નિનું શસ્ત્ર લાગવાથી
અજમો	,,
વરીયાળી	સુકી હોય તેને પણ શેકવી જોઇએ.
મીઠું	કુંભારના નિંભાડામાં કે સખત ભઠ્ઠીમાં પકવવાથી
*લાલ સિંધવ	,,
+ચાક	પાણીમાં ઉકાળી સુકવવાથી
ખડી	,,
કેમ્ફર ચોક	,,
=ચલિત રસમાં ગણાવેલી વસ્તુઓ	મહા સચિત્ત છે.
બોળ અથાણાં	મહા સચિત્ત છે.
ત્રણ ઉકાળા વગરનું પાણી.	*ત્રણ ઉકાળાથી બરાબર અચિત્ત થાય છે. અને ઋતુ પ્રમાણેના કાળ સુધી અચિત્ત રહે છે.

---

*. સફેદ સિંધવ સચિત્ત છે.

+. દંતમંજનમાં વપરાય છે. પરંતુ અચિત્ત કર્યા વિના વાપરેલો સચિત્તના ત્યાગીને ન કલ્પે. કેમ્ફર ચોકની બનાવટ પણ આપણે જાણતા નથી, એટલે સચિત્ત ત્યાગીને વાપરવો નહીં.

=. તેમાં બેઇંદ્રિય જીવોની પણ ઉત્પત્તિ હોય છે. માટે મહાસચિત્તમાં ગણાય, સચિત્તના ત્યાગીને તે સર્વનો ત્યાગ આવીજ જાય.

*. પાણી ઠારવાના વાસણ ઉપર ઢાંકવાનું ખાસ લક્ષ્યમાં રાખવુ, નહીંતર તેમાં ગરમ વરાળથી માખી, મચ્છર તથા બીજા સંપાતિમ જીવો પડે, તેની હિંસા થાય છે, માટે ખાસ ખ્યાલ રાખવો.

શરબતો	ન વાપરવા. સચિત્ત હોય છે.
સોડા	”
ગુલાબજળ	”
કેવડાજળ	”
વિલાયતી પ્રવાહી દવાઓ	પ્રવાહી વિનાની દવા કોઇ અચિત્ત હોય, તો પણ અપવિત્રતાદિક કારણે ન વાપરવી છતાં પવિત્ર વાપરવી પડે, તો અચિત્ત પાણીમાં નંખાવીને ભૂકી વિગેરે વાપરવી. સીધી પ્રવાહી દવા વાપરવી ન જોઇએ
બરફ	અભક્ષ્ય હોવાથી મહા સચિત્ત છે.
કરા	”
લીલાં દાતણ	સુકાં થવાથી અચિત્ત થાય.
નાગરવેલીનાં પાન	ઘી શુદ્ધ કરવામાં વાપરવાથી અચિત્ત થયું હોય, તો તે વપરાય.
લીંબડાનાં પાન	કઢીમાં રંધાયા હોય, તો વપરાય.

તુલસીનાં પાન, એલચીનાં પાન–ગરમ ઉકાળા વિગેરેમાં બફાયા હોય, તો વપરાય.

લીંબડાના મ્હોર, આંબાના મ્હોર—ન વપરાય.

ગુલાબનાં ફુલ–મીઠાઇ વગેરે ઉપર છાંટયા હોય, અને અચિત્ત થયા હોય, તો વપરાય.

ચટણી–કોથમીરની ફોદીનાની–તેમાં મીઠું સચિત્ત પડે છે. એમ બન્નેય સચિત્ત હોવા છતાં-ખુબ ઘુંટાયાથી પરસ્પર શસ્ત્ર લાગીને બન્નેય બે ઘડી પછી અચિત્ત થઈ જાય છે.

સંભારા–જે ત્રણ દિવસ સુધી વાપરી શકાય છે.

અથાણાં–કર્યા પછી પરસ્પરનું શસ્ત્ર લાગવાથી બે ઘડી પછી વાપરી શકાય છે.

ગુવારનું અથાણું–તેમાં બીજ હોય, તે બે ઘડી પછી અચિત્ત થતા નથી.

દાડમ—તેમાં મીંજ હોવાથી બે ઘડી પછી પણ અચિત્ત થતાં નથી. રસ કાઢયો હોય તો તે બે ઘડી પછી અચિત્ત થાય છે.*

જામફળ–તે પણ બે ઘડી પછીયે અચિત્ત થતું નથી. અગ્નિનું શસ્ત્ર લાગે તો જ અચિત્ત થાય છે–છતાં શાક વિગેરેમાં જામફળના કઠણ બી ગળતા નથી ને સચિત્ત રહે છે, તેનો સર્વથા ત્યાગ કરવો.

શેલડી–માત્ર રસ કાઢયા પછી બે ઘડીએ અચિત્ત થાય છે.

---

* સર્વથા ત્યાગના બે ભેદ છે, એક સચિત્ત સર્વથા ત્યાગ બીજો વસ્તુ સર્વથા ત્યાગ, એટલે જેને **સચિત્તનો સર્વથા** ત્યાગ છે, તેને અગ્નિ વગેરે પ્રમુખથી અચિત્ત કરેલું હોય, તો વપરાય. પણ જેને **દાડમ, જમરૂખ** વસ્તુનો ત્યાગ છે, તેને તો **સચિત્ત કે અચિત્ત** કાંઇ ન વપરાય; આ સ્પષ્ટ કરવાનું કારણ એટલું જ કે અર્થનો અનર્થ ન થાય, કેમકે આપણામાં વક્રતા અને જડતાએ બહુ વાસ કર્યો છે; તેથી જ દરેક બાબત સ્વમતિએ ધારવાનો નિષેધ કરેલ છે માટે **ગુરુગમથી** ધારવું; નહિંતર અનેક પ્રકારે એવા અનર્થ થવાનું સંભળાય છે.

શેતુર–સચિત્ત છે. માટે સર્વથા ત્યાગવા જોઈએ.

સીતાફળ–સચિત્ત જ રહે છે. બીથી ગર એકાએક જુદો પડતો નથી.

જાંબુ, રાયણ, બોર, ખલેલા, લીલી બદામ, લીલી દ્રાક્ષ–ઠળીયા કાઢયા પછી બે ઘડી પછી અચિત્ત થાય છે.

બીસહિત પાકાં કેળાં, સોનેરી કેળાં–કલકત્તા તરફ થતાં પાકાં છતાં બીવાળા હોવાથી અચિત્ત હોવાનું ચોક્કસ કહી શકાય નહીં. માટે સંદિગ્ધ હોવાથી ન વાપરવા.

બી વગરનાં સોનેરી કે કોઈપણ પાકા કેળાં છાલ ઉતાર્યા પછી તરત અચિત્ત થાય છે.

પાકાં ચીભડાં સકરટેટી–એકે એક બી ખાત્રીપૂર્વક કાઢયા પછી અચિત્ત થાય છે.

કાકડી–બી જુદા પડી શકતા નથી. રાંધવાથી શાક વિગેરે અચિત્ત થાય છે.

કેરીનો રસ–ગોટલાથી જુદો પડયા પછી બે ઘડી પછી અચિત્ત યાય છે.

શ્રીફળ (નાળીયેર) બી કાઢયા પછી પાણી અને કોપરૂં અચિત્ત થાય છે.

પાકી આંબલી, ખારેક, ખજુર–બી કાઢયા પછી બે ઘડી પછી અચિત્ત થાય છે.

સોપારી–ભાંગ્યા પછી બે ઘડી પછી અચિત્ત થાય છે.

બદામ અખરોટ-મીંજ કાઢયા પછી બે ઘડી પછી અથવા ઘણે દૂર દેશાવરથી આવ્યા હોય, તો અચિત્ત હોવાનો સંભવ છે. નજીકના દેશમાં થયેલા સચિત્ત હોવાનો સંભવ છે.

પીસ્તા જાયફળ-ઉપરના છોડામાંથી કાઢયા પછી બે ઘડી પછી અચિત્ત થાય છે.

કાળી દ્રાક્ષ, રાતી દ્રાક્ષ-બી કાઢયા પછી બે ઘડીએ અચિત્ત થાય છે.

જરદાળુ-ઠળીયો કાઢયા પછી બે ઘડી પછી અચિત્ત.

તેનીબદામ -ઠળીયામાંથી કાઢયા પછી બે ઘડી પછી,

ગુંદર-ઝાડ ઉપરથી તુરતનો ઉતાર્યા પછી બે ઘડી,

સુકાં અંજીર-અચિત્ત થતા નથી, તેથી સર્વથા ત્યાગ રાખવો જોઇએ.

સાકરનું પાણી, રાખનું પાણી-બે ઘડી પછી અચિત્ત થાય-ઉકાળેલું પાણી ન મળ્યું હોય, તો તેવી રીતે અચિત્ત કરીને વાપરી શકાય છે.

ત્રિફળાના ચૂર્ણનું પાણી-અચિત્ત થયા પછી બે ઘડી સુધી અચિત્ત રહે છે.

ધાન્યના ધોવણનું પાણી-બે ઘડી સુધી અચિત્ત રહે છે.

ફળના ધોવણનું પાણી-એક પહોર સુધી અચિત્ત ણ રહે છે.

સામાન્ય ધોઅણનું પાણી-બે ઘડી અચિત્ત રહે છે.

ત્રણ ઉકાળે ઉકાળેલું પાણી	ઉનાળામાં ૫ પહોર સુધી.
	શિયાળામાં ૪ પહોર સુધી
	ચોમાસામાં ૩ પહોર સુધી.

પછી વાપરવા માટે રાખવું હોય, તો કળી ચૂનો નાંખીને હલાવી નાંખવાથી શિયાળામાં વાપરવાના કામમાં ૮ પહોર સુધી અચિત્ત રહે છે.

પાલીતાણાની તળેટી પર તથા **વરઘોડા** વિગેરે પ્રસંગે મૂકેલા પીવાના પાણીના પીપમાં સર્વે એક જ પ્યાલા બોળીને પાણી પીએ છે. તેમાં એક–બીજાના એઠા પ્યાલામાં મોઢાની લાળને લીધે સંમૂચ્છિંમ પંચોંદ્રય મનુષ્યો થાય છે. અને તેની હિંસા થાય છે. માટે તેમાં ખાસ એવી યોગ્ય ગોઠવણ કરવી જોઇએ કે જેથી એવી હિંસા થવા ન પામે. કેટલીક વખતે સામુદાયિક આવા પ્રસંગોમાં એવું બને પણ છે. સામાન્ય રીતે શ્રાવકોએ ઉપયોગ રાખવા જેવું છે. તો સચિત્તના ત્યાગી માટે તો કહેવું જ શું ?

આ પ્રમાણે સચિત્ત વસ્તુ કેવી રીતે અચિત્ત થાય? તેની ટુંક નોંધ આપી છે. વિશેષ ગુરુગમથી જાણીને સમજવું. સચિત્તના ત્યાગી ઉપરાંત એકાસણા વિગેરે વ્રતોમાં પણ સચિત્ત લઇ શકાય નહિ. તેથી તેમાં વાપરવા માટે અચિત્ત જ ચીજ હોવી જોઇએ, એટલે અચિત્ત કેવા રીતે મેળવી શકાય ? તે, આ પ્રકરણથી જણાશે.

બાવીસ અભક્ષ્યો વાપરવાનો શ્રી જિનેશ્વર ભગવંતોએ નિષેધ કર્યો છે, તેથી, તેનો તથા બીજી અભક્ષ્ય અને અના-

ચરણીય વસ્તુઓનો ત્યાગ કરવો. તથા વનસ્પતિ પ્રમુખનો ખાસ નિયમ કરવો. નિયમ–પ્રતિજ્ઞા કરવાથી જ વિરતિપણું થાય છે અને વિરતિનું ફળ ઘણું મોટું છે. વળી કહ્યું છે. કે–" **ज्ञानस्य फलं विरतिः** " જ્ઞાન [ભણ્યા–જાણપણા]નું ફળ વિરતિ છે, અને જો તેમ ન થાય, તો ફક્ત જ્ઞાન (જાણવા) માત્રથી શું ? તે તો જ્યારે રહેણીમાં આવે ત્યારે સારભૂત છે ચિદાનંદજી મહારાજાએ પણ કહ્યું છે, જેઃ–

શુક રામકો નામ વખાણે, નવિ પરમારથ તસ જાણે;
યા વિધ ભણી વેદ સુણાવે, અકલ કલા નહિં પાવે
કથની કથે સબ કોઇ, રહણી અતિદુર્લભ હોઈ ॥ ૧ ॥
ષટત્રિંશ પ્રકારે રસોઇ, મુખ ગણતાં તૃપ્તિ ન હોઇ;
શિશુ નામ નહિ તસ લેવે, રસ સ્વાદત સુખ અતિ લેવે.
॥ કથની૦ ॥ ૨ ॥

જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતી આવે;
અબ ચિદાનંદ ઇમ જોઈ, રહણીકી સેજ રહે સોઇ.
॥ કથની૦ ॥ ૩ ॥

ભાવાર્થ—કથની જ્યારે રહેણી રૂપે થાય, ત્યારે જ તેનો ઉત્તમ રસ પ્રાપ્ત થાય છે, અન્યથા છત્રીશ પ્રકારની રસોઈના નામ માત્ર ગણવાથી ક્ષુધા શાંત થતી નથી. તેવીજ રીતે જ્ઞાન સંપાદન કરીને તે યથાપ્રકારે અમલમાં મૂકવું જોઇએ. તે વિરતિવંત ક્રિયારુચિ જીવ શુક્લપાક્ષિક કહેવાય. મન, વચન, કાયાના વ્યાપાર ચાલતા ન હોય, તો પણ અવિરતિથી નિગોદિયા જીવોની માફક ઘણો કર્મબંધ થાય છે.

કહ્યું છે કે-"જે ભવ્ય પ્રાણિ ભાવથી વિરતિ [દેશ અથવા સર્વથી) અંગીકાર કરે છે, તેની, વિરતિ પાળવામાં અસમર્થ દેવો ઘણી પ્રશંસા કરે છે. એકેંદ્રિય જીવો કવલાહાર બિલકુલ કરતા નથી, તો પણ તેમને ઉપવાસનું ફળ મળતું નથી. એ અવિરતિનું કારણ જાણવું. એકેંદ્રિય જીવો મન, વચન ને કાયાથી સાવદ્ય વ્યાપાર કરતા નથી, તો પણ તેમને ઉત્કૃષ્ટથી અનંત કાળ સુધી તે ગતિમાં રહેવું પડે છે. અને જો પરભવે વિરતિ કરી હોત, તો તિર્યંચ જીવો આ ભવમાં ચાબુક, અંકુશ, પરોણાની તિક્ષ્ણ આરો ઇત્યાદિથી સેંકડો દુઃખ ન પામત. હે સુજ્ઞો! અવિરતિપણાથી મહાદુઃખો પરવશપણે તિર્યંચ નારકી વિગેરે ભવોમાં ભોગવવાં પડે છે, તેથી વિરતિને અંગીકાર કરો. નજીવા કષ્ટથી પાળી શકાય તેવા નિયમો અતિફળને આપનારાં થાય છે, અને તે કષ્ટ દુઃખ (માત્ર અજ્ઞાનીને બાહ્યથી ભાસે છે) નથી, પણ પરિણામે સુખના હેતુ હોવાથી (નિયમો) મહાસુખરૂપ જ છે જેથી સકામ નિર્જરા થાય છે. અને જો તે નહિ અંગીકાર કરીએ તો પરભવે તિર્યંચ તથા નારકીઓમાં પરમાધામી વિગેરે ક્રુર જીવોથી પમાડાતી મહા આકરી વેદનાઓ પરવશપણે ભોગવવી પડશે! તેથી વિશેષ હવે શું ? પણ ટુંકાણમાં પ્રાણાન્ત કષ્ટે પણ તીર્થંકર મહારાજે નિષેધેલી વસ્તુઓનું ભક્ષણ કરવું નહિ. અને તેમાં પણ અમુક શેરની છુટ-આગાર વિગેરે રાખી શિથિલપણાનો ત્યાગ કરી બાવીશ અભક્ષ્યનો સર્વથા ત્યાગ કરવા ઉપરાંત, બીજા અનાચરણીય-અભક્ષ્યના પણ ત્યાગનો અવશ્ય નિયમ કરવો.

નિયમ (પ્રતિજ્ઞા-વ્રત) કેમ લેવો? તથા પાળવો?

વ્રતને **અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર** એ ચાર પ્રકારે દોષ લાગે છે.

જેમ કે કોઈએ ચૌવિહાર (ચારઆહારનો ત્યાગ) કર્યો હોય.

અતિ તૃષા લાગે ત્યારે પાણી પીવાની માત્ર ઇચ્છા કરે તે **અતિક્રમ**.

જે સ્થાનકે પાણી હોય તે પાણી પીવાના સ્થળે જાય તો **વ્યતિક્રમ** દોષ લાગે.

પાણી પીવા માટે પાણીના વાસણમાંથી પ્યાલો ભરી મુખ આગળ ધરે, પણ પીએ નહિ, ત્યાં સુધી **અતિચાર** લાગે.

અને જ્યારે તે નીડરપણે પાણી પીએ, ત્યારે તેણે **અનાચાર** [મહાદોષ-પાપ] સેવ્યો કહેવાય, ત્યારે તો તેને પરભવની પણ બીક ન રહી. એમ સમજાય.

[કાયદામાં અપકૃત્ય અને ગુન્હામાં જે ભેદ છે, તે ભેદ ધાર્મિક જીવનમાં અતિચાર અને અનાચાર વચ્ચે છે. અપકૃત્ય દીવાની દાવો ગણાય છે. અને ગુન્હો ફોજદારી દાવો ગણાય છે. તે પ્રમાણે અતિચાર અને અનાચાર બન્નેય દોષો રૂપ છે, છતાં પણ અતિચારમાં સુધારાના અવકાશની સંભાવના છે. ત્યારે અનાચારમા અસંભાવના માનવામાં આવી છે. તેથી તે અધર્મ કૃત્ય ગણાય છે. અને અતિચાર સુધી મોટા દોષવાળું છતાં તે ધર્મકૃત્ય ગણાય છે.]

જ્યારે પરમાધામીઓ ઊના ધગધગતા સીસાના રસ બળાત્કારે તેને પાય છે, ત્યારે તે અત્યંત ત્રાસજનક વેદના ભોગવે છે, અને તેમાંથી છુટવા પ્રયાસ કરે છે. પણ કરેલાં કર્મ ભોગવ્યા વગર તે બિચારો ક્યાંથી છુટે ? એમ સમજી અતિક્રમ દોષ પણ ન લાગે તેવા ભવભીરુ થઈ વ્રત પાળવું. ધન્ય છે વ્રત પાળવામાં દૃઢ એવા સિંહશ્રેષ્ઠિને ! કે-જેણે દિશિ નિયમનો સ્વીકાર કરેલો હતો. પરંતુ અતિ વિકટ સ્થિતિમાં પણ ભંગ નહિ કરતા અનશન કરી એક માસમાં કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષગતિ મેળવી.

શરીર (પુદ્ગલ) કે જેનો સ્વભાવ સડન પડન અને વિધ્વંસ પામવાનો છે, તેના ઉપર મોહ ન કરતાં ઉભયલોકમાં સુખનું ભાજન એવું જે વ્રત, તેને પ્રાણ કરતાં પણ વધારે પ્રિય ગણ્યું. અગ્નિમાં પ્રવેશ કરવો સારો પણ અંગીકાર કરેલા વ્રતનો કદિ ભંગ ન કરવો. Sacrifice money, even life rather than principle) માટે સત્ય પ્રતિજ્ઞાવંત થવું

સુજ્ઞેષુ કિં બહુના ?

પ્રકરણ ૯ મું.

શ્રાવકના ઘરમાં તથા વર્તનમાં પાળવા જોઇતા કેટલાક નિયમો

૧. ઘરમાં દશ ઠેકાણે ચંદરવા અવશ્ય બાંધવા જોઇએ.

૧. ચૂલા ઉપર, ૨ પાણીયારા ઉપર, ૩ ભોજન કરવાના સ્થાન ઉપર, ૪ ઘંટી ઉપર, ૫ ખાંડણીયાપર, ૬ વલોવણા (છાશ કરવાના સ્થાન) ઉપર, ૭ સુવાના બિછાનાપર, ૮ ન્હાવાને ઠેકાણે, ૯ સામાયિક પ્રમુખ ધર્મ ક્રયા કરવાના સ્થાને (પૌષધશાળામાં) અને ૧૦ દેરાસરમાં.

આ રીતે દશ **ચંદરવા** બાંધવા જેમાંના પ્રથમના છ ચંદરવા ભોજન આશ્રયી છે, તે જ કહી આપે છે, કે ભોજનના સંબંધમાં બહુ જયણા પૂર્વક વર્તવાની આવશ્યકતા છે. તથા શારીરિક તંદુરસ્તીનો ઘણો લાભ છે.

૨. સાત ગળણાં રાખવા જોઇએ.

૧ પાણી ગળવાનું, ૨ ઘી ગરણી, ૩ તેલ ગરણી, ૪ દુધ ગળવાનું, ૫ છાશ ગળવાનું, ૬ ઉકાળેલું અચિત્ત પાણી ગળવાનું, ૭ આટો ચાળવાનું (આંક)

એ મુજબ સાત ગળણાં જરૂર રાખવાં, તેથી કીડી, કંસારી

મચ્છર, માંખી વગેરે ત્રસ જીવના પુદ્ગલો હોય, તો ગળવાથી નીકળી જાય છે. પાણી ગાળવાથી અને આટો ચાળવાથી ત્રસ જીવનું રક્ષણ થાય છે. પાણી માટે મજબૂત પાણકોરાનું કે તેવું ઘટ્ટ ગળણું રાખવું. આ પ્રમાણે કરનારા ભવ્ય પ્રાણીઓને પ્રત્યક્ષ તેનો લાભ અનુભવાય છે. પાણી પહોરે પહોરે ગળવું જોઇએ, તે સંબંધમાં **કુમારપાળ** મહારાજાનું સુચરિત્ર વારંવાર મનન કરવું તથા તે અનુસાર જેટલું બને તેટલું વર્તન રાખવું યોગ્ય છે. એવા આત્માર્થી પરમાર્થી પુરુષોની બાલહારી છે! તે જ ધન્યવંત છે, તેજ પુણ્યવંત છે, તેજ મહંત છે, તેજ પરમ સુખી છે, વળી તેજ ઉત્તમ ભાગ્યશાળી કે જેના હૃદયપટન વિષે દયા-જયણાનું ચિત્રામણ ચિત્રાઇ રહેલું છે. જૈન શાસન જયવંત વર્તો :

૩. વાસણ કેવાં વાપરવાં?

"હવે કેવા ભાજન (વાસણ)માં તથા કેવી રીતે ભોજન કરવું? તે સંક્ષેપથી કહીએ છીએ"—જે દોષો રાત્રિ ભોજનમાં છે, તેવા જ દોષો અંધારાવાળી જગ્યામાં ખાવા પીવાથી અને સાંકડાં મોઢાના ભાજનમાં (જેમાં નજર પહોંચે નહિ એવા શીશોઇ, લોટા-આદિ) વાપરવાથી લાગે છે.

સામાન્ય રીતે કાંસાના અથવા કલાઈવાળા તાંબા પીત્તળના વાસણ સામાન્ય પ્રકારે ઠીક ગણાય છે.

અત્યારે આ વિચિત્ર દુનિયાનો વેગ વિચિત્ર પ્રકારનો થતો જાય છે, કોણ જાણે કેવા પ્રકારનો પવન ભરાયો છે, તે સમજી શકાતું નથી, કે આપણા પૂજ્ય વડીલશ્રીઓની પદ્ધતિઓ ઉપર

તિરસ્કારની દૃષ્ટિએ જોતાં, તે ઉવેખીને હવે ટીન-લોઢાના વાસણોનો આદર કરતા જાય છે કે જે વાસણો કોઈ પણ જૈન અગર હિંદુ બંધુએ વાપરવા ઉચિત નથી "મુંબઈ સમાચાર" વગેરે ઉપરથી જાણવામાં આવેલ છે કે-તે વાસણોને લેજ કરવામાં ઈંડાનો રસ વપરાય છે. એને જીવતા બળદોને મારી તેના આતરડાઓનો પ્રવાહી ભાગ પણ વાપરે છે. તેથી તે ખરેખર ત્રાસજનક છે. માટે તે વાસણનો શીઘ્ર ત્યાગ કરવો જોઇએ. આવી પ્રથમ સસ્તી અને સુશોભિત ચીજો પરિણામે બહુ મોંઘી ન નકામી થઈ પડે છે. અને આ પ્રમાણે આપણે આવી ચીજો વાપરવાથી અલ્પ વખતમાં એક બાજુએ કેવી નિર્ધન અવસ્થાએ પણ પહોંચ્યા છીએ ? કે જે વસ્તુ ખરીદ કર્યા પછી વપરાયા પછી તેની કાંઈ પણ કિંમત ઉપજી શકે નહિ. અને કાંસા કે ત્રાંબા પીતળના વાસણો ફુટયા પછી પણ ગમે ત્યારે તેના (મૂળ કિંમતના) અડધા ભાગના કે તેથી વિશેષ પણ નાણાં અવશ્ય ઉપજે છે.

અહો ! આપણા વડીલો-અગમ બુદ્ધિવાળા વ્યવહાર અને ધર્મકાર્યમાં કેવા કુશળ હતા ? અને હવે આપણે કેવા થયા ? તેમના વચનોનો અનાદર કરી સ્વેચ્છાએ વર્તી પોતાનો ડાહ્યા માની પૂર્વોપાર્જિત અગણિત મૂડી ગુમાવી બેઠા છીએ.

હવે તો આપણને "**विनाशकाले विपरीत-बुद्धिः**" અનુસાર, આપણું સારૂં સુવર્ણ જેવું, તેને લેઢું માનીને તે વેચી જે લોઢું છે તેને સુવર્ણ સમ માનીને હર્ષથી (તેના કેટલાક મિથ્યા ફાયદાઓ કલ્પી) ગ્રહણ કરીએ છીએ. પણ કેવી દયાજનક સ્થિતિમાં આપણે પોતાને જોઇએ છીએ ? તે આપણાં જ કર્મોનો

દોષ છે, ખેર ! હજુ પણ આપણે ચેતીશું. માટે હે સુજ્ઞ બંધુઓ ! ચેતો, એવા મલિન વાસણોનો ત્યાગ કરીને **કાંસા** અથવા **પીત્તળના** ભાજનમાં જ આહાર કરો. **પીત્તળના** રસોઇ તથા ભોજન કરવાના સર્વ વાસણને અવશ્ય કલાઈ કરાવી જ જોઇએ તેમજ **પત્રાંવળાં** તથા **પડીઆને** આશ્રયી ત્રસ સ્થાવર જીવો હોય છે, તેથી તેવા કે કેળ પ્રમુખના પાનમાં પણ ભોજન ન કરવું, અન્ય દર્શનીને ત્યાં ખાસ ઉપયોગ રાખવો.

દિવસ છતાં અંધારામાં જમવું નહિ. માટે દિવસે જ્યા સારૂં **અજવાળું** આવતું હોય, ત્યાં પહોળા સ્વચ્છ વાસણમાં ભક્ષ્યાભક્ષ્યના વિવેકપૂર્વકનો વિચાર કરી સ્થિર ચિત્તે તથા મૌનપણે ભોજન કરવું.

એંઠે મોઢે વાત કરવાથી એક તો **જ્ઞાનાવરણીય** કર્મનો બંધ થાય છે. બીજું, વાતોમાં ધ્યાન જવાથી ભોજનમાં માખી પ્રમુખ ત્રસ જીવ પડવાથી તે જીવનો પ્રાણ જાય, માખી ખાવામાં આવી જાય, તો **વમન** થાય. વળી અન્ન વખાણવું, વખોડવું નહીં. માટે **મૌનપણે જમવું**; કદાચ બોલવાની જરૂર જણાય, તો પાણીથી **મુખશુદ્ધિ** કરીને બોલવું. ભોજનમાં કોઈપણ સજીવ કે નિર્જીવનું કલેવર આવી ન જાય, તેમ સ્થિરચિત્ત રાખી ચક્ષુ વડે બરાબર તપાસ કરી ઉપયોગ પૂર્વક **હિત-મિત** (પથ્યઃ અને પ્રમાણોપેતઃ) વખતસર જ ભોજન કરવું.

ભોજન કરતી વેળાનું પંચીયુ (ધોતીયું) જુદું રાખવું

---

૧ આપણા દેશમા ભેગા બેસીને જમવાની પ્રવૃત્તિ છે, તે યુક્ત નથી. કેમકે—કોઇને ખસ, ખરજવું, કુષ્ટ, ગુમડાદિ રોગ હોય; તેથી

જોઇએ. તથા હાથ પગની શુદ્ધિ કરવી યુક્ત છે. તેમાં પણ જેઓ નિત્ય પ્રભુની પૂજા કરનારા છે. તેણે રાખવડે બરાબર હસ્તશુદ્ધિ કરવી, કારણ કે-કેસરના ડાઘા હોય ઘીવાળા હાથ હોય ને જો બરોબર શુદ્ધ ન થાય, તો કેસર કે ઘીનો સૂક્ષ્મ અંશ પેટમાં જવાથી દેવદ્રવ્યના [1]ભક્ષણનો મહાદોષ લાગે. માટે શુદ્ધિ બરાબર કરવી. (પ્રસંગોપાત્ત લખવાનું કે-કોઇ વખતે હાથ ધોવામાં સચિત્ત માટી વપરાય છે, તેથી બહુ દોષ લાગે, માટે રાખ પ્રમુખ સાધનોથી હસ્તશુદ્ધિ કરવી સારી છે.)

અગાશીમાં કે માથે ઢાંકણુ ન હોય તેવા ઉઘાડા સ્થાનમાં પણ આહાર કરવો નહિ. ઘી, ગોળ, દૂધ, દહિં, છાશ, શાક, પાણી વિગેરેના વાસણ મુદ્દલ ક્ષણવાર પણ ઉઘાડા ન મૂકવા. શ્રાવક પ્રથમ તો જોઇએ તે કરતાં ઓછુંજ ભોજન લેવું અથવા જરૂર જેટલુંજ લેવું અને એઠું મુદ્દલ ન મૂકતાં થાળી વાટકા વિગેરે ધોઇને પીઇ જવાં જોઇએ. થાળી ધોઇને પીવાથી આયંબીલનું ફળ મળે છે.

ભેગા જમનારને ચેપ લાગે. વળી એક બીજાનું એઠું ખાવું, તે પણ ઠીક નથી. એઠવાડ ઘણો વધી પડે, જીવોત્પત્તિ બહુ થાય. વગેરે ઘણા દોષો થાય છે. જો કે-પ્રેમના નિશાની હોવાથી માર્ગાનુસારી સંસ્કૃતિ દૃષ્ટિથી વ્યવહારમાં તે ઠીક દેખાવની પ્રવૃત્તિ લાગશે, પરંતુ ધાર્મિક આચાર દૃષ્ટિથી યોગ્ય નથી.

૧ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, પ્રમુખનું ભક્ષણ કરનારનું, તથા દેવ, ગુરૂ અને ધર્મની નિંદા કરનારનું અન્ન-પાણી કદી લેવું નહિ.

આવી રીતે નિત્ય પ્રથમ શુદ્ધમાન આહાર[1] નિર્ગ્રંથ પૂજ્ય મુનિમહારાજને વહોરાવ્યા બાદ ઉપયોગપૂર્વક ભોજન કરવાથી તે અમૃત સમાન ફળ આપે છે. નહિતર તેના વિષસમાન ફળો અવશ્ય ચાખવાં પડે, તે નિ:સંદેહ જાણવું. એમ સદ્દહી ભવ્ય બંધુઓ! **અષ્ટપ્રવચન માતાને** હૃદયમાં સ્થાન આપી આ મનુષ્યજન્મ સાર્થક કરો! જેથી અષ્ટકર્મનું વિદારણ કરી અલ્પ ભવોમાં શિવ-સંપદ્-સુખ પામીએ!

---

૧ શુદ્ધમાન આહારમાં પ્રથમ તો ન્યાયોપાર્જિત દ્રવ્યનું ભોજન કરવું જોઇએ. અન્યાયથી મેળવેલા ધનનો આહાર તુચ્છ છે, તેથી નીતિ અને ન્યાયપૂર્વક વ્યાપારાદિમાંથી મેળવેલ ધન હોય તેનું જ ઉત્તમ અને શુદ્ધ ભોજન છે. તેવો તથા શ્રાવકથી લાગતા દોષો ટાળીને જે નિર્દોષ આહાર વહોરાવવો તે શુદ્ધમાન આહાર છે, તેવી જ રીતે, ન્યાયોપાર્જિત અલ્પ મુડીમાં **પુણિયા** શ્રાવક એક દિવસ પોતે ઉપવાસ કરતા હતા, અને બીજે દિવસે તેની સ્ત્રી ઉપવાસ કરતા હતા, તેમ કરીને દરરોજ એક સાધર્મિક ભાઈની ભક્તિ કરતા હતા, આપણે પણ તેવી જ રીતે ન્યાયપૂર્વક દ્રવ્ય મેળવવું ઉચિત છે, નહિતર કૂડકપટ કરી અન્યાય માર્ગેથી મેળવેલ દ્રવ્ય અહીં મૂકી જઈ "હાય દ્રવ્ય? હાય દ્રવ્ય?" કરતાં મૃત્યુ પામી તેના ફળ ભોગવવાં પડશે, અન્યાય-અનીતિ જ્યાં ત્યાં સર્વત્ર પ્રસરી રહ્યા છે. કોઈ વિરલા ન્યાય માર્ગે ચાલનારા હશે. તેનું અનુકરણ થાય તો ઉત્તમ છે [બહારના દેશોના પરોક્ષ ધંધાદારી હરીફોની સામે ટકી રહેવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થઇ છે. આપણા ધંધામાં વચ્ચે પડવાનો ભયંકર અન્યાય તેઓ કરી રહ્યા છે. તે સ્થિતિમાં આપણા દેશી વેપારીઓને કરવી પડતી અનીતિ વિગેરેમાં અન્યાય કેટલો ગણાય? તે વિચારવા જેવું છે.]

જમેલાં એઠાં તથા રસોઈના વાસણ કલાકોના કલાકો સુધી પડયા રહેવાથી તેમાં ત્રસ જીવો પડી તેના પ્રિય પ્રાણ ખુવે છે, તથા એઠાં વાસણોમાં બે ઘડી લગભગમાં સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે. જેથી તુરતજ ઉટકી નાંખવા કે નોકર પાસે ઉટકાવી નંખવ.

પાણી ગળાવવું, ચૂલો સંધુકવો, શાક-પાન સમારવું, ઇંધણ (લાકડાં) છાણાં પઉંજવા વગેરે નોકર કે રસોયાને વિશ્વાસે મૂકવાથી અનેક જીવોની નિત્ય હાની થઈ જાય, તેથી ગૃહિણી (સ્રી) એ જાતે જે કરવા જેવું હોય, તે બની શકે તો પ્રમાદ મૂકી પોતે કરવું. અને જે નોકર પાસે કરાવવું હોય, તે પણ બને ત્યાં સુધી પાસે ઉભા રહી જયણાપૂર્વક કરાવવું, અને નોકરોને પણ શિખામણ આપી, જેમ યતનાથી પ્રવર્તાય તેમજ વર્તવું ઉચિત છે. **સુજ્ઞેષુ કિં બહુના ?**

પ્રકરણ ૧૦ મું

"સુજ્ઞ શ્રાવિકા બ્હેનોને ખાસ ધ્યાનમાં લેવા જોગી સૂચનાઓ."

જેમ રાજ્યમાં મંત્રીનું પ્રધાનપણું છે, તેમ ઘરમાં સ્રીનું પ્રધાનપણું છે, અને તેથી સ્રીઓએ આ "**અભક્ષ્ય અનંતકાય**" વર્ણન મનનપૂર્વક ખાસ વાંચી, તે મુજબ-વર્તવાની અવશ્ય કાળજી રાખવી.

સુજ્ઞ શ્રાવિક બહેનો ! તમે ઘરની અંદરનું રાજ્ય સુધારવાનું ધારી શકો, તો બને. નહિતર પુરુષોથી બનવું

મુશ્કેલ છે, કેમકે-પુરુષ આખો દિવસ તેના વ્યાપાર-ધંધાથી વીંટાયેલો જ પ્રાયઃ હોય, તેથી નીચે લખેલી સૂચનાઓ ધ્યાનમાં લઇ, તે પ્રમાણે વર્તન રાખશો, તો તમે સ્વ તથા પરના કલ્યાણના કારણુક અને ભાગીદાર થશો.

૧. સૂર્યના કિરણ ફુટયાં પહેલાં ચૂલાનો આરંભ કરવો નહિ.

૨. પ્રથમ સર્વ જગ્યાએથી કાજો લીધા બાદ, તમામ કામનો આરંભ કરવો.

૩. સવારમાં પહેલાં પુંજણીથી દરરોજ દરેક ઠામવાસણ, ચૂલા વિગેરે યતનાથી પુંજવા અને તે જીવોને કોરી જગ્યાએ મૂકવા કે જ્યાં મનુષ્ય કે જનાવર પ્રમુખની હાલચાલ ન હોય.

૪. લાકડાં,[1] છાણું‌ાં, કોયલા, સગડી વિગેરે રસોઈનાં સાધનો બરોબર પુંજ્યાં પછી જ લેવા. તેમાં પણ, ચોમાસાની ઋતુમાં બે ત્રણ વખત ખૂબ સંભાળથી પુંજવા, કારણ કે-ચોમાસામાં જીવની ઉત્પત્તિ બહુ થાય છે.

૫. લાકડામાં કોઈ એક જાતનાં અંદર મોટા જીવ થાય છે, જે અંદરથી લાકડું કોરી કોરીને લોટ જેવો ભુકો કાઢે છે, તે ઉપરથી લાકડામાં તેવા જીવની ઉત્પત્તિ છે, એમ ખાત્રી થાય છે. વળી તે ખંખેરતાં પણ નીકળી શકતા નથી તેથી તે જીવો અગ્નિમાં બળી ભસ્મ થાય છે. તો તેવાં લાકડાં એક કોરે મુકી દેવા અને તે બાબતમાં બહુ ઉપયોગ રાખવો.

---

૧ છાણાં ભરી નાખીને વાપરવા, ચોમાસામાં છાણા કે નાળીયેરના છાલાં બાળવા નહી કેમકે-તેમાં ત્રસ જીવો થઈ જાય છે, ને તેમાં ભરાઈ પણ રહે છે.

૬. બળતણમાં જીવજંતુ ઓછા ભરાય, તેવું ખરીદવું અને તેવી રીતે મૂકવું, તથા પૂરતી જયણાથી વાપરવું.

૭. રસોડામાં ઠામ, વાસણ તથા મશાલો, ઘી, તેલ, દૂધ, દહિ, રોટલા, રોટલીના તથા પાણી, એંઠવાડ વગેરેનાં વાસણો ઉઘાડા મુદ્દલ રાખવા નહિ.

૮. એંઠવાડ બે ઘડી પહેલા જાનવરને પાઈ દેવો, કે તાપ પડતો હોય તેવી જગ્યામાં છાંટી દેવો. વગેરે યોગ્ય વ્યવસ્થા કરવી, નહિંતર તેમાં અસંખ્ય સંમૂર્છિમ મનુષ્ય–જીવ ઉપજે.

૯. મીઠું, મરચું, વગેરે મશાલો રાખવાના વાટલા (લાકડાના ખાનાં વાળા) બહુ સ્વચ્છ રાખવા.

૧૦. વાટલાઓમાં રાખવા કરતાં પણ મજબૂત બુચવાળી શીશીઓમાં રાખવા યુક્ત છે. કારણ કે–ચોમાસામાં હવા લાગવાથી મરચામાં તદ્વર્ણી લાલ સૂક્ષ્મ ઇયળો પડે છે, તથા કુંથુવા, લીલ, ફુગ થાય છે. અને વાટલાઓમાં પણ ત્રસ જીવ ચડી જાય છે. જેથી પછી રસોઈમાં ઉતાવળે જોયા તપાસ્યા વગર વાપરવાથી આવા પ્રાણીઓનો વિનાશ થઈ જાય છે.

૧૧. મશાલાઃ દાળ શાકમાં, સાકર–ચીની પ્રમુખઃ ચા દૂધમાં, ઘી–તેલઃ પ્રમુખ શાક કે રોટલીમાં વાપરતાં પહેલાં ખૂબ બારિકાઇથી તપાસવા જોઈએ, કે " તેમાં સજીવ કે નિર્જીવનું કલેવર તો નથી ને ? " નહિંતર અલ્પ પ્રમાદે મોટો અનર્થ અહર્નિશ થશે.

૧૨. સાંજે સૂર્યાસ્ત પહેલાં ચૂલો ઠારી નાંખવો.

૧૩. તે પણ સચિત્ત (કાચું) પાણી છાંટીને ઠારવો નહિ; કારણ કે-તેથી અગ્નિ તથા પાણીના બન્નેય જીવોને અતિતીવ્ર કિલામણા થઇ તેનો નાશ થાય છે.

૧૪. વાશી મુદ્દલ ન રાખવું, નાનાં છોકરાઓ હોય, તો સવારમાં તાજું કરી આપવું, જેથી શારીરિક અને ધાર્મિક એમ બે મોટા લાભ થાય છે.

૧૫. નાનાં બચ્ચાંઓને પ્રથમથીજ અભક્ષ્ય-અનંતકાય માટે ઉપદેશ કરતાં રહેવું, જેથી તેઓ મોટી ઉમ્મરે તેવી ચીજોથી દૂર રહે કુમળી ડાળી જેમ વાળવી હોય, તેમ વળી શકે છે, પણ તે જડ થઈ ગયા પછી વળે નહિ, તેથી શિશુવયના બાળકોનો સ્વાર્થ સુધારવો કે બગડવો, તે તેની માતા ઉપર વિશેષ આધાર રાખે છે.

૧૬. જો તમે શ્રીમંત હશો, તો તે પણ પૂર્વ પુણ્યના ઉદયથી જ છો, નોકરને હુકમ કરી કામ કરાવવું, તેમાં વિશેષ વિચાર કરવો.

૧૭. જે કાર્ય પોતાની જાતે જયણાથી થાય, તે નોકર કદિ પણ ન કરી શકે.

૧૮. નોકરને શાક સમારવા આપ્યું હોય, તો શાકની સાથે બીજા જીવોનું પણ છેદન કરી નાંખે, પાણી ગળે તે પણ ધડા વિનાનું, તથા તેનો સંખારો નીચે નાંખી દે, કે ખારા પાણીનો સંખારો મીઠા પાણીમાં નાંખી આવે,-પાણીના એઠા વાસણ ગોળામાં બોળે. આમ બધું અવિવેકથી કામ કરે.

૧૯. તમે નોકર ઉપર નિશ્વાસ મુકી તમારા જમેલા એઠા વાસણો એમને એમ મૂકી હીંડોળા ઉપર કે સુખશય્યામાં આરામ કરો, પાછળ બે કલાક સુધી તે વાસણો પડયા રહે, અને તેમા ટપોટપ માખીઓ વિગેરે જીવ પડી તરફડીયા મારી પ્રાણ છોડે.

૨૦. ખરી રીતે શ્રાવકનો એજ ધર્મ છે, કે થાળી વગેરે ધોઇને પીઈજવું જોઈએ, કારણ કે-તેમાં બે ઘડીમાં અસંખ્ય જીવ ઉપજે છે.

૨૧ પ્રમાદને લીધે પાણીયારા આગળ, ગોળાની આસપાસ લીલ પણ થઈ જાય. આવા અનેક દોષો આપણા પ્રમાદથી થાય છે.

૨૧. જો તમારાથી આવું કામ થવું અશકય હોય તો પાસે ઉભા રહી નોકર પાસે યતનાથી કરાવવું, તે પણ યોગ્ય છે.

નહિંતર, પુણ્યરૂપી મૂડી વ્યાજ સુદ્ધાં ખાઇ જવાશે. તો પછી પરભવે સુખો કયાંથી મળશે? અજરામર સુખ લેવાનો આ અવસર આવ્યો છે, છતાં શા માટે વિષય-કષાય અને વિકથામાં ગરકાવ થઈ જાઓ છો? પ્રમાદ મૂકો અને મનુષ્ય-જન્મ સાર્થક કરો! દુષ્ટ પ્રમાદ જ દુર્ગતિને વિષે લઈ જવામાં મોટા લુંટારાં સમાન છે, તેથી ચેતો!

૨૨. ચાર મહાવિગઇનો અવશ્ય ત્યાગ કરો.

૨૩. આઈસ્ક્રીમ, બરફ વિગેરે ઉપરથી મમતા છોડો.

૨૪ તમારા બાળકોને અફીણ (બાળા ગોળી) વિગેરેના વ્યસન છોડાવો.

૨૫ કાચી માટી, કાચા મીઠાનો ત્યાગ કરો.

૨૬. પ્રમાદ મૂકી અચિત્ત મીઠું તૈયાર કરી વાપરો.

૨૭. રાત્રિભોજનનો તમે ત્યાગ કરો. જેથી તમારા પુત્ર વગેરે તમારૂં અનુકરણ કરે.

૨૮. તલનો અને ખસખસનો ત્યાગ કરો.

૨૯. બોળ અથાણાં વગેરેનાં સ્વાદ મૂકો–મૂકાવો (ખરી રીતે જોતાં સ્ત્રીઓ જ આવી અનેક ચીજો વિચિત્ર પ્રકારે બનાવી પુરુષોને રસનેંદ્રિયને આધીન કરે છે.)

૩૦. વિદલનો ખાસ ઉપયોગ રાખો. કારણ કે–તેમાં તમારીજ સાવચેતી કામ આવી શકે તેમ છે, એ તમારા હાથની બાબત છે. કદાચ પુરુષ વિરતિવંત ન હોય, તો પણ તમે તેને આવા દોષોમાંથી અટકાવી શકો છો.

૩૧. વેંગણ (રીંગણાં) પ્રમુખ શાકનો તથા ભડથો કરવાનો ત્યાગ કરો.

૩૨. બોર ખાવાનો ત્યાગ કરો.

૩૩. વિકથાનો પણ ત્યાગ કરો. "ક્ષણ લાખેલી જાય" જરા વિચારો; ધર્મકાર્યમાં પ્રવૃત્ત થાવ.

૩૪. ચલિત રસ, વાશી વિગેરે ન વપરાય, માટે બહુ ઉપયોગ રાખો.

૩૫. લોટ, મુરબ્બો, અથાણાં, સેવ, વડી, પાપડ વિગેરે માટે લખેલી હકીકત ખાસ ધ્યાનમાં લ્યો ને તે પ્રમાણે વર્તો તથા જેને ઉપયોગ ન હોય તેને નમ્રતાથી કહો–શીખવો

૩૬. અનંતકાયનો ત્યાગ કરો.

૩૭. આ મનુષ્યજન્મ સફળ કરવા માટે લીલી હળદર-આદુ, લસણુ વગેરે ગમે તે રોગ છતાં પણ ન વાપરો. આપણો અનાદિનો કર્મરૂપી રોગ ટળશે, ત્યારે જ ખરૂં શાશ્વત સુખ પામીશું.

૩૮. ફાગણ ચોમાસું બેઠાં પહેલાં તેલ આઠમાસ માટે સારા ઠામમાં ભરાવી રાખો.

૩૯. અશાડ માસમાં ખાંડ, કાજુ, બદામ, પિસ્તા, દ્રાક્ષ વગેરેનો ઉપયોગ બંધ કરો. પહેલાં જ ભુરૂં કરાવી લો.

૪૦. સુકવણી અશાડ ચોમાસા પહેલાં વાપરી નાંખો, અને ત્યારથી કાર્તિક ચોમાસા પર્યંત તેનો ત્યાગ કરો.

૪૧. લીલો વાંસ, બીલી, બીલા, કેરડાં અને નાગરવેલના પાનને તિલાંજલિ આપો.

૪૨. પરદેશી મેંદો, પરસુદીનો લોટ કે રવો બજારમાંથી મંગાવવો બંધ કરો. ભલે જરા તસ્દી લેજો, પણ તેથી અનેક જીવોના આશીર્વાદ મળશે.

૪૩. પાણી ઘીની માફક વાપરો.

૪૪. મજબુત ગળણાં વતી દિવસમાં બે ત્રણ વખત ગળવા શ્રમ ઉઠાવશો તો પરભવે દુઃખ ભોગવવું પડશે નહીં. અર્થાત્ સુખી થશો. અનુક્રમે શિવસંપદાને પણ પામશો.

૪૫. વિશેષ તો તમારા ગૃહના પ્રધાનપણામાં તમેજ વાકેફ હો, તેથી દરેક કાર્ય ઉપયોગ, વિવેક, જયણા પુર્વક કરો.

૪૬. તિથિને દિવસે દળવું, ખાંડવું, ભરડવું, ધોવું, માથું ગુંથવું, ન્હાવું, છાણ લેવા જવું, ગાર કરવી વિગેરે કરવું કરાવવું અનુમોદવું નહિ.

૪૭. તથા ત્રણ ચોમાસાની, બે આંબેલની ઓળીની તથા **શ્રી પર્યુષણ પર્વની**, એમ છ અટ્ઠાઈમાં ઉપર મુજબના કોઈ પણ આરંભ ત્રિયોગે (મન, વચન, કાયાએ) કરવા નહિ.

૪૮. **મિથ્યાત્વિ લૌકિક પર્વ**-જેમકે દિવાસો, રક્ષાબંધન, શ્રાદ્ધ, નોરતાં, હુતાશની, સંક્રાંત, ગણેશચોથ, નાગપાંચમ, રાંધણછઠ, શીલસાતમ (વાશી ખાવું) ગોકળઆઠમ નોલીનવમી, અહવાદશમી, ભીમ અગીઆરશી, ધનતેરશી, અનંતચૌદશ, અમાવસ્યા, સોમવતી અમાસ, બુદ્ધાષ્ટમી, દશેરાં તાબૂત, બકરી ઈદ, [રેંટીયાબારશ, રાષ્ટ્રીયસપ્તાહ, જયંતીઓ, રવિવારો, નાતાલઃ] વિગેરે પર્વો મિથ્યાત્વના હેતુ તથા આત્માને અનર્થકારક છે, તેથી તેનો ત્યાગ કરો.

૪૯. આપણે દુધપાક; બાસુદી, લાડુ વગેરે કરીને ખાવાના કયાં બીજા દિવસો નથી ? કે તેજ દિવસે ખાવુંને ઉત્તેજન આપવું આવા મિથ્યા આચરણનો ત્યાગ કરી, આપણો આચાર જાણવા પાળવા ઉજમાળ થાઓ ! ધન્ય છે **સુલસા** શ્રાવિકાને કે જેનું સમ્યક્ત્વ અત્યંત દૃઢ હતું, તેથી તે શ્રાવિકા આવતી ચોવીસીમાં આ **ભરત** ક્ષેત્રમાં પંદરમા **શ્રી નિર્મમ** નામના તીર્થંકર થશે.

૫૦. વ્હેલા ઉઠવાની ટેવ રાખો.

૫૧. વ્હેલા ઉઠી પ્રતિક્રમણાદિક કરી દેવદર્શન, ગુરુવંદન તથા સ્નાન-પૂજા કરી, ઘરના કામમાં પરોવાવું.

૫૨. ઘરના માણસો-બાળકો વિગેરેને પણ વ્હેલા ઉઠવાની ટેવ પાડવી અને ધર્મધ્યાનમાં લાગુ રહે, તેવી સગવડ કરી આપવી.

૫૩. વ્હેલા ઉઠી દરેક કામ શાંતિપૂર્વક ખખડાટ વિના કરવું.

૫૪. અવાજ કરવાથી ગરોળી વિગેરે અધર્મી જીવો માચ્છીમાર વિગેરે અધર્મી માણસો જાગી ઉઠી અધર્મમાં પ્રવર્તે છે.

૫૫. ઘરમાં ઠામ ઠામ જ્યાં જ્યાં જરૂર હોય, ત્યાં ત્યાં છૂટથી પુંજણીઓ મૂકી રાખો.

૫૬. રસોઇ વિગેરે જાતેજ ઉતાવળ કે બેદરકારી વિનાજ યોગ્ય પાકથી અને સ્વાદિષ્ટ બનાવો.

૫૭. મુનિ મહારાજાઓને વ્હોરવા તેડી લાવવા મોકલવાનો ઘરમાં કાયમ રિવાજ રાખવો.

૫૮. બાળકો અને પુરુષો પૂજા-સેવામાં પ્રમાદ ન કરે, તેમને જમવા બેસતાં પહેલા સાવચેત રાખવા.

૫૯. વહુઓ દીકરીઓ વિગેરે પણ દર્શન, વંદન, પ્રત્યાખ્યાન વિગેરેમાં પ્રમાદી ન થાય, તેની ખબરદારી રાખવી

૬૦. તિથિએ લીલોતરી શાકો વિગેરેને બદલે બીજી યોગ્ય સગવડથી સંતોષ મળે, તેવી ગોઠવણ રાખ્યે જવી.

૬૧. દરેક પુરુષ જમનારા એકી સાથે પંક્તિબંધ જમવા બેસે, અને દરેકની દરેક પ્રકારની સગવડ સચવાય તેવી કાળજી રાખો

૬૨. રસોઈ તથા જમવાનો કાર્યક્રમ રોજના ઠરેલા વખતે પતાવો.

૬૩. અભક્ષ્ય કે અનારોગ્યકર ચીજો ખાસ કરીને ન બનાવો.

૬૪. દરેકના આરોગ્યની કાળજી રાખો.

૬૫. ઘરમાં પ્રકાશ, સ્વચ્છતા, નિયમિતતા, વ્યવસ્થા, સાચવી જે ચીજ જ્યાં રહે, ત્યાંજ મૂકવી વિગેરેની કાળજી રાખો.

૬૬. ઘરમાં કરકસર પૂરતી રાખો.

૬૭. જે વખતે જે ચીજની જરૂર પડે, તે ઘરમાંથી જ મળી શકે, તેવી રીતે વસાવી રાખવાની ગોઠવણ અને સમજણ રાખો.

૬૮. અનાજ વિગેરે ખાદ્ય પદાર્થોની ખરીદી સાચવણી અને વપરાશમાં યતના, કરકસર, સારી પસંદગી, યોગ્ય ખરીદી, જરૂરી વપરાશ વિગેરે માટે પૂરતી કાળજી રાખો.

૬૯. રાત્રે ઘરમાં દરેક ઠેકાણે યોગ્ય અજવાળું પડે તેવી રીતે દીવાની ગોઠવણ રાખવી, વગર જરૂરી અને વધારે વખત દીવા રાખવા નહીં.

૭૦. સાંજે વેલાસર જમી પરવારી પ્રતિક્રમણાદિક માટે તૈયાર થઈ તેમાં ભાગ લ્યો. (ગુજરાતમાં આ રીવાજ બહુ જ વ્યાપક છે.) સ્ત્રીઓ, પુરુષો દરેકને મોટે ભાગે ૬ વાગ્યાની આસપાસ નવરાશ મળી જાય છે. જેથી ધાર્મિક ક્રિયાઓ કરી રાત્રે શાંતિ અનુભવે છે.

૭૧. ઘરમાં શાંતિ રહે, ગડબડ, કચકચાટ ન થાય તેવી ટેવ પાડો

૭૨. નાના ધાવણાં બાળકોને ઉનાળામાં બપોરે પાણી પાવા ચૂકતા નહીં.

७३. જીવોને જીવાતખાને મોકલવામાં પ્રમાદ ન કરવો.

७४. થોડી રાખ માટી અને પાણીથી વાસણ સાફ કરવાની ટેવ પાડવી.

७५. જેમ બને તેમ કામ સ્વચ્છ વ્યવસ્થિત અને યોગ્ય વખતમાંજ પતાવવાની ટેવ પાડો.

७६. રસોઇમાં વિદળનો ખાસ ઉપયોગ રાખો.

७७. ખાળ, મોરી, ચોકડીયો વિગેરે સ્વચ્છ રાખવા.

७८. રાત્રે વખતસર સુવાની ટેવ પાડો.

७९. બપોરે સામાયિક કરવાની ટેવ ચાલુ રાખો.

८०. ધાર્મિક પર્વો અને તિથિઓની આરાધના ઘરમાં બરાબર આગ્રહપૂર્વક ચાલુ રાખો.

८१. પતિવ્રતાપણામાં સ્ત્રીની સમસ્ત વ્યાવહારિક કેળવણીનો સમાવેશ થાય છે. તેથી તે બરાબર જાળવો. અને પુત્રીને તેમાં દૃઢ કરશો, તો તેનુ આખું જીવન સંસ્કારી બનશે જ. ગમે તેટલી ભણેલી પણ પતિવ્રતપણા રહિત દુઃશીલ સ્ત્રીની કિંમત શી ?

८२. અને તે શિખવનાર તથા તેનું રહસ્ય સમજાવનાર દેવઃ ગુરુઃ તથા ધર્મઃની ભક્તિ દરરોજ યથાશક્તિ કરવાનું ચૂકશો નહીં.

८३. રજસ્વલાપણું બરાબર પાળવું. ગૂમડું ફૂટયા બરાબર ન ગણશો. શરૂઆતનુ રજસૂ ઘણો મલિન પદાર્થ છે, એમ સૂક્ષ્મ તત્ત્વ સમજનારા જ્ઞાનીઓએ અને પૂર્વના મહાન વૈદ્યોએ

કહેલ છે. તેથી આશાતના ન થાય, અને પવિત્રતા જળવાય તેમ વર્તવામાં બેદરકારી રાખશો નહીં.

અનાર્ય વિચારની પ્રજાઓની સમજમાં આપણી આવી સૂક્ષ્મ વાતોનું રહસ્ય હજુ ઉતર્યું નથી. તેથી તેઓ રજસ્વલાપણું પાળતા નથી, અને આપણી મશ્કરી ઉડાવે છે. પરંતુ તેમાં મૂર્ખાઈ છે. માટે, એવી વાતો ઉપર ધ્યાન ન આપવું.

૮૪. ભણવામાં, ટ્રામમાં, રેલ્વેમાં, વિગેરે પ્રસંગમાં પુરુષોના સ્પર્શાસ્પર્શથી દૂર રહેવામાં નવ વાડો જળવાય છેઃ અને શિયળની રક્ષા માટે એ ખાસ આવશ્યક છે.

૮૫. પૂર્વાપરની સ્પર્શાસ્પર્શ જાતિઓ સાથેની સ્પર્શાસ્પર્શની વ્યવસ્થા જાળવવી. તે તોડવામાં પરિણામે આપણી પ્રજાનો નાશ છે, માટે દેખાદેખીથી કે અજ્ઞાનથી સ્પર્શાસ્પર્શ વ્યવસ્થા તોડવાની વાતનો અમલ કરી તેને ટેકો ન આપવો.

૮૬. આપણા પૂજ્ય મુનિ મહારાજાઓ શિવાય બીજા કોઇનો ઉપદેશ સાંભળવો નહીં જોઇએ. આજ કાલ ભાષણો સાંભળવાનો ચેપ વધતો જાય છે, તે પરિણામે આડે માર્ગે દોરવી ધર્મથી ભ્રષ્ટ કરનાર છે સભા, સોસાયટી, મેળાવડા, મીટીંગો. કમીટીઓમાં ભાગ ન લેવો. એવાં મંડળો વિગેરે રચવા નહીં. તે ઉન્માર્ગપોષણ છે.

૮૭. ધાર્મિક ઉત્સવો, તીર્થયાત્રા, રાત્રિજગા, મહાપૂજાઓ, ઉપધાન તપ, આયંબીલની ઓળી વિગેરે તપોનુષ્ઠાનમાં અવશ્ય ભાગ લેવો. તેનો વિરોધ કરનારાઓ અજ્ઞાનથી તેમ કરે છે.

૮૮ સર્વ જીવો પ્રત્યે મૈત્રી રાખવી. અધર્મી જીવો ઉપર પણ દ્વેષ ન કરવો.

૮૯. હોટલની કે એવી કોઈ તૈયાર બજારૂ ખાદ્યચીજો ખાવાની ટેવ ન પાડવી. ભાણાં મંગાવવાની ટેવ બહુ જ નુકશાન કરનાર છે. ઘરમાં જ રાંધેલી ચીજો ખાવી. ઘરમાં એવી ચીજો ઘાલીને ટેવ પડવા જ ન દેવી.

સુજ્ઞ બ્હેનો ! ઉપરની સૂચનાઓ વાંચી વિચારી તે મુજબ વર્તવા ઉજમાળ થશો તો અવશ્ય લાભ સારામાં સારા થશે, અને આપણને ઓછામાં ઓછું જ નુકશાન થશે.

પ્રકરણ ૧૧ મું.

સંમૂર્છિમ પંચેંદ્રિય જીવોની દયા.

મનુષ્યોને સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થવાના નિમિત્તભૂત ૧૨ સ્થાનો :-

૨ આંખ	૧ મૂત્રદ્વાર	
૨ કાન	૧ મળદ્વાર	
૧ નાકનું મુખ્ય છિદ્ર		સ્ત્રીઓને વધારે
૧ નાભિ	૧ જન્મદ્વાર	સ્ત્રીઓને વધારે
૧ મોઢું	૨ સ્તન	સ્ત્રીઓને વધારે

આ બાર સ્થાનકેથી નીકળતા ૧૪ વિવિધ રસો-ધાતુઓ, પિત્તો, શ્લેષ્મો, વીર્ય, ઋતુ, ઝાડા, પેશાબ, ગર્ભના મળો

અને રસો, લોહી, પરૂ, મળો, થુંક, લીંટ બળખા વિગેરે લીલા કે સુકાં જે જે બહાર આવે છે, તે દરેકમાં બે ઘડી (અન્તર્મુહૂર્ત) પછી સંમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન થઈ જાય છે. અને તેટલા વખતમાં મરી જાય છે આ હિંસાથી બચવા માટે શ્રાવકોએ કેમ અને કેવો વર્તાવ રાખવો? તેની કેટલીક સૂચનાએ અત્રે આપવામાં આવે છેઃ-

૧. જેઓ નાના ગામડામાં રહે છે, અથવા જેઓને નજીકમાં નદી, તળાવ, દરીયા કિનારો, જંગલ, ક્ષેત્ર, છુટી વાડ વિગેરે ભૂમિઓ હોય, તેઓએ બને ત્યાં સુધી તેવા સ્થાનકોને વિષે ઝાડા (વડીનીતિ) અર્થે જવું.

કેમકે-બંધીયાર પાયખાનામાં પ્રકાશની ખામી, હવાનો અભાવ, દુર્ગંધના પરમાણુઓના ફેલાવા વિગેરેથી શારીરિક આરોગ્યતાને નુકશાન થાય છે

ધાર્મિક રીતે તપાસતાં-તેમાં કીડા વગેરે અગણિત જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થાય છે. અસંખ્ય સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિયજીવોના પણ ઉત્પત્તિ અને વિનાશ થાય છે. કોઇ તેવા રોગીના ઝાડા પેશાબ પર લઘુનીતિ, વડીનીતિ કરવાથી ભયંકર રોગો પણ અવશ્ય લાગુ પડી જાય છે સાથળના મૂળ વગેરેમાં દરાજના રોગ ઘણાને લાગુ પડે છે, તે વગેરે અનેક શારીરિક અને ધાર્મિક નુકશાન ન થવાને અર્થે છુટામાં જવું, તે સારુ છે. તે પણ કોરી જગ્યાએ, જ્યાં કીડી પ્રમુખનાં દર ન હોય, લીલોતરી, કાદવ, ભેજવાળી જગ્યા ન હોય. તેવી ભૂમિને વિષે જવું. તેથી શારીરિક તંદુરસ્તી સારી રહે છે,

તથા અનેક જીવોની દયા પળે છે. માટે તે બાબત ખાસ ઉપયોગ રાખવો.[1]

---

૧. ભારતમાં પ્રાચીન મોટા શહેરોના વર્ણનમાં શહેરની મોટી ખાળો અને તેની સાથે જોડાયેલી શેરીઓની નીકો તથા ઘરોની નાની નીકોના બાંધકામનાં વર્ણનો આવે છે, તે ઉપરથી એટલું તો સમજી શકાય છે, કે-મોટા શહેરોમાં ગટરોની વ્યવસ્થા હતી. પરંતુ તે ગટરો મારફત મુખ્યપણે વરસાદનું પાણી સુલભતાથી વહી જાય, તેમજ સામાન્ય રીતે ન્હાવા ધોવાના પાણીને વહી જવા માટે તેનો ઉપયોગ થતો હોવો જોઇએ. મળ-મૂત્ર એઠવાડ વિગેરેનો નિકાલ તે દ્વારા થતો હોવાનું અસંભવિત લાગે છે. કેમકે-હિંદની સંસ્કૃતિ, દેશી વૈદક અને ધર્મશાસ્ત્રો તેથી કાયમ વિરૂદ્ધ રહ્યા છે. એટલે ખાસ કરીને રાજા વિગેરે શિવાય લોકો મળમૂત્ર એઠવાડ વિગેરેનો ત્યાગ ખુલ્લામાં હવા પ્રકાશ અને માટીવાળા સ્થાનમાં વિશેષતઃ કરતા હોવા જોઇએ. પાટણ અમદાવાદ જેવા ગુજરાતના મોટા અને સમૃદ્ધ શહેરોમાં પણ પહેલેથી ખાસ એવી ગટરો ન હોવામાં તો જૈન ભાવનાના ફળ રૂપ અહિંસાની દૃષ્ટિ કારણ જણાય છે. સંમૂર્છિમ પંચેન્દ્રિયના બચાવ માટે જૈનો કેવી દયા પાળવા હજારો વર્ષોથી સાવચેત રહેતા આવ્યા છે? તે આ પ્રકરણ વાંચવાથી સમજાશે અને દીવાનો, નગરશેઠો, શહેરના અને ગામડાના આગેવાનો તરીકે જૈનો ખાસ મુખ્ય હોવાથી સાધારણ પ્રજા ઉપર પણ તેની અસર પડી જ છે. બહુ વિચાર કરતાં પણ એ વ્યવસ્થા વધારે ઉંચી વ્યવસ્થા લાગે છે.

આજની મ્યુ૦ કે જે પરદેશી સત્તા, વ્યાપાર, સંસ્કાર અને પ્રજા જીવન, અહીંની પ્રજામાં ઉતારવા માટે પ્રજાકીય સ્વાર્થનું એક પદ્ધતિસરનું સાધન છે. છતાં અહીંની પ્રજાને જીવનની સગવડો પૂરી પાડવાનો ફાયદો બતાવવામાં આવે છે. મનુષ્યોના શરીર નિમિત્તક ઉત્પન્ન થતાં તમામ મળો અને મેલા તત્ત્વો બહાર દેખાતાં નથી.

૨. લઘુનીતિ (પેશાબ) કરવી તે છુટામાં, કોરી જગ્યામાં કે જ્યાં તુરત સુકાઇ જાય, ત્યાં કરવી યુક્ત છે. પેશાબ ઉપર

જમીનની અંદરની ગટરો મારફત વહીને બહાર ચાલ્યા જાય છે. પરંતુ તેને એ અહિંસાની દૃષ્ટિથી લેશમાત્ર સ્થાન આપી ન શકાય. પાણીનો વધારે પડતો દુરુપયોગ, અંદર અંદર રહીને સડતા પદાર્થો તેમાં ઉત્પન્ન થતા અનેક રોગના જંતુઓ. સંમૂર્છિમ જીવોનો હિસાબ જ કોણ ગણે? વળી મળમૂત્રના મેલા પાણીનો શાકો, ફળો વિગેરે ઉગાડવામાં મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે તેમાં વધારે પડતા એ ગંદા પાણીના તત્ત્વો દાખલ થઇને બેસ્વાદ અને દુર્ગંધ-વાળા શાકો અને ફળો પ્રજાના આરોગ્યને અવશ્ય નુકશાન કરે છે. આમ પાપનો સંગ્રહ ગુપ્તપણે એકઠો થાય છે. શહેરોમાં ગટરના સૂક્ષ્મ ઝેરી જંતુઓ ઉડયા વિના રહેતા નથી.

ત્યારે ખુલ્લાં મળમૂત્ર ખુલ્લાં દેખાય ખરાં. પરંતુ હવા, પ્રકાશ, તાપ વિગેરેથી તેનો નાશ થઈ જાય, તેથી તેના સંગ્રહ ન થતાં તેથી ઉત્પન્ન થતા ખરાબ તત્ત્વો ફેલાવવાનો પ્રસંગ ન રહે. આજના ગટ-રના સડામાંથી બીજા બારીક જંતુઓ ઉત્પન્ન થઈ અનેક રીતે ફેલાતા હોય છે. જે ખોરાક અને બીજી જરૂરીઆતો મારફત, હવા મારફત શરીરમાં દાખલ થઈ શારીરિક આરોગ્ય બગાડે છે, આકરી દવાઓ, જંતુનાશક દવાઓ, આકરા મશીનો મારફત જંતુ સંહારક ગોઠવણ વિગેરેની મદદથી તેને નાબુદ કરવા તે વળી બીજી હિંસા. ગટરો દ્વારા ગમે તેટલું બધું દૂર લઈ જવામાં આવે, પરંતુ અમુક જથ્થાના મેલના સંગ્રહથી ઉત્પન્ન થતાં જંતુઓ અને તેની સાથે સંબંધ ધરા-વતા બીજા નાના જંતુઓ માનવોને ઘેરી લીધા વિના રહેજ નહી. પ્રજાને આજની ગટરોથી શારીરિક નુકશાન અવશ્ય થયું છે. પ્રથમના જેટલી શક્તિ શરીરમાં રહી નથી. આનું પરિણામ સંતાનો ઉપર થાય. પરંતુ આજે યુરોપના અનુકરણની આપણા ઉપર અને આપ-

પેશાબ કરવાથી શારીરિક પ્રત્યક્ષ નુકશાન છે, મોરી, ગટર વગેરેમાં પેશાબ કરવાથી અસંખ્ય સંમૂછિંમ મનુષ્ય પંચેંદ્રિય જીવો તથા કીડા પ્રમુખ ત્રસ જીવોની ઉત્પત્તિ–વિનાશ થાય છે, તેથી તેવાં સ્થાનો વર્જવાં. શાસ્ત્રમાં મોરી વિગેરે સ્થાનકે પેશાબ

ણામાંના ઘણાના ઉપર એવી અજબ છાપ પડી છે, કે–આજે આ વાતનો આપણે વિચાર સરખો કરીયે તેમ નથી. પરંતુ કોઇ કહે તો હસી કાઢવાયે તૈયાર છીએ, આર્થિક નુકશાનની તો વાતજ શી? આવી સંસ્થાની ચુંટણીમાં વધુ મત મેળવ્યા એટલે કેમ જાણે મોટું રાજ મેળવી લીધું. એવી બડાઇ હાંકવાની હાસ્યાસ્પદ મનોદશા આપણા ભાઇઓની થઇ ગઈ છે. એક તસુ પણ જમીન મેળવવાની તો તાકાત નથી, તો પછી નવું ગામ કે દેશ મેળવવાની તો વાત શી? આપણા પૂર્વજો રાજ્યોના રાજ્યો જીતતા હતા. તોપણ આટલો પોરસ નહોતો ચડતો.એટલો આજે આપણને આવા મતો જીતવામાં પોરસ ચડે છે.ખરેખર આપણી ઉતરતી મનોદશાનો આ પૂરાવો છે

આજકાલની મ્યુનિસીપાલીટીઓની સત્તાઓમાં વધારો થવાથી જૈન ભાવના અનુસાર જીવન જીવવાને ઇચ્છતા મુનિઓ તથા ધાર્મિકોની મુશ્કેલીઓ વધતી જાય છે. મ્યુ૦ કતલખાના ચલાવે છે. અને શહેરોમાં ખાનગીને બદલે હવે જાહેર મારકીટો ઉઘડાવે છે. જેમાં કેટલાક અણસમજુ જૈનોને પણ આડકતરો સાથ આપવો પડે છે. અને તેની પાસે થઇને પસાર થવું પડે છે. આવી વસ્તુઓને ટેકો આપવામાં આપણા જ ભાઇઓ વગર વિચાર્યે આગળ આવી રહ્યા છે, ખરેખર આશ્ચર્ય થાય છે. દરેકે અવશ્ય સમજવું જોઇએ કે ભલે આના તાત્કાલિક પરિણામો જોવામાં કદાચ ન આવે, પરંતુ વખત જતાં ચોક્કસ અને ભારોભાર પરિણામો આવવાના જ. તેમાં જરા પણ ફેરફાર થશે નહીં.

કરનારને છઠ્ઠ એટલે બે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. ત્યારે પાયખાનામાં ઝાડો પ્રમુખ કરનારને કેટલો બધો દોષ લાગે? જેથી લઘુનીતિ (પેશાબ) વડીનીતિ [ઝાડો] છુટમાં કોરી જગ્યાએ જયાં સૂર્યનો પ્રકાશ પડે, ત્યાં કરવા ઉચિત છે.*

૩. મુખમાંથી બળખો નાંખતાં, નાકમાંથી લીંટ કાઢતાં, થુંકતાં, વમન [ઉલટી] થતાં, કાનનો મેલ પરૂ પરઠવાતાં હોય, શરીરના કોઇપણ ભાગમાંથી લોહી. રસી, પ્રમુખ પરઠવાતાં હોય, નિર્જીવ સ્થાનકે જયાં તરત સુકાઇ જાય, દિવસ હોય તો સૂર્યનો પ્રકાશ પડે, તેવા સ્થાને ઘરથી દૂર જઇ પરઠવીને તેના ઉપર રાખ બરાબર નાંખવી. આ બાબતનો ઉપયોગ વિવેકી ધર્માત્માઓએ જરૂર કરવો યુક્ત છે. વળી આ પ્રમાણે ધારે તો દરેક સમજુ માણસ ઉપયોગ રાખી શકે તેમ છે.

તેમ ન વર્તતાં અજયણાએ પરઠવવાથી તેમાં અસંખ્ય સંમૂર્છિમ પંચેંદ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થાય છે. વળી માંખી, કીડી, મંકોડા પ્રમુખ જીવો તેને ખાવાનો પદાર્થ સમજી ચોંટે છે, અને તેનો સ્પર્શ થતાં તેની પાંખ, અંગ પ્રમુખ બળખા, લીંટ પ્રમુખની ચીકાશને લીધે ચોંટી જવાથી આવા અનેક ત્રસ જીવો પ્રાણ ખુવે છે. એ વગેરે ઘણાં દોષો થાય છે. તેથી કોરી જગ્યાએ પરઠવીને તુરત જ

---

* ગમે તેવી શારીરિક સ્થિતિમાં શહેરમાં જઇને પણ જાજરૂમાં ન જતાં બહાર જવાના આગ્રહવાળા અને જવું પડયું હોય, તો ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કરનારા વ્રતધારી શ્રાવક જોવામાં આવેલ છે.

રાખથી ઢાંકી દેવું, નહીંતર ફક્ત અંતર્મુહૂર્તના કાળમાં (કાચી બે ઘડીની અંદર) તેમાં સંમૂર્છિમ પંચેંદ્રિય જીવો ઉપજે છે, જેથી આ બાબત વિવેકી શ્રાવકે દયાના કોમળ પરિણામ રાખી ઉપયોગ રાખવો જોઇએ.

૪. શરીરે અભ્યંગ (તેલમર્દન-પીઠી ચોળવી) કરીને સ્નાન કરવું. અથવા તેલ ચોળ્યા વિના સ્નાન કરવું હોય તો પણ મોરી, ખાળ વગેરેમાં સ્નાન ન કરવું. કેમકે તે પાણીમાં શરીરમાં મેલ વગેરેને લીધે તે પાણી જેમ ને તેમ રહેવાથી અસંખ્ય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય; તથા ઘણો વખત યા દિવસો સુધી તે પાણી એક જગ્યામાં રહેવાથી તેમાં બીજા પણ અનેક ત્રસ જીવાદિની ઉત્પત્તિ અને વિનાશ થાય છે. તેથી જ્યારે સ્નાન કરવું હોય ત્યારે નિર્જીવ જગ્યાએ રેતી પ્રમુખ હોય તેવા સ્થાને, જયાં સૂર્યના પ્રકાશથી તુરતમાં સુકાઈ જાય તેમ હોય, ત્યાં સ્નાન કરવું ઉચિત છે. [૧૬૭માં પેઇજનું ટીપ્પણ જુઓ.]

શ્રાવકે નદી, તળાવ, કુંડ, પ્રમુખમાં કદી સ્નાન કરવું જોઇએ નહીં, તેથી અનેક જીવોની હિંસા થાય છે. વળી પાણીનું પરિમાણ રહેતું નથી. ચૌદ નિયમવાળા શ્રાવકે તો નદી પ્રમુખ જળાશયમાં ન્હાવું ન જોઇએ. કેટલીક વખત ઝેરી જંતુથી પ્રાણ ખોવાનો વખત આવે છે, અથવા પાણીમાં મુંઝાઈ જવાથી અથવા તરતાં ન આવડવાથી અથવા કોઇ તેવા સ્થાનમાં પગ પ્રમુખ ખુંચી જવાથી પ્રાણ જાય છે, અનેક દોષો હોવાથી તેવા જળાશયોમાં સ્નાન કરવું નહિ. ગરમ

પાણીમાં ઠંડું પાણી નાંખ્યા વિના વધુ ગરમ હોય. તો ઠરવા દઈને સ્નાન કરવાની વિધિ જાળવનારાયે છે.

સ્મશાનાદિ જવાના કારણે ઉપયોગી શ્રાવક અણગલ પાણીથી સ્નાનાદિ કાંઈ કરી શકે નહીં, ત્યારે જળાશયમાં સ્નાન કરવું-ક્રીડા કરવી તે કેટલા દોષનું કારણ છે? આ બાબત વિશેષ વિવેચન ન કરતા જે વિષય પર આ લખવું છે, તે માટે એટલે સ્નાન મોરી-ખાળ તથા જળાશયોમાં ન કરતા ઉપર કહ્યા મુજબ જયણાપૂર્વક ખુલ્લી જમીનમાં કરવું ઉચિત છે.

એટલું ખાસ ધ્યાન રાખવું, કે-લઘુનીતિ (પેશાબ) વડીનીતિ (ઝાડો) જિનમંદિરથી જઘન્યપણે સો હાથ દૂર કરવું જોઇએ, તેમજ નાકનું લીંટ, બળખો પ્રમુખ જિનમંદિરના ચોકમાં નજ નાંખવા જોઈએ. ઘણી જગ્યાએ જિનમંદિર પાસે ઓરડી પ્રમુખમાં સ્નાન કરવાની જગ્યાઓ રાખવામાં આવે છે. જે પાણી એકંદર ગટર-મોરીમાં જાય છે. વળી ત્યાં સ્નાન કરવાની જગ્યાએ કોગળા કરવા, મોં સાફ કરવું. બળખા લીંટ કાઢવા, સાબુ પ્રમુખથી ન્હાવું, વગેરે અનેક દોષો સેવાય છે. તેથી કરીને તે પ્રમાણે આચરણ કરનારાઓને જાણવા છતાં જેઓ આંખ આડા કાન કરીને ચલાવ્યે રાખે છે. તેઓ પણ તેના જોખમદાર છે. આ માટે જેઓથી બને તેઓએ યથાશક્તિ ઉપાય શોધી, તે તે દોષો દૂર કરવા કરાવવા પ્રયાસ કરવો યુક્ત છે.

૫. શાસ્ત્રમાં કહેલ છે, કે-ભોજન એંઠું મુકવું નહીં. કેમકે

—તેથી અંતર્મુહૂર્તમાં અસંખ્ય સંમૂર્છિમ જીવની ઉત્પત્તિ થાય છે. તેથી ખાવાની થાળી ધોઈ પીઇ જવી જોઇએ. આ બાબત મોટા જમણવારોમાં બહુ અનુપયોગ જોવામાં આવે છે. વિરતિવંત તથા બીજા પણ વિવેકી શ્રાવક બંધુઓએ એવે પ્રસંગે ઉપયોગપૂર્વક જરૂર જોઈતું ખાવાપીવાનું લેવું જેથી એઠું વધવાનો પ્રસંગ ન આવે.

૧૯. તેવી જ રીતે પાણીના સંબંધમાં પણ સમજવાનું છે. પાણી કાઢવાને માટે જુદો જ ડોયો રાખવો જોઈએ. એઠાં પ્યાલા વિગેરે પાણીના ગોળામાં બોળવાથી પણ પૂર્વોક્ત દોષ લાગે છે. તેથી આ બાબત ખાસ ઉપયોગ રાખવો જોઈએ કાઠીયાવાડ, ગુજરાત પ્રમુખ દેશોમાં આ દોષ વધારે પ્રચલિત છે તેથી તેઓ વધારે ટીકાપાત્ર થાય છે. હવે તો ત્યાંના ભાઇઓએ અને બહેનોએ કંઈક કડવી ટીકાના પાત્ર ન થવાય, તેમ ચેતી લેવાની પૂરી જરૂર છે.

છેવટે, સમાપ્તિમાં આ ગ્રંથમાં જે કોઈ મતિમંદતાથી ઉત્સૂત્રતા આદિ દોષ લાગ્યા હોય, તેની ક્ષમા ચાહિએ છીએ ઇતિશમ્.

सर्वमंगलमांगल्यं सर्वकल्यणकारणम् ।
प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम् ॥१॥

પરિશિષ્ટ ૧ લું

પરમાર્હત શ્રી કુમારપાળ ભૂપાળના બારેય વ્રતની સંક્ષિપ્ત નોંધ*

મહારાજા **કુમારપાળની ગુજરાત** દેશમાં આવેલ **અણહિલપુર પાટણ** શહેરે રાજધાની હતી. તેમના તાબામાં તે વખતે ચારેય તરફ વધારેમાં વધારે દેશો હતા. તે વખતે **ગુજરાતની** સત્તા આખા ભારતમાં સર્વોપરિ હતી. અને તેમ છતાં "પરમાર્હત મહારાજા ધર્મ પાળવામાં કેટલા ચૂસ્ત હતા? અને જૈનધર્મ કેવી રીતે પાળતા હતા?" તે આજે પણ જાણવાથી ઘણા જીવોને તેથી લાભ થવાનો ખાસ સંભવ છે. "આવા મોટા મહારાજા પણ અનેક જવાબદારીઓ સાથે આવી રીતે ધર્મનું પાલન કરતા હતા, તો આપણે તો તેના હિસાબમાં કાંઇ પણ નથી; તો પ્રમાદનો ત્યાગ કરીને આપણે શા માટે ધર્મનું સારી રીતે આરાધન ન કરવું? આપણને તેના જેટલી ઉપાધિ અને પ્રવૃત્તિ કયાં છે? તેમજ તેમના જેવી ઋદ્ધિ અને સગવડ પણ કયાં છે? તો પછી શા માટે

---

*આ **નોંધ** અને **આ અભક્ષ્ય–અનંતકાયના** મૂળ લેખક **જુનાગઢ** નિવાસી **મહેતા પ્રાણલાલ મંગળજી છે**, દીક્ષા લીધા બાદ તેમનું નામ **મુનિ પુણ્યવિજયજી** હતું. આ **નોંધ** તેઓએ મુનિ અવસ્થામાં લખી હતી. તેમાં ફેરફાર કરીને અમોને જરૂર પૂરતી જ અત્રે આપી છે.

પ્રમાદમાં પડવું ?" આવા વિચારથી આદર્શ પુરૂષોના જીવનનું અનુકરણ કરવાની ઇચ્છા હાલના શ્રાવક ભાઈઓને થાય, અને આત્મકલ્યાણના માર્ગમાં પ્રવર્તે તે ભાવનાથી પરમાર્હંત રાજર્ષિના ધાર્મિક વ્રતો સંક્ષેપમાં અત્રે આપવામાં આવે છે.

૧ સમ્યક્ત્વ વ્રત–

શ્રી કુમારપાળ મહારાજાએ સમકિત મૂળ બાર વ્રતો ધારણ કર્યા હતા. સમ્યક્ત્વ એ એક અપૂર્વ વસ્તુ છે જ. સંસારમાં ભ્રમણ કરતા પ્રાણીને ઘણે પ્રયાસે અને ઘણે કાળે પ્રાપ્ત થઇ શકે છે. એવા સમ્યક્ત્વ વગરની કરણી લુણ વગરના ધાન્ય જેવી છે.

૧. અઢાર દૂષણ રહિત વીતરાગ જિનેશ્વર પ્રભુ, તેજ સુદેવ.

૨. પંચમહાવ્રતે યુક્ત, સંવેગરંગરૂપી તરંગમાં ઝીલવાવાળા શુદ્ધ પ્રરૂપણા કરનાર, તેજ સુગુરુ.

૩. તથા તીર્થંકર મહારાજાઓએ ફરમાવેલ આજ્ઞાપૂર્વક અહિંસામય ધર્મ, તેજ સુધર્મ.

એ ત્રણ તત્ત્વને સદ્દહી પ્રાણાન્તે પણ ચલાયમાન નહિ થવું.

એવા સમ્યક્ત્વધારી શ્રી કુમારપાલ મહારાજા ત્રિકાલ જિનપૂજા કરવી.

અષ્ટમી ચતુર્દશીએ પૌષધોપવાસ કરવો.

પારણાને દિવસે દૃષ્ટિએ પડેલા સેંકડો ગમે તે મનુષ્યોને યથાયોગ્ય આજીવિકા બાંધી આપતા હતા.

સાથે પૌષધ કરનારાઓને પોતાને ઘેર પારણા કરાવવા.

ધનહીન થયેલ દરેક સાધર્મિકને હજાર હજાર સોનામહોરો આપવી.

એક વર્ષમાં સાધર્મિકોની કરોડ સોનામહોરોથી ભક્તિ કરવી. એ પ્રમાણે—

ચૌદ વર્ષોમાં ચૌદ ક્રોડ સોનામહોરોથી સાધર્મિકોની ભક્તિ કરી.

અઠાણું લાખ દ્રવ્ય ઉચિત દાનમાં આપ્યું.

બહોંતેર લાખ દ્રવ્ય આપી કરજદારોના લખત ફડાવ્યાં.

એકવીશ જ્ઞાનભંડાર લખાવ્યાં.

નિત્ય શ્રી ત્રિભુવનપાલવિહારમાં સ્નાત્રોત્સવ કરાવ્યો. શ્રી હેમચંદ્રાચાર્યના ચરણકમલોમાં દ્વાદશાવર્ત્ત વંદન પછી અનુક્રમે સર્વ સાધુઓને વંદન.

પહેલવહેલા પૌષધાદિવ્રત લેનાર યોગ્ય શ્રાવકને વંદન તથા માનાદિક આપ્યું.

અઢાર દેશોમાં અમારી પડહ વજડાવ્યો.

ન્યાયઘંટા વગડાવી, બીજા ચૌદ દેશોમાં ધનને બળે તથા મિત્રતાને બળે જીવરક્ષા કરાવી.

ચારસો ચુંમાલીશ નવા જિનમંદિરો કરાવ્યા.

સોળસો જીર્ણોદ્ધાર કરાવ્યા.

સાત તીર્થયાત્રા કરી.

પ્રથમ વ્રત—"મારી" એવો જો અક્ષર મુખથી બોલાય, તો પણ ઉપવાસ કરવો.

બીજું વ્રત—ભૂલમાં કે બીજી રીતે અસત્ય બોલાઇ જાય તો આયંબિલાદિકનો તપ કરવો.

ત્રીજું વ્રત-મૃત્યુ પામેલ બિનવારસીનુંયે દ્રવ્ય લેવું નહિ.

ચતુર્થ વ્રત—કુમારપાળ મહારાજાએ ધર્મ પામ્યા પછી ન પરણવાનો નિયમ કર્યો હતો. ચાતુર્માસમાં મન, વચન અને કાયાએ શીલ-બ્રહ્મચર્ય પાળતા હતા. મનથી શીલ ભાંગે તો ઉપવાસ, વચનથી ભાંગે તો આયંબિલ, અને કાયાથી ભાંગે તો એકાસણું કરતા હતા. તેમજ **પરસ્ત્રી સહોદરનું** બિરુદ હતું. **ભોપાલદેવી** વિગેરે આઠે રાણીઓના મૃત્યુ બાદ પ્રધાનાદિકોએ ઘણું કહ્યાં છતાં, પણ પરણવા માટે નિયમનો ભંગ કર્યો નહિ. આરાત્રિક (આરતિ) માટે સાથે રાખવા **ભોપાલદેવી** રાણીની સુવર્ણની મૂર્તિ કરાવી હતી. શ્રી ગુરુ મહારાજાએ વાસક્ષેપપૂર્વક મહારાજાને **રાજર્ષિનું** બિરુદ આપ્યું.

ઉપર મુજબ. **કુમારપાળ મહારાજા ચતુર્થ વ્રતને** વિષે

---

૧ આપણે-"મર." "મરા જા." મરતો કેમ નથી?" મૂઓ!" વિગેરે શબ્દ બોલીએ છીએ. તેમાં સત્યતાયે નથી, અને સામાને મનમાં દુઃખ તો એટલાથી પણ થાય છે. અને હિંસાનું પાપ લાગે છે. જેથી પરિણામે ભયંકર કષ્ટ ભોગવવા પડે છે.

ત્રિવિધે ત્રિવિધે સખ્ત પ્રતિજ્ઞાપૂર્વક શિયળનું પાલન કરતા હતા. પરસ્ત્રી તો જેમને સદા મા-બ્હેન તુલ્ય જ હતી.

પાંચમું વ્રત—છ ક્રોડ સોનામ્હોર, આઠ ક્રોડ રૂપામ્હોર, દશ સો (હજાર તોલા) મોટી કિંમતના મણિરત્નો વિગેરે, બત્રીશ હજાર મણ ઘી, બત્રીશ હજાર મણ તેલ, ત્રણ લાખ મણ ચોખા તથા ચણા, જુવાર અને મગ આદિક ધાન્યોનાં દરેકના પાંચ લાખ મુડા, ઘર. હાટ, સભા, વહાણ, ગાડી, પાલખી, ઈત્યાદિ, અગ્યારસો હસ્તીઓ, પચાસ હજાર રથો અગ્યાર લાખ ઘોડા, અઢાર લાખ સુભટો, એવી રીતે સર્વ સૈન્યનો સંગ્રહ પરિગ્રહમાં છુટો રાખ્યો હતો.

છઠું વ્રત—વર્ષાકાળમાં તો શ્રી પાટણના સીમાડાનીચે બહાર ગમન કરવું નહીં.

સાતમું વ્રત—કુમારપાળ મહારાજાને મદ્ય માંસ, મધ, માખણ, બહુબીજ. પાંચ જાતિના ઉદુંબર ફલ, અભક્ષ્ય, અનંતકાય, ઘેબર આદિકનો નિયમ હતો. દેવ પાસે નહિ ધરેલા વસ્ત્ર, ફલ તથા આહાર આદિકનો ત્યાગ હતો. દેવ આગળ ધર્યા પછી બાકીનું વાપરતા હતા. એક પાન રૂપે સચિત્ત, અને તેના પણ એક દિવસમાં આઠ બીડા ખપતા હતા. રાત્રિએ ચારેય પ્રકારના આહારનો ત્યાગ રાખતા હતા. વર્ષાકાળમાં એક ઘીની વિગય છુટી હતી શાડ્વલ (લીલોતરી) શાકનો ત્યાગ રહેતો હતો, નિત્ય એકાશન કરતા હતા. પર્વને દિવસે વિગય તથા સચિત્તનો ત્યાગ રાખતા હતા.

આઠમું વ્રત—કુમારપાળ મહારાજાએ સાતેય વ્યસનો દેશમાંથી દૂર કરાવ્યા હતા.

નવમું વ્રત—કુમારપાળ ભૂપાળને બન્નેય વખત સામાયિક કરવું તથા તે કરતી વખતે **શ્રીમદાચાર્ય હેમચંદ્રાચાર્ય** સિવાય બીજાઓ સાથે બોલવાનો ત્યાગ હતો. હંમેશા **યોગશાસ્ત્ર** બાર પ્રકાશ તથા **વીતરાગસ્તવના** વીશ પ્રકાશનો પાઠ કરતા હતા.

દશમું વ્રત—ચોમાસામાં રણસંગ્રામ ન કરવો, **ગીઝનીનો** સુલતાન આવ્યો ત્યારે, પણ નિયમથી ચલાયમાન થયા ન હતા.

અગ્યારમુ વ્રત—પૌષધોપવાસ કરતા હતા, ત્યારે રાત્રિએ કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા હતા, તે વખતે પગે મંકોડો ચોંટયો હતો, ત્યારે માણસો તેને ઉખેડવા લાગ્યા, પરંતુ તે તો ચોંટી જ રહ્યો તે વખતે તે મંકોડો મરી જશે, એવી શંકાથી પોતાના પગની ચામડી કપાવીને તેને દૂર કર્યો. પારણાને દિવસે સઘળા પોસાતીઓને ભોજન કરાવતા હતા.

બારમુ વ્રત—મુનિમહારાજાઓને (પ્રથમ તથા અંતિમ તીર્થંકર મહારાજાના શાસનમાં) રાજપિંડ કલ્પે નહિ, તેથી **ભરત** ચક્રવર્તિની માફક **કુમારપાળ મહારાજાશ્રી** સીદાતા એવા અનેક સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર કર્યો.

વળી, **શ્રીકુમારપાળ** મહારાજાએ **શ્રી હેમચંદ્રાચાર્ય** મહારાજની ધર્મશાળાની મુહપત્તિ પડિલેહનાર સાધર્મિકને પાંચસો ઘોડા તથા બાર ગામનું અધિપતિપણું આપ્યું હતું. તથા સઘળી મુહપત્તિ પડિલેહનારાઓને કુલ્લે પાંચસો ગામ આપીને ભક્તિ કરી હતી.

અતિથિ સંવિભાગ–દુઃખી એવા સાધર્મિક શ્રાવકોને બહોંતેર લાખ દ્રવ્યનો કર મૂકી દીધો.

એવી રીતે વિવેકીઓમાં શિરોમણિ સરખા તે કુમારપાળ મહારાજાના બીજા પણ અનેક પ્રકારના પુણ્ય માર્ગો છતા તેમાંથી અહિં કેટલા લખી શકાય? એવી રીતે ઉત્તમ ધર્મક્રિયાથી તેમણે–ફક્ત બે ભવોજ બાકી રહી શકયા તેટલું આત્મકાર્ય સિદ્ધ કર્યું. (આવતી ઉત્સર્પિણીમાં **પદ્મનાભ** મહારાજના ગણધર થઇ તેજ ભવે સિદ્ધિ પામશે.) તેથી જ સાધર્મિકોને યોગ્ય દાન, માન, ધર્મની સહાયતા, કરવેરા છોડી દેવા, દુઃખીઓના ઉદ્ધાર કરવા, તથા અઢાર દેશોમાં અમારિ (અહિંસા) પ્રવર્તનાદિકથી તેનો પરોપકાર પ્રગટ જ દેખાય છે.

ઉપસંહાર

અત્રે કુમારપાળ મહારાજાના સમ્યક્ત્વમૂળ બારવ્રતાદિકનું કિંચિત્ વર્ણન કર્યું છે, તેનો હેતુ માત્ર એજ છે, કે અઢાર દેશના રાજ્યોના વહીવટનો બોજો છતાં પણ શ્રાવકના વ્રત વિષે તેઓશ્રીએ કેટલે દરજ્જે પાળી બતાવ્યું છે? કે જેનું અનુકરણ કરવું તો દૂર રહ્યું, પણ તેની ભાવના વિચારી "આપણે કેટલા પછાત છીએ? અને હજી આપણે કેટલા પ્રયાસની જરૂર છે?" તેવી શુભ ભાવના પ્રાપ્ત કરવા નિમિત્તે પ્રસંગોપાત્ત આ વિષય ઉમેર્યો છે, આણંદ કામદેવાદિક શ્રાવકો કે જેઓની સ્વયં મહાવીરસ્વામીએ પ્રશંસા કરી છે. વળી જેઓએ શ્રાવકની પડિમા વહન કરી હતી. કે જે પડિમાને વિષે નિરવદ્ય આહાર લેવો પડે છે, તે ઉત્સર્ગ

માર્ગ સમજવો. જો તેવા પ્રકારની શક્તિ ન હોય, તો સચિત્ત ત્યાગી રહેવાય છે. આખર જો તે પણ ન કરી શકાય, તો બાવીશ અભક્ષ્ય અનંતકાયનો તો જરૂર ત્યાગ કરવો. અત્રે લક્ષ્યમાં રાખવું જોઈએ, કે-અભક્ષ્યાદિક ત્યાગનો અમુક નિયમ કર્યો, તેથી સંતોષ પામવાનો નથી. પણ આનંદ કામદેવ તથા કુમારપાળ મહારાજા વગેરેની જેમ શ્રાવકના દ્વાદશ વ્રત અંગીકાર કરી અનુક્રમે પંચમહાવ્રતની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો યુક્ત છે. શાસ્ત્રકાર મહારાજા પ્રથમ તો સર્વવિરતિપણાનો જ ઉપદેશ કરે છે. પણ જ્યારે શ્રાવક અસમર્થ તથા ઉત્સાહ રહિત જણાય છે, ત્યારપછી દેશવિરતિ પ્રમુખનો ઉપદેશ આપે છે.

સૂચનાઃ—

૧ પૃષ્ઠ ૧૩૯ ની ૧૩ મી લીટીમાં શેરડીનો રસ બે ઘડી પછી અચિત્ત છે, એમ લખ્યું છે. પણ તેનો કાળ જણાવ્યો નથી, તો શ્રી લઘુપ્રવચનસારોદ્ધારમાં તેનો કાળ બે પહોરનો કહેલો છે, તે પછી અભક્ષ્ય છે આ બાબત સ્ફુટ કરવાનું કારણ એ છે કે-વરસીતપને પારણે કેટલાક અજાણ લોકો આવો કાળાતીત રસ વાપરે છે, તો તેમણે ઉપયોગ રાખવાની જરૂર છે.

૨. બદામ, પિસ્તાં, ચારોલી, કાળી, રાતી, ધોળી કીસમીસ [દ્રાક્ષની જાતિઓ] અખરોટ, કોકણી કેળાં, જરદાળુ, અંજીર, મગફળી, સૂકું ટોપરૂં, સૂકી રાયણ, કાચી ખાંડ સૂકા ખખાઈ બોર, વિગેરેને ૧૨૦ અને ૧૦૫ મા પૃષ્ઠ ઉપર ફાગણ ચોમાસાથી અભક્ષ્ય ગણાવ્યા છે પ્રથમની આવૃત્તિમાં

ઉપર ગણાવેલી ચીજોને અષાડ ચોમાસાથી ત્યાગ કરવાથી લખીને, ફાગણ ચોમાસાથી સુકો મેવો અભક્ષ્ય હોવાનો મતાન્તર નોંધ્યો છે. તે ઉપરથી જ આ આવૃત્તિમાંયે ફાગણથી અભક્ષ્ય ગણાવ્યા છે.

પરિશિષ્ટ ૨ જું

શ્રી લક્ષ્મીરત્નસૂરિકૃત અભક્ષ્ય અનંતકાયની સજ્ઝાય

ઢાળ—જિનશાસન રે સૂધી સદ્દહણા ધરે,
સુણી ગુરુમુખ રે નવે તત્ત્વ નિરતા કરે,
મિથ્યામતિ રે કપટ કદાગ્રહ પરિહરે,
સહી પાળે રે તે નર સમકિત મન ખરે.

ત્રુટક—મન ખરે સમકિત શુદ્ધ પાળે, ટાળે દોષ હવા પરે,
ધુર પંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચ્યાર શિક્ષાવ્રત ધરે;
ઈમ દેશવિરતિ ક્રિયા નિરતિ, કરો ભવિયણ મન રૂલી,
દાખવી નિયગુણ પરહ કેરા, દોષ મમ કાઢો વલી. ૧

ઢાળ—મમ કાઢો રે લોભી નર કૂડો કરો,
જાણી સાવદ્ય રે અભક્ષ્ય બાવીશે પરહરો,
વડ, પીંપળ, રે પીપરી ને, કઠુંબરો,
ઉંબર ફળ રે રખે તુમે ભક્ષણ કરો.

ત્રુટક—રખે ભક્ષણ કરો માંખણ, મધ, મધુ, આમિષ તણું, વિષ, હિમ, કરહા છાંડી પરહા, દોષ મૂલ માટી ઘણું, પરિહરો સજ્જન રયણીભોજન

પ્રથમ દુરગતિ બારણું, મંમ કરો વ્યાળુ[1] અતિ અસુરું,
રવિ ઉદય વિણ પારણું. ૨

ઢાળ—અથાણું રે અનંતકાય સવિ નિમીયેં,
કાચું ગોરસ રે માંહે કઠોળ ન જીમીયેં;
વળી વેંગણ રે તુચ્છ ફળ સવિ છાંડીયે,
આપણપુંર રે વ્રત લીધું નવિ ખંડીયે.

ત્રુટક—નવિ ખંડીયે સવિ નીમ લેઈ, દેઈ ફળ વ્રત ભંગનું,
અજ્ઞાતફળ, બહુબીજ ભક્ષણ, ચલિત રસ હુયે
જેહનું; સંવર આણી, અભક્ષ્ય જાણી, તજો એ બાવીશ એ
ગુરુવયણવિગતેવળીય પ્રીછો, અનંતકાયબત્રીશ એ. ૩

ઢાળ—અનંતી રે કંદ જાતિ જાણો સહુ,
જસ ભક્ષણે રે પાતક બોલ્યા છે બહુ;
કચૂરો રે હળદર, નીલી આદુ, વળી,
વજ્ર સૂરણ રે, કંદ બેઉ કુમળી ફળી.

ત્રુટક—જે વળીઅ કુમળા બીજ પાખે,
ચાખે ચતુર ન આંબલી,

આલુ, પિંડાલુ, થેગ, થુહર, સતાવરી, લસણ-કળી;
ગાજર મૂળા, ગળો ગિરણી. વિરહાલી, ટંક વત્થુલો,
પલ્લંક, સૂરણ, બોલ્ર, બીલી, મોથ, નીલી સાંભળો. ૪

ઢાળ—વંસ કારેલાં રે, કુંપલ કુઅણા તરુ તણાં,
અંકુરા રે લોઢા, ને જળ પોયણાં;

---

૧ વાળું ૨ આપણું.

કુંઆરી રે, ભમર વૃક્ષની છાલડી,
જે કહિયેં રે લોક અમૃત વેલડી.

ત્રુટક—વેલડી કેરા તંતુ તાજા, ખીલોડા ને ખરસૂઆ,
ભુઈફોડા છત્રાકાર જાણો, નીલ ફુલ તે સવિ જૂઆ,
બત્રીશ લોક પ્રસિદ્ધ બોલ્યા, લક્ષ્મીરત્નસૂરિ ઇમ કહે,
"પરિહરે જે બહુ દોષ જાણી, પ્રાણી તે શિવસુખ લહે." ૫

ઇતિ અભક્ષ્ય અનંતકાયની સજઝાય.

સચિત્ત અચિત્ત વિચાર સજઝાય

પ્રવચન અમરી સમરી સદા, ગુરુપયપંકજ પ્રણમી મુદા; વસ્તુતણું કહું કાળ પ્રમાણ, સચિત્ત અચિત્ત વિધિ,જીમ લીયો જાણ, ૧ બેહુ ઋતુ મળી ચોમાસામાન,ષટ્ઋતુ મળી વર્ષપ્રમાણ; વર્ષા શીત ઉષ્ણ ત્રિહું કાળ, વિહુ ચોમાસે વર્ષ રસાળ. ૨ શ્રાવણ ભાદ્રવો આસો માસ, કાર્તિક વરસાળો વાસ; (?) માગશીર પોષ મહા ને ફાગ, એ ચારે શિયાળા લાગ. (?) ૩ ચૈત્ર વૈશાખ ને જેઠ અષાઢ, ઉષ્ણકાળ એ ચારે ગાઢ; (?)* વર્ષા શરદ શિશિર હેમંત, વસંત, ગ્રીષ્મ ષટ્ ઋતુ એમ તંત. ૪ વર્ષા પનર દિવસ પકવાન્ન-ત્રીસ દિવસ શીયાળે માન, ત્રીસ દિવસ ઉનાળે રહે, પછી અભક્ષ્ય શ્રી જિનવર કહે. ૫ રાંધ્યું વિદલ રહે ચિહું જામ[1], ઓદન આઠ પ્રહર અભિરામ, સોળ પ્રહર દહિ, કાંજી, છાસ,

---

* જૈન જ્યોતિષ અનુસાર પુનમે મહિનો પૂરો થાય, એ હિસાબે જણાય છે. અશાડ શુદ ૧૫ મે ઉનાળો પૂરો થઈ ચોમાસુ શરૂ થાય. ૧ ચાર પહોર.

પછી રહે તો જીવનિવાસ. ૬ પાપડ લોઈયા, વટક પ્રમાણ, ચાર પ્રહર પોળીનું માન; માત્ર પ્રમુખ નિવિગય પક્વાન્ન, ચલિતરસે તસ કાળનું માન. ૭ ધાન ધોયાણ ષટ ઘડી પરમાણ, દોય ઘડી જળવાણી જાણ, ફળ ધોયાણ એક પ્રહર પ્રમાણ, ત્રિફલા જળ બે ઘડીને માન. ૮ ત્રણવાર ઉકાળે જેહ, શુદ્ધ ઉષ્ણજળ કહિયે તેહ, પ્રહર તીન ચઉ પંચ પ્રમાણ, વર્ષા શીત ઉનાળે જાણ. ૯ શ્રાવણ ભાદ્રવડે દિન પંચ, મિશ્ર લોટ અણચાલિત સંચ, આસો કાર્તિક ચિહું દિન જાણ, માગશીર પોષ દિન તીન પ્રમાણ. ૧૦ માહ ફાગણે કહ્યા પણ જામ,[1] ચૈત્ર વૈશાખ ચિહું પોર અભિરામ; જેઠ અષાડ પ્રહર ત્રણ જોઈ, તદ્દ ઉપરાંત અચિત્ત તે હોઈ. ૧૧ અલસી કોદ્રવા, કાંગ, ને જવાર, આતે વરસે અચિત્ત રસાળ. વિદલ સર્વ, તલ. તુયરી, વાલ. પાંચે વરસે અચિત્ત રસાળ ૧૨ ગહું શાલી, ખડધાન, કપાસ, જવ ત્રિહું વરસે અચિત્ત તે ખાસ, શીત તાપ વર્ષાદિક જોઈ, સચિત્ત યોનિ અચિત્ત તે હોઇ. ૧૩ હરડે, પીંપર મરચ, બદામ, ખારેક દ્રાખ, એલાં[2] અભિરામ, શત જોયણ જલવટમાં વહે, સાઠ જોયણ થલવટમાં કહે ૧૩ ધૂમ અગ્નિ પરિયટ્ટણ કરી, અચિત્ત યોનિ તસ થાયે ખરી, સચિત્ત યોનિ પ્રહવણની જેહ, થાયે અચિત્ત પ્રવચન કહે તેહ ૧૫ ગેરુ, મણશિલ, લૂણ, હરિયાળ, આપે જલવટ માંહે રસાળ. તે અચિત્ત હોયે પ્રવચન સાખ· પણ લેવાની નહિ તસ ભાખ. ૧૬ ધોળો સિંધવ કહ્યો અચિત્ત, શ્રાદ્ધ-વિધિ અક્ષર પરતીત, ઈલાદિક ઓલા જે

---

૧. પાંચ પહોર. ૨. એલચી

થાય, તેહ અચિત્ત થાપના નવિ થાય. ૧૭ ઓરું ઘૃત જે કાલાતીત, પલટાએ વરણાદિક રીત, કાચું દુધ વિદલ સંયોગ સાથે અભક્ષ્ય કહે મુનિ લોગ. ૧૮ બાર પ્રહર રહે જુગલી રાબ.[3] સોલ પ્રહર રાઈતું અજાબ; દહિં રાઈ વિદલે દેવાય, ઉષ્ણ કરે તો શુદ્ધજ થાય. ૧૯ કડા વિગય પરિ શેકયું ધાન, મુહૂર્ત ચોવીસ ગૌમૂત્રનું માન; ઢુંઢણીયાદિક વિદલની દાળ, શેકયાં ધાન પરે તે સમકાળ. ૨૦ ચાલ પ્રહર શીરો લાપસી, વિદલ, પરે તે પ્રવચન વસી; જીહાં જેહનો કાળ પૂરો થાય, તિહાં તે વસ્તુ અભક્ષ્ય કહે વાય. ૨૧ અથાણાં પ્રમુખ સહુ જાણ, ચલિતરસે તસ કાળનું માન; અલવણાદિક કેરો કાળ, શાસ્ત્ર માંહે છે તેહ વિશાળ. ૨૨ તેહ ભણી ઈહાં નાણ્યો એહ, અલ્પ બુદ્ધિને પડે સંદેહ; આર્દ્ર ધાન અંકુરા નિકળે, તે સહુ વસ્તુ અભક્ષ્યમાં ભળે. ૨૩ એ બોલ્યો લવલેશ વિચાર, વિસ્તાર પ્રવચન સારોદ્ધાર; ધીરવિમલ પંડિત સુપસાય, કવિ નયવિમલ કીધી સજ્ઝાય. ૨૪

ઈતિ શ્રી સચિત્ત-અચિત્ત સજ્ઝાય સમ્પૂર્ણ.

શ્રીમદુપાધ્યાયજી મહારાજશ્રીયશોવિજયજીમહારાજ વિરચિત

ચાર આહારમાં-આહારી-અણાહારીની સજ્ઝાય

(અરિહંત પદ ધ્યાતો થકો—એ દેશી)

સમરું ભગવતી ભારતી, પ્રણમી ગુરુ ગુણ [illegible] !
સ્વાદિમ જેહ દુવિહારમાં, સુજે તે કહું કંતા [illegible] ! શ્રી.

---

૩ જુવારની પાતળી ઘેંસ.

જિન૦ ૧ શ્રીજિનવચન વિચારિયે, કિજીએ ધર્મ નિઃસંગો રે! વ્રત પચ્ચક્ખાણ ન ખંડિયે, ધરિયે સંવર રંગો રે. શ્રીજિન૦ ૨ પીંપર, સુંઠ, તીખા, મલા, હરડે જીરૂં, તે સાર રે! જાવંત્રી, જાયફળ એલચી, સ્વાદિમ ઇમ નિર્ધાર રે! શ્રીજિન૦ ૩ કાઠ, કુલંજર, કુમઠા, ચણીક-બાવા, કચૂરો રે! મોથ ને કંટાશેળિયો રે. [1]પોક્ખર મૂલ, કપૂરો રે! શ્રીજિન૦ ૪ હીંગલા અષ્ટક બાવચી, બકી હીંગુ ત્રેવીશો રે! બલવણ. સંચલ. સૂઝતાં, સંભારો નિસદિસો રે. શ્રીજિન૦ ૫ હરડા બહેડા, વખાણીયે કાથો, પાન સોપારી રે!, અજ અજમોદ: અજમો ભલો, ખેરવડી નિરધારો રે. શ્રીજિન૦ ૬ તજ ને તમાલ. લવીંગ શું, જેઠીમધ ગણો ભેલા રે!; પાન વળી તુલસી તણાં, દુવિહારે લેજ્યો હેલા રે. શ્રીજિન૦ ૭ મૂલ જવાસના જાણીયે, વાવડીંગ, કસેલો રે, પીપરી મૂળ જોઇ લીજીએ, રાખજ્યો વ્રત વેલો રે! શ્રીજિન૦ ૮ બાવળ, ખેર ને ખેજડો, છાલી ધવાદિક જાણો રે; કુસુમ સુગંધ સુવાસીયો, વાસી પુનિતયેર[2] પાણી રે! શ્રીજિન૦ ૯ એહવા ભેદ અનેક છે, ખાદિમ નીતિ માંહે રે; જીરૂ સ્વાદિમ કહ્યું ભાષ્યમાં, ખાદિમમાં બીજે ઠામ રે! શ્રીજિન૦ ૧૦ મધુ, ગોળ પ્રમુખ જે ગ્રંથમાં, સ્વાદિમ જાતિમાં ભાખ્યો રે! તે પણ તૃપ્તિને કારણે, આવરણાએ નવિ રાખ્યો રે! શ્રીજિન૦ ૧૨ હવે અણાહાર તે વર્ણવું, જે ચૌવિહારમાં સૂઝે રે! લીંબ પંચાંગ, ગળો, કડું, જેહથી

પુષ્કરમૂળ (?) ૨. પૂ વિનીતસ્યો (પાઠાન્તર)

પ્રતિ નવિ સૂઝે રે! શ્રીજિન૦ ૧૨ રાખ, ધમાસો ને રોહિણી, સુખડ, ચીંકફળા વખાણો રે! કુવિચાનો આત વિષ, એળીયો, રિંગણી પણ તિમ જાણો રે! શ્રીજિન૦ ૧૩ આછી, આસંધ, ચિતરો, ગૂગળ હરડાં દાલો રે; બોણુ કહી અણાહારમાં, વળી મજીઠ નિહાળો રે! શ્રીજિન૦ ૧૪ કણેરનાં મૂળ, પુંવાડીયા, બોલ, બીયો તે જાણ્યો રે, હળદર સૂઝે ચૌવિહારમાં, વળી ઉપલેટ વખાણ્યો રે! શ્રીજિન૦ ૧૫ ચોપચિની વજ્ર જાણીયે, બોરડી મૂળ, થેરી રે! ગાય-ગૌમૂત્ર વખાણીયે, વળી કુંવાર અનેરી રે! શ્રીજિન૦ ૧૬ કંદરૂ વડકુડા (ગુંદા) ભલા, તે અણાહારમાં કહીએ રે! એહવા ભેદ અનેક છે, પ્રવચનથી સવિ લહિએ રે! શ્રીજિન૦ ૧૭ વસ્તુ અનિષ્ટ ઇચ્છા વિના, તે મુખમા લીજે રે! ચાર આહારથી બાહિરે, તે અણાહાર કહીજે રે શ્રીજિન૦ ૧૮ એમ જુગતિ શું જે લહી, મન પચ્ચક્ખાણ ન ખંડે રે! તેહશું ગુણ અનુરાગિણી, શિવ-લચ્છી પ્રતિ મંડે રે! શ્રીજિન૦ ૧૯ શ્રી નયવિજય સુગુરુ તણા, લહી પસાય ઉદાર રે! [1]વાચક જસવિજયે કહ્યા, એહ વિશેષ વિચાર રે! શ્રીજિન૦ ૨૦ [2]તપગચ્છ ગયણ દિવાકરૂ, શ્રી પરમ (પ્રભ) સૂરિ રાજ્યે રે! એ સજ્ઝાય રચ્યો ભલો, ભવિયણને હિત કાજે રે! શ્રીજિન૦ ૨૧

પ. પૂ. એક મુનિ મહારાજ તરફથી નીચે જણાવેલ કેટલીક ઉપયોગી સૂચનાઓ અમને મળી છે ભક્ષ્યાભક્ષ્યના ખપી વિવેકી જીવોને તે ધ્યાનમાં લેવા વિજ્ઞપ્તિ છે

---

૧. વાચક જસ સજ્ઝાય રચી, એ સેવક સુવિચારો રે!

૨. કોઈ પ્રતમાં આ ગાથા વધારે છે.

૧. આસવો–પા. ૯ દેશી આસવો અને પાણીથી મિશ્ર દવા પણ બધી જ એવી છે. વનસ્પતિને પાણી સાથે કોહાવ્યા કે સડાવ્યા સિવાય તે બનતી નથી. તેથી જેમાં જંતુઓની ઉત્પત્તિ થાય છે. આસવ એટલે દારૂ. દારૂ એટલે અનેક વસ્તુઓનો સડો. તેમાં અનેક ત્રસ જીવો ઉપજે છે. **પિંડનિર્યુક્તિમાં** તેનો ત્યાગ બતાવ્યો છે **આસવનો** અર્થ કોષમાં મદ્ય, દારૂ અને પાણીથી બનેલી દવા વગેરે કર્યો છે. "**જીવન**" વિગેરે ચાટણોનો પણ તેમાં સમાવેશ ગણવો વ્યાજબી લાગે છે.

૨. માખણ—પા. ૧૭. જઘન્ય અંતર્મુહૂર્તથી અભક્ષ્ય છે, તેમ નથી. પણ તેનો કાળ બે ઘડીમાં એક સમય ન્યૂન એવો કાળ છે અને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત છે. કારણ કે-**યોગશાસ્ત્રમાં** માખણ માટે ગાથા આપેલી છે. તેમાં **અંતર્મુહુર્તથી** એટલે પાંચમી વિભક્તિ લગાડી છે. એટલે **અંતર્મુહુર્ત પછી** એવો અર્થ થાય છે. વળી **જૈન તત્ત્વાદર્શમાં** પણ પા. ૩૫૧ માં "બે ઘડી કાળ અતીત થયા. પછી." લખ્યું છે. અને બીજે ઠેકાણે "તરત પડે છે." એવો પણ પાઠ છે. પણ "અભક્ષ્ય છે" તે વાત તો આગમગમ્ય છે. તે ખાવાથી કામ ઉત્પન્ન થાય છે.

૩. રાત્રિભોજન–પા. ૩૫. ૧ દિવસે બનાવેલું રાત્રિએ ખાવુ, ૨ રાત્રિએ બનાવેલું રાત્રિએ ખાવું. ૩ રાત્રિએ બનાવેલું દિવસે ખાવું એ ત્રણ અશુદ્ધ લખ્યા અને ફક્ત ૪થો દિવસે જયણા પૂર્વક બનાવેલું દિવસે ખાવું એ શુદ્ધ છે. પણ કોઇપણ શાસ્ત્રમાં શ્રાવક માટે ચતુર્ભંગી જોઈ નથી. ફક્ત તે સાધુ માટે છે. તે આ પ્રમાણે-૧ રાત્રિએ ગ્રહણ કરી દિવસે ખાવું. ૨ દિવસે ગ્રહણ કરી રાત્રિએ ખાવું, ૩ રાત્રિએ ગ્રહણ કરી રાત્રિએ ખાવું એ ત્રણ અશુદ્ધ છે અને ૪ દિવસે ગ્રહણ કરી દિવસે ખાવું એ શુદ્ધ છે. આમ **સેનપ્રશ્ન** ૧-૮૬માં "રાત્રિના બે પહોર પછી રાંધેલ વસ્તુ વાસી ન થાય

ત્યાં સુધી સાધુ અને શ્રાવક બન્નેયને લેવામાં બાધ નથી. અને રાત્રિભોજનના વ્રતનો ભંગ થતો નથી" એમ છે.

૪. સંધાન—પા. ૪૧. સંધાણ શબ્દનો "બોળ અથાણુ" અર્થ કોષ કે શાસ્ત્રોમાં નથી તથા કોઈ આચાર્ય મહારાજ વિગેરે કહેતા નથી. **आचार लींबु आदिका मसाला कीया हुआ खाद्य विशेष** અને બીજો અર્થ **मद्य, दारू अने सुरा** પણ કર્યો છે. સંધાન શબ્દનો અર્થ "બોળ અથાણું" નહીં પરંતુ "**અથાણું**" એવો થાય છે. એટલે **અથાણા** માત્ર **અભક્ષ્ય** છે તથા **શ્રાવકના અતિચાર**માં પણ અથાણાંનો અતિચાર છે. ખાટાં તથા ખટાશમાં નાંખેલા **અથાણા** ત્રણ દિવસ પછી **અભક્ષ્ય** છે, અને ખટાશ વગરના બીજે દિવસે **અભક્ષ્ય** છે. તે બરાબર છે. જૈન **तत्वादर्श**માં પણ તે જ છે. છુંદો, કેરી, લીંબુ વિગેરેના બધાં અથાણાં આમાં આવી જાય છે.

૫. ચલિત રસ—પા. ૫૪. "જે આહારમાં રાત્રિ વ્યતીત થયા પછી પાણી વાસી રહી જતું હોય તે સર્વ આહાર અભક્ષ્ય **છે.**" તેમાં પકવાન્ન પણ આવી જાય છે. પણ જે પકવાન્નોમાં પાણી રહેતું નથી, તેનો કાળ દિવસ ૧૫–૨૦–૩૦ નો છે; તે ગાથામાં પ્રાકૃતમાં **"ઓગાહિમ"** પકવાન્નનો કાળ કહ્યો છે. ચોમાસી તથા પકૂખી પ્રતિક્રમણ કરતી વખતે જે કાળ કહેવાય છે. તે–પકૂવ થયેલી તથા પાકી શેકાએલીનો કાળ છે. પાણીવાળા પકવાન્ન અગર બીજી રાંધેલી વસ્તુનો કાળ એક દિવસનો છે.

૬. રબ્બો—પા. ૬૫. બીજે દિવસેથી અભક્ષ્ય છે, પણ તમે અભક્ષ્ય અનંતકાયની ચોપડીમાં ભક્ષ્ય કહ્યો છે, **શ્રી હીરસૂરિજી** તેને વાસી આસવની સાથે સરખાવે છે. **હીર પ્રશ્ન**માં "તે દિવસે કરેલો હોય તે જ દિવસે કલ્પે છે, તેવી પ્રવૃત્તિ છે." તે વાત સર્વને

માન્ય છે, અને બરાબર છે. મુરબ્બો તો ચાસણી સાથે કહેવાય છે, સડે છે, એટલે અભક્ષ્ય છે.

૭. પા. ૧૩૭માં "બોળ અથાણાંને બદલે" અથાણાં લખો.

૮. ચુરમાના લાડુ–મુઠીઆમાં પાણી રહે છે, તેનો ભૂકો કરે ને પાછો પિંડ મુઠીમાં વળે તો સમજવું કે "પાણી છે" ને વેરાઈ જાય તો સમજવું કે પાણી નથી, પણ જો જાડી પૂરી જેવા કરીને તળે, તો પાણી ન રહે કાં તો મુઠીઆનું ચુરમુ બીજે દિવસે રાખવું હોય, તો ફરી ઘીમાં શેકવું જોઇએ.

૯. પા. ૧૩૯માં "અથાણાં કર્યા પછી પરસ્પરનું શસ્ત્ર લાગવાથી બે ઘડી પછી અચિત્ત થઈ જાય છે." તે વાત વાસ્તવિક નથી કદાચ અચિત્ત થતું હોય, તો પણ બીજે દિવસે સચિત્ત થઇ જાય છે.

૧૦. પાનું ૧૫૨માં ૧૯મી કલમમા "બોળ અથાણું" ને બદલે "અથાણાં"

(આ સૂચનાઓની નોંધ અમોએ ટુંકમાં અહીં લીધી છે. જિજ્ઞાસુઓએ ગુરુગમથી યથાયોગ્ય હોય, તેમ સમજીને વર્તવું.)

સમાપ્ત

ધાર્મિક પુસ્તકોની યાદી

બે પ્રતિક્રમણ મૂળ (ગુજ) ૧-૫૦	દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
,, (હિંદી)	ટબા સાથે ૧-૦૦
પંચપ્રતિક્રમણ મૂળ (ગુજ) ૪-૦૦	આત્મહિતકર આધ્યાત્મિક
,, (હિંદી) ૪-૦૦	વસ્તુ સંગ્રહ ૧-૦૦
જિનગુણ પદ્યાવલી ૪-૫૦	ધર્મોપદેશ તત્વજ્ઞાન ૦-૨૫
પાંત્રીશ બોલ... ... ૦-૩૧	અભક્ષ્ય અનંતકાય વિચાર
સામાયિક ચૈત્યવંદન સાર્થ ૦-૪૧	,, (ગુજ) ૩-૦૦
,, ,, મૂળ	,, ,, ,, હિંદી ૧-૭૫
બે પ્રતિક્રમણ સાર્થ... ૨-૫૦	બ્રહ્મચર્યવ્રત... ... ૦-૫૦
પંચપ્રતિક્રમણ સાર્થ ૮-૦૦	આત્મજાગૃતિ... ... ૦-૫૦
જીવવિચાર સવિવેચન ૨-૫૦	ढुंढक टीका (પ્રતાકાર) ૦-૫૦
નવતત્ત્વ સવિવેચન છપાય છે.	સ્નાત્ર પૂજા... ... ૦-૫૦
દંડક તથા લઘુસંગ્રહણી છપાય છે.	શ્રી સિદ્ધહેમ રહસ્યવૃત્તિ ૬-૦૦
ભાષ્યત્રયમ્... ... ૫-૫૦	શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર
કર્મગ્રંથ ૧-૨ (ભા. ૧લો) ૪-૫૦	(રાજશેખર વિ. મ.) ૧૭-૦૦
કર્મગ્રંથ ૩-૪ (ભા. ૨ જો) ૪-૦૦	શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર
કર્મગ્રંથ ૫-૬ (ભા. ૩ જો) ૯-૦૦	સવિવેચન (ભા. ૨ જો) ૧૦-૫૦
સમકિતના સડસઠ બોલની	તત્ત્વાર્થ ભૂમિકા ૨-૫૦
સજ્ઝાય વિવેચન સહ ૦-૭૫	સમાસસુબોધિકા... ... ૧-૫૦
	આનંદઘનચોવીસી છપાય છે

-: પ્રાપ્તિસ્થાનો :-

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુજરાત) * શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

संपु

.....ખાસ સૂચના....

બીજું કાંઇપણ ન બની શકે તો પણ રાત્રિભોજન કંદમૂળ આદિ અનંતકાયનો તથા સંસ્કૃતિ વિરોધી પદાર્થોનો અને ચાર મહાવિગઈ તથાં અન્ય દ્વિદળ ઇત્યાદિ અભક્ષ્યોમાંથી ખાસ ચીજોનો પણ ત્યાગ તો અવશ્ય શ્રાવકકુલોત્પન્ન વ્યક્તિઓએ કરવો જ જોઇએ.